# "અહો શ્રુતજ્ઞાનમ્" ગ્રંથ જીર્ણોધ્ધાર ૧૩૬

## ભૌગોલિક કોશ – ભાગ ૦૨

: દ્રવ્ય સહાયક :

પૂજ્ય આચાર્ય શ્રી પ્રેમભુવનભાનુસૂરિજી સમુદાયના
દીક્ષા દાનેશ્વરી પ.પૂ.આ.શ્રી ગુણરત્નસૂરીશ્વરજી મ.સા.ના
આજ્ઞાવર્તિની પૂજ્ય પ્રવર્તિની પૂણ્યરેખાશ્રીજી મ.સા.ની સુશિષ્યા
પૂજ્ય સાધ્વિજી શ્રી હર્ષિતરેખાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી
શ્રી ધાણાધાર જૈન સંઘ, પાલનપુરના
આરાધક શ્રાવિકાઓની જ્ઞાનખાતાની ઉપજમાંથી

: સંયોજક :

શાહ બાબુલાલ સરેમલ બેડાવાળા
શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાનભંડાર
શા. વીમળાબેન સરેમલ જવેરચંદજી બેડાવાળા ભવન
હીરાજૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-380005
(મો.) 9426585904 (ઓ.) 22132543

સંવત ૨૦૬૮ ઈ.સ. ૨૦૧૨

# શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાનભંડાર

સંયોજક – શાહ બાબુલાલ સરેમલ
શાહ વીમળાબેન સરેમલ જવેરચંદજી બેડાવાળા ભવન
હીરાજૈન સોસાયટી, રામનગર, સાબરમતી, અમદાવાદ-૦૫.
(મો.) ૯૪૨૬૫૮૫૯૦૪ (ઓ) ૨૨૧૩૨૫૪૩ (ઇ-મેલ) ahoshrut.bs@gmail.com

## અહો શ્રુતજ્ઞાનમ્ ગ્રંથ જીર્ણોદ્ધાર – સંવત ૨૦૬૫ (ઈ. ૨૦૦૯) – સેટ નં-૧

પ્રાયઃ જીર્ણ અપ્રાપ્ય પુસ્તકોને સ્કેન કરાવીને ડી.વી.ડી. બનાવી તેની યાદી.

*આ પુસ્તકો www.jainelibrary.org વેબસાઇટ પરથી પણ ડાઉનલોડ કરી શકાશે.*

| ક્રમાંક | પુસ્તકનું નામ | કર્તા-ટીકાકાર-સંપાદક | પૃષ્ઠ |
|---|---|---|---|
| 001 | श्री नंदीसूत्र अवचूरी | पू. विक्रमसूरिजी म.सा. | 238 |
| 002 | श्री उत्तराध्ययन सूत्र चूर्णी | पू. जिनदासगणि चूर्णीकार | 286 |
| 003 | श्री अर्हद्गीता-भगवद्गीता | पू. मेघविजयजी गणि म.सा. | 84 |
| 004 | श्री अर्हच्चूडामणि सारसटीकः | पू. भद्रबाहुस्वामी म.सा. | 18 |
| 005 | श्री यूक्ति प्रकाशसूत्रं | पू. पद्मसागरजी गणि म.सा. | 48 |
| 006 | श्री मानतुङ्गशास्त्रम् | पू. मानतुंगविजयजी म.सा. | 54 |
| 007 | अपराजितपृच्छा | श्री बी. भट्टाचार्य | 810 |
| 008 | शिल्प स्मृति वास्तु विद्यायाम् | श्री नंदलाल चुनिलाल सोमपुरा | 850 |
| 009 | शिल्परत्नम् भाग-१ | श्रीकुमार के. सभात्सव शास्त्री | 322 |
| 010 | शिल्परत्नम् भाग-२ | श्रीकुमार के. सभात्सव शास्त्री | 280 |
| 011 | प्रासादतिलक | श्री प्रभाशंकर ओघडभाई | 162 |
| 012 | काश्यशिल्पम् | श्री विनायक गणेश आपटे | 302 |
| 013 | प्रासादमञ्जरी | श्री प्रभाशंकर ओघडभाई | 156 |
| 014 | राजवल्लभ याने शिल्पशास्त्र | श्री नारायण भारती गोंसाई | 352 |
| 015 | शिल्पदीपक | श्री गंगाधरजी प्रणीत | 120 |
| 016 | वास्तुसार | श्री प्रभाशंकर ओघडभाई | 88 |
| 017 | दीपार्णव उत्तरार्ध | श्री प्रभाशंकर ओघडभाई | 110 |
| 018 | જિનપ્રાસાદ માર્તણ્ડ | શ્રી નંદલાલ ચુનીલાલ સોમપુરા | 498 |
| 019 | जैन ग्रंथावली | श्री जैन श्वेताम्बर कोन्फ्रन्स | 502 |
| 020 | હીરકલશ જૈન જ્યોતિષ | શ્રી હિમ્મતરામ મહાશંકર જાની | 454 |
| 021 | न्यायप्रवेशः भाग-१ | श्री आनंदशंकर बी. ध्रुव | 226 |
| 022 | दीपार्णव पूर्वार्ध | श्री प्रभाशंकर ओघडभाई | 640 |
| 023 | अनेकान्त जयपताकाख्यं भाग-१ | पू. मुनिचंद्रसूरिजी म.सा. | 452 |
| 024 | अनेकान्त जयपताकाख्यं भाग-२ | श्री एच. आर. कापडीआ | 500 |
| 025 | प्राकृत व्याकरण भाषांतर सह | श्री बेचरदास जीवराज दोशी | 454 |

| | | | |
|---|---|---|---|
| 026 | तत्त्वोपप्लवसिंहः | श्री जयराशी भट्ट, बी. भट्टाचार्य | 188 |
| 027 | शक्तिवादादर्शः | श्री सुदर्शनाचार्य शास्त्री | 214 |
| 028 | क्षीरार्णव | श्री प्रभाशंकर ओघडभाई | 414 |
| 029 | वेधवास्तु प्रभाकर | श्री प्रभाशंकर ओघडभाई | 192 |
| 030 | शिल्परत्नाकर | श्री नर्मदाशंकर शास्त्री | 824 |
| 031 | प्रासाद मंडन | पं. भगवानदास जैन | 288 |
| 032 | श्री सिद्धहेम बृहद्वृत्ति बृहन्न्यास अध्याय-१ | पू. लावण्यसूरिजी म.सा. | 520 |
| 033 | श्री सिद्धहेम बृहद्वृत्ति बृहन्न्यास अध्याय-२ | पू. लावण्यसूरिजी म.सा. | 578 |
| 034 | श्री सिद्धहेम बृहद्वृत्ति बृहन्न्यास अध्याय-३ (१) | पू. लावण्यसूरिजी म.सा. | 278 |
| 035 | श्री सिद्धहेम बृहद्वृत्ति बृहन्न्यास अध्याय-3 (२) (३) | पू. लावण्यसूरिजी म.सा. | 252 |
| 036 | श्री सिद्धहेम बृहद्वृत्ति बृहन्न्यास अध्याय-५ | पू. लावण्यसूरिजी म.सा. | 324 |
| 037 | વાસ્તુનિઘંટુ | પ્રભાશંકર ઓઘડભાઈ સોમપુરા | 302 |
| 038 | તિલકમઞ્જરી ભાગ-૧ | પૂ. લાવણ્યસૂરિજી | 196 |
| 039 | તિલકમઞ્જરી ભાગ-૨ | પૂ. લાવણ્યસૂરિજી | 190 |
| 040 | તિલકમઞ્જરી ભાગ-૩ | પૂ. લાવણ્યસૂરિજી | 202 |
| 041 | સપ્તસન્ધાન મહાકાવ્યમ્ | પૂ. વિજયઅમૃતસૂરિશ્વરજી | 480 |
| 042 | સપ્તભઙ્ગીમિમાંસા | પૂ. પં. શિવાનન્દવિજયજી | 228 |
| 043 | ન્યાયાવતાર | સતિષચંદ્ર વિદ્યાભૂષણ | 60 |
| 044 | વ્યુત્પત્તિવાદ ગુઢાર્થતત્ત્વાલોક | શ્રી ધર્મદત્તસૂરિ (બચ્છા ઝા) | 218 |
| 045 | સામાન્યનિર્યુક્તિ ગુઢાર્થતત્ત્વાલોક | શ્રી ધર્મદત્તસૂરિ (બચ્છા ઝા) | 190 |
| 046 | સપ્તભઙ્ગીનયપ્રદીપ બાલબોધિનીવિવૃત્તિઃ | પૂ. લાવણ્યસૂરિજી | 138 |
| 047 | વ્યુત્પત્તિવાદ શાસ્ત્રાર્થકલા ટીકા | શ્રીવેણીમાધવ શાસ્ત્રી | 296 |
| 048 | નયોપદેશ ભાગ-૧ તરઙ્ગિણીતરણી | પૂ. લાવણ્યસૂરિજી | 210 |
| 049 | નયોપદેશ ભાગ-૨ તરઙ્ગિણીતરણી | પૂ. લાવણ્યસૂરિજી | 274 |
| 050 | ન્યાયસમુચ્ચય | પૂ. લાવણ્યસૂરિજી | 286 |
| 051 | સ્યાદ્યાર્થપ્રકાશઃ | પૂ. લાવણ્યસૂરિજી | 216 |
| 052 | દિન શુદ્ધિ પ્રકરણ | પૂ. દર્શનવિજયજી | 532 |
| 053 | બૃહદ્ ધારણા યંત્ર | પૂ. દર્શનવિજયજી | 113 |
| 054 | જ્યોતિર્મહોદય | સં. પૂ. અક્ષયવિજયજી | 112 |

# શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાનભંડાર


**સંયોજક – શાહ બાબુલાલ સરેમલ**

શાહ વીમળાબેન સરેમલ જવેરચંદજી બેડાવાળા ભવન

હીરાજૈન સોસાયટી, રામનગર, સાબરમતી, અમદાવાદ-૦૫.

(મો.) ૯૪૨૬૫૮૫૯૦૪ (ઓ) ૨૨૧૩૨૫૪૩ (ઇ-મેલ) ahoshrut.bs@gmail.com


## અહો શ્રુતજ્ઞાનમ્ ગ્રંથ જીર્ણોદ્ધાર – સંવત ૨૦૬૬ (ઈ. ૨૦૧૦) – સેટ નં-૨

પ્રાયઃ જીર્ણ અપ્રાપ્ય પુસ્તકોને સ્કેન કરાવીને ડી.વી.ડી. બનાવી તેની યાદી.

*આ પુસ્તકો www.jainelibrary.org વેબસાઇટ પરથી પણ ડાઉનલોડ કરી શકાશે.*

| ક્રમ | પુસ્તકનું નામ | ભાષા | કર્ત્તા-ટીકાકાર-સંપાદક | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| 055 | **श्री सिद्धहेम बृहद्वृत्ति बृहद्न्यास अध्याय-६** | **सं** | **पू. लावण्यसूरिजी म.सा.** | 296 |
| 056 | **विविध तीर्थ कल्प** | **सं** | **पू. जिनविजयजी म.सा.** | 160 |
| 057 | ભારતીય જૈન શ્રમણ સંસ્કૃતિ અને લેખનકળા | ગુજ. | **पू. पूण्यविजयजी म.सा.** | 164 |
| 058 | **सिद्धान्तलक्षणगूढार्थ तत्त्वलोकः** | **सं** | **श्री धर्मदत्तसूरि** | 202 |
| 059 | **व्याप्ति पञ्चक विवृत्ति टीका** | **सं** | **श्री धर्मदत्तसूरि** | 48 |
| 060 | જૈન સંગીત રાગમાળા | ગુ. | **श्री मांगरोळ जैन संगीत मंडळी** | 306 |
| 061 | **चतुर्विंशतीप्रबन्ध (प्रबंध कोश)** | **सं** | **श्री रसिकलाल एच. कापडीआ** | 322 |
| 062 | **व्युत्पत्तिवाद आदर्श व्याख्यया संपूर्ण ६ अध्याय** | **सं** | **श्री सुदर्शनाचार्य** | 668 |
| 063 | **चन्द्रप्रभा हेमकौमुदी** | **सं** | **पू. मेघविजयजी गणि** | 516 |
| 064 | **विवेक विलास** | **सं/ગુ.** | **श्री दामोदर गोविंदाचार्य** | 268 |
| 065 | **पञ्चशती प्रबोध प्रबंध** | **सं** | **पू. मृगेन्द्रविजयजी म.सा.** | 456 |
| 066 | **सन्मतितत्त्वसोपानम्** | **सं** | **पू. लब्धिसूरिजी म.सा.** | 420 |
| 067 | ઉપદેશમાલા દોઘટ્ટી ટીકા ગુર્જરાનુવાદ | ગુજ. | **पू. हेमसागरसूरिजी म.सा.** | 638 |
| 068 | **मोहराजापराजयम्** | **सं** | **पू. चतुरविजयजी म.सा.** | 192 |
| 069 | **क्रियाकोश** | **सं/हिं** | **श्री मोहनलाल बांठिया** | 428 |
| 070 | **कालिकाचार्यकथासंग्रह** | **सं/ગુ.** | **श्री अंबालाल प्रेमचंद** | 406 |
| 071 | **सामान्यनिरुक्ति चंद्रकला कलाविलास टीका** | **सं.** | **श्री वामाचरण भट्टाचार्य** | 308 |
| 072 | **जन्मसमुद्रजातक** | **सं/हिं** | **श्री भगवानदास जैन** | 128 |
| 073 | **मेघमहोदय वर्षप्रबोध** | **सं/हिं** | **श्री भगवानदास जैन** | 532 |
| 074 | જૈન સામુદ્રિકનાં પાંચ ગ્રંથો | ગુજ. | **श्री हिम्मतराम महाशंकर जानी** | 376 |

| | | | | |
|---|---|---|---|---|
| 075 | જૈન ચિત્ર કલ્પદ્રૂમ ભાગ-૧ | ગુજ. | **श्री साराभाई नवाब** | **374** |
| 076 | જૈન ચિત્ર કલ્પદ્રૂમ ભાગ-૨ | ગુજ. | **श्री साराभाई नवाब** | **238** |
| 077 | સંગીત નાટ્ય રૂપાવલી | ગુજ. | **श्री विद्या साराभाई नवाब** | **194** |
| 078 | ભારતનાં  જૈન તીર્થો અને તેનું શિલ્પસ્થાપત્ય | ગુજ. | **श्री साराभाई नवाब** | **192** |
| 079 | શિલ્પ ચિન્તામણિ ભાગ-૧ | ગુજ. | **श्री मनसुखलाल भुदरमल** | **254** |
| 080 | બૃહદ્ શિલ્પ શાસ્ત્ર ભાગ-૧ | ગુજ. | **श्री जगन्नाथ अंबाराम** | **260** |
| 081 | બૃહદ્ શિલ્પ શાસ્ત્ર ભાગ-૨ | ગુજ. | **श्री जगन्नाथ अंबाराम** | **238** |
| 082 | બૃહદ્ શિલ્પ શાસ્ત્ર ભાગ-૩ | ગુજ. | **श्री जगन्नाथ अंबाराम** | **260** |
| 083 | આયુર્વેદના અનુભૂત પ્રયોગો ભાગ-૧ | ગુજ. | **पू. कान्तिसागरजी** | **114** |
| 084 | કલ્યાણ કારક | ગુજ. | **श्री वर्धमान पार्श्वनाथ शास्त्री** | **910** |
| 085 | **विश्वलोचन कोश** | **सं./हिं** | **श्री नंदलाल शर्मा** | **436** |
| 086 | કથા રત્ન કોશ ભાગ-1 | ગુજ. | **श्री बेचरदास जीवराज दोशी** | **336** |
| 087 | કથા રત્ન કોશ ભાગ-2 | ગુજ. | **श्री बेचरदास जीवराज दोशी** | **230** |
| 088 | હસ્તસઞ્જીવનમ્ | સં. | **पू. मेघविजयजीगणि** | **322** |
| 089 | ઐન્દ્રચતુર્વિંશતિકા | સં. | **पू.यशोविजयजी, पू. पुण्यविजयजी** | **114** |
| 090 | સમ્મતિ તર્ક મહાર્ણવાવતારિકા | સં. | **आचार्य श्री विजयदर्शनसूरिजी** | **560** |

# श्री आशापूरण पार्श्वनाथ जैन ज्ञानभंडार

**संयोजक – शाह बाबुलाल सरेमल** - (मो.) 9426585904 (ओ.) 22132543 - ahoshrut.bs@gmail.com
**शाह वीमळाबेन सरेमल जवेरचंदजी बेडावाळा भवन**
हीराजैन सोसायटी, रामनगर, साबरमती, अमदावाद-05.

## अहो श्रुतज्ञानम् ग्रंथ जीर्णोद्धार – संवत २०६७ (ई. 2011) सेट नं.-३

**प्रायः अप्राप्य प्राचीन पुस्तकों की स्केन डीवीडी बनाई उसकी सूची।** *यह पुस्तके www.jainelibrary.org वेबसाइट से भी डाउनलोड कर सकते हैं।*

| क्रम | पुस्तक नाम | कर्त्ता / टीकाकार | भाषा | संपादक / प्रकाशक | पृष्ठ |
|---|---|---|---|---|---|
| 91 | स्याद्वाद रत्नाकर भाग-१ | वादिदेवसूरिजी | सं. | मोतीलाल लाघाजी पुना | 272 |
| 92 | स्याद्वाद रत्नाकर भाग-२ | वादिदेवसूरिजी | सं. | मोतीलाल लाघाजी पुना | 240 |
| 93 | स्याद्वाद रत्नाकर भाग-३ | वादिदेवसूरिजी | सं. | मोतीलाल लाघाजी पुना | 254 |
| 94 | स्याद्वाद रत्नाकर भाग-४ | वादिदेवसूरिजी | सं. | मोतीलाल लाघाजी पुना | 282 |
| 95 | स्याद्वाद रत्नाकर भाग-५ | वादिदेवसूरिजी | सं. | मोतीलाल लाघाजी पुना | 118 |
| 96 | पवित्र कल्पसूत्र | पुण्यविजयजी | सं./अं | साराभाई नवाब | 466 |
| 97 | समराङ्गण सूत्रधार भाग-१ | भोजदेव | सं. | टी. गणपति शास्त्री | 342 |
| 98 | समराङ्गण सूत्रधार भाग-२ | भोजदेव | सं. | टी. गणपति शास्त्री | 362 |
| 99 | भुवनदीपक | पद्मप्रभसूरिजी | सं. | वेंकटेश प्रेस | 134 |
| 100 | गाथासहस्त्री | समयसुंदरजी | सं. | सुखलालजी | 70 |
| 101 | भारतीय प्राचीन लिपीमाला | गौरीशंकर ओझा | हिन्दी | मुन्शीराम मनोहरराम | 316 |
| 102 | शब्दरत्नाकर | साधुसुन्दरजी | सं. | हरगोविन्ददास बेचरदास | 224 |
| 103 | सुबोधवाणी प्रकाश | न्यायविजयजी | सं./गु | हेमचंद्राचार्य जैन सभा | 612 |
| 104 | लघु प्रबंध संग्रह | जयंत पी. ठाकर | सं. | ओरीएन्ट इन्स्टीट्युट बरोडा | 307 |
| 105 | जैन स्तोत्र संचय-१-२-३ | माणिक्यसागरसूरिजी | सं, | आगमोद्धारक सभा | 250 |
| 106 | सन्मति तर्क प्रकरण भाग-१,२,३ | सिद्धसेन दिवाकर | सं. | सुखलाल संघवी | 514 |
| 107 | सन्मति तर्क प्रकरण भाग-४,५ | सिद्धसेन दिवाकर | सं. | सुखलाल संघवी | 454 |
| 108 | न्यायसार – न्यायतात्पर्यदीपिका | सतिषचंद्र विद्याभूषण | सं. | एसियाटीक सोसायटी | 354 |
| 109 | जैन लेख संग्रह भाग-१ | पुरणचंद्र नाहर | सं./हि | पुरणचंद्र नाहर | 337 |
| 110 | जैन लेख संग्रह भाग-२ | पुरणचंद्र नाहर | सं./हि | पुरणचंद्र नाहर | 354 |
| 111 | जैन लेख संग्रह भाग-३ | पुरणचंद्र नाहर | सं./हि | पुरणचंद्र नाहर | 372 |
| 112 | जैन धातु प्रतिमा लेख भाग-१ | कांतिविजयजी | सं./हि | जिनदत्तसूरि ज्ञानभंडार | 142 |
| 113 | जैन प्रतिमा लेख संग्रह | दौलतसिंह लोढा | सं./हि | अरविन्द धामणिया | 336 |
| 114 | राधनपुर प्रतिमा लेख संदोह | विशालविजयजी | सं./गु | यशोविजयजी ग्रंथमाळा | 364 |
| 115 | प्राचिन लेख संग्रह-१ | विजयधर्मसूरिजी | सं./गु | यशोविजयजी ग्रंथमाळा | 218 |
| 116 | बीकानेर जैन लेख संग्रह | अगरचंद नाहटा | सं./हि | नाहटा ब्रधर्स | 656 |
| 117 | प्राचीन जैन लेख संग्रह भाग-१ | जिनविजयजी | सं./हि | जैन आत्मानंद सभा | 122 |
| 118 | प्राचिन जैन लेख संग्रह भाग-२ | जिनविजयजी | सं./हि | जैन आत्मानंद सभा | 764 |
| 119 | गुजरातना ऐतिहासिक लेखो-१ | गिरजाशंकर शास्त्री | सं./गु | फार्बस गुजराती सभा | 404 |
| 120 | गुजरातना ऐतिहासिक लेखो-२ | गिरजाशंकर शास्त्री | सं./गु | फार्बस गुजराती सभा | 404 |
| 121 | गुजरातना ऐतिहासिक लेखो-३ | गिरजाशंकर शास्त्री | सं./गु | फार्बस गुजराती सभा | 540 |
| 122 | ऑपरेशन इन सर्च ऑफ संस्कृत मेन्यु. इन मुंबई सर्कल-१ | पी. पीटरसन | अं. | रॉयल एशियाटीक जर्नल | 274 |
| 123 | ऑपरेशन इन सर्च ऑफ संस्कृत मेन्यु. इन मुंबई सर्कल-४ | पी. पीटरसन | अं. | रॉयल एशियाटीक जर्नल | 414 |
| 124 | ऑपरेशन इन सर्च ऑफ संस्कृत मेन्यु. इन मुंबई सर्कल-५ | पी. पीटरसन | अं. | रॉयल एशियाटीक जर्नल | 400 |
| 125 | कलेक्शन ऑफ प्राकृत एन्ड संस्कृत इन्स्क्रीप्शन्स | पी. पीटरसन | अं. | भावनगर आर्चीऑलॉजीकल डिपा. | 320 |
| 126 | विजयदेव माहात्म्यम् | जिनविजयजी | सं. | जैन सत्य संशोधक | 148 |

# श्री आशापूरण पार्श्वनाथ जैन ज्ञानभंडार

**संयोजक – शाह बाबुलाल सरेमल** - (मो.) 9426585904 (ओ.) 22132543 - ahoshrut.bs@gmail.com
**शाह वीमळाबेन सरेमल जवेरचंदजी बेडावाळा भवन**
हीराजैन सोसायटी, रामनगर, साबरमती, अमदावाद-05.

## अहो श्रुतज्ञानम् ग्रंथ जीर्णोद्धार – संवत २०६८ (ई. 2012) सेट नं.-४

**प्रायः अप्राप्य प्राचीन पुस्तकों की स्केन डीवीडी बनाई उसकी सूची।** *यह पुस्तके www.jainelibrary.org वेबसाइट से भी डाउनलोड कर सकते हैं।*

| क्रम | पुस्तक नाम | कर्त्ता / संपादक | भाषा | प्रकाशक | पृष्ठ |
|---|---|---|---|---|---|
| 127 | महाप्रभाविक नवस्मरण | साराभाई नवाब | गुज. | साराभाई नवाब | 754 |
| 128 | जैन चित्र कल्पलता | साराभाई नवाब | गुज. | साराभाई नवाब | 84 |
| 129 | जैन धर्मनो प्राचीन इतिहास भाग-२ | हीरालाल हंसराज | गुज. | हीरालाल हंसराज | 194 |
| 130 | ओपरेशन इन सर्च ओफ सं. मेन्यु. भाग-६ | पी. पीटरसन | अंग्रेजी | एशियाटीक सोसायटी | 171 |
| 131 | जैन गणित विचार | कुंवरजी आणंदजी | गुज. | जैन धर्म प्रसारक सभा | 90 |
| 132 | दैवज्ञ कामधेनु (प्राचिन ज्योतिष ग्रंथ) | शील खंड | सं. | ब्रज. बी. दास बनारस | 310 |
| 133 | करण प्रकाश | ब्रह्मदेव | सं./अं. | सुधाकर द्विवेदि | 276 |
| 134 | न्यायविशारद महो. यशोविजयजी स्वहस्तलिखित कृति संग्रह | यशोदेवसूरिजी | गुज. | यशोभारती प्रकाशन | 69 |
| 135 | भौगोलिक कोश-१ | डाह्याभाई पीतांबरदास | गुज. | गुजरात वर्नाक्युलर सोसायटी | 100 |
| 136 | भौगोलिक कोश-२ | डाह्याभाई पीतांबरदास | गुज. | गुजरात वर्नाक्युलर सोसायटी | 136 |
| 137 | जैन साहित्य संशोधक वर्ष-१ अंक-१, २ | जिनविजयजी | हिन्दी | जैन साहित्य संशोधक पुना | 266 |
| 138 | जैन साहित्य संशोधक वर्ष-१ अंक-३, ४ | जिनविजयजी | हिन्दी | जैन साहित्य संशोधक पुना | 244 |
| 139 | जैन साहित्य संशोधक वर्ष-२ अंक-१, २ | जिनविजयजी | हिन्दी | जैन साहित्य संशोधक पुना | 274 |
| 140 | जैन साहित्य संशोधक वर्ष-२ अंक-३, ४ | जिनविजयजी | हिन्दी | जैन साहित्य संशोधक पुना | 168 |
| 141 | जैन साहित्य संशोधक वर्ष-३ अंक-१, २ | जिनविजयजी | हिन्दी | जैन साहित्य संशोधक पुना | 282 |
| 142 | जैन साहित्य संशोधक वर्ष-३ अंक-३, ४ | जिनविजयजी | हिन्दी | जैन साहित्य संशोधक पुना | 182 |
| 143 | नवपदोनी आनुपूर्वी भाग-१ | सोमविजयजी | गुज. | शाह बाबुलाल सवचंद | 384 |
| 144 | नवपदोनी आनुपूर्वी भाग-२ | सोमविजयजी | गुज. | शाह बाबुलाल सवचंद | 376 |
| 145 | नवपदोनी आनुपूर्वी भाग-३ | सोमविजयजी | गुज. | शाह बाबुलाल सवचंद | 387 |
| 146 | भास्वति | शतानंद मारछता | सं./हि | एच.बी. गुप्ता एन्ड सन्स बनारस | 174 |
| 147 | जैन सिद्धांत कौमुदी (अर्धमागधी व्याकरण) | रत्नचंद्र स्वामी | प्रा./सं. | भैरोदान सेठीया | 320 |
| 148 | मंत्रराज गुणकल्प महोदधि | जयदयाल शर्मा | हिन्दी | जयदयाल शर्मा | 286 |
| 149 | फक्कीका रत्नमंजूषा-१, २ | कनकलाल ठाकूर | सं. | हरिकृष्ण निबंध | 272 |
| 150 | अनुभूत सिद्ध विशायंत्र (छ कल्प संग्रह) | मेघविजयजी | सं./गुज | महावीर ग्रंथमाळा | 142 |
| 151 | सारावलि | कल्याण वर्धन | सं. | पांडुरंग जीवाजी | 260 |
| 152 | ज्योतिष सिद्धांत संग्रह | विश्वेश्वरप्रसाद द्विवेदी | सं. | ब्रीजभूषणदास बनारस | 232 |
| 153 | ज्ञान प्रदीपिका तथा सामुद्रिक शास्त्रम् | रामव्यास पान्डेय | सं. | जैन सिद्धांत भवन | 160 |
| | **नूतन संकलन** | | | | |
| १ | आ. चंद्रसागरसूरिजी ज्ञानभंडार – उज्जैन | हस्तप्रत सूचीपत्र | हिन्दी | श्री आशापुरण पार्श्वनाथ जैन ज्ञानभंडार | |
| २ | श्री गुजराती श्वे.मू. जैन संघ-हस्तप्रत भंडार – कलकत्ता | हस्तप्रत सूचीपत्र | हिन्दी | श्री आशापुरण पार्श्वनाथ जैन ज्ञानभंडार | |

ગુજરાત વર્નાક્યુલર સોસાયટી હીરક મહોત્સવ ગ્રંથમાળા નં. ૧૭

# ભૌગોલિક કોશ

( પ્રાચીન અને મધ્યકાલીન )

## દ્વિતીય ખંડ

## ટ થી વ

લેખક :
સ્વ. ડાહ્યાભાઈ પીતામ્બરદાસ દેરાસરી
બેરિસ્ટર–એટ–લૉ

છપાવી પ્રસિદ્ધ કરનાર,
ગુજરાત વર્નાક્યુલર સોસાયટી તરફથી
રસિકલાલ છોટાલાલ પરીખ
આસિ૦ સેક્રેટરી—અમદાવાદ

કીમત એક રૂપિયો

Aho ! Shrutgyanam

# નિવેદન

ભૌગોલિક કોશ-પ્રાચીન અને મધ્યકાલીન-નો દ્વિતીય ખંડ આ વર્ષે બહાર પાડવામાં આવે છે, તે સાહિત્ય-ઈતિહાસરસિકોને મદદગાર થઇ પડશે.

શ્રીયુત નંદલાલ ડેના મૂળ અંગ્રેજી પુસ્તક પરથી એની વસ્તુ લેવામાં આવેલી છે અને તેમાં ઘટતે સ્થળે યોગ્ય સુધારાવધારા કરી લેખકે તેની ઉપયોગિતામાં ઉમેરો કર્યો છે.

ગુ. વ. સોસાયટી
અમદાવાદ
તા. ૨૪-૧૧-૩૮

રસિકલાલ છો. પરીખ
આસિ. સેક્રેટરી

આવૃત્તિ પહેલી
સંવત ૧૯૯૫

પ્રત ૧૫૦૦
સન ૧૯૩૮

ધી સૂર્યપ્રકાશ પ્રિન્ટીંગ પ્રેસ, પાનકોરનાકા-અમદાવાદમાં મણિલાલ કલ્યાણદાસ પટેલે છાપ્યો.

Aho ! Shrutgyanam

## ट.

**टक्कदेश.** विपाशा અને સિન્ધુની વચ્ચેનો પ્રદેશ, પંજાબ તે જ. એ વાહિકોનો પ્રદેશ હતો. ( **રાજતરંગિની ૫, શ્લો૦ ૧૫૦; મહાભાર૦ કર્ણપર્વ**; અ૦ ૪૪. ) મદ્ર દેશ અને આરાત્ત એ પણ એ જ પ્રદેશનાં નામ છે. ( **હેમચંદ્રનું અભિધાન ચિંતામણિ.** )

## ड.

**डाकिनी.** પુનાની વાયવ્યમાં ભીમા નદીના મુળની પાસે આવેલ ભીમાશંકર તે. (ડા૦ ઓપર્ટનું **" ભારતવર્ષ યાને હિંદુસ્તાનના મૂળ વતનીઓ"** પા૦ ૩૭૯; **ફરગ્યુસનનું હિંદુસ્તાનનાં** " કેવટેમ્પલો" પા૦ ૩૬૭). ભીમાશંકર મહાદેવનું દેવાલય એક પ્રસિદ્ધ યાત્રાસ્થળ છે. મહાદેવ પોતે દ્વાદશ જ્યોતિર્લિંગમાના એક છે. ( **શિવપુરા૦ ખં૦ ૧, અ૦ ૩૮-૪૦; ફરગ્યુસનનું હિંદુસ્તાનનાં "કેવટેમ્પલો"** પા૦ ૩૬૭.) શિવપુરાણમાં ડાકિની પશ્ચિમઘાટ-સહ્યાદ્રિ ઉપર આવ્યાનું લખ્યું છે. અમરેશ્વર શબ્દ જુઓ.

## त.

**तगर.** ધારગર શબ્દ જુઓ. હૈદ્રાબાદના વલદુગ જીલ્લામાં પૈથાણુથી આગ્નેયમાં ૯૫ મૈલ ઉપર આવેલું તેર (થેર) એ જ તગર એમ ડા૦ ફ્લીટનું કહેવું છે. થાણા અને સતારામાં પ્રાપ્ત થયેલા શિલાલેખોમાં તગરનો ઉલ્લેખ કરાયેલો છે (કોન્ડરનું **મોડર્ન-ટ્રાવેલર પુ૦ ૧૦, પા૦ ૨૮૬** ). પુના જીલ્લામાં આવેલું જુન્નરી તે તગર, એમ ડા૦ ભગવાનલાલ ઈંદ્રજી કહે છે. ( **ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ** ) રેવરંડ એ૦ ફ૦ નઇરન અને સર રામકૃષ્ણ ગોપાલ ભાંડારકર ( દક્ષિણનો **અર્વાચીન ઇતિ૦ ખં૦ ૮. પા૦ ૩૨** ). નિઝામના રાજ્યમાં આવેલું દરૂર અથવા ધરૂર તે તગર એમ કહે છે. ( **મુંબઈ ગેઝેટિયર પુ૦ ૧, ભાગ ૨. પા૦ ૧૬. ટિ૦ ૩** ). વિલફોર્ડ દેવગિરિ યાને દૌલતાબાદ, ડા૦ બર્જેઝ દેવગિરિ પાસે આવેલું રોઝ અને યૂલ કુલબર્ગને તગર માને છે. કેટલાએક ત્રીકુટને તગર માને છે. ત્રીકુટ શબ્દ જુઓ.

**तनुश्री.** નીચલા બ્રહ્મદેશના દક્ષિણ વિભાગ તેનાસેરીમનું નામ.

**तपनी.** તાપી નદી તે જ.

**तमसा.** અયોધ્યામાં વ્હેતી સરજુ નદીની શાખા ટૉનસેક તે જ. આ નદી આજમગઢના પ્રદેશમાં સરયુથી ૧૨ મૈલ ઉપર પશ્ચિમમાં ભૂલીયા આગળ ગંગાને મળે છે. વાલ્મિકી ઋષિના જીવનના બાલપણના સમય સંબંધે આ નદીના કિનારા જાણીતા છે ( **રામાયણ બાલ૦ સર્ગ ૨** ). ઘોતી અગાડી મધુ અને એસરી નામની નદીયોનો સંગમ થાય છે, ત્યાં અગાડીથી આ નદીને તમસા કહે છે.

**तमसा** (૨). મધ્ય પ્રાંતમાં આવેલા રેવાના પ્રદેશમાં વ્હેતી ટૉનસે નદી તે જ ( **મત્સ્ય-પુરા૦ અ૦ ૧૧૪; રામાયણ, અયોધ્યા૦ સર્ગ ૪૭** ).

**तमसा (૩).** ઘરવાલ અને દેહરાદૂનના પ્રદેશમાં વ્હેતી ટૉનસે નદી તે ( **કલકત્તા-રિવ્યુ પા૦** ૫૮, **૧૮૭૪, પા૦ ૧૯૩** ); સિરમુરના પ્રદેશમાં તમસા અને યમુનાનો સંગમ થાય



Aho ! Shrutgyanam

છે. એ પવિત્ર જગ્યાએ એકવીર યાને હૈહયનો જન્મ થયો હતો. આ હૈહય હૈહયવંશનો સ્થાપનાર અને કાર્તવીરાર્જુનનો પ્રપિતામહ હતો. ( **દેવી ભાગવત, ખં૦ ૬, અ૦ ૧૦-૨૩** ).

**तमालिक.** તમાલિક ઉપરથી તમલુક અને તામ્રલિપ્તિકા ઉપરથી તમલિકા આદિ વિકૃત થયેલાં નામો છે. તામ્રલિપ્તિ તે.

**तमालिनी.** તમલિક, તામ્રલિપ્તિ તે જ.

**तमालिप्ति.** તામ્રલિપ્તિ તે જ. તામ્રલિપ્તિ તમ્રલિપ્તિ ઉપરથી વિકૃત થયેલું નામ હોય તે સ્પષ્ટ છે.

**तलकाड.** મૈસોરની દક્ષિણે પૂર્વ તરફ ૩૦ મૈલ ઉપર કાવેરી નદી પર આવેલું ચેલા અગર ચેરાની રાજધાનીનું શહેર તલકાડ તે જ આ શહેર; હાલ કાવેરી નદીની રેતીમાં દટાઇ ગયેલું છે. શીરોવન તે જ. મિ૦ રાઇસના મત પ્રમાણે તલકાડનું જુનું નામ તાલવનપુરા હતું ( **એપિ૦ ઇન્ડ૦ પુ૦ ૩, પા૦ ૧૬૫** ). ત્રીજા સૈકામાં ગંગાવંશના રાજાઓનું રાજ દક્ષિણ મૈસોરના પ્રદેશની પેલી બાજુ અત્યન્ત વિસ્તરેલું હોઇને ૪૬ હજાર ગંગાવાડી કહેવાતું. અગ્યારમા સૈકામાં તામીલ પ્રદેશમાં ચૌલાઓએ ગંગારાજ્યનું ઉચ્છેદન કર્યું હતું. મૈસોરના પ્રદેશમાં હોઇસલ રાજા હતું જેની રાજધાની દોરાસમુદ્ર ( દ્વારસમુદ્ર ) હતી. ( **જે૦ આર૦ એ૦ એસ૦ ૧૯૧૧ પા૦ ૮૧૫** )

**तलवनपुर.** તલકાડ શબ્દ જુઓ.

**तक्षशिला.** પંજાબમાં રાવલપિન્ડી જીલ્લામાં આવેલું તક્ષશિલા તે જ. અટક અને રાવલપિન્ડીની વચમાં કાલાકાસિરાઇની ઇશાનમાં એક મૈલ ઉપર શાહઢેરીની પાસે આ શહેર હતું એમ જર્નલ કનિંગહામ કહે છે. એ જગ્યાએ એમણે કિલ્લેબંધીવાળા કોઇ શહેરનાં ખંડિયેરો દીઠાં હતાં. ( જુઓ. **ડલમેરિકની શાહઢેરી અગાડીનાં ઇમારતી ખંડેરો અને તક્ષશિલાની જગ્યાનો નિર્ણય જે૦ એ૦ સો૦ બં૦, ૧૮૭૦, પા૦ ૮૯: આર૦ સો૦ રિ૦ પુ૦ ૨, પા૦ ૧૨૫** ). શાહઢેરીથી વાયવ્યમાં આઠ મૈલ ઉપર હસનઅબ્દુલ નામની જગ્યા ઉપર તક્ષશિલા હતું એમ ફ્રેંચ-માર્ટિનનું મંતવ્ય છે. પોતાના દીકરા તક્ષના નામ ઉપરથી રામચંદ્રના ભાઇ ભરતે આ નગરીનું નામ તક્ષશિલા પાડીને એને અહિંનો રાજા નિમ્યો હતો. ( **રામાયણ ઉત્તરકાંડ, સર્ગ ૧૧૪, ૨૦૧** ). પરન્તુ દિવ્યાવદાનમાં ( **ડા૦ આર૦ મિત્રનું નેપાળનું સંસ્કૃત બુદ્ધિસ્ટ વાંગ્મય પા૦ ૩૧૦** ). આમ કહ્યું છે કે પોતાના એક પૂર્વજન્મમાં બુદ્ધ ભદ્રશિલાના રાજા હતા અને એમનું નામ ચંદ્રપ્રભા હતું. તે વખત એમણે એક ભિક્ષુક બ્રાહ્મણને પોતાનો શિરચ્છેદ કરવા દીધો હતો અને તે વખતથી આ શહેરનું નામ તક્ષશિલા પડયું હતું. કથાસરિત્સાગરમાં તક્ષશિલા વિતસ્તા યાને ઝેલમના કાંઠે આવ્યાનું લખ્યું છે. ( **કથાસરિત્સાગર ભાગ ૪. અ૦ ૨૭, અને ટોનિનું ભાષાન્તર પુ૦ ૧. પા૦ ૨૩૫** ). તક્ષશિલાનો રાજા ઓમફી (અમ્ભી) સિકંદરના તક્ષશિલાના આક્રમણના વખતે તેને તાબે થયો હતો. પોતાના બાપના વખતમાં અશોક જયારે પંજાબનો સુબો હતો, ત્યારે તક્ષશિલામાં રહેતો હતો. ( **અશોકાવદાન ડા૦ આર૦ એલ૦ મિત્રનું નેપાળનું સંસ્કૃત બુદ્ધિસ્ટ વાંગ્મય પા૦ ૬** ). બિંદુસારના મરણ વખતે અશોકનો મોટોભાઈ સુમન આ જગ્યાનો સુબો હતો. તે અશોકની સાથેની લડાઇમાં માર્યો ગયો અને અશોક મગધનો રાજા થયો. તક્ષશિલા એક વખતે ગાંધારની રાજ્યધાની હતી. ( **ડા૦ રિસડેવીડસ-બુદ્ધિસ્ટ જન્મકથાઓ પુ૦ ૧, પા૦ ૨૬૬-નંદિ-વિશા-**

Aho ! Shrutgyanam

લજાતક–સરંભજાતક, કેમ્બ્રિજના જાતકમાં, પુ૦ ૧, પા૦ ૨૧૭). તક્ષશિલા એક સમય બૌદ્ધ લોકોનું સુપ્રસિદ્ધ યાત્રાસ્થળ ગણાતું. જેમ પશ્ચિમ હિંદુસ્થાનમાં વલ્લભી, પૂર્વ હિંદુસ્થાનમાં નાલંદા, દક્ષિણ હિંદુસ્થાનમાં કાંચીપુર અને મધ્ય ભારતની ધનકટક નામની વિદ્યાપીઠો હતી, તેમ ઇસ્વીસનની પહેલી સદી સુધી તક્ષશિલામાં ઉતર હિંદુસ્થાનની વિદ્યાપીઠ હતી. પ્રસિદ્ધ વૈયાકરણ પાણિની ( ડા૦ સતીશચંદ્ર વિદ્યાભૂષણનું પુ૦ " બુદ્ધદેવ " પા૦ ૨૨–, હવેલનું હિન્દુસ્થાનનું પ્રાચીન અને મધ્યકાલનું સ્થાપત્ય પા૦ ૧૪૦ ) અને બિંબિસારના દરબારનો રાજ્યવૈદ્ય જીવક ( મહાવગ્ગ, ૮. ૧, ૭ ), એઉ તક્ષશિલા વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓ હતા. જીવક સાલાવતી નામની ગણિકાને ઉદરે જન્મેલો અભયનો છોકરો અને મગધ નરેશ બિંબિસારનો પાત્ર હતો. જીવક રાજગ્રહથી બાલપણથી જ તક્ષશિલામાં વૈદકનો અભ્યાસ કરવા ગયો હતો. આત્રેય મુનિ પાસે એણે વૈદકનો અભ્યાસ કર્યો હતો. ઘણું કરીને ચાણક્ય પણ તક્ષશિલાનો જ વિદ્યાર્થી હતો. ( ટર્નરનો મહાયાન, ઉપોદ્ઘાત, અને હેમચંદ્રનો સ્થવિરાવલી–ચરિત્ર, ૮, પા૦ ૨૩૧. જેકોબીની આવૃત્તિ ). અભ્યાસ પુરો થયે ગુરૂઓ શિષ્યની પાસેથી સહસ્ત્ર મુદ્રા ગુરૂદક્ષિણામાં માગતા. ( જાતક કેમ્બ્રિજ આવૃત્તિ, પુ૦ ૧, પા૦ ૧૩૭–૧૪૮ ). આ તક્ષશિલા વિશ્વવિદ્યાલયમાં વાંગ્મય, વિજ્ઞાન, ધનુર્વિદ્યા, આદિ શિખવવામાં આવતાં અને ઘણા દૂર દૂર પ્રદેશોમાંથી વિદ્યાર્થીઓ વિદ્યાભ્યાસ કરવા આવતા હતા. ( જાતક પુ૦ ૫, પા૦ ૨૪૭. પુ૦ ૨, પા૦ ૬૦ ) તક્ષશિલા અને બનારસમાં જ બ્રાહ્મણી વિશ્વવિદ્યાલય હતાં. (બીજાં વિશ્વવિદ્યાલયોની હકીકત માટે નાલંદા શબ્દ જુઓ ). રાવલપિંડીની વાયવ્યમાં ૨૬ મૈલ ઉપર અને કાલકાસિરાઇ રેલ્વે–સ્ટેશનથી એ મૈલ દૂર આ પ્રખ્યાત શહેરનાં ખંડિયેરો આવેલાં છે. જે જગ્યાએ આ શહેર હતું ત્યાં હાલ શાહઢેરી, સિરકપ, સિરસુખ અને કરચકોટ નામનાં ગામો આવેલાં છે. ( આર૦ સર્વે૦ રિપોર્ટ પુ૦ ૫, પા૦ ૬૬, પુ૦ ૨. પા૦ ૧૧૨–૧૨૫ " પંજાબ ગેઝટિયરમાં રાવલપિંડી જીલ્લો " એપિ૦ ઇન્ડ૦ પુ૦ ૪ ). સિરકપમાં બુદ્ધે પોતાના એક પૂર્વજન્મમાં પોતાનું માથું કપાવ્યું હતું. ( બિલનું રેકર્ડ ઓફ વેસ્ટર્ન કંટ્રી, પુ૦ ૧, પા૦ ૧૩૮ ). સિરકપથી દોઢ મૈલ પૂર્વમાં આવેલા કર્નાલ નામના ગામમાં સ્તૂપનાં ખંડેરો આવેલાં છે. આ જગ્યાએ અશોકથી પદ્માવતી રાણીના ઉદરે જન્મેલા પુત્ર કુણાલની આંખ્યો ફોડી નાખવામાં આવી હતી. આ કુણાલની ઓરમાન માતા તિષ્યરક્ષિતાના કાવત્રાનું પરિણામ હતું. ( અવદાન કલ્પલતામાં કુણાલાવદાન અ૦ ૫૯, દિવ્યાવદાન, અ૦ ૨૭). કર્માલ શબ્દ કુણાલનું વિકૃત રૂપ છે. કાલકા સિરાઇથી હસનઅબ્દલમાં પશ્ચિમે આઠ મૈલ ઉપર ડુંગરની તળેટીમાં આવેલું એક ઇલપત્રનાગ નામનું તળાવ છે. એ તળાવની આજુબાજુ દેવાલયો આવેલાં છે. અને તળાવને હાલ બાબાવલી અથવા પંજાસાહેબ કહે છે. સિરકપથી ૪ મૈલ ઉપર એક મોટા ચતુષ્કોણ મકાનનાં ખંડેરો આવેલાં છે. એની આજુબાજુ ભોંયરાંઓ આવેલાં છે એ જગ્યાએ તક્ષશિલાનું વિશ્વવિદ્યાલય હતું. અને ત્યાં જ જીવકે વૈદ્યકવિજ્ઞાનનો અભ્યાસ કર્યો હતો. મણિકલ્પ સ્તુપ રાવલપિંડીની દક્ષિણે ૧૪ મૈલ પર આવેલો છે. ઇસ્વી સન પૂર્વે પહેલા સૈકામાં કુષાણોને બાકિત્રયામાંથી કાઢી મુકવામાં આવ્યા ત્યારથી તક્ષશિલા તેમની રાજધાની રહ્યું હતું.(શાકદ્વીપ શબ્દ જુઓ).

Aho ! Shrutgyanam

તક્ષશિલામાં આરસના સ્તંભ ઉપર કોતરેલો અરેમિકાની ભાષાનો એક લેખ સર-જોન માર્શલે શોધી કાઢયો હતો. એ શિલાલેખને જોતાં હિંદુસ્થાનની સીમા ઉપર ડરાયસના રાજ્યકાળમાં વખતે ઇરાની સત્તા હોય એવું અનુમાન થાય છે. ડરાયસના સેનાપતિ સાક્ષ-લાકસે હિરોડોટસના કહ્યા પ્રમાણે ઇસ્વી. સન્ પૂર્વે ૫૧૦, અગર બીજાઓના કહ્યા પ્રમાણે, બુદ્ધના મરણ પછી ૩૦ વર્ષે એટલે ઇસ્વી. સન્ પૂર્વે ૫૧૫ માં કેટલાએક વિજયો મેળવ્યા હતા. ( **ડંકરનો હિસ્ટ્રી ઓફ એન્ટીકવીટી પા૦ ૩૮** ). ઇસ્વી. સન્ પૂર્વે ૩૨૬ માં સિકંદરે તક્ષશિલાને સર કર્યું હતું. ત્યારપછી ચાર વર્ષ બાદ ચંદ્રગુપ્તે તક્ષ-શિલાને પોતાના મગધ સામ્રાજ્યમાં ભેળવી લીધું હતું. અશોકના મૃત્યુ પછી ઇસ્વી. સન્ પૂર્વે ૧૯૦ માં ડિમિટ્રિયસે તક્ષશિલા જીતી તેને બેકટ્રિયાના રાજ્યમાં ભેળવી દીધું, ત્યારથી ત્યાં ગ્રીક રાજાઓની રાજ્યધાની થઈ. પછી શક અને પહ્લવ રાજાઓ મૉઉએસ અને અઝેસે ઇસ્વી. સન્ ૬૦ સુધી તક્ષશિલા પર રાજ્ય કર્યું. એમના પછી કુષાન શહેનશાહો થયા. વીરડુંગરી જૂનામાં જૂની વસાયત હતી. પછી ગ્રીક રાજાઓની રાજધાની થઈ હતી. શક પલ્હવ અને કુષાણોના સમયમાં રાજધાની સીરસુખમાં લઈ જવાઇ હતી. ( **આર૦ સર્વે૦રિ૦ ૧૯૧૨-૧૩** ).

**ताजिक.** ત્યાં નિપજતી ઘોડાની સુંદર જાતને માટે સુપ્રસિદ્ધ ઇરાન તે જ. ( **નકુલનું અશ્વ-ચિકિત્સમ્ પ્રકરણ બીજું** ).

**तापी.** તાપી નદી એ જ. ( **ભાગવતપુરાણ સ્કં૦ ૫, અ૦૧૯** ). વિંધ્યપાદ પર્વત જેને હાલ સાતપુડા પર્વત કહીયે છીએ તેના ગોનનગિરિ નામના ભાગમાંથી આ નદી નીકળીને અરબી સમુદ્રને મળે છે. સુરત શહેર એના કાંઠા પર આવેલું છે.

**तापती.** તાપી નદી તે જ. ( **બૃહત શિવપુરાણ ખં૦ ૨, અ૦ ૨૦** ).

**तापस.** તાપસાશ્રમ તે જ. ( **વાયુ૦ પુ૦અ૦ ૪૫, શ્લો૦ ૧૩૯; બ્રહ્મા૦ પુ૦ અ૦ ૪૯** ).

**तापसाश्रम.** મુંબઇ ઇલાકામાં આવેલું પંઢરપુર તે ( **વરાહમિહિરની બૃહતસંહિતા, ૧૪, શ્લો૦ ૧૫; મુંબઈનું ગેઝેટીયર પુ૦ ૧, ભાગ ૧, પા૦ ૫૧૧** ). ટોલેમીયે એને તબસોઈ નામે વર્ણવ્યું છે. પાંડુપુર એ જ.

**ताम्र.** તમોર તે જ. જુઓ ( **મહાકૌશિક** ).

**ताम्रचूडक्कोर.** સંભવે છે કે ચેરા યાને કેરલની રાજ્યધાની ક્રોરનું આ બીજું નામ યે હોય ( **દંડીનું મલીકામારૂત, અંક ૧** ). ક્રોરૂર શબ્દ જુઓ.

**ताम्रपर्णी.** બૌદ્ધલોકોએ સિલોન (લંકા)ને આપેલું બીજું નામ. અશોકના ગિરનારના શિલા-લેખમાં આ નામનો ઉલ્લેખ કરાયેલો છે. ( **જ૦ એ૦ સો૦ બં૦ પુ૦ ૭, પા૦ ૧૬૯** ).

**ताम्रपर्णी (२)** તાંબ્રપર્ણી નદી તે. એ સ્થળના લોકો એને તાંબરવરી કહે છે. આ તાંબર-વરી અને અગસ્તીકુટમાંથી નીકળતી અને તીનેવલીમાં વહન કરતી નદી ચિત્તરના સંગમથી થયેલી નદીને પણ આ જ નામ આપેલું છે. (**ભાગવત દશમસ્કંધ, અ૦ ૭૯, રઘુવંશ સર્ગ ૪, શ્લોક ૫૦. શીવલનું દક્ષીણ ભારતનું આર્કિ૦ સર્વે૦ પુ૦ ૧, પા૦ ૩૦૩, થોર્નટનના ગેઝેટીયરમાં તીનેવેલી શબ્દ જુઓ** ). એમાંથી મોતી નિકળવાને લીધે એ પ્રસિદ્ધ છે. અગસ્ત્યઋષિ આ પર્વતોના પ્રદેશમાં રહેલા છે ( **મલય-ગિરિ શબ્દ જુઓ** ). આ નદીના મુખ અગાડી કોલકાઈ નામનું બંદર હતું, જે હાલ નદીના મુખથી ૫ મૈલ છેટે જમીન ઉપર આવેલું છે. આ કોલકાઈ નો ઉલ્લેખ ટોલેમીએ કરેલો છે. ( **પાંડ્ય અને તારા શબ્દ**

Aho ! Shrutgyanam

જુઓ ). મનારના અખાતનું બીજું નામ, કોલખિખકનો અખાત, એ આ નામ ઉપરથી પડયું છે.

**તામ્રલિપ્તા.** તામ્રલિપ્તિ તે જ.

**તામ્રલિપ્તિ.** તમલુક જે પ્રથમ ગંગા નદીના મુખ અગાડી હોઇ હાલ રૂપનારાયણના પશ્ચિમ કિનારા ઉપર આવેલું છે તે. રૂપનારાયણ બંગાળાના મિદનાપુર જીલ્લામાં દલકિશોર ( દ્વારિકેશ્વરી ) અને સિલાઇ ( સિલાવતી ) બન્ને મળીને થતી નદીનું નામ છે. આ સ્થળ (તમલક) જુના સુમ્હા (સુમ્હા શબ્દ જુઓ.) રાજ્યની ઈસ્વી–સનની છઠ્ઠી શતાબ્દીમાં રાજધાની હતું, અને મૌર્યોના વખતમાં મગધના રાજ્યમાં ગણાતું (સ્મિથનો અશોક, પા૦ ૬૯). જુના શહેરનો મોટો ભાગ નદીએ ખોદી નાખેલો છે. મહાભારતમાં આ શહેરનો ઉલ્લેખ છે. ( ભીષ્મ પર્વ અ૦ ૯; સભાપર્વ અ૦ ૨૯ ); પુરાણો અને બૌદ્ધ ગ્રન્થોમાં પણ એનો ઉલ્લેખ છે. પ્રસિદ્ધ દરિયાઇ બંદર તરીકે એ જાણીતું હતું. (કથાસરિત્સાગર, લંબક ૧૨, અ૦ ૧૪); ઇસ્વી–સનની ૪ થી ૧૨ મી સદી સુધી એ વ્યાપારનું પ્રસિદ્ધ સ્થળ હતું. હાલ તો દરિયો ત્યાંથી દક્ષિણમાં ૬૦ મૈલ દુર ગયો છે. વિજય લંકા જવાને આ બંદરેથી વ્હાણે ચડયો હતો. આ સ્થળમાં પ્રાચીનકાલીન સ્થળ તરીકે જાણીતું એક જ સ્થળ હાલ મોજુદ છે. એને બરગાભીમાનું દેવળ કહે છે. એના સંબન્ધી બ્રહ્મપુરાણમાં ઉલ્લેખ છે. (તામ્રલુપ્ત મહાલય અને કાંડ અ૦ પા૦ ૩૩ ) એ પૂર્વે પુરાતન વિહાર હતો. એ હ્યુનશાંગે વર્ણન કરેલા વિહારોમાંનો એક યે હોય. બૌદ્ધ ધર્મના બહિષ્કાર પછી ૧૪ મી સદી પછી આ દેવળને બ્હારથી ઈંટો અને ચૂનાનું આવરણ કરીને ઓરીસામાં હોય છે તે જાતના ઘુંમ્મજવાળા હિંદુ દેવળના આકારમાં ફેરવી નાખ્યું છે. દેવીની મૂર્તિ જુની જણાય છે અને એક જ પથ્થરમાંથી બનાવેલી છે અને એના હાથ પગ સહેજ ઉપસાવેલા કોતરી કાઢેલા છે. દશકુમાર ચરિત્રનો કર્તા દંડી જે ઈસ્વી–સનની ૬ શતાબ્દીમાં થઇ ગયો છે તે કહે છે કે વિન્ધ્યવાસિનીનું દેવળ તામ્રલિપ્તામાં આવેલું છે. (અ૦ ૯૬) ચીનો હ્યુનશાંગ અહિં ૭ મી શતાબ્દીમાં વરાહ નામના પ્રસિદ્ધ મઠમાં રહેતો હતો. જૂનું દેવળ નદીએ ખોદી નાંખ્યા પછી આશરે ૫૦૦ વર્ષ પછી હાલનું નવું હરી અથવા જીષ્ણુનારાયણનું દેવળ ફરી બાંધવામાં આવ્યું હતું. જૂનું દેવળ બરગાભીમાની પૂર્વમાં આવ્યું હતું. નવા દેવળમાં શ્રીકૃષ્ણ અને અર્જુનની બે મૂર્તિઓ છે. એવી આખ્યાયિકા છે કે તમલુક મયૂરધ્વજ અને એના પુત્ર તામ્રધ્વજ જેમણે અર્જુન અને કૃષ્ણની જોડે યુદ્ધ કર્યું હતું તેમની રાજધાની હતું. અને જૈમિનિ ભારતમાં કહેલું રતનપુર તે જ તમલુક એમ કહેવાય છે. પરન્તુ જૈમિનિ ભારતમાં કહ્યા પ્રમાણે મયુરધ્વજની રાજધાની નર્મદા નદી ઉપર અગર તેની પાસે આવેલી હતી. તેથી આ નિર્ણય અસંભવિત છે. બ્રહ્મપૂરાણની કેટલીક હસ્તલિખિત પ્રતો મેળવી જોવાથી જણાય છે કે કેટલીક પ્રતોમાં તામ્રલુપ્ત મહાત્મ્ય કોઈએ પાછળથી ઉમેર્યું હશે.

**તામ્રપર્ણી.** બૌદ્ધ લોકોની લંકા તે. ગિરનાર ઉપરના અશોકના શિલાલેખમાં એનો ઉલ્લેખ છે. ( જ૦ એ૦ સો૦ બં૦ પુ૦ ૭, પા૦ ૧૬૯ ).

**તામ્રપર્ણી** (૨). તામ્રપર્ણીને તેમ જ તામ્રપર્ણી સાથે અગત્સ્યની કૂટમાંથી નિકળેલી તીનેવ્હેલીમાં વ્હેતી ચિત્તર નદીની જોડે સંગમ કરેલી તામ્રપર્ણીને ત્યાંના લોકો તાંબરવારી કહે છે. ( ભાગવત દશમસ્કંધ, અ૦ ૬૯; રઘુવંશ–સર્ગ ૪, શ્લોક ૫૦; શિવલની દક્ષિણ

Aho ! Shrutgyanam

હિંદુસ્થાનની આર્કિ૦ સર્વે પુ૦ ૧, પા૦ ૩૦૩; થોર્ન્ટનનું ગેઝેટિયર; તીનવ્હેલી શબ્દ જુઓ ). આ નદી તેમાં નીપજતાં મોતીને માટે પ્રસિદ્ધ છે. આ પર્વત (મલયગિરિ શબ્દ જુઓ) ઉપર અગસ્ત્યઋષિ રહ્યા હતા એમ કહેવાય છે. આ નદીના મુખ ઉપર આવેલું કોલકઈ બંદર હાલ કિનારાથી ૫ મૈલ દૂર અંદર આવેલું છે. ટૉલેમિએ એનો ઉલ્લેખ કરેલો છે. (પાંડ્ય અને કારા શબ્દ જુઓ ). આ બંદર ઉપરથી મનારના અખાતનું કોલ્'નીકનો અખાત એવું બીજું નામ પડયું છે.

**ताम्रवर्णा**. તાંબરવરી નદી તે જ. તામ્રપર્ણી (૨) શબ્દ જુઓ. ( બ્રહ્માંડપુરાણ અ૦ ૪૯ ).

**तईपुर**. ત્રિપુરી તે જ.

**तालिकट**. તલકાડ તે જ. ( બ્રહ્માંડપુરાણ અ૦ ૪૯ ).

**तिर्थपुरी**. પશ્ચિમ ટિબેટમાં કૈલાસ પર્વતની પશ્ચિમે દારેચીન યાને ગંગ્રીથી એકવીસ મૈલ ઉપર આવેલું પવિત્ર સ્થળ વિશેષ. આ સ્થળ દલજુથી વાયવ્યમાં હિમાલયમાં અરધા દિવસની મજલ ઉપર સતલજને કિનારે આવેલું છે. અહીં આગળ ગંધકવાળો ઘણો ઉન્હા પાણીનો ઝરો છે. ભસ્માસુર યાને વિકાસુરને આ સ્થળે મારી નાખવામાં આવ્યો હતો; ત્યાં આગળ રાખની ટેકરી મોજુદ છે. તે એ અસુરની રાખ તરીકે યાત્રાળુઓને બતાવવામાં આવે છે! (જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૪૮ પા૦ ૧૫–૬; શેરીંગનું પશ્ચિમટિબેટ પા૦ ૨૮૪; ભાગ૦ સ્કં૦ ૧૦ અ૦ ૮૮ મો જુઓ). ગુપ્તેશ્વર મહાદેવ નામે ઓળખાતી કંદરા ભસ્માસુરના મરણની જગા તરીકે બતાવાય છે. આ જગા શાહબાદ જીલ્લામાં સાસીરામની પાસેની ટેકરી ઉપર આવેલી છે. ભસ્માસુરે મહાદેવ પાસેથી વરદાન મેળવ્યું હતું કે જેને માથે એ હાથ મુકે તે બળીને ભસ્મ થઇ જાય. ખૂદ વરપ્રદાન કરનાર મહાદેવને જ માથે હાથ મુકીને વરદાનના ખરા ખોટાની પરીક્ષા કરવા એ મહાદેવ તરફ દોડયો. મહાદેવ ત્યાંથી નાઠા ભસ્માસુર તેમની પુંઠે પડયો. મહાદેવ નાશીને વિષ્ણુને શરણે ગયા. વિષ્ણુએ મોહિની રૂપે આવીને અસુરને કહ્યું કે હું નાચું તેમ નાચોતો પ્રસન્ન થાઉં; એમ કહીને ભોળવ્યો. નાચતાં નાચતાં જેમ જેમ મોહિની હાથના ચાળા કરે, તેમ તેમ અસુર પણ કરે. મોહિનીએ નૃત્યમાં અદાથી પોતાને માથે હાથ મુકયો એટલે અસુરે પણ પોતાને માથે હાથ મૂકયો–મૂકતાં જ એ બળીને ભસ્મ થઈ ગયો. શેરિંગના પશ્ચિમ ટિબેટ નામના પુસ્તકમાં પાને ૨૮૫ મે આ જ વાત પણ પાછાફેર કહી છે.

**तिब्बत**. ભોટાંગ અને હિમવંત તે જ. ઇસ્વીસનની સાતમી સદીથી તે સોળમી સદી સુધી નહિ, તોપણ બારમી સદીથી ટિબેટ અને ભૂતાન બંગાળા જોડે સોનું, કસ્તુરી વગેરેનો વેપાર કરે છે, એ નિર્વિવાદિત છે. ( જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૭૫, પા. ૨૮૨; ટ્રેવરનિયરની મુસાફરી, બુક ૩, પ્રક૦ ૧૫ ).

**तिमिंगल**. સહદેવ પાંડવે દક્ષિણ હિંદુસ્થાનમાં કરેલી વિજયયાત્રામાં જીતેલાં સ્થળ પરત્વે વિચાર કરતાં જણાય છે કે તિમિંગિલ તે ડિંડિગલની ખીણનું પ્રાચીન નામ હોવું જોઇએ. ( મહાભાર૦ સભા૦ અ૦ ૩૦: બૃહત્સં૦ ૧૪. શ્લો. ૧૬ ). ડિંડિગલની ખીણ મદ્રાસ ઇલાકામાં મદુરા જીલ્લામાં આવેલી છે. ટૉલેમિયે એનો ઉલ્લેખ તંગલ અને તગ એવે નામે કર્યો છે.

**तिरभूक्ति**. તિરહૂટ તે જ. ( દેવીપુરા૦ અ૦ ૬૪ ). વિદેહ શબ્દ જુઓ. તિરભુક્તિ નામ વિકૃત થઈને તિરહૂટ નામ બન્યું છે.

**तिरिशिरपल्ली** ત્રિચિ–નોપલ્લી તે જ. ( ડા૦ કાલ્ડવેલનું દ્રા. કંપેરેટીવ ગ્રામર ). ત્રિસિર શબ્દ જુઓ.

Aho ! Shrutgyanam

**तिलप्रस्थ**. તઘલખાબાદની આગ્નેયમાં ૭ મૈલ ઉપર અને કુતબમિનારની આગ્નેયે દસ મૈલ ઉપર આવેલું તિલવત તે. ( **કર્નલ યૂલનો ઇબ્નબતુતાનો હિંદુસ્તાનનો પ્રવાસ; ઇંડિ૦ એદિ૦ ૩–પા૦૧૧૬** ). આ સ્થળની ગણના યુધિષ્ઠિરની રાજધાની ઇન્દ્રપ્રસ્થમાં થતી હતી. જુના તિલપત્ર પ્રગણાના મોટા ભાગ ઉપર શેખ ફરીદ બુખારીએ દિલ્લીની પાસે ફરીદાબાદ વસાવ્યું ( **ઇલિયટ શબ્દકોષની બિમ્સની આવૃત્તિ પુ૦ ૨; પા૦ ૧૨૩** ). યુધિષ્ઠિરની તરફથી વિષ્ટી કરતાં શ્રી કૃષ્ણે દુર્યોધન પાસે પાંચ ગામો માગ્યાં હતાં તેમાં આ તિલપ્રસ્થ પણ માગ્યું હતું. પાણીપ્રસ્થ શબ્દ જુઓ.

**तिलोग्राम्म**. કર્નલ યૂલ જેસોર તે આ એમ કહે છે. ( **મેક્રિંડલનું ટોલેમી પા૦ ૭૫** ). આ નામ તિરાગ્રામ ઉપરથી પડયું છે. ( **નંદોલાલ દેનો ઇં૦ એ૦ માં છપાયલો ગંગાનો પ્રથમ પ્રવાહ નામનો લેખ જુઓ**).

**तिलोदक**. ફલ્ગુના પૂર્વ કિનારા ઉપર આવેલું તીલારા નામનું ગામડું વિશેષ. એ પટણાની દક્ષિણે તેત્રીશ મૈલ ઉપર આવેલું છે. ચીનાઈ મુસાફર હ્યુન્શ્યાંગ અહી આવી ગયો હતો. અહીં સુપ્રસિદ્ધ બૌદ્ધ મઠ આવેલો હતો.

**त्रिऋषि**. નિનોતાલ નામનું સરોવર તે જ. એને નૈનીતાલ કહે છે. એ સંયુક્ત પ્રાન્તમાં આવેલું છે. ત્રિઋષિ નામનો ઉલ્લેખ સ્કંદપુરાણમાં કર્યાની હકીકત સારૂ ( **જ૦ એ૦ સો૦ બં૦ પુ૦ ૧૭, પા૦ ૩૫૮** ). આ તળાવને કિનારે નયનાદેવીનુ દેવળ આવેલું છે.

**त्रिककुड** ત્રિકૂટ શબ્દ જુઓ. ( **અથર્વવેદ મં૦ ૪, ૯, ૮; ડા૦ મેકડોનલનો સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ, પા૦ ૧૪૪.** )

**त्रिकलिंग** તૈલિંગણ તે જ. કુંભીના તામ્રપત્રમાં ત્રિકલિંગનો ઉલ્લેખ છે. આ લેખ જ૦ એ૦ સો૦ બં૦ માં પાને ૪૮૧ મે છપાયલો છે. કલચુરી વંશના રાજાઓની વંશાવળી એ લેખમાં છે. પ્લિનીના કથન પ્રમાણે મોક્કો કલિંગ અને ગંગારાઇડ કલિંગો જ્યાં રહેતા હતા તે પ્રદેશને ત્રિકલિંગ કહેતા. ( **કન્નિંગહેમની પ્રાચીન ભૂગોળ પા૦ ૫૧૯, જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૩૭ પા૦ ૨૮૬** ). કલિંગો ખુદ કલિંગમાં રહેતા હતા; મકો–કલિંગો મધ્ય–કલિંગ યાને ઓરિસામાં રહેતા હતા અને ગંગારાઇડ કલિંગ, ગંગારાધી યાને રાધાના લોકો ગંગાને કિનારે રહેતા હતા. એમની રાજધાની ગંગે યાને સપ્તગ્રામમાં હતી. (**સપ્તગ્રામ, સુમહ્ના. અને રાધા શબ્દ જુઓ**) દક્ષિણ કોશલ યાને મધ્યપ્રાન્તના રાજાઓ ત્રિકલિંગના રાજાઓ કહેવાતા હતા એમ જણાય છે. દક્ષિણ–કોશલ અને મધ્યપ્રાન્તનું પટનાનું રાજ્ય ત્રિકલિંગમાં આવ્યું હતું. (**એપિ૦ ઇંડિ૦ પુ૦ ૩ પા૦ ૩૨૩–૩૬૯, જ૦ એ૦ સો૦ બં૦ ૧૯૦૫ પા૦ ૧**). જનરલ–કનિંગહામના મતે કૃષ્ણા નદી ઉપર આવેલા ધનકટક યાને અમરાવતી, આન્ધ્ર યાને વરંગલ અને કલિંગ યાને રાજ્ય મહેન્દ્રી ધનકટકનાં આ ત્રણ રાજ્યો મળીને ત્રિકલિંગ પ્રદેશ થયો હતો. ( **મેકક્રીન્ડલનો ટૉલેમી પા૦ ૨૩૩** ).

**त्रिकुट**. લંકાના આગ્નેય કોણમાં આવેલો પર્વત. ( **લંકા શબ્દ જુઓ** )

**त्रिकुट** (૨). પંજાબની ઉત્તરે અને કાશ્મીરની દક્ષિણે આવેલો ઉચ્ચ પર્વત. એના ઉપર પવિત્ર મનાયેલો ઝરો આવેલો છે. અથર્વવેદમાં ( **થોર્ન્ટનનું ગેઝેટીયર** ) ઉલ્લેખિત કરાયેલો ત્રિકકુડ તેજ આ.

**त्रिकुट** (૩). રઘુરાજાએ ત્રિકુટ સર કર્યો હતો. ( **રઘુવંશ સર્ગ ૪, શ્લોક ૫૯** ) જુન્નર તે ત્રિકુટ મનાયેલો છે; ટૉલેમિએ એને તગર કહ્યો છે. તગરનો સંસ્કૃત પર્યાય ત્રિગિરિ યાને ત્રિકટ થાય છે (**ઇંડિ૦ એંટીકવરી પુ૦ ૬, પા૦ ૭૫; પુ૦ ૭, પા૦ ૧૦૩; ભગ-**

Aho ! Shrutgyanam

ભાનલાલ ઇંદ્રજીનો ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ પા૦ ૫૭ ).

**त्रिकुट** (૪). યમનોત્રી પર્વત તે. (**એનનડેલના પૉપ્યુલર એનસાઇક્લોપિડીયામાં હિમાલય શબ્દ જુઓ** ).

**त्रिगर्त्त.** લાહોર પ્રાન્તનો ભાગ વિશેષ, જાલન્ધરનું રાજ્ય તે. વિલ્ફર્ડ તહોરા તે ત્રિગર્ત તેમ કહે છે. તહોરા યાને તિહોરા લુધિયાનાથી થોડા મૈલ દૂર સતલજ નદી ઉપર આવેલું છે. અહિંયા અગાડી કેપ્ટન વેડને જોવા લાયક ખંડિયેરો માલમ પડયાં હતાં. (**જ૦ એ૦ સો૦ બં૦ પુ૦ ૬**). અંપા (અંબો) ના પર્વતો અને બિયાસ નદીના ઉપલાવેણની વચ્ચે જાલંધરમાં આવેલું કાંગરા તે પુરાતન ત્રિગર્ત એમ જર્નલ કનિંગ્હામનું કહેવું છે. (**બૃહતસંહિતા અ૦ ૧૪, અને ડૉક્ટર સ્ટીલનું રાજ્યતરંગિણી પુ૦ ૧ પા૦ ૮૧** ). હૈમકોષમાં જાલંધર તે ત્રિગર્ત એમ જણાવ્યું છે. ત્રિગર્ત એટલે જે પ્રદેશમાં ત્રણ નદીઓ વહે છે તે. અહિં રાવી, બિઆસ અને સતલજ એ ત્રણ નદીઓ વહે છે. (**આર્કિ૦ સર્વે૦ રિ૦ પુ૦ ૫, પા૦ ૧૪૮; પાર્ગિટરનું માર્કણ્ડેયપુરાણ, ૩૨૧, ૩૪૭ ની ટિપ્પણી; જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૮૦, પા૦ ૧૦** ). શિલાલેખો ઉપરથી જણાય છે કે હાલનું જાલંધર તેજ પુરાતન ત્રિગર્ત. (**એપિ૦ ઇંડિ૦, ૧, પા૦ ૧૦૨, ૧૧૬** ).

**त्रिगर्त.** (૨) ઉત્તર કાનડા તે; ગોકર્ણ શબ્દ જુઓ. ( **ભાગવતપુરાણ, ૧૦, અ૦ ૭૯** )

**त्रिनेत्रेश्वर.** ગુજરાતમાં કાઠિયાવાડમાં ઝાલાવાડમાં લખતરના રાજ્યમાં આવેલું યાત્રાનું સ્થળ વિશેષ, થાન તે જ. આ સ્થળ ઉબેણુ નદીના કાંઠે આવેલું હોઈ ત્યાં ત્રિનેત્રેશ્વર મહાદેવનું દેવળ છે. મહાદેવને હાલ તરણેતર કહે છે. ( **સ્કંદપુરાણ, પ્રભાસખંડ, અર્બુદ, અ૦ ૮** ). ભદ્રકર્ણ નામના તળાવ યાને કુંડની પાસે આ દેવળ આવેલું છે. થાન ત્યાંની મુલાયમ અને ચિકણી માટીને માટે પ્રખ્યાત છે ત્યાં માટીનાં વાસણ સારાં બને છે.

**त्रिपदी.** તિરૂપતી યાને ત્રિપતિ. મદ્રાસથી વાયવ્યમાં બહોતેર મૈલ દૂર અને રેનીગુંટા નામના રેલ્વે સ્ટેશનથી થોડે દૂર ઉત્તર આર્કટના જીલ્લામાં આ સ્થળ આવેલું છે. એ યાત્રાનું સ્થળ છે. ( **ચૈતન્યચરણામૃત** ) વેંકટ–ગિરિ તે જ. શેષાચલ યાને વેંકટગિરિના શિખર ઉપર ત્રિપદીથી પુર્વમાં ૬ મૈલ ઉપર વ્યંકટેશ્વર યાને બાલાજી વિશ્વનાથ નામની સુપ્રસિદ્ધ નારાયણની મૂર્તિ આવેલી છે. રામાનુજે એની સ્થાપના કરી હતી. એ પર્વતના પાદપ્રદેશમાં રામચંદ્ર, લક્ષ્મણ અને સીતાની મૂર્તિઓ આવેલી છે. કહેવાય છે કે લંકાથી પાછા ફરતાં તેઓ આ સ્થળે એક રાત રહ્યાં હતાં. શેષાચલ જતાં ૬ ડુંગરીઓ ઉપર થઇને જવું પડે છે.

**त्रिपुरा.** તિપારા તે જ. કામરૂપમાં આ સ્થળની ગણત્રી થતી ( **તારાતંત્ર** ). એને કિરાત દેશ પણ કહેતા.

**त्रिपुरा** (૨) ત્રિપુરી તે જ. (**મહાભારત, વનપર્વ, અ૦ ૨૫૨**).

**त्रिपुरी.** જબલપુરથી પશ્ચિમે ૭ મૈલ ઉપર નર્મદાના કિનારે આવેલું તેઓર તે. આ જગ્યાએ મહાદેવે ત્રિપુરાસરનો વધ કર્યો હતો. ( **પદ્મપુરાણ, સ્વર્ગ, અ૦ ૭ અને રેપ્સનના ઈંડિયન કોઇન્સ પા૦ ૧૪, ૩૩**). તારકાસુરના ત્રણ પુત્રોએ આ શહેર બાંધ્યું હતું એમ કહેવાય છે. ત્રિપુરનો નાશ એ શૈવોએ બૌદ્ધોને હાંકી કાઢયાનું આલંકારિક વર્ણન માત્ર છે. ( **લિંગપુરાણ, ભાગ ૧, અ૦ ૭૧** ). એને ત્રિપુર પણ કહેતા. ઇસુની નવમી સદીમાં એ કુકલદેવ અને ચેદીના કલચુરી રાજાઓની રાજધાની હતી. એને ચેદીનગર પણ કહેતા. ત્રિપુર એ બાણુરાજાની રાજધાની હતી એમ મત્સ્યપુરાણના

Aho ! Shrutgyanam

૧૧૬ મા અધ્યાયમાં છે. બાણની (**બાણાસુરની**) દીકરી ઉષાનું કૃષ્ણના પૌત્ર અનીરુદ્ધે હરણ કર્યું હતું.

આ ઉપરથી જણાય છે કે આ પુરાણાનુસાર ત્રિપુર, તે જ પુરાતન શોણિતપુર.

**त्रिपुरी.** (૨) ચેદી તે જ. (**હૈમકોષ**) ચેદીના કલચુરી રાજાઓએ ઈસ્વી સન ૨૪૮ માં કલચુરી યાને ચેદી સંવત ચલાવ્યો હતો.

**त्रिमल्ल.** ઉત્તર આર્કટના જીલ્લામાં તિરૂપતિ યાને ત્રિપતીથી પશ્ચિમે ૬ મૈલ ઉપર આવેલું તિરૂમલ તે. શેષાચલ નામના પર્વત ઉપર બાલાજીનું સુપ્રસિદ્ધ દેવલ આવેલું છે. આ પર્વતમાંથી પાપનાશિની ગંગા નિકળે છે. ચૈતન્યપ્રભુ પોતાની યાત્રામાં આ સ્થળે આવ્યા હતા. (**ચૈતન્ય ચરિતામૃત, ભાગ ૨, અ૦ ૯; ગૌડસુંદર, પા૦ ૨૧૨**).

**त्रिलिंग.** તેલિંગણ તે જ. ત્રિલિંગના રાજા વિદ્યાધરમલ્લને રાજશેખરે પોતાની વિદ્ધશાલભંજીકામાં નાયક કલ્પ્યો છે. રાજશેખર અગિયારમી અગર બારમી સદીમાં થઈ ગયો છે.

**त्रिलोकनाथ.** કુલ્લુના પેટાવિભાગમાં ચંદ્રા અને ભાગા નદીના સંગમ પછી આસરે બત્રિસ મૈલ નિચાણમાં ચંદ્રભાગાને ડાબે કિનારે આવેલું લાહુલ નામનું સુપ્રસિદ્ધ યાત્રા સ્થળ. જો કે અહીંની મૂર્તિ પાંડવોએ સ્થાપના કરેલા મહાદેવની કહેવાય છે, પણ વસ્તુતઃ તે અવિલોકિતેશ્વરની છે. (**જ૦ એ૦ સો૦ બં૦ ૧૯૦૨, પા૦ ૩૫**). કલૂટ શબ્દ જુઓ.

**त्रिवेणी.** જેને મુક્તવેણી કહે છે તે જ. બૃહદ્ધર્મ પુરાણ, પૂર્વખંડ, અ૦ ૬. પવનદૂત નામના કાવ્યમાં ૩૩મા શ્લોકમાં આનો ઉલ્લેખ છે.

**त्रिवेणी.** (૨) ગંડકી, દેવિકા અને બ્રહ્મપુત્રીના સંગમનું સ્થળ (**વરાહપુરાણ, અ૦ ૧૪૪**).

**त्रिवेणी.** (૩) પ્રયાગમાં ગંગા, યમુના અને સરસ્વતિના સંગમનું સ્થળ (**વરાહપુરાણ, અ૦ ૧૪૪**).

**त्रिवेणी.** (૪) વરાહક્ષેત્રથી ઉપલાણે જોડે જ આવેલું તામોર, અરુણ અને સુંકોશી નદીઓના સંગમનું સ્થળ (**જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૮૪, પા૦ ૬૪૪**).

**त्रिषणपल्ली.** મદ્રાસ ઇલાકામાં આવેલી ત્રિચિનોપલી તે. એને ત્રિશિરપલ્લી પણ કહેતા. રાવણનો સેનાપતી ત્રિશિર આ જગ્યાએ રહેતો હતો. (**વિલ્સનનો મેકેન્જીનો સંગ્રહ, પા૦ ૪૯, ૧૯૨**).

**त्रिष्णा.** તિસ્તા નદી તે જ. (**માર્ટિનનું ઈસ્ટ ઈંડિઆ, પુ૦ ૩, પા૦ ૩૬૯; આર. કે. રોયનું મહાભારત, પા૦ ૨૮૩ નું ટિપ્પણ**).

**त्रिष्णा.** (૨) સાલ્મલદ્વીપ (**કાલડીયા**) માં આવેલી ટાઈગ્રીસ નદી તે.

**त्रिशिरपल्ली.** ત્રિષણપલ્લી અને તિરિશિરપલ્લી શબ્દ જુઓ.

**त्रिशूलगंगा.** ત્રિશૂલ નદીની જોડે સંગમ કર્યા પછી ગંડક યાને કાલીગંગાનો જે ભાગ નેપાળની નોઆકોટ ખીણમાં વહે છે તે. એને ત્રિશૂલગંગા પણ કહે છે. (**વરાહપુરાણ, અ૦ ૧૪૫**) એને ત્રિશૂલગંડકી પણ કહે છે.

**त्रिशूलगंडकी.** ત્રિશૂલગંગા તે જ.

**त्रिश्रोता.** રંગપુરના જીલ્લામાં આવેલી તિસ્તા નદી તે જ. (**મહાભારત, સભાપર્વ, અ૦ ૯; આર્કીયોલોજી સર્વે રિપોર્ટ, પુ૦ ૧૫, પા૦ ૧૨૭ અને ૧૩૧; માર્ટિનનું ઈસ્ટર્ન ઇંડિઆ, પુ૦ ૩, પા૦ ૩૬૯;** કલિકાપુરાણ, અ૦ ૭૭).

**त्रिश्रोता.** (૨) ગંગા નદી તે જ. (**અમરકોષ**)

**तुखार.** બલ્ખ તે જ. ગ્રીક ભુગોળવેત્તાઓએ જેને બેકટ્રિયા અને આરબ ભુગોળવેત્તાઓએ તોખારિસ્તાન કહ્યું છે તે. (**મહાભા૦ સભાપર્વ, અ૦ ૫૧; બૃહત્સંહિતા અ૦ ૧૬**). લેગ્ગના કહેવા પ્રમાણે ઇતેલ-યુહેશી તે જ આ. ગ્રીક લોકોએ એને ઇન્ડોસીથિઅનનો પ્રદેશ કહ્યો છે અને ચીના ગ્રંથકારોએ—જે તાર્તારોએ



Aho ! Shrutgyanam

એકટ્રિયાના રાજ્યનો-ઈસ્વી-સન્ પૂર્વે ૧૨૬ માં નાશ કર્યો એમનો-પ્રદેશ કહ્યો છે તે. આ તાર્તારોએ પાછળથી પંજાબ અને હિંદુસ્થાનના બીજા ભાગો સર કર્યા હતા. કનિષ્ક મૂળ યુહેશીનો રાજા હતો. (**લેગનું ફાહિયાન, પા૦ ૩૪**) ડા૦ સ્ટીનના અભિપ્રાય પ્રમાણે બલ્ખ અને બદક્ષાન સહિત ઓકસસ નદીથી ચીનનો ઉપરનો ભાગ. (**ડા. સ્ટીનની રાજતરંગિણી, પુ૦ ૧, પા૦ ૧૩૬; લાયર્ડનું નિનેવે, પુ૦ ૧**) એને તુખારા પણ કહેતા. પ્રાચીન લખનારાઓના મત પ્રમાણે આ પ્રદેશમાં તોચારિઓ રહેતા હતા. તુષાર ( **તુખારા** ) ત્યાં નિપજતી ઘોડાની સુંદર જાત માટે સુપ્રસિદ્ધ હતું. ( **નકુલનું અશ્વ ચિકિત્સિતમ, અ૦ ૨** ). તુષાર તે જ.

**तुंबुरा.** વિંધ્ય પર્વત ઉપર આવેલો પ્રદેશ વિશેષ. ( **વાયુપુરાણ, અ૦ ૪૫** ).

**तुलजाभवानी.** નિજામના રાજ્યમાં જી૦ આઇ. પી. રેલ્વેના ખંડવા નામના સ્ટેશનથી ચાર માઇલ દૂર પૂર્વે નિમારના જીલ્લામાં અને હાલ નલદુર્ગના જીલ્લામાં તુલજાપુર આવેલું છે તે જ. (**મુંબઈનું ગેઝેટિયર, પુ૦ ૯, ભાગ ૧, પા૦ ૫૪૯**). આ જગા શક્તિની બાવન પીઠોમાંની એક છે. (**ગ્લેડવિનની આઇન-અકબરી, પા૦ ૩૯૬**). શંકરવિજયમાં ૧૯ મા અધ્યાયમાં એને ભવાનીનગર યાને તુલાભવાની નગર કહ્યું છે. અને દેવી ભાગવત પુરાણમાં (**અ૦ ૭, ૩૮**) એને તુલજાપુર કહ્યું છે. શંકરાચાર્ય અહિં પધાર્યા હતા. દેવી દુર્ગાએ મહિષાસુરનો વધ આ જગ્યાએ કર્યો હતો. ( **દેવી ભાગવત, ૭, ૩૮ અને બર્જેસનું બીડર અને ઔરંગાબાદનાં પ્રાચીન સ્થળો, પા૦ ૧**). આ દેવીનું નામ મહાસરસ્વતિ યાને તુકાઈ છે.

**तुलजाभवानी नगर.** તુલજાભવાની એ જ.

**तुलजापुर.** તુલજાભવાની શબ્દ જુઓ.

**तुरुष्क.** પૂર્વ તુર્કસ્તાન તે. (**ગરુડપુરાણ, ભા. ૧, અ. ૫૫**).

**तुषार.** તુખારા તે જ. (**મત્સ્ય પુ૦ અ૦ ૧૨૧**).

**तुलुंग.** ઉત્તર કાનડા.

**तुलुव.** પશ્ચિમઘાટ, સમુદ્ર, અને કલ્યાણપુર અને ચંદ્રગિરિ નદીઓની વચમાં આવેલો દક્ષિણ કાનડાનો પ્રદેશ. (**સ્કં૦ પુ૦ સહ્યાદ્રિ ખંડ**). વૈષ્ણવના મધ્વાચારી યાને ચતુશ્ર સંપ્રદાયના સ્થાપનાર પૂર્ણપ્રજ્ઞ અને મધ્યમંદીર કહેવાતા મધ્વાચાર્ય આ જગાએ જન્મ્યા હતા ( ઉદીપ જુઓ ). તુલુ તે ઉત્તર મલયાલમ એમ ડા૦ હુલ્ત્ઝનું કહેવું છે. ( **એપિ૦ ઇન્ડિ૦ પુ૦ ૧, પા. ૩૬૨** ).

**तुंगभद्रा.** કૃષ્ણા નદીને મળનારી નદી વિશેષ. કિષ્કિંધા એને કિનારે આવ્યું છે. તુંગ અને ભદ્રા નામની બે નદીઓનો સંગમ થઈને આ નદી બની છે. આ બન્ને નદીઓ મ્હૈસુરના રાજ્યની નૈઋત્ય સીમા આગળથી નિકળે છે. એમના મૂળને "ગંગામૂળ" કહે છે. (**ઇંડિ૦ એન્ટી૦ પુ૦ ૧, પા૦ ૨૧૨**).

**तुंगवेणी.** તુંગભદ્રા નદી તે જ. ( **મહાભાર૦ ભીષ્મપર્વ, અ૦ ૯**).

**तुंडीरमंडळ.** તોંડમંડળ તે જ.

**तेलिंगन.** ગોદાવરી અને કૃષ્ણા નદીની વચ્ચે આવેલો પ્રદેશ. તેલિંગન નામ ત્રિકલિંગ યાને ત્રિકલિંગન નામનું ટુંકું રૂપ છે એવો મેકક્રિંડલનો અભિપ્રાય છે. ( **આન્ધ્ર અને ત્રિકલિંગ શબ્દ જુઓ**). અશોકના શિલાલેખોમાં જેનો સતિયપુત્ર નામે ઉલ્લેખ છે તે જ. બર્જેસના "અમરાવતીના બૌદ્ધ સ્તુપો, પાનું ૩." એને તિલિંગ પણ કહ્યું છે. (**સૌરપુરાણ; ટોનીની "પ્રબંધ ચિંતામણિ" પા૦ ૪૫**). મેકેંઝીના મેન્યુસ્ક્રિપ્ટસમાં (જ. એ. સો. બં. ૧૮૩૮) એની રાજધાની કોલોકોંડાઈ યાને ગોળકોંડા કહી છે. ( **જ૦ એ૦ સો૦ બં૦ પુ૦૭, પા૦૧૨૮**). તેલિંગ, તેલુગુ અને ત્રિલિંગ એ આ પ્રદેશનાં બીજાં નામો છે.

Aho ! Shrutgyanam

**तैत्तिरी.** તાતાર તે જ. (**ભવિષ્યપુરા૦ પ્રતિસર્ગ પર્વ, ભા૦ ૩, અ૦ ૨, પા૦ ૩૫**).

**तैलिंग.** તેલિંગન તે જ.

**तैलपर्णी.** મદ્રાસ પ્રાન્તમાં આવેલી પેન્નૈર નદી તે. નેલોર એને કિનારે આવેલું છે.

**तोंडा-मंडळ.** દ્રાવિડનો વિભાગ જેની રાજધાની કાંચીપુર હતું તે. (**મેકેંઝીનાં મેન્યુસ્ક્રિપ્ટસ, જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૩૮, પા૦ ૧૨૮**). મલ્લિકામારૂતમાં (**અંક. ૧**). કહેલું ટુંડિરમંડળ તે જ.

**तोमार.** તોમારો, આસામના નૈઋતમાં આવેલી ગારોહિલ્સમાં રહેતા હતા તે. (**મત્સ્ય૦ પુ૦ અ૦૧૨૦; મેકક્રિન્ડલનું ટૉલેમી, પા૦૨૩૫**).

**तोसली.** અશોકના ધૌલિના શિલાલેખમાં કહેલું તોસલી તે જ. બ્રહ્માંડ પુરાણના ૫૧ મા અધ્યાયમાં કહેલું તોસલકોશલક અને બૃહત્સંહિતામાં જેને એકલું કોશલક યાને કોશલ કહ્યું તે આ, એમ વિલ્ફર્ડનું કહેવું છે. (**જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૩૮, પા૦ ૪૪૯**). અશોકના સમયમાં એ દક્ષિણ કોશલ અથવા ગોંડવનને લગતું હતું. (**કોશલ દક્ષિણ શબ્દ જુઓ**). ટાલેમીએ આને ટોશલે કહ્યું છે. ક્રિટ્ટોએ કહેલું કોશલગાંગ અથવા કોશલગંગા એ ધૌલી ડુંગરી પાસે આવેલા એક તલાવનું નામ છે. તોસલી એ જુનું કોશલજ એ આ ઉપરથી પ્રતિપાદીત થાય છે. (**એ જ પુસ્તકનું પાનું ૪૩૫**).

**तांगन.** રામગંગાથી ઉપલી સરયૂ સુધીનો મુલક. (**બ્રહ્માંડપુ૦ અ૦ ૪૯; મેકક્રિન્ડલનું ટોલેમી, પા૦ ૨૧૦**). હાટક અગર લાડક તે તાંગન એમ કહ્યું છે. (**બરુહાનો કોષ, પુ૦ ૩, પ્રસ્તાવના, પા૦ ૫૦**).

**त्र्यंबक.** નાસિકથી વીસ માઈલ પર આવેલું સુપ્રસિદ્ધ યાત્રાસ્થળ. (**ગોદાવરી શબ્દ જુઓ**). ચૈતન્ય અહીં યાત્રાએ આવ્યા હતા. (**ચૈતન્ય ચરિતામૃત**).

**तृतिया.** તિસ્તા નદીનું બીજું નામ. પણ એ સંદેહ ભરેલું છે. (**શિવપુરાણમાં, સનત્કુમાર સંહિતા, અ૦ ૧૪**). ગયામાં આવેલી તિલિયા નદીનું આ નામ હોય એમ સાફ જણાય છે. (**અગ્નિપુરાણ, અ૦ ૧૧૬**).

**दरद.** કાશ્મીરની ઉત્તરે સિંધુ નદીના ઉપલાણના કિનારે આવેલું દરદિસ્તાન તે જ. દરતપુરીમાં એની રાજધાની હતી. ડા. સ્ટીનને મતે હાલનું ગુરેઝ તે દરતપુરી. (**માર્કંડેય પુ૦ અ૦ ૫૭**). એ પ્રાચીન ઉદ્યાનનો એક ભાગ હતું. (**મોનિયર વીલ્યમ્સનું બુદ્ધિઝમ જુઓ**). ડા. સ્ટીન કહે છે કે દરદોનો પ્રદેશ ચિત્રાલથી સિંધુના ગિલઝિટ, ચિલા અને બંજીથી કાશ્મીરની ઉત્તર સિમાની લગોલગ કિસનગંગાની ખીણ સુધી આવેલો હતો. (**ડા. સ્ટીનની રાજતરંગિણી, પુ૦ ૧, પા૦ ૪૭**). છેક હિરોડોટસના સમયથી તે આજ પર્યન્ત આ પ્રદેશની સિમામાં કાંઈ ફેરફાર થયો જણાતો નથી.

**दर्दुर.** મદ્રાસ ઈલાકામાં આવેલ નીલગીરિના ડુંગરો. (**રઘુવંશ, સ૦ ૪; બૃહત્સંહિતા, અ૦ ૧૪; જ૦ રૈ૦ એ૦ સો૦ ૧૮૯૪ પા. ૨૬૨**). રઘુવંશની કેટલીક આવૃત્તિયોમાં એને દરદર કહ્યું છે. દુરદર તે જ.

**दर्व.** દાર્વોનો મુલક. દાર્વાઓ એ વિતસ્તા અને ચન્દ્રભાગાની વચ્ચે અભિસારોની જોડે વસતી એક જાત હતી. (**મહાભા૦ વનપર્વ, અ૦ ૫૧; ડા. સ્ટીનની રાજતરંગિણી, પુ૦ ૧, પા૦ ૩૨; પુ૦ ૨, પા૦ ૪૩૨.**)

**दर्वभिसार.** વિતસ્તા અને ચંદ્રભાગાની વચ્ચે આવેલો નિચાણની અને મધ્યની ટેકરીઓ વચ્ચેનો સમસ્ત પ્રદેશ વિશેષઃ રાજપુરી નામનું ડુંગરી રાજ્ય એમાં આવ્યું હતુંઃ એ પ્રદેશ કાસ્મિરને તાબે હતો. (ડા. **સ્ટીનની રાજતરંગિણી, પુ૦ ૧, પા૦ ૩૨**). દર્વ શબ્દ જુઓ.

Aho ! Shrutgyanam

**दर्भावती.** ભરૂચથી આડત્રીસ માઈલિ ઈશાનમાં અને વડોદરાથી આગ્નેયમાં વીસ માઈલિ ઉપર ગુજરાતમાં આવેલું હાલનું ડભોઇ તે જ. (**બર્જેસનું કાઠીઆવાડ અને કચ્છનાં પ્રાચીન સ્થળો, પા૦ ૨૧૮ અને એપી. ઈંડિકા, પુ૦ ૧, પા૦ ૨૦**). ફ્યુરર બુલંદશહેરથી વાયવ્યમાં છવ્વીસ મૈલ ઉપર આવેલા દિભાઈને દર્ભાવતી ધારે છે. (ફ્યુરરનું મોન્યુમેંટલ એંટિક્વિટી) આ દિભાઇને ગ્રીક લોકોએ રડોફ નામે કહ્યું છે.

**द्मिल.** કેરલ તે જ. મલબાર કિનારો. (**જાતકોમાં અકિત્તજાતક પા૦ ૧૫૦**), અગર દક્ષિણ મલબાર, (**બર્નેલનું દક્ષિણ હિંદુસ્થાનની "પેલીઓથાફી" પા૦ ૫૧**). ટાલેમીયે એને "લિમુરિક" કહ્યું છે. ડા. કાલ્ડવેલના મત પ્રમાણે આ ભૂલ છે. ટાલેમીયે "ડમેરિક" ને બદલે આ નામ આપ્યું છે. (**મેકક્રિંડલનું "ટાલેમી" પા૦ ૪૯**). તામીલમાં "ઈક" નો અર્થ દેશ એવો થાય છે. આ સ્થળ નાગદ્વીપ યાને સિલોનની પાસે હોઈ ત્યાં દમિલ વંશનું રાજ્ય હતું. ધાતુસેને આ પરદેશી રાજ્ય પચાવી પડનારાઓને (૪૫૯–૪૭૭ ઇ.સ.) હરાવી, કાઢીમુકી દેશમાં સ્વદેશી રાજ્યની સ્થાપના કરી હતી. (**મહાવંશ, અ૦ ૩૮; સેક્રેડ બુક ઓફ ઇસ્ટ, પુ૦ ૧૦, ઉપોદ્ઘાત, પા૦ ૧૫**). આ ઉપરથી દમિલ સિલોનની લગોલગ હતું એમ લાગે છે.

**दर्शनपुर.** ગુજરાતમાં બનાસ નદીના કિનારા ઉપર આવેલું ડીસા. (**બૃહજ્જ્યોતિષાર્ણવ**).

**दशनगर.** દશપુર તે જ.

**दशपुर.** માળવામાં આવેલું મંદશોર તે. (**બ્રહત્સં૦ અ૦ ૧૪; મેઘદૂત, પૂર્વ, શ્લો૦ ૪૮**). દશપુરનું નામ મંદશોર શી રીતે પડયું તે સારૂં (ડા. ફ્લીટની કોર્પસ૦ ઇન્સ્ક્રિ૦ ઈંડિ૦ **પુ૦ ૩, પા૦ ૭૯ જુઓ**). આજુબાજુના ગામો એને દશોર કહે છે.

**दशार्ह.** ગુજરાતનું દ્વારકા તે. (**મહાભા૦ વન પર્વ, અ૦ ૧૨–૧૩**).

**द्रमिल.** ઘણું કરીને આ નામ દ્મિલનું જ છે. (**હેમચન્દ્રના સ્થવિરાવલિચરિતની જેકોબીની આવૃત્તિ ૧૧, પા૦ ૨૮૫**). પરન્તુ ડા. ફ્લીટના મતે દ્રમિલ તે પલ્લવોનો પૂર્વ કિનારા ઉપરનો દ્રવિડ દેશ તે. કાંચી એની રાજધાની હતી. (**મુંબઇ ગેઝેટીયર, પુ૦ ૧, ભા૦ ૨, પા. ૨૮૧**).

**दशार्ण.** આ નામનો અર્થ "દસ ગઢ", કિલ્લા એવો થાય છે. ઋણ=કિલ્લો. મહાભારતમાં દશાર્ણ નામના બે પ્રદેશો કહ્યા છે. એક પશ્ચિમમાં જે નકુલે વિજયયાત્રામાં જીત્યો હતો તે, (**સભાપર્વ, અ૦ ૩૨, મહાભારત**) અને બીજો પૂર્વમાં ભીમે જીતેલો તે. (**મહાભારત, સભાપર્વ, અ૦ ૩૦**) પશ્ચિમ દશાર્ણમાં ભોપાળના રાજ્ય સહિત પૂર્વ માળવાનો સમાવેશ થાય છે. વિદિશા યાને ભીલસા એની રાજધાની હતી. (ડા૦ **ભાણ્ડારકરનો દક્ષિણનો ઇતિહાસ, ખં૦ ૩.**) કાળીદાસના મેઘદૂત કાવ્યમાં આ સ્થળનો ઉલ્લેખ છે. (**મેઘદૂત, પૂર્વ, શ્લો૦ ૨૫–૨૬**). અશોકના સમયમાં આ પ્રદેશની રાજધાની ચૈત્યગિરિ વા ચેતિયગિરિમાં હતી. પૂર્વ દશાર્ણને પેરિપ્લસમાં "ડોસરેન" નામે કહ્યો છે. આ પ્રદેશ મધ્યપ્રાંતના "છત્તીસગઢ" જીલ્લામાં આવેલો છે. (**પ્રો૦ વિલ્સનનું વિષ્ણુપુરાણ, હોલની આવૃત્તિ, પુ૦ ૨, પા૦ ૧૬૦, ત્રીજી ટિપ્પણી**). પટણાનું દેશી રાજ્ય એમાં ગણાતું. (**જ૦ એ૦ સો૦ બં૦ ૧૯૦૫, પા૦ ૭, ૧૪**).

**दशार्ण (२).** ભોપાળમાંથી નિકળીને બેટવામાં મળતી **દસન** નદી તે જ. (**માર્કંડ પુરાણ, અ૦ ૫૭**). બુંદેલખંડની "ધોસૌન" તે આ નદી એમ ગેરેટનું મન્તવ્ય છે. (**ગેરેટનો પ્રાચીન કોષ**). ટાલેમિયે એને દોશરન કહી છે.

Aho ! Shrutgyanam

**दक्षिणकेदार.** મ્હેસુર રાજ્યમાં આવેલું બલિગામિ તે. અહીં કેદારનાથનું સુપ્રસિદ્ધ દેવાલય આવેલું છે. બલ્લિપુર અને બલ્લિગાંવ એ બલિગામિનાં બીજાં નામ છે. ( **રાઇસનું " મ્હેસુરના શિલાલેખો "** પા. ૯૦, ૯૪, ૧૦૨ ).

**दक्षिणकोशल.** કોશલ દક્ષિણ શબ્દ જુઓ.

**दक्षिणगंगा.** ગોદાવરી નદી તે. ( **રેવામહાત્મ્ય, અ૦** ૩ ).

**दक्षिणगंगा.** (૨) **नृसिंहपुराण** ના અ૦ ૬૬ માં કાવેરી નદીને દક્ષિણગંગા કહી છે.

**दक्षिणगंगा.** (૩) સ્કંદપુરાણમાં નર્મદા નદીને પણ દક્ષિણગંગા કહી છે. ( **રેવાખંડ, અ૦ ૪).**

**दक्षिणगंगा.** (૪) બિલ્હણના વિક્રમાંકદેવચરિતમાં તુંગભદ્રાને દક્ષિણગંગા નામ આપ્યું છે.

**दक्षिणगिरि.** **महावंश**ના તેરમા અધ્યાયમાં કહેલો દક્ખિણગિરિઃ એની રાજધાની ચેતિય હતી. (ચેતિયગિરિ શબ્દ જુઓ). કાલીદાસે કહેલું નામ દશાર્ણ તે દક્ષિણગિરિનું વિકૃત રૂપ છે. ( **દશાર્ણ શબ્દ જુઓ** ).

**दक्षिणगिरि.** (૨) ભોપાળનું રાજ્ય.

**दक्षिणगिरि** (૩) મગધમાં એકનાલામાં આવેલું એક ગામ વિશેષ: એ કયાં હતું અગર કેવું એ નક્કી થયું નથી. આ જગાએ બુદ્ધે કાસીભરદ્વાજ સુત્તનું પ્રવચન કર્યું હતું.

**दक्षिणापथ.** દક્ષિણહિંદુસ્થાન એ જ. નર્મદાની દક્ષિણે આવેલા હિંદુસ્થાનના આખા દ્વીપકલ્પને આ નામ આપવામાં આવેલું છે. ગ્રીક લોકોએ આ પ્રદેશને " દખ્ખિનબ્દેશ " તરીકે કહ્યો છે. (**મત્સ્યપુરા૦ અ૦ ૧૧૪,** ડા૦ ભાંડારકરનો **દખ્ખણનો પ્રાચીન ઇતિહાસ,** વિ૦ ૧; **રાજશેખરનું બાળરામાયણ,** અંક ૬ ઠો; **આપ્તેનું 'રાજશેખર, એનું જીવન ચરિત્ર અને લખાણો ' પા. ૨૧**). મૂળે આર્ય લોકોએ દક્ષિણમાં છેક દુર ગોદાવરીના ઉપલાણમાં કરેલી આથી વસાહતને જ આ નામ લાગુ પાડતા. (**વિનયપીઠિક, ૧, પા૦ ૧૯૫-૧૯૬; ૨, પા૦ ૨૯૮**).

**दक्षिणप्रयाग.** બંગાળામાં હુગલીની ઉત્તરે આવેલું ત્રિવેણી. (**બૃહદ્ધર્મપુરાણ,** પૂર્વખંડ, **અ૦ ૬; જ૦ એ૦ સો૦ બં૦** પુ૦ ૬.૧૯૧૦, **પા૦ ૬૧૩** ).

**दक्षिणपिनाकिनो.** પાપધ્નિ તે જ.

**दक्षिणबद्रिकाश्रम.** મૈસોરમાં ચિરંગાપટ્ટમથી ઉત્તરે બાર માઇલ ઉપર આવેલું માઇલકોટ તે. અહિં વૈષ્ણવના શ્રી સંપ્રદાયના સ્થાપનારા રામાનુજનો મુખ્ય મઠ આવેલો છે. એને યાદવગિરિ પણ કહે છે. (**યાદવગિરિ શબ્દ જુઓ** ).

**दक्षिणमथुरा.** મદ્રાસ પ્રાન્તમાં કૃતમાલા નદીને કિનારે આવેલું મદુરા તે. ( **ચૈતન્યચરિતામૃત, મધ્ય, અ૦ ૯** ). એને મથુરા અને મિનાક્ષી પણ કહેતા. એ પાંડય અગર પાંડુના પુરાતન રાજ્યની રાજધાની હતું. અહિં અગાડી સતીની આંખો પડી ગએલી હોવાથી એ બાવન પીઠમાંની એક પીઠ ગણાય છે. ( **ભાગવત, ૧૦. અને ૭૯; મહાવંશ, અ૦ ૭** ). સંયુક્તપ્રાંતમાં આવેલા મથુરાને ઉત્તર મથુરા કહે છે; માટે જુદું જણાવવા સારૂ આને દક્ષિણ મથુરા નામ આપવામાં આવ્યું છે. ( **ઉફામનું રાજ્યરત્નાકરી** ). સોળમા સૈકાના મધ્યમાં નાયક રાજવંશનો સ્થાપનાર વિશ્વનાથ સ્વતંત્ર રાજા થયો ત્યાંસુધી મદુરા વિજયનગરનો એક પ્રાન્ત ગણાતું. આ વંશના સૌથી પ્રતાપી-રાજા ત્રિમૂલે ૧૬૨૩ થી ૧૬૩૯ સુધી અહિં રાજ્ય કર્યું હતું. એક સહસ્ર સ્તંભોવાળા ગંભારવાળું મિનાક્ષીનું મોટું દેવળ આર્યનાયકે ઇ.સ. ૧૫૫૦ માં બંધાવ્યું હતું.

**दक्षिणसिंधु.** ચંબલ નદીમાં પડતી કલિસિંધ નામની નદી તે ( **મહાભારત, વનપર્વ, અ૦ ૮૨** ). મેઘદૂતમાં એને સિંધુ એવું નામ આપેલું છે ( **મેઘદૂતપૂર્વ, શ્લોક ૩૦** ).

Aho ! Shrutgyanam

**दक्षिणात्य.** દક્ષિણ તે. વિંધ્યાચળની દક્ષિણે આવેલો હિંદુસ્થાનનો બધો ભાગ ( **રામાયણ, બાલકાંડ,સર્ગ ૧૩;મહારાષ્ટ્ર શબ્દજુઓ**).

**दानपुर.** ઉદંડપુર તે જ.

**दामलीपुर.** તામ્રલિપ્તનું વિકૃત રૂપ. એ સુમ્હની રાજધાની હતું. ( **હૈમકોષ** ) સુમ્હ શબ્દ જુઓ.

**दामोदर.** બંગાળામાં આવેલી દામુદા-નદી તે જ. ( **કવિકંકણ ચંડી** ).

**दालभ्य-आश्रम.** રાયબરેલી જીલ્લામાં ગંગા નદી ઉપર આવેલું દલમઉ તે જ. (**જ૦ એ૦ સો૦ બં૦ પુ૦ ૭૧, પા૦ ૮૪** ).

**द्वारकेशी.** દ્વારીકેશ્વરી તે જ.

**द्वारावती.** ગુજરાતમાં આવેલું દ્વારકા તે. મગધના રાજા જરાસંધની સતાવણીને લઇને મથુરાથી જઈને શ્રીકૃષ્ણે પોતાની રાજધાની અહિંયાં સ્થાપી હતી.

**द्वारावती.** (૨) સીયામ. ( **પેયર** ). ડાકટર તકકુસુના મંતવ્ય પ્રમાણે સીયામની જુની રાજધાની અયુથ્ય યાને અયુધ્ય તે. ( **બુદ્ધધર્મના ઇત્સિંગે કરેલા લખાણોનો ઉપોદ્ઘાત, ભાગ ૨**).

**द्वारावती.** (૩) મૈસૂરના હસ્સન જીલ્લામાં આવેલું હાલનું હાલેબિડ યાને દોરસમુદ્ર તે. ચેરા શબ્દ જુઓ. ( **રાઇસનું મૈસોર અને કુર્ગ, પુ૦ ૨, પા૦ ૧૭-૧૮** ).

**द्वारीका.** ગુજરાતમાં આવેલું દ્વારકા યાને દ્વારાવતી તે જ. શ્રીકૃષ્ણના સ્વર્ગારોહણ પછી મહાસાગરે આ સ્થળ બોળી દીધું હતું એમ કહેવાય છે. એમાં નાગેશનું દેવળ આવેલું છે. મહાદેવના બાર જ્યોતિર્લિંગમાંનું નાગેશ એ એક છે. ( **અમરેશ્વર શબ્દ જુઓ** ).

**द्वारीका.** (૨) કંબોજની રાજધાની તે. (**રિસડેવિડ્ઝનું બુદ્ધિસ્ટ ઈંડિઆ, પા૦ ૨૮** ).

**द्वारीकेश्वरी.** બંગાળામાં રૂપનારાયણની એક શાખા વિષ્ણુપુર આગળ આવેલી દલકિશોર નામની નદી તે જ. ( **કવિકંકણ ચંડી** ).

**दारुकावन.** દારૂવન શબ્દ જુઓ.

**दारुवन.** ચમત્કારપુર શબ્દ જુઓ. ( **કૂર્મપુરાણ, ખંડ ૨, અ૦ ૩૭-૩૮**). દેવદારૂવન એ જ. દારૂવન અગર દારૂકાવન આદિ એનાં બીજાં નામો છે. એમાં નાગેશનું દેવળ આવેલું છે. મહાદેવના પ્રસિદ્ધ બાર જ્યોતિર્લિંગ માંનું નાગેશ પણ એક છે. ( **શિવપુરાણ, ખંડ ૧, અ૦ ૩૮** ). નિઝામના રાજ્યમાં આવેલું ઔંધ તેજ આ. ( **આર્કિ૦ સર્વે૦ લીસ્ટ૦ નિઝામનું રાજ્ય, પુ૦ ૩૧, પા૦ ૩૩, પા૦ ૨૧-૭૯**) પણ શિવપુરાણ, ખંડ ૧, અ૦ ૫૬ માં દારૂકાવન પશ્ચિમ મહાસાગરની પાસે આવેલું કહ્યું છે.

**द्रविड.** દ્રાવિડ તે જ.

**द्राविड.** મદ્રાસથી શ્રીરંગાપટ્ટન અને કેપ કન્યાકુમારી સુધીનો દક્ષિણનો ભાગ. પેન્નર યાને ખરૂં જોતાં ત્રોપતિ નદીની દક્ષિણનો પ્રદેશ તે. (**જ૦ રૉ૦ એ૦ સો૦ ૧૮૪૬, પા૦ ૧૫**). કાંચીનપુરમાં એની રાજધાની હતી. (**મનુ, અ૦ ૧૦ અને દશકુમારચરિત, પ્રકરણ ૬**). એને ચોલ પણ કહેતા હતા. (**વિક્રમાંકદેવ ચરિતનો બ્યુલરનો ઉપોદ્ઘાત, પા૦ ૨૭, ટીપણી ૭ મી**). મહાભારતના કાળમાં આ પ્રદેશની ઉત્તર સીમા ગોદાવરી નદીથી થતી. (**વનપર્વ, અ૦ ૧૧૮**)

**दाशेरक.** માળવા તે. (**ત્રિકાંડશેષ શબ્દજુઓ**).

**दीर्घपुर.** ભરતપુરના રાજ્યમાં આવેલું દીગ તે જ. (**થોર્નટન ગેઝેટિયર, દીઘ શબ્દ જુઓ**).

**दीपवती.** ગોવાના ટાપુની ઉત્તરે આવેલો દીવર નામનો બેટ. અહિં પંચગંગાના કિનારે પુરાતન નરવેમમાં સપ્તકોટીશ્વર મહાદેવનું દેવળ આવેલું છે. આ દેવળની સ્થાપના સપ્તઋષિએ કરી હતી. ( **સ્કંદપુરાણ, સહ્યાદ્રિ ખંડ; ઈંડિયન એન્ટીકવરી, પુ૦ ૩, ૧૮૭૪, પા૦ ૧૯૪**).

**दुर्गा.** ગુજરાતમાં સાબરમતી નદીને મળનારી ન્હાની નદી. ( **પદ્મપુરાણ, ઉત્તરખંડ, અ૦ ૭; બ્રહ્માંડપુરાણ, અ૦ ૪૯**).

Aho ! Shrutgyanam

**दुर्जयर्लिंग**. દાર્જીલિંગ તે. અહિં દુર્જયલિંગ નામના મહાદેવનું દેવળ આવેલું છે. દાર્જીલિંગ એ દુર્જયલિંગ ઉપરથી વિકૃત થયેલું રૂપ છે. પણ કેટલાએક આ નામ ઓબઝરવ્હેટરી–હિલ ઉપર આવેલી વિજળીના પડવાથી થએલી કંદરા યાને દોર્જે ઉપરથી પડેલું માને છે. ( **ડાક્ટર વેડલનું "હિમાલયોમાં" નામના પુસ્તકનું પા૦ ૫૦** ).

**दुर्ज्जया**. મણિમતીપુરી તે જ. ( **મહાભારત, વનપર્વ, અ૦ ૯૬; નીલકંઠની ટીકા** ).

**दूधगंगा**. ઘરવાલની દૌલી નદી તે. આ નદી મંદાકિની યાને મંદાગ્નિ–નદીને મળે છે.

**दुर्दुरा**. દરદૂરા તે જ. ( **માર્કંડેય પુરાણ, અ૦ ૫૭**).

**दुर्वासाश्रम**. ખડ્ડી–પહાડ નામના ડુંગરની ઉંચામાં ઉંચી ટોચ ઉપર દુર્વાસા ઋષિનો આશ્રમ આવેલો છે. ( **ખડી–પહાડ; માર્ટિનનું ઇસ્ટર્ન ઇંડિઆ, પુ૦ ૨, પા૦ ૧૬૭**). આ પહાડ ચૂર્ણપાષાણનો બનેલો હોઈ એમાં ચાક કાઢવા માટે ખોદાણ કરાય છે. આ કોલગાંગ યાને કલહગાંવ અથવા કલહગ્રામની ઉત્તરે બે માઇલ ઉપર છે. આ બે નામો **દુર્વાશા ઋષિના ચિશાળ અને કલહપ્રીય સ્વભાવ ઉપરથી પડેલાં** છે. આ જગા ભાગલપુર જીલ્લામાં ગંગા નદી તરફ જતી કોલગાંગની પાથરઘાટા નામની ધારથી દક્ષિણે બે માઇલ અને ભાગલપુરથી આશરે ૨૫ માઇલ ઉપર આવેલી છે. પાથરઘાટાના ડુંગર ઉપર પુરાતન કાળમાં ખોદી કાઢેલી સાત કંદરાઓ છે. પાથરઘાટાનું જૂનું નામ શિલાસંગમ યાને વાસ્તવિક રીતે વિક્રમશિલાસંઘારામ છે. આ કંદરાઓમાં મૂર્ત્તિને બેસાડવા માટે ગોખલાઓ કોતરી કાઢેલા છે. જેનો સાતમા સૈકામાં ચંપામાં યાત્રાએ આવેલા હ્યુનશાંગે ઉલ્લેખ કરેલો છે. આમાંની એક કંદરાની બાજુએ આવેલા વટેશ્વરનાથ મહાદેવના દહેરાના ચોગાનમાં ઘણી બૌદ્ધ મૂર્તિઓ પડેલી છે. પત્થરના બાંધેલાં પગથીઆઓ ઉપર થઇને ગંગા–નદીમાંથી ડુંગરી ઉપર દેવળમાં જવાય છે. (**જ૦ એ૦ સો૦ બં૦ ૧૯૦૯, પા૦ ૧૦; બીજા ભાગમાં કોલગાંગ શબ્દ જુઓ** ).

**दुर्वासाश्रम**. (૨) ગયા જીલ્લાના નૌદા નામના પેટા જીલ્લામાં રજૌલીથી ઇશાનમાં સાત માઇલ ઉપર ડુંગરીઓમાં દુર્બૌર અગાડી દુર્વાસાનો એક આશ્રમ હતો તે. (**ગયા જીલ્લા ઉપરની ઓબર્સનની ટીપણીઓ જુઓ** ).

**दृशद्वति**. અંબાલા અને સરહિંદમાં થઇને વ્હેતી કગ્ગર યાને ધગ્ગર નદી તે જ. હાલ આ નદી રજપૂતસ્થાનના રેતીના રણમાં અદશ્ય થઇ ગયેલી છે. ( **એલફિન્સ્ટન અને ટોડ, જ૦ એ૦ સો૦ બં૦ પુ૦ ૬, પા૦ ૧૮૧** ). થાણેશ્વરની નૈઋત્યમાં વ્હેતી રક્ષી નદી તે દૃશદ્વતિ આમ જર્નલ કનિંગહામ કહે છે. ( **આર્કિયાલૉજીકલ–સર્વે–રિપોર્ટ, પુ૦ ૧૪**). આ નદી વડે કુરૂક્ષેત્રની દક્ષિણ સીમા બની હતી. (**કુરૂક્ષેત્ર શબ્દ જુઓ**) સરસ્વતી નદીની સમાન્તર વ્હેનારી ચિત્રંગ, ચૌટંગ યાને ચિતંગ નદી તે જ દૃશદ્વતી હોય આમ કહેવાય છે. ( **હિંદુસ્થાનનું ઇમ્પિરિયલ ગેઝેટિયર, પા૦ ૨૬; રેપ્સનનું એનશિયન્ટ ઇંડિઆ, પા૦ ૫૧** ). આ કહેવું ખરૂં હોય એમ જણાય છે. ( **જ૦ રો૦ એ૦ સો૦ ૧૮૯૩, પા૦ ૫૮** ). આ નદી ફલકી વનમાં થઇને વહે છે. (વામનપુરાણ અ૦ ૩૬)

**देवक**. શ્રીપાદ તે. લંકામાં આવેલું આદમનું શિખર. ( **ટર્નરનું મહાવંશ** ) સુમણકૂટ શબ્દ જુઓ.

**देवगढ**. ધારગઢ તે જ.

**देवगिरि**. નિઝામના રાજ્યમાં આવેલું દોલતાબાદ તે. શિવપુરાણમાં એનો ઉલ્લેખ કરાયેલો છે.

Aho ! Shrutgyanam

( **જ્ઞાનસંહિતા અ૦ ૫૮** ) મહારાષ્ટ્ર અને શિવાલય શબ્દ જુઓ.

**देवगिरि.** (૨). અરવલ્લી-પર્વતમાળાનો એક ભાગ વિશેષ.

**देवगिरि.** (૩) ઉજ્જેન અને મંદશોરની વચ્ચે ચંબલ-નદીની પાસે આવેલી ટેકરી વિશેષ. (**મેઘદૂત, પુર્વ.** ) માળવા પ્રાન્તની મધ્યમાં ચંબલની દક્ષિણે આવેલો પર્વત દેવગર તે દેવગિરિ આમ પ્રોફેસર વિલસન કહે છે.

**देवदारुवन.** દારૂવન તે જ, આ જગ્યાએ લિંગ-પૂજા પ્રથમ સ્થપાઇ હતી. ઘરવાળમાં કેદારની પાસે ગંગા નદીના કિનારે આ વન આવ્યું હતું. ( **કૂર્મપુરાણ, ખં૦ ૨, અ૦ ૩૭-૩૮; શિવપુરાણ, ખંડ ૪, અ૦ ૧૩, શ્લોક ૧૯; રામાયણ, કિષ્કિંધાકાંડ, સર્ગ, ૪૩** ) બદરિકાશ્રમ આ વનમાં આવેલો હતો. (**આનંદભટ્ટનું બલ્લાલ ચરિત, ભાગ ૨ અને ૭** )

**देवपर्वत.** દેવગિરિ તે જ. (**શિવપુરાણ, ખંડ, ૧, અ૦ ૫૮** )

**देवपट्टन.** પ્રભાસ તે જ. ( **એપિ૦ ઈં૦ પુ૦ ૧, પા૦ ૨૬૧**). ડૉ૦ ફ્લીટના મંતવ્ય પ્રમાણે હાલના વેરાવળ બંદરનું આ પ્રાચીન નામ છે. ( **કોર૦ ઇન્સ્ક૦ ઇન્ડિ૦ પુ૦ ૩, પા૦ ૬૧, ઉપોદ્ઘાત** ).

**देवबंदर.** ગુજરાતમાં આવેલું દીવબંદર તે. ઇસ્વીસનના સાતમા સૈકામાં ઇરાનમાંથી ધર્મના જુલમને લીધે નાસી છૂટેલા મુંબઈના પારસીઓના પૂર્વજો કેટલોક સમય દીવમાં રહ્યા હતા. પછીથી તેઓએ આઠમા સૈકામાં પશ્ચિમ કિનારા ઉપરના સંજાણમાં વસાયત કરી હતી. (**મુંબઈ ગેઝેટિયર, પુ૦૯, ભાગ, ૨, પા૦ ૧૮૩; પુ૦ ૧૪, પા૦ ૫૦૬ થી ૫૩૬; મુંબઇની રૉયલ એશિયાટિક સોસાઇટીની શાખાનું જર્નલ, પુ૦ ૧, પા૦ ૧૭૦** ).

**देवपुर.** મધ્યપ્રાંતમાં રાયપુર જીલ્લામાં મહાનદી અને પૈરીનદીના સંગમ ઉપર આવેલું રાજીમ તે. આ સ્થળ રાયપુરથી આગ્નેયમાં ૨૪ મૈલ ઉપર આવેલું છે. શ્રી રામચંદ્ર આ જગ્યાએ પોતાના ભાઇ શત્રુઘ્નને મૃત્યુમાંથી ઉગારી લેવા માટે પધાર્યા હતા. (**રામચંદ્રના એક નામ 'રાજીવ લોચન' ઉપરથી આ જગાનું નામ રાજીવ પડયું છે.**) ( **પદ્મપુરાણ, પાતાળ ખંડ, અ૦ ૨૭, શ્લોકો ૫૮-૫૯**) અહિંના રામચંદ્રજીના દેવળમાં આઠમા સૈકાનો એક શિલાલેખ છે.

**देवराष्ट्र.** મરાઠાઓનો દેશ તે. ઈ. સ. ૩૪૦ ની લગભગ સમુદ્રગુપ્તે જીત્યો હતો.

**देवल.** સિંધમાં આવેલું ઠઠ્ઠા તે.

**देविका.** અયોધ્યામાં આવેલી દેવા નદી તે. સરજુ યાને ગોગ્રાનું બીજું નામ (**બંગાલા અને આગરાનો ભોમિયો અને ગેઝેટિયર; ૧૮૪૧, પુ૦ ૨. પા૦ ૧૨૦ અને ૨૫૨ અને નકશા**). સરજુ નદીનો દક્ષિણ ભાગ દેવિકા અથવા દેવા કહેવાય છે અને કુમારી નદીનો સંગમ થયા પછીનો ઉત્તર ભાગ કાલી નદી કહેવાય છે. પણ ગોમતી નદી અને સરજુ નદીની વચ્ચે દેવિકા નામની બીજીજ નદી હતી. ( **કલિકાપુરાણ, અ૦ ૨૩** ) ગંડક, ( **દેવિકા** ) સરજુ, અને ગંગા એ ત્રણના મળવાથી ત્રીવેણી બને છે. ત્યાં ગજેન્દ્રમોક્ષમાં કહેલી હાથી અને મગરની વચ્ચે લડાઈ થઇ હતી. હિંદીમાં આ બનાવના વર્ણનનું '**नाथ कैसो गजको बंध छुडायो**' એ લીટીથી શરૂ થતું એક પદ છે. (**વરાહપુરાણ, અ૦ ૧૪૪ અને મહાભારત, આદિપર્વ, અ૦ ૨૯**). વિશાળછત્ર શબ્દ જુઓ. હાલ ચપરાની પાસે સિંઘી અગાડી સરજુ નદી ગંગા નદીને મળે છે.

**देविका** (૨) પંજાબમાં આવેલી નદી વિશેષ. આ નદી રાવીને મળનારી હોય એમ લાગે છે. ( **વામનપુરાણ, અ૦ ૮૧-૮૪; મહાભારત, વનપર્વ, અ૦ ૮૨; મત્સ્ય-**

Aho ! Shrutgyanam

પુરાણ, ૧૧૩ ). આ નદી સૌવીરના પ્રદેશમાં થઈને વ્હેતી હતી. ( **અગ્નિપુરાણ, અ૦ ૨૦૦** ). અલબરૂનીના મંતવ્ય પ્રમાણે આ પ્રદેશ મુલતાનની આજુબાજુ આવેલો છે. સૌવીર શબ્દ જુઓ. શિવાલિક પર્વતમાળાના મૈનાક પર્વતમાંથી આ નદી નિકળે છે. ( **કાલિકાપુરાણ, અ૦ ૨૩, શ્લોક, ૧૩૭–૧૩૮**). આ નદી મદ્રદેશમાં થઇને પણ વ્હેતી હતી. ( **વિષ્ણુધર્મોત્તરપુરાણ, ખં૦ ૧, અ૦ ૧૬૭, શ્લોક ૧૫** ). મુલસ્થાન ( **મુલતાન** ) દેવિકાને કાંઠે આવ્યું હતું ( **સ્કંદપુરાણ, પ્રભાસ ખંડ; પ્રભાસક્ષેત્ર મહાત્મ્ય, અ૦ ૨૭૮**). રાવી નદીના દક્ષિણ કિનારે મળનારી દીગ નદી તે આ. ( **પાર્ગિટરનું માર્કણ્ડેયપુરાણ, અ૦ ૫૭, પા૦ ૨૯૨** ). વામનપુરાણ, અ૦ ૮૪ અને ૮૯ ઉપરથી પણ આ કથન સાબિત થાય છે.

**देवीकोटा.** શોણિતપુર તે જ.

**देवीपाटण.** અયોધ્યામાં ગોંડની ઇશાનમાં ૪૩ મૈલ ઉપર આવેલું સ્થળ વિશેષ. અહિં સતીનો જમણો હાથ કપાઈ પડેલો હોવાથી આ સ્થળ શક્તિની બાવનપીઠમાંની એક ગણાય છે.

**देहली.** ઈન્દ્રપ્રસ્થ શબ્દ જુઓ.

**द्वैतवन.** સંયુક્તપ્રાન્તમાં સહારાનપુર જીલ્લામાં મીરતની ઉત્તરે પચાસ મૈલ ઉપર આવેલું દેવબંદ તે. આ સ્થળ પૂર્વકાલી નદીની પશ્ચિમે અઢી મૈલ અને મુઝાફ્ફર નગરથી સોળ મૈલ દૂર આવેલું છે. દ્યૂતમાં પોતાનું રાજ્ય ખોયા પછી યુધિષ્ઠિર પોતાના ભાઇઓ સાથે અહિં રહેતા હતા. ( **મહાભારત, વનપર્વ, અ૦ ૨૪; કલકત્તા રિવ્યુ, ૧૮૭૭, પા૦ ૭૮; ટિપ્પણી** ).

આ શહેરથી અડધો મૈલ દૂર એક ન્હાનું દેવીકુંડ નામનું તળાવ આવેલું છે. આ તળાવના કિનારાઓ દેવળો, ઘાટ અને સતિઓના પાળિઆઓથી ભરપૂર છે. ઘણા યાત્રાળુઓ દર્શનાર્થે આ સ્થળે આવે છે. ( **ઈંપિરિયલ ગેઝેટિયર ઑફ઼ ઈંડિઆ; પુ૦ ૪** ). મિમાંસાના આદ્ય દર્શનકાર **જૈમિની** દ્વૈતવનમાં જન્મ્યા હતા.

**द्वैपायन ह्रद.** રામહૃદ તે જ. આ તળાવની મધ્યે એક બેટ આવેલો છે. એને લીધે આ તળાવનું નામ દ્વૈપાયનહૃદ પડયું છે. આ બેટમાં ચંદ્રકૂપ નામનો એક પવિત્ર કુવો આવેલો છે. ચંદ્રગ્રહણ વખતે હિંદુસ્થાનના ઘણા ભાગોમાંથી યાત્રાળુઓ અહિં આવે છે.

**द्रोणाचल.** કુમાઉનમાં આવેલો દ્રૂનગિરિ પર્વત તે. ( જ૦ એ૦ સો૦ બં, પુ૦ ૧૭, પા૦ **૬૧૭; દેવી પુરાણ, અ૦ ૩૯; કૂર્માચલ શબ્દ જુઓ** ).

**दंडक.** દંડકારણ્ય તે જ (**બ્રહ્મપુરાણ, અ૦ ૨૭**).

**दंडकारण्य.** નાગપુર સહિત મહારાષ્ટ્ર તે. ( **રામાયણ, અરણ્યકાંડ, સર્ગ ૧ અને ડૉ. ભાંડારકરનો દક્ષિણનો પ્રાચીન ઇતિહાસ, ખંડ ૨** ). શ્રીરામચંદ્ર અહિં ઘણા કાળ પર્યંત રહ્યા હતા. રામાયણમાં કહ્યા પ્રમાણે આ સ્થળ વિંધ્ય અને સૈબલ પર્વતોની વચ્ચે આવેલું હતું. આ પ્રદેશના એક ભાગને જનસ્થાન કહેતા હતા. ( **ઉત્તરકાંડ, સર્ગ ૮૧; ઉત્તર રામચરિત્ર, અંક બીજો**). બુંદેલખંડથી માંડીને કૃષ્ણા નદી સુધીનાં સમસ્ત વન દંડકારણ્યમાં આવેલાં હતાં આમ મિસ્ટર પાર્ગિટરનું કહેવું છે. ( **જ૦ રૉ૦ એ૦ સો૦ ૧૮૯૪, પા૦ ૨૪૨; રામના વનવાસનું સ્થળવર્ણન**). દંડકારણ્ય જનસ્થાનની પશ્ચિમે આવ્યાનું ભવભૂતિ કહે છે. ( **ઉત્તર રામચરિત્ર, અંક ૧** ).

**दंडपुर.** ઉદ્દંડપુર તે જ.

**दंतपुर.** કલિંગદેશની જૂની રાજધાની. (**દાઠધાતુવંશ, ટર્નરનો લેખ "લંકામાં બુદ્ધના દંતાવશેષ"ની હકીકતનો લેખ જ૦ એ૦ સો૦ બં, ૧૮૩૭, પા૦ ૮૬૦** ).



Aho ! Shrutgyanam

કેટલાએક લખનારાઓના મંતવ્ય પ્રમાણે ઓરિસામાં આવેલી જગન્નાથપુરી તે જ આ. કેમકે બુદ્ધનો દાંત પ્રથમ પુરીમાં રાખવામાં આવ્યો હતો અને પાછળથી લંકામાં લઈ જવાયો હતો. કલિંગ નરેશ બ્રહ્મદત્તે બુદ્ધના નિર્વાણ પછી થોડાક સમયમાં તેમનો ડાબો કુતરિયો દાંત આણીને દેવળમાં રાખ્યો હતો. દાઢવંશમાં બુદ્ધના એક શિષ્યે એ દાંત બુદ્ધની ચિતામાંથી લીધો હતો એમ કહ્યું છે. બ્રહ્મદત્તને એ શિષ્યે આ દાંત આપ્યો હતો.ઘણી પેઢીઓ સુધી આ દાંતને દંતપુરના દેવળમાં રાખી તેની પૂજા કરી હતી. ચોથા સૈકામાં કલિંગ નરેશ ગોહસિવ આ દાંત પાટલીપુત્રમાં લઈ ગયો હતો. આ દાંતે નિર્ગ્રન્થીઓ યાને જૈનોને ગુંચવાડામાં નાંખે એવા પાટલીપુત્રમાં ઘણા ચમત્કાર બતલાવ્યા હતા. નિર્ગ્રન્થીઓ યાને જૈનોના કહેવાથી ઉકત દાંત દંતપુરમાંથી પાટલીપુત્રમાં લઈ જવામાં આવ્યો હતો. રાજા પાંડુને દંતપુરમાંથી આ દાંત મળ્યો હતો (**જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૩૭, પા૦ ૮૬૮ અને ૧૦૫૯**). આ દાંતને ગોહસિવ રાજાએ દંતપુર પાછો આણીને તેના જૂના દેવળમાં રાખ્યો હતો. ઉત્તર તરફના રાજા ખીરધારના ભત્રીજાઓએ આ દાંત લઈ જવા સારૂ દંતપુર ઉપર હુમલો કર્યો હતો. એ લડાઈમાં ગોહસિવના મરણ પછી, એની દીકરી હેમમાળા અને તેના પતિ ઉજ્જનના રાજપુત્ર દંતકુમારે આ દાંત લંકામાં ખસેડયો હતો. દંતકુમાર ગોહસિવનો ભાણેજ હતો. કીર્ત્તિશ્રી મેઘવર્ણના રાજકાળમાં (ઇ. સ. ૨૯૮ થી ૩૨૬) આ દાંત લંકા મોકલાવાયો હતો એણે અનુરાધાપુરમાં આ દાંતનું રક્ષણ કર્યું હતું. (**ટેનેન્ટનું લંકા; ટરનરનું લંકામાં બુદ્ધ-દંતાવશેષ; મટુકુમાર સ્વામીના** દાઢાવંશનું **ભાષાંતર; ટર્નરનો જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૩૭ માં પા૦ ૮૬૬ માં છપાયલો** દાઢાધાતુવંશ**નો લેખ**).

હાલ આ દાંત કાંડીમાં શ્રીવર્ધનપુરમાં મલીગવ નામના દેવળમાં રાખવામાં આવ્યો છે. કાંડીમાં દંતાવશેષના સરઘસની હકીકત સારૂ મહાવંશ, અધ્યાય ૮૫ જુઓ. ગોદાવરી ઉપર આવેલા રાજમહેન્દ્રી અને મેદનાપુર જીલ્લામાં આવેલા દંતોનની જોડે આ દાંત કેટલીક રીતે સરખાવાયો છે; પણ ઓરિસામાં આવેલી પુરી તે જ દંતપુર આમ નિર્ણિત થયું છે. એવી આખ્યાયિકા છે કે જરાએ કૃષ્ણને માર્યા પછી એમનાં હાડકાં એકઠાં કરીને પેટીમાં રાખવામાં આવ્યાં હતાં. વિષ્ણુએ ઇંદ્રદ્યુમ્ન રાજાને આજ્ઞા કરી કે જગન્નાથની મૂર્તિ બનાવીને તેના પેટમાં આ હાડકાં રાખવાં. ( ગેરેટના **હિંદુસ્થાનના પ્રાચીન કોષમાં જગન્નાથ શબ્દ જુઓ; વોર્ડનો હિંદુસ્થાનનો ઇતિહાસ, પુ૦ ૧, પા૦ ૨૦૬** ).

**दंतुर**. દંતપુરનું વિકૃત રૂપઃ દંતપુર શબ્દ જુઓ. ( બૃહત્સંહિતા, ૨૪, ૬ ).

## ( घ )

**धनकटक**. મદ્રાસ ઇલાકામાં કૃષ્ણ યાને ગંતૂર જીલ્લામાં આવેલું ધરણીકોટ તે. અમરાવતી નામના ન્હાના કસ્બાની પશ્ચિમે એક મૈલ અને બેજવાડાથી પશ્ચિમમાં સીધા અઢાર મૈલ દૂર કૃષ્ણા–નદીને દક્ષિણ કિનારે આ સ્થળ આવેલું છે. ( **કનિંગ્હામની પ્રાચીન હિંદુસ્થાનની ભૂગોળ, પા૦ ૫૩૦**). બેજવાડા તે જ આ સ્થળ, એમ ફર્ગુસન ધારે છે. ( **જ૦ રો૦ એ૦ સો, ૧૮૮૦; પા૦ ૯૯** ). પરન્તુ એ ધારવું ખરૂં જણાતું નથી. ધનકટક અગર ધરણીકોટ એ ઇસ્વીસન્ પૂર્વે ઓછામાં ઓછાં ૨૦૦ વર્ષથી બહુ પ્રખ્યાત સ્થળ મનાતું આવ્યું છે. પુરાણોમાં કહેલા આંધ્રભૃત્ય રાજવંશની ત્યાં રાજધાની હતી. શિલાલેખોમાં આ વંશના રાજાઓને સાત-

Aho ! Shrutgyanam

કર્ણી કહ્યા છે. સામાન્ય વર્ગમાં સાતકર્ણી સાતવાહનો કહેવાતા. આ સાતવાહન વિકૃત થઈને એમનું નામ શાલિવાહન પડયું હતું. (હેમચંદ્રનું પ્રાકૃત વ્યાકરણ) આ નામ વ્યક્તિ વિશેષનું ન હોઈ વંશનું સૂચક છે. આ વંશનો વંશધર સિમુક હતો. એને સિંધુક, સિસુક અને સિપ્રક પણ કહેતા. પુરાણમાં કહેલા કણ્વવંશને ઉથલાવી નાખીને એ ઇ. સ. પૂર્વે ૭૩ માં ગાદી ઉપર આવ્યો હતો. જો કે આંધ્રભૃત્યોની રાજધાની ધનકટક યાને ગુફામાંના શિલાલેખોમાં કહેલા ધનકચ્છેકમાં હતી; પણ જે વખતે આ વંશની મોટી શાખા ત્યાં રાજ કરતી હતી તે જ વખતે એ વંશની નાની શાખા ગોદાવરીને કાંઠે આવેલા પૈઠાણમાં ઘણી વખત રાજ્ય કરતી હતી. જ્યારે મુખ્ય વંશની ગાદી ખાલી પડતી ત્યારે પૈઠાણના રાજકુમારોમાંથી કોઈ ગાદી નસીન થતો. આ પ્રમાણે ગૌતમી પુત્ર સાતકર્ણી નામનો ઘણો જ બલવાન રાજા ધનકટકમાં ઈસ્વી સન્ ૧૩૩ થી ૧૫૪ સુધી રાજ્યારૂઢ હતો. એનો છોકરો કુલમાઈ ઇસ્વી સન્ ૧૩૦ થી ૧૫૪ સુધી પૈઠાણમાં રાજ્ય કરતો હતો અને એના બાપના મરણ પછી એણે ધનકટકમાં ચાર–વર્ષ રાજ્ય કર્યું હતું. ( કૌશલ–દક્ષિણ શબ્દ જુઓ ). ગૌતમી પુત્ર અને કુલમાઈએ શક–નરેશ નહપાન અગર જીર્ણનગરમાં રાજ્ય કરતા તેના ઉત્તરાધિકારીને પદચ્યુત કર્યો હતો અને ત્યારપછી તેમણે શક રાજા ચષ્ટનના પુત્ર જયદામનને હરાવ્યો હતો. જયદામન પ્રથમ ક્ષત્રપ હોઈ પાછળથી મહાક્ષત્રપ બનીને ઉજ્જૈનમાં રાજ્ય કરતો હતો. (ડૉ૦ ભાંડારકરનો દક્ષિણનો પ્રાચીન ઈતિહાસ). અહિં ઇસ્વી–સનની પહેલી અગર બીજી સદીમાં બુદ્ધના મહાયાન દર્શનના સ્થાપનાર નાગાર્જુનની સ્થાપેલી વિદ્યાપીઠ હતી. ( બૌદ્ધ વિદ્યાપીઠોના વર્ણન માટે નાલંદા શબ્દ જુઓ ). ધનકટક નામ સુધન્યકટક ઉપરથી વિકૃત થયેલું છે. (હાવલનું હિંદુસ્તાનનું પ્રાચીન અને મધ્યકાળનું સ્થાપત્ય, પા૦ ૧૪૦).

**धनपुर.** ગાઝીપુરથી ૨૪ મૈલ ઉપર આવેલું જોહરગંજ તે જ.

**धनुतीर्थ.** પાકની સામુદ્રધુનીમાંના રામેશ્વરમ બેટના પૂર્વ છેડા ઉપર રામેશ્વરના દેવળથી ૧૦–૧૨ મૈલ દૂર આવેલું સ્થળ વિશેષ. શ્રીરામચંદ્રના ભાઇ લક્ષ્મણે પાણીમાં પોતાનું ધનુષ ધોયવાથી અસ્તીત્વમાં આવેલું તીર્થ વિશેષ. સ્કંદપુરાણના સેતુબંધ ખંડમાં આ તીર્થને ધનુષકોટિતીર્થ કહ્યું છે. રામેશ્વરનો ટાપુ જ્યાં પૂરો થાય છે તે સ્થળને ટૉલેમિએ કેપકોરી કહ્યું છે. કોટિ યાને ધનુકોટિનો અર્થ ધનુષના છેડા થાય છે. ( મેકક્રિન્ડલનું ટૉલેમી, પા૦ ૬૦ ). કેટલાક પાઉંબેનને ધનુતીર્થ કહે છે એ વાસ્તવિક નથી.

**धनुषकोटीतीर्थ.** ધનુતીર્થ તે જ.

**धर्मपट्टन.** શ્રાવસ્તી યાને હાલનું સહેતમહેત તે આ : એ ઉત્તરકોશલની રાજધાની હતું. ( ત્રિકાંડ–શેષ )

**धर्मपट्टन** (૨) કાલીકટ તે. (સીવેલનું દક્ષિણ હિંદુસ્તાનના રાજવંશોનું વર્ણન, પા૦ ૫૭ ).

**धर्मप्रस्थ.** બુદ્ધગયાથી ચાર મૈલ દુર આવેલું ધર્મારણ્ય તે જ.

**धर्मपुर.** નાસિકની ઉત્તરે આવેલું ધર્મપુર તે જ.

**धर्मारण्य.** ગયા જીલ્લામાં બુદ્ધ–ગયાથી ચાર મૈલ ઉપર આવેલું સ્થળ વિશેષ. બૌદ્ધ લખાણોમાં એ સ્થાનને ધર્મારણ્ય નામ અપાયેલું છે અને અહિંયાં ઘણા યાત્રાળુઓ આવે છે. ( પટના વિભાગના પ્રાચીન મકાનોનું સૂચિપત્ર, પા૦ ૬૪; ગરુડપુરાણ, અ૦ ૮૩; મહાભારત વનપર્વ, અ૦ ૮૪).

Aho ! Shrutgyanam

આ સ્થળે ધર્મેશ્વરનું દેવળ અદ્યાપિ આવેલું છે. ત્યાં બ્રહ્મસર નામનું પ્રસિદ્ધ યાત્રાસ્થળ આવેલું છે. (**મહાભારત, વનપર્વ**, અ૦૮૪).

**धर्मारण्य.** (૨) બલિયા અને ગાઝીપુરના જીલ્લાઓનો અમુક ભાગ તે ધર્મારણ્ય , એમ કેટલાએકનું કહેવું છે. ( ડૉ. **ફ્યુરરનું મો૦ એ૦ ઇ૦ પદ્મપુરાણ, સ્વર્ગ ખંડ, અ૦ ૬ અને આર્કિ૦ સર્વે૦ રિપોર્ટ**, પુ૦ ૨૨ ). ભૃગુઆશ્રમ શબ્દ જુઓ.

**धर्मारण्य.** (૩) મિરજાપુરના જીલ્લામાં વિંધ્યાચલ કસ્બાની ઉત્તરે ૧૪ મૈલ ઉપર આવેલું પ્રાચીન મોહરપુર યાને મોહરકપુર તે. મોહરપુરથી ઉત્તરે અહલ્યાના પતિ ગૌતમઋષિનો શાપ પામ્યા પછી ઇન્દ્રે જે જગ્યાએ તપ કર્યું હતું તે સ્થળ ( **સ્કંદ પુરાણ, બ્રહ્મખંડ** ( ધર્મારણ્યખંડ ) ૩૫-૩૭ ).

**धर्मारण्य** (૪) હિમાલય ઉપર મંદાકિની નદીના દક્ષિણ કિનારે આવેલું સ્થળ વિશેષ ( **કૂર્મપુરાણ, અ૦ ૧૪** ).

**धर्मारण्य.** (૫) રજપૂતસ્થાનમાં કોટાની પાસે આવેલા કણ્વાશ્રમને પણ ધર્મારણ્ય કહે છે. ( **મહાભારત, વનપર્વ**, અ૦ ૮૨). કણ્વાશ્રમ શબ્દ જુઓ.

**धर्मोदय.** બંગાળામાં આવેલી દામુદા નદી તે.

**धरगर.** નિઝામના રાજ્યમાં આવેલું દોલતાબાદ તે. ગ્રીક લોકોએ આ સ્થળને તગર નામે ઓળખાવ્યું છે. જુદા જુદા લખનારાઓએ જુનીર, કુલબર્ગ, કોલ્હાપુર, અને (નિઝામના રાજ્યમાં આવેલું) ધરૂર તે આ સ્થળ એમ કહ્યું છે. તગર શબ્દ જુઓ.

**धवलगिरि.** ઓરિસાના પેટા વિભાગ ખુર્દમાં આવેલી ધઉલી ટેકરી તે જ. આ ટેકરી ઉપર અશોકના શાસન-શિલાલેખો કોતરાયેલા છે. ધવલ અગર ધવલી ખંડગિરિમાળાથી પાંચ મૈલ ઉપર આવેલું છે. ખંડગિરિમાળા ભૂવનેશ્વરની પશ્ચિમે ચાર અથવા પાંચ મૈલ ઉપર આવેલું છે. એના ઉપર બૌદ્ધ સમયની ઘણી ગુફાઓ આવેલી છે. કેટલાએક લખનારાઓએ ધવલી ઉપરથી ધઉલી નામ પડયું છે આમ શા ઉપરથી લખ્યું હશે આ સમજવું જરા કઠીન છે. ધઉલીના છેલ્લા શિલાલેખ ઉપર "દુબલહી ટૂફ" યાને "દુર્બલના સ્તૂપ" આવું લખાયેલું છે. એ સ્તૂપ પર વિક્ષેપ વગર ચિન્તવન કરવાને નિર્માણ કરેલા એવું લખેલું છે. તેથી ધવલી નામ ત્યાં આવેલ દુર્બલ યાને દુબલા વિહારના નામ ઉપરથી પડયું જણાય છે. લેખ ઉપરથી આ ટેકરી તોસલમાં આવેલી જણાય છે ( **પ્હેલો શિલાલેખ જુઓ** ) અને બ્રહ્માંડ પુરાણમાં કહેલું તોસલ-કોશલ અગર બૃહત્સંહિતામાં કહેલું કોશલ હોવાનું જણાય છે ( **કટકમાં આવેલા ધવલીના શિલાલેખોનું વિવરણ નામનો જે૦ પ્રિન્સેપનો લેખ જુઓ. જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૩૮, પા૦ ૪૩૮-૪૫૨** ). ધવલી ઉપરના લેખો અને ગિરનાર ઉપરના લેખો વસ્તુતઃ સરખાજ છે. અગર લેખોમાં અને શૈલીમાં ધવલોના લેખો ગિરનાર ઉપરના લેખોની નકલો જ છે. ( **જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૩૮, પા૦ ૧૫૮, ૧૬૦, ૨૧૯ અને ૨૭૬ થી ૨૭૯**). ખંડગિરિ નામની ટેકરી ઉપરના શિલાલેખોના વર્ણનને માટે (**જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૩૭, પા૦ ૧૦૯૦ જુઓ** ).

**धान्यवतीपुर.** ધનકટક તે જ.

**धारानगर.** માલવ નરેશ રાજા ભોજની રાજધાની ધાર તે જ. દેવગઢના શિલાલેખ ઉપરથી જણાય છે કે તેમાં ૯મા સૈકામાં ભોજ રાજ્ય કરતો હતો. રાજા ભોજ અને એના-પૂર્વજોના વર્ણનના માટે **એપિગ્રાફિઆ ઇંડિકા, પુ૦ ૧, પા૦ ૨૨૨; મેરૂતુંગાચાર્યનું પ્રબંધ ચિંતામણી; અને જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૬૧, પા૦ ૧૯૪** જુઓ. આ રાજાના

દરબારમાં નલોદયનો લખનાર કાલિદાસ અને પ્રસન્નરાઘવ–નાટકનો લખનાર જયદેવ અને બીજા કવિઓ રહેતા હતા (**ભોજપ્રબંધ**).

**ધુન્ધ્ર.** જયપુરની જુની રાજધાની આમેર તે. અયોધ્યાના રામચંદ્રના એક પૂર્વજ નિકુંભના પ્રપિતામહ કુવલાશ્વે ઢુંઢુ નામના અસુરને માર્યો હતો. અને તેથી એનું નામ ધુંધુમાર પડયું હતું. જયપુરનો સમસ્ત પ્રદેશ અને ખસૂસ કરીને આમેર ધુંધ્ર કહેવાતો. એની ગણના મરૂધન્વમાં થતી. (**મહાભારત, વનપર્વ, અ૦ ૨૦૧ થી ૨૦૩**).

**ધૂતપાપ.** અયોધ્યામાં સુલતાનપુરની આગ્નેયે ૧૮ મૈલ ઉપર ગોમતી નદી ઉપર આવેલું ધોપાપ તે જ. બીજા ખંડમાં ધોપાપ શબ્દ જુઓ. (**બ્રહ્માંડ પુરાણ, અ૦ ૪૯**).

**ધૂતપાપ (૨).** બનારસમાં ગંગાને મળનારી ન્હાની નદી વિશેષ (**સ્કંદપુરાણ, કાશીખંડ, ઉત્તર, અ૦ ૫૯**).

(ન)

**નકુલીશ.** કારાવન શબ્દ જુઓ. (**સ્કંદપુરાણ, મહેશ્વરખંડ, કુમારિકા, અ૦ ૫૮**).

**નકુલેશ્વર.** કારાવન શબ્દ જુઓ. (**દેવીપુરાણ, અ૦ ૬૩**).

**નગર.** ચમત્કારપુર તે જ.

**નગર (૨)** નગરહાર તે જ. હ્યુન્શાંગે જેને ન–કીયા–લો–હો નામે વર્ણવ્યું છે તે.

**નગરકોટ.** જાલંધર દોઆબના કોહિસ્તાનમાં બાણગંગા અને માંઝિના સંગમ ઉપર આવેલું કોટકાંગરા યાને કાંગરા તે જ. અહિંઆં વજ્રેશ્વરી યાને માતાદેવીનું દેવળ આવેલું છે. મહમદ ગીઝનીએ આ દેવળને ભ્રષ્ટ કર્યું હતું. આ સ્થળે સતીનું એક સ્તન કપાઇને પડેલું હોવાથી આ સ્થળ શક્તિની એક પીઠ ગણાય છે. આ સ્થળ કૂલુત યાને ત્રિગર્ત્તની પ્રાચીન રાજધાની હતું (**ડૉ૦ સ્ટીનની રાજતરંગિણી, પુ૦ ૧, પા૦ ૨૦૪ની ટિપ્પણી**). આ કિલ્લો દુર્ભેદ્ય ગણાતો હતો. કિલ્લામાં હાલ હિંદુ દેવળોના અવશેષો બિસ્માર હાલતમાં છે. કાંગરાથી આશરે ૧ મૈલ દૂર મુલકેરા ડુંગરના ઉત્તર તરફના ઢાળ ઉપર બાંધેલું ભવન નામનું ઘણી વસ્તીવાળું શહેર સ્થપાયેલું છે. આ શહેરમાં સોને રસેલા ધુમ્બજવાળું હિંદુ દેવળ આવેલું છે. (**જ૦ એ૦ સો૦ બં૦ ૧૮, પા૦ ૩૬૬**) આ શહેરનું સુસર્મપુર યાને સુસર્મનગર એવું જૂનું નામ છે (**એપિ૦ ઇન્ડિ૦ પુ૦ ૧, પા૦ ૧૦૩ની ટીકા; પુ૦ ૨ પા૦ ૪૮૩**). કાંગરાની ખીણમાં આવેલી આશાપુરી નામની એકલવાઈ ટેકરી પણ એક યાત્રા સ્થળ છે. (**જ૦ એ૦ સો૦ બં૦ ૧૭, પા૦ ૨૮૭**).

**નગરહાર.** નિગરહાર તે જ. (**બ્રહ્માંડપુરાણ; અ૦ ૪૯, શ્લોક, ૭૦**). જલાલાબાદની પાસે સુરખર યાને સુર્ખરૂદ અને કાબુલ–નદીઓના સંગમ ઉપર આ શહેર આવેલું છે (**જ૦ એ૦ સો૦ બં૦ પુ૦ ૧૭, પા૦ ૪૯૮**). જલાલાબાદની પશ્ચિમે ૪–૫ મૈલ ઉપર આવેલું નંઘેનહર યાને નંઘ્નીહર તે નગરહાર આમ મેક્ક્રિન્ડલ કહે છે. ટૉલેમિએ એને નગર યાને ડિયોનીસોપોલીસ અને સિકંદરના ઇતિહાસ લખનારાઓએ એને નિસા કહેલું છે. (**મહાન સિકંદરની હિંદુસ્થાન પર ચઢાઇ, પા૦ ૩૩૮**). બાબરે નંઘેનહર નામનો ઉલ્લેખ કર્યો છે (**ટેલ્બટનું બાબરનું જીવન ચરિત્ર, પા૦ ૧૨૯**) અને એણે નેકેરહર નામનો પણ ઉલ્લેખ કર્યો છે (**અર્સ્કીનના 'જીવન ચરિત્ર'**). પણ નંઘ્નીહર એ કાબુલની ખીણનું નામ છે. બાબરના કથનાનુસાર નંઘનીહરમાં નવ નદીઓ આવેલી છે. (**કુભા શબ્દ જુઓ**). અકબરે ૧૫૭૦ માં જલાલાબાદ શહેર વસાવ્યું હતું. પ્રો. લાસેનના મંતવ્ય પ્રમાણે એગેથોકલીસ અને પિન્ટાલિયૉનના સમયમાં નગરહાર ગ્રીક

Aho ! Shrutgyanam

રાજ્યની રાજ્યધાની હતું. આ રાજાઓએ પોતાના સિક્કાઓ ઉપર ડિયૉનિસોસનાં રાજ્યચિન્હો વાપરેલાં છે. ( જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૩૯, પા૦ ૧૪૫ ) અને આ શહેર જલાલાબાદની નજીક કાબુલ નદીના દક્ષિણ કિનારા ઉપર આવેલું હતું. (જ૦ એ૦ સો૦ બં, ૧૮૪૦, પા૦ ૪૭૭ ). અલબરૂની કહે છે કે ડીન્યૂસનું શહેર કાબુલ અને પેશાવરની વચ્ચે આવેલું છે એ ઉપરથી જણાય છે કે ડિયોનિસોપોલિસ નામ મહમદ ગીઝનીના વખતમાં પણ અસ્તિત્વમાં હતું. આ સ્થળનું નામ ઉદ્યાનપુર પણ હતું. આ સ્થળ નદીને સ્હામે કિનારે મારકોહ નામના પર્વત ઉપર નગરહારના ખંડેરોથી થોડેક છેટે આવેલું હતું. અલેકઝાંડરના ઇતિહાસ લખનારાઓએ મારકોહને માઉંટમેરોસ એવું નામ આપ્યું છે. (**મેકૃક્રિંડલનો મહાન સિકંદરની હિંદુસ્થાન ઉપરની ચઢાઇના પુસ્તકનું પા૦ ૩૩૮**). જલાલાબાદમાં ઇસ્વી સનના આરંભથી તે ઈસ્વીસન્ ૭૦૦ સુધીમાં બંધાયા હોય એવા ચાલીસ સ્તૂપો છે. કાબુલ નદીના દક્ષિણ કિનારે હિંદુસ્થાનની આધામાં આધી સીમા ઉપર નગરહાર આવેલું હતું. ( જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૪૦, પા૦ ૪૮૬). બિહારના શહેરથી આગ્નેયમાં દસ મૈલ ઉપર આવેલા ગ્યુસેરવા આગળથી મળેલા શિલાલેખમાં નગરહારના નામનો અને તે ઉત્તરપથમાં આવ્યું છે એવો ઉલ્લેખ કર્યો છે. ( જ૦ એ૦ સો૦ બં૦ ૧૭, પા૦ ૪૯૨ ).

**नर्मदा.** નર્મદા નદી તે. આ નદી અમરકંટક પર્વતમાંથી નિકળીને ખંભાતના અખાતને મળે છે. આ નદી જ્યાં આગળ દરીઆને મળે છે તે સ્થળને નર્મદા–ઉદધી સંગમ કહે છે. અને એ પવિત્ર યાત્રા સ્થળ છે (**મત્સ્યપુરાણ**, અ૦ ૧૯૩ ).

**नर्मदासिंधुसंगम.** નર્મદા નદી જ્યાં આગળ સમુદ્રને મળે છે તે સ્થળ. આ સ્થળ જમદગ્નિ–તીર્થ નામે પ્રસિદ્ધ છે ( **મત્સ્યપુરાણ**, પા૦ ૧૯૩ ).

**नलकानन.** નીલેઇન્દ શબ્દ જુઓ.

**नलकालिक.** નીલેઈન્દ શબ્દ જુઓ.

**नलपुर.** ગ્વાલિયરથી નૈઋત્યમાં ચાળીસ મૈલ ઉપર સિંધુ ( કાલિસિંધ ) નદી ઉપર આવેલું નરવર તે. એ નળ–દમયંતિની કથાવાળા નળ રાજાની રાજધાની હતું. ( **દિલ્લીની આર્કિ૦ સોસાઇટીનું જર્નલ, ૧૮૫૩, પા૦ ૪૨; ટોડ–રાજસ્થાન, પુ૦ ૨, પા૦ ૧૧૯૭** ) એ નૈષધની રાજધાની હતું.

**नलिनी.** પદ્મા નદી તે જ. ( **રામાયણ, બાલકાંડ, સર્ગ ૪૩; નીલકંઠરાયનો મુર્શિદાબાદનો ઇતિહાસ, પા૦ ૫૭**). પરન્તુ પદ્મપુરાણ, ઉત્તરખંડ, અધ્યાય, ૬૨ અનુસાર નલિની અને પદ્મા ( **પદ્માવતી** ) એ જુદી જુદી નદીઓ હોવાનું જણાય છે. નલિની નદીને ગંગા નદીના મૂળ પાસેથી પૂર્વમાં વ્હેતી મોટી નદી તરીકે વર્ણવેલી હોવાથી એ બ્રહ્મપુત્રા હોવાનું ખરૂં જણાય છે. ( **રામાયણ, આદિ, સર્ગ ૪૩; નવીનચંદ્રદાસનું એશિયાનો પ્રાચીન ભુગોળ** ). નલિનીને વટોદકા પણ કહે છે ( **પદ્મપુરાણ, સર્ગ (આદિ), અ૦ ૨** ).

**नवगांधार.** કંદહારને મૂળ ગાંધાર કહેતા. કનિષ્કના પેશાવરમાંના સ્તૂપમાંથી બુદ્ધનું ભિક્ષાપાત્ર આ સ્થળે આણવામાં આવ્યું હતું. પેશાવર તે જ ખરૂં ગાંધાર. ( **બુદ્ધને બુદ્ધપદ મળતી વખત ચાર રક્ષક દેવતાઓએ ચાર ભિક્ષા પાત્ર આપ્યાં હતાં જેમને બુધ્ધે એકજ દેખાય એમ કર્યું હતું.** ) આ ભિક્ષા પાત્ર બુધ્ધે લચ્છવીઓને આપેલું હોવાથી વૈશાલીમાં રખાતું. જ્યાંથી બીજી સદીમાં કનિષ્ક એને લઈ ગયો હતો. અને જ્યારે કિટોલોએ ગાંધાર

Aho ! Shrutgyanam

સર કર્યું ત્યારે ગાંધારીઓ પાંચમા સૈકામાં એ દેશ તજીને આવતી વેળાએ ભિક્ષાપાત્ર પોતાની સાથે કંધારમાં લઈ આવ્યા હતા. ( **આર્કી૦ સે૦ રિપોર્ટ, પુ૦ ૧૬, પા૦ ૮ થી ૧૨; લેગનો ફાહિયાન, પ્રકરણ ૧૧, પા૦ ૩૫ ઉપરની ટિપ્પણી; રોલિન્સનનો હીરોડોટસ, પુ૦ ૧, પા૦ ૬૭૫ ઉપરની ટિપ્પણી** ).

**નવદ્વીપ.** વૈષ્ણવોના મતવ્ય પ્રમાણે વિષ્ણુના છેલ્લા અવતાર ચૈતન્યની જન્મભૂમિ નદિયા તે જ. ગંગા નદીના હાલના નવદ્વીપને સામે કિનારે ચૈતન્યની જન્મભૂમિ નવદ્વીપ આવેલું હતું. બંગાળાના નદિયા જીલ્લામાં આવેલા પ્રાચીન ગામ કુલિઆની જગ્યા ઉપર હાલનું નવદ્વીપ વસેલું છે. જે નવ ન્હાના ન્હાના ટાપુઓ મળીને હાલનું નવદ્વીપ થયેલું છે તેમનાં મૂળ નામને સારૂ વૈષ્ણવ કવિ નરહરિદાસનું "નવદ્વીપ--પરિક્રમા" જુઓ. ચૈતન્યનો જન્મ શાક ૧૪૦૭ યાને ઇસ્વી-સન્ ૧૪૮૫ માં થયો હતો. એઓશ્રી પૂરીમાંથી શાકે ૧૪૫૫ યાને ૧૫૩૩ માં અદશ્ય થયા હતા. ઉત્કલ શબ્દ જુઓ. શ્રીચૈતન્ય એક વૈદિક બ્રાહ્મણના પુત્ર હતા. એમની ચોવીસ વરસની ઉમરે અદ્વૈતે એમને પોતાની સ્ત્રીને ત્યજીને સાધુ થઈને સન્યસ્ત લઈને બનારસ જવાને પ્રેર્યા હતા. શ્રીચૈતન્યે પોતાના અનુયાયીઓને હરિનું નામોચ્ચારણ કરવાનો અને તેમનું ચિંતન કરવાનો, સંસારનો ત્યાગ કરવાનો અને વૈષ્ણવ માત્રની સાથે ભોજન વ્યવહાર કરવાનો ઉપદેશ કર્યો હતો. એના અનુયાયીઓ હાલના ગોંસાઈઓ તે. શ્રીચૈતન્યના સમયથી બંગાળના સાહિત્યનો ઉદય થાય છે. બંગાળાની છેલ્લી રાજધાની નવદ્વીપ હતું. આ સ્થળે વલ્લભસેનનો પ્રપૌત્ર અને લક્ષ્મણસેનનો પૌત્ર લક્ષ્મણીય યાને અશોકસેન પોતાની રાજ્યગાદી રાખતો. બખ્તીયાર-ખિલજીએ નવદ્વીપ જીતી લઈને ત્યાંથી તેને હાંકી કાઢી બંગાળની રાજધાની ફરીથી એકવાર ગૌડમાં આણી હતી. નવદ્વીપની વિદ્યાપીઠની હકીકત સારૂ મિથિલા શબ્દ જુઓ.

**નવદેવ કુલ.** અયોધ્યામાં બાંગરમાઉ ગી પાસે ઊનાવોથી નૈઋત્યમાં તેત્રીસ-મૈલ ઉપર આવેલું નેવલ તે. આ સ્થળ કનોજથી આગ્નેયમાં ૧૯ મૈલ ઉપર આવેલું છે. પોતાની યાત્રામાં હ્યુન્શાંગ આ સ્થળે આવ્યો હતો. ( **ફ્યુરરનું મોન્યુ૦ ઇન્સ્ક્રિ૦** ) આલવી એ જ આ સ્થળ (**આલવી શબ્દ જુઓ.**)

**નવત્રીપદી.** તીરનલવેલ્લિથી ( **તીનેવેલી** ) પૂર્વમાં ૨૦-મૈલ ઉપર આવેલું નવતિરૂપદી તે જ. શ્રીચૈતન્ય પોતાની યાત્રામાં અહિં આવ્યા હતા. (**અર્ચાવતાર-સ્થળ-વૈભવ-દર્પણમ, પા૦ ૬૪** ).

**નવરાષ્ટ્ર.** મુંબઈ ઇલાકાના ભરૂચ જીલ્લામાં આવેલું નૌસારી તે. ટૉલેમિએ નોવાગ્રામ કહ્યું છે. ( **મહાભારત સભાપર્વ, અ૦ ૩૧** ).

**નાગનદી.** અચીરવતી તે. ( **ઇત્સિંગના બૌદ્ધ ધર્મના લખાણો, પા૦ ૧૮૫** ).

**નાગપુર.** હસ્તિનાપુર તે. ( **મહાભારત, વન પર્વ, અ૦ ૧૮૩.** )

**નાટક.** લાટ તે જ. ( **મહાભારત, સભાપર્વ, અ૦ ૩૦.** )

**નાટિક.** વૈશાલી (**બેસાર**)નું એક પરું વિશેષ. એ પરામાં જ્ઞાત્રિક ક્ષત્રિઓ રહેતા હતા. જૈનોના છેલ્લા તીર્થંકર મહાવીર આ જાતના હતા ( **જેકોબીના જૈન-સુત્ર, સે૦ બુ૦ ઈ૦ પુ૦ ૨૨, પા૦ ૧૧** ).

**નાદેશ્વર.** બિંધુસર (**એક**) તે જ. (**બૃહત્-નારદીયપુરાણ, ખં૦ ૧, અ૦ ૧૬** ).

**નાગર્હદ.** મોટા પામીરમાં આવેલું સરીકકુલ નામનું સરોવર તે. ( **બિલનું રેકર્ડ-વેસ્ટર્ન-કંટ્રી, ૨, પા૦ ૨૯૭ ટિપ્પણી**).

Aho ! Shrutgyanam

**નારાયણી.** ગંડક નદી તે જ.

**નારાયણસર.** કચ્છના રણના પશ્ચિમ છેડા તરફ લખપતથી નૈઋત્યમાં ૧૮ મૈલ ઉપર–સિંધુ નદીના મુખ આગળ આવેલું સરોવર વિશેષ. ( **ભાગવતપુરાણ, સ્કં૦ ૬, અ૦ ૫** ). આ સ્થળ બહુજ પવિત્ર અને દ્વારિકાની બરોબરીનું ગણાય છે. ઉતરમાં માનસ, પૂર્વમાં ભુવનેશ્વરમાં આવેલું બિંધુ, દક્ષિણમાં પંપા, પશ્ચિમમાં નારાયણ–અને મધ્યમાં પુષ્કર એ પાંચે સરોવર પવિત્ર ગણાય છે.

**નારાયણપર્વત.** બદરિકાશ્રમમાં અલકનંદાના ડાબા કિનારા ઉપર આવેલો ડુંગર વિશેષ.

**નાલંદ.** રાજગિરથી વાયવ્યમાં ૭ મૈલ ઉપર પટના જીલ્લામાં આવેલું બરગાં તે જ. ૧૩મા સૈકામાં આ સ્થળ બુદ્ધ સંપ્રદાયની સુપ્રસિદ્ધ વિદ્યાપીઠ હતું. વિહાર–ગ્રામ નામ ઉપરથી બરગાં નામ વિકૃત થયેલું છે. નાલંદ મોટું શહેર હોઈ એમાં ઘણા ઘોડા હાથી અને માણસો વસતાં હતાં. ઈંટોનાં વિશાળ ખંડેરોમાં ખેતરોના ચતુષ્કોણ આકાર ઉપરથી જર્નલ કનિંગ્હામે ૧૬૦૦ ફીટ લાંબી અને ૪૦૦ ફીટ પ્હોળી જગ્યા શોધી કાઢી હતી. પૂર્વે એ જગ્યાએ મ્હોટો વિહાર હતો. અધુના કાંઈ યે નથી. આ ખુલ્લી જગ્યામાં હ્યુન્‌શાંગે એક વંડામાં આવેલા આઠ ઓરડાનું વર્ણન કર્યું છે. (**કનિંગ્હામની એન્શીયન્ટ જ્યૉગ્રોફી, પા૦ ૪૭૦; મહાપરિનિબ્બાણસુત્ત, સેક્રેડ બુક ઑફ ધી ઈસ્ટ, પુ૦ ૧૧, પા૦ ૧૨** ) આમાંથી ૬ ન્હાના વિહારોની હદો આ ખુલ્લા ખંડેરોમાં જણાય છે. બિહારનાં બધાં છુટાં છુટાં મકાનો આખા વિહાર ફરતી ઈંટોની દિવાલની અંદર આવી જાય છે. એ દિવાલમાં એક જ દરવાજો છે, જે મોટા વિહારમાં પડે છે. ( **બિલની લાઇફ ઑફ હ્યુન્‌શાંગ, પા૦ ૯** ). બુદ્ધના સુપ્રસિદ્ધ શિષ્ય સારીપુત્રનો જન્મ અહિં થયો હતો. ( **બિંગડેડની ગોડમૂનું જીવન–ચરિત્ર, લેગનું ફાહિયાન, પા૦ ૮૧** ) પરન્તુ હ્યુન્‌શાંગના કહેવા પ્રમાણે સારીપુત્રનો જન્મ નાલંદાથી આગ્નેયમાં ૪ મૈલ ઉપર આવેલી કાલપિનાક નામની જગ્યાએ થયો હતો. ભદ્રકલ્પ અવદાન અનુસાર સારીપુત્ર રાજગૃહની પાસે આવેલા નારદગ્રામમાં જન્મ્યો હતો. ધર્મપતિની સ્ત્રી સારીને કૂંખે થયેલા સાત પુત્રોમાં સારીપુત્ર ન્હાનામાં ન્હાનો પુત્ર હતો. મહાવસ્તુ અવદાન પ્રમાણે ( **નેપાળનું સંસ્કૃત બૌદ્ધ સાહિત્ય, પા૦ ૧૩૮** ) સારીપુત્રનો જન્મ રાજગૃહથી ૪ મૈલ દૂર આવેલા અલંદ નામે સ્થળે થયો હતો. નારદગ્રામ અને અલંદ આ બેઉ નામો નાલંદા ઉપરથી વિકૃત બનેલાં હોય આમ જણાય છે. સારીપુત્રનું મૃત્યુ પણ નાલંદામાં થયું હતું ( **જાતક, કેમ્બ્રીજની આવૃત્તિ, પુ૦ ૫, પા૦ ૬૪, પણ પુસ્તક ૧, પા૦ ૨૩૦ મું જુઓ**). સારીપુત્રના જન્મસ્થાન ઉપર શંકર અને મુદરગામીન્ નામના બે ભાઈઓએ સુપ્રસિદ્ધ વિહાર બાંધ્યો હતો. ( **ડૉ૦ આર૦ એલ૦ મિત્રનું બુદ્ધ ગયા, પા૦ ૨૩૮–૨૪૨** ). પણ હ્યુન્‌શાંગના કહેવા પ્રમાણે આ વિહાર શુકદિત્યે બંધાવ્યો હતો. ( **બિલ, રેકર્ડ ઑફ વેસ્ટર્ન કંટ્રી, પુ૦ ૨, પા૦ ૧૬૮** ) પહેલા સૈકામાં બુદ્ધનું મહાયાન દર્શન પ્રવર્ત્તાવનાર સુપ્રસિદ્ધ નાગાર્જુન નાલંદાના વિહારમાં રહેતો હતો. તેથી તે કાળે આ વિહાર મધ્ય હિંદુસ્થાનમાં મહાયાન મતની એક પીઠ બની રહ્યો હતો. ( **કોશલ–દક્ષિણ શબ્દ જુઓ** ). સાતમા સૈકામાં હ્યુન્‌શાંગ આદિ ઘણા ચીના યાત્રીઓ અહીં અભ્યાસ કરતા હતા. નાલંદાનું મોટું

Aho ! Shrutgyanam

દેવળ બુદ્ધગયાના મોટા દેવળ જેવું જ હતું. આ દેવળ ઈશુ ખ્રીસ્ત પછીની પહેલી સદીની આખરમાં થયેલા બાલાદિત્યે બંધાવ્યું હતું (ડૉ૦ **આર૦ એલ૦ મિત્રનું બુદ્ધગયા, પા૦ ૨૪૭** ) રસ્તાની જમણી બાજુએ ઉત્તર તરફ ડુંગરાઓ આવેલા છે તેમાંના ત્રીજા ડુંગરા ઉપર આ સ્થળ હતું એમ કનિંગ્હામ કહે છે. કેટલાએક લખનારાઓના કથનાનુસાર આ દેવળ જે જગાએ સારિપુત્રને અગ્નિદાહ કર્યો હતો તે જગ્યાએ બાંધ્યું હતું ( **લેગનું ફાહિયાન, પા૦ ૮૧** ). આ દેવળ નાલંદાના વિહારની વાયવ્યે હોઇ તેમાં બુદ્ધની મોટી મૂર્તિ આવેલી છે. હ્યુન્શાંગના કહેવા મુજબ દસ હજાર અને ઈત્સિંગના કહેવા પ્રમાણે ત્રણ હજારથી વધારે શ્રમણો ત્યાં એક જ વંડામાં બાંધેલાં છ મોટાં મકાનોમાં રહેતા હતા. મકાનોનો આ આખો સમૂહ મળીને વિહાર બન્યો હતો અને તેમની બાંધણી હિંદુસ્થાનના સુંદરમાં સુંદર મકાનોના જેવી હતી. ( **ઈત્સિંગના બૌદ્ધધર્મના લખાણો, પા૦ ૬૫** ) હ્યુન્શાંગ અને ઈત્સિંગ એમણે ઘણા વર્ષો સુધી નાલંદાના વિહારમાં રહીને અભ્યાસ કર્યો હતો. બરગામ, બેગમપુર, મુસ્તફાપુર, કપટિયા અને આનંદપુર એ ગામડાઓની વચ્ચે થઈને જતા રસ્તાની બન્ને બાજુએ ઉંચા ટેકરા અને ઇંટોનાં ખંડેરો આવેલાં છે. એ પાંચે ગામડાઓના સમુહને બરગામ કહે છે. આ ઉંચા ટેકરાઓ નાલંદાના મોટા વિહારને લગતા દેવળોનાં ખંડેરોના છે. આ ખંડેરોની ઉત્તરની બાજુએ એક વંડામાં એક મ્હોટો ટેકરો આવેલો છે ત્યાં બુદ્ધની ઘણી મોટી અને સુંદર પ્રતિમા છે. આ પ્રતિમા બુદ્ધગયામાં બુદ્ધની જે પ્રતિમા છે તેના જેવી જ છે. ઉપર કહી ગયા તેમ આ મૂર્ત્તિ બાલાદિત્યના દેવળમાં આવેલી હતી. બાલાદિત્યના વિહારની દક્ષિણે આવેલો ત્રીજો ટેકરો તે આ સ્થળ. કનિંગ્હામે આ વિહાર વંડાની વાયવ્યમાં આવેલા એક ટેકરા ઉપર હોવાનું વર્ણવ્યું છે. બીજી કોઈ પણ જગ્યાના કરતાં બરગામમાં ઘણી સુંદર આકૃતિઓ, તેમ ઉત્કૃષ્ટ કલાપૂર્ણ શિલ્પી નમૂના આવેલા છે. વિહારની દક્ષિણે એક તળાવ આવેલું છે. આ તળાવમાં નાલંદા નામનો એક સપક્ષ સર્પ રહેતો હતો. કરગીદ્દ પોખર તે જ આ તળાવ, આમ કનિંગ્હામ કહે છે. કુશીનાર જતાં નાલંદની પાવારિક નામની અમરાઈમાં બુદ્ધ ઉતર્યા હતા. આ જગ્યાએ પછીથી પ્રસિદ્ધ બૌદ્ધ વિદ્યાપીઠ થઈ ( **હ્રીસડેવિડસના બુદ્ધનાં પ્રશ્નોત્તર, કેવદ્ધસુત, પા૦ ૨૭૬** ). બરગામમાં એક સૂર્યનું દેવળ પણ આવેલું છે. તેમ જ જૈનોના છેલ્લા તીર્થંકર મહાવીરનું સુંદર દેવળ પણ છે. મહાવીરે આ દેવળમાં ૧૪–પજ્જુષણો કર્યાં હતાં. એટલે કે એમણે આ દેવળમાં ૧૪ ચોમાસાંઓ વ્યતીત કર્યાં હતાં. (**સ્ટીવન્સનનું કલ્પસૂત્ર, અ૦ ૬** ). બરગામ તે મહાવીરની જન્મભૂમિ કુંડપુર જ છે આમ કહેવાય છે. પરંતુ ડૉ૦ હોર્નલે એ સાબિત કર્યું છે કે કુંડપુર યાને કુંડગ્રામ એ વૈશાલીમાં આવેલું એક સ્થળ હતું ( **હોર્નલેનું ઉવાસગદસાઓ જુઓ; બૂલરનું હિંદુસ્થાનના જૈનો, પા૦ ૨૫; સે૦ બુ૦ ઈ૦ પુ૦ ૨૨, પા૦ ૨૨૩** ). બરગામ એ કુંડપુર છે એવા જૈનોના ભૂલભરેલા મંતવ્યથી હિંદુઓ આગળ વધીને કહે છે કે કુંડપુર તે શ્રીકૃષ્ણના રાણી રૂકમણી જનમ્યાં હતાં તે કુંડીનપુર છે. જો કે નાલંદા યાને બરગામ એ મહાવીરની જન્મભૂમિ કુંડપુર નથી છતાં મહાવીર ત્યાં રહ્યા હતા આમ જણાય છે. મહાવીર નાલંદમાં હાલ જ્યાં શ્રાવકનું દેવળ છે ત્યાં રહ્યા હતા. અને શ્રીબુદ્ધ તો પાવરિક અમરાઇમાં રહેતા



Aho ! Shrutgyanam

હતા. ત્યાં રહ્યા હતા તે વખતે બુદ્ધે મહાવીરના **પ્રસિદ્ધ** શિષ્ય ઉપાલીને બૌદ્ધમતમાં લીધો હતો. આ ઉપાલી મહાવીરનો માનીતો શિષ્ય હોઈ એક ગ્રહપતિ હતો. આ ઉપાલી તે એ જ નામધારી જેણે વિનયપિટ્ટક સંગ્રહ્યું છે તે નહિ. પોતાના પટ્ટ શિષ્યે બૌદ્ધ ધર્મ અંગીકાર કરવાથી મહાવીર નાલંદાના શહેરમાંથી નિકળીને પાપા ( **પાવા** ) ગયા હતા. પાવામાં ભગ્નહૃદય થઈને તેઓ નિર્વાણ પામ્યા હતા ( **સ્પેન્સ હાર્ડિનું બુદ્ધિઝમ, બીજી આવૃત્તિ, પા૦ ૨૭૪; સ્ટીવનસનનું કલ્પસૂત્ર, અ૦ ૬** ). સાતમા સૈકાના પાછલા ભાગમાં ઈત્સિંગ નાલંદમાં રહેતો હતો તે વખતે નાલંદાના વિહારની પાસે દસ કરતાં વધારે મોટાં મોટાં તળાવ હતાં. જ્યારે ઘંટાનાદ થાય ત્યારે સેંકડો અગર કોઈ કોઈ વખતે હજારો શ્રમણો આ તળાવોમાં એક સાથે સ્નાન કરતા હતા ( **ઈત્સિંગનું બુદ્ધધર્મનાં લખાણો, પા૦ ૧૦૮** ). હાલ પણ બરગામની આજુબાજુ દીઘી, પન્સોખાર, સંગરખા, ભૂનઇપોકર આદિ ઘણાં મોટાં તળાવો આવેલાં છે. એમાંનાં કેટલાંએક હાલ સુકાઇ જઇને તેમાં ખેતી થાય છે. બુદ્ધના સમયમાં નાલંદા (**બરગામ**), વિક્રમશિલા ( **પાથરઘાટા** ), તક્ષશિલા ( **ટેકસિલા** ), વલ્લભી ( **વળા** ), ધનકટક ( **અમરાવતી** ) અને કાચીંપુર ( **કાંજેવરમ** ) આદિ છ વિદ્યાપીઠો હતી. પ્હેલી બે વિદ્યાપીઠો પૂર્વ હિંદમાં અને બાકીની અનુક્રમે ઉત્તર, પશ્ચિમ, મધ્ય અને દક્ષિણ હિંદમાં હતી. સાતમા સૈકામાં વિદર્ભમાં પદ્મપુરમાં પણ એક વિદ્યાપીઠ હતી આમ જણાય છે. ઉજ્જૈની, તક્ષશિલા અને બનારસની વિદ્યાપીઠો સનાતન–ધર્મની હતી. નાલંદાની વિદ્યાપીઠ, તક્ષશિલાની વિદ્યાપીઠ પછી ઈસ્વી સન્ પૂર્વે પ્હેલા સૈકામાં સ્થપાઇ હતી અને ઇસ્વીસનના ૧૨મા સૈકામાં મુસલમાનોએ બખ્તિયાર ખિલજીની આગેવાની નીચે એનો નાશ કર્યો ત્યાંસુધી આ વિદ્યાપીઠ નામનું જ અસ્તીત્વ ભોગવતી હતી. ડૉ. આર. મિત્રના નેપાળના બૌદ્ધ સંસ્કૃત વાઙ્મયમાં ભદ્રકલ્પ અવદાનમાં કહ્યા પ્રમાણે કેલીક યાને કુલીક બુદ્ધના શિષ્ય મૌદગલ્યની જન્મભૂમિ હતું. બરગામના ખંડેરોથી નૈઋત્યમાં ૧ મૈલથી સહજ વધારે છેટે આવેલો જગદીશપુરનો ટેકરો એ આ સ્થળ છે એમ કનિંગહામ કહે છે. ( **આર્કે૦ સર્વે૦ રિ૦ પુ૦ ૧, પા૦ ૨૯** ) રાજગિર અને નાલંદાની વચ્ચે અમ્બલટ્ઠિકા નામનું ગામ આવ્યું હતું જેમાં વિશ્રામગૃહ હતું ( **ચુલ્લવગ્ગ, ૧૧, ૧, ૮** ).

**नासिक्य** પંચવટી તે જ ( **વાયુપુરાણ, પૂર્વખંડ, અ. ૪૫** ); નાસિક ટૉલેમિએ નાસિક નામનો ઉલ્લેખ કર્યો છે.

**निकाइ** ( **ગ્રીક લોકોએ આ નામનો ઉલ્લેખ કર્યો છે.** ) મહાન સિકંદર અને પોરસની વચ્ચેનું સુપ્રસિદ્ધ યુદ્ધ જે સ્થળે થયું હતું તે જ મોંગ ( **કનિંગ્હામની એન્શિયન્ટ જૉગરોફી, પા૦ ૧૭૪** ). મોંગને હાલ મુર્ગ કહે છે. એ સ્થળ પંજાબના ગુજરાત જીલ્લામાં ઝેલમ નદીને કાંઠે આવેલું છે. કહેવાય છે કે સિકંદરે રણક્ષેત્ર ઉપર આ શહેર વસાવ્યું હતું. પૂર્વે ૧૭ મા સૈકામાં હિંદુસ્થાનની મુસાફરીએ આવેલો પરચાસ કહે છે કે આ યુદ્ધ ડેટી નામના શહેરમાં થયું હતું. એ શહેરમાં પિત્તળનો બનાવેલો વિજય–સ્તંભ કાયમ છે. ( **પરચાસની મુસાફરી** ).

**निगरहार** નગરહાર તે જ ( **બ્રહ્માંડપુરાણ, અ૦ ૪૯, શ્લોક ૭૦** ).

Aho ! Shrutgyanam

**निगमोद्बोध** જૂની દિલ્લી ( **ઇંદ્રપ્રસ્થ** ) ના જૂના કલકત્તા દરવાજાની પાસે આવેલો જમનાનો નિગંબોધ નામનો ઘાટ વિશેષ. આ સ્થળ યમુના ઉપરનું એક યાત્રા સ્થળ છે એમ પદ્મપુરાણમાં કહ્યું છે ( **પદ્મપુરાણ, ઉત્તરખંડ, અ૦ ૬૬** ).

**निचाक्ष** દેવીપુરાણના ૪૨ મા અધ્યાયમાં જેનો ઉલ્લેખ કરેલો છે એવી ડુંગરી વિશેષ. વખતે કાલિદાસે કહેલું નિચૈરાખ્ય એ આ હોય.

**निचटगिरि** ભોપાળના રાજ્યમાં ભિલસાની દક્ષિણે ભોજપુર સુધી આવેલી નીચી પર્વતમાળા તે. ( **કાલિદાસનું મેઘદૂત પૂર્વ, શ્લોક ૨૬; કનિંગ્હામનું ભિલસાના સ્તુપો, પા૦ ૩૨૭** ). આ પર્વતમાળાને ભોજપુરડુંગરો પણ કહે છે.

**निचुलपुर** (**મદ્રાસ–પ્રાંતમાં આવેલું ત્રિચિનોપોલી તે. અરકાવતાર સ્થળ–વૈભવ દર્પણમ્**). ત્રિચિનોપોલી નામ ત્રિષિરપલ્લીનું દેખીતું વિકૃત રૂપ છે. (**એપિ૦ ઇંડિ૦ પુ૦ ૧, પા૦ ૫૮** ).

**निबारा** ભીમા નદીને મળનારી નીરા નદી તે જ. (**પદ્મપુરાણ, સ્વર્ગ, આદિ, અ૦ ૩** ) આ નદી પશ્ચિમઘાટમાંથી નિકળે છે.

**निच्छवी** તિર્હુક્તિ તે જ. ( **પુરૂષોત્તમદેવનું ત્રિકાંડશેષ, અ૦ ૨** ) નિચ્છવી એ લિચ્છવીનું વિકૃત રૂપ છે એ ખુલ્લું છે. લિચ્છવીઓ નામની લડાયક જાતિ બુદ્ધના સમયમાં તિર્હુતમાં રહેતી અને વૈશાલીમાં એમની રાજધાની હતી.

**नैरंजन** ફલગુ નદી તે જ. ( **અશ્વઘોષનું બુદ્ધચરિત**). આ નદીની બે શાખાઓના નામ નીલાજન અને મોહના એવાં છે. બે મળીને થતા સ્રોતને ફલગુ કહે છે. નીલાજન યાને નિરંજનની પશ્ચિમે થોડે દૂર બુદ્ધ ગયા આવેલું છે. હજારી બાગના જીલ્લામાં સુમેરિયા અગાડી આ નદીનું મૂળ આવેલું છે.

**निर्विन्ध्या** માળવામાં વેત્રવતી ( **બેટવા** ) અને સિંધ નામની નદીઓની વચ્ચે ચંબલને મળનારી નદી વિશેષ. ( **મેઘદૂત, પૂર્વ, શ્લોક ૩૦–૩૧** ). માળવામાં આવેલી કાલીસિંધ નદી તે જ આ એમ ઠેરવ્યું છે. ( **બુદ્ધિસ્ટ ટેકસ સોસાઇટીનું જર્નલ, પુ૦ ૫, પા૦ ૪૬—ચૈતન્યનું જીવન ચરિત્ર; મેઘદૂત, શ્લોક ૨૯** ). પણ આ ખરૂં જણાતું નથી. કેમકે કાલિદાસની સિંધુ ( **મેઘદૂત–પૂર્વ, શ્લોક ૩૦** ) તે કાલીસિંધ હોય એમ જણાય છે. બેટવા અને કાલીસિંધ નદીઓની વચ્ચે ચંબલને મળનારી એક બીજી નાની નદી નેવજ એ નિર્વિંધ્યા હોવી જોઈએ (**થૉર્નટનના ગેઝેટિયરમાં ગ્વાલિયર અને ભોપાળ શબ્દ જુઓ**). નેવજ નદીને જમનિરી પણ કહે છે. (**ટૉડનું રાજસ્થાન, પુ૦ ૧, પા૦ ૧૭** ).

**निवृत्ति.** પુંડ્ર–દેશનો પૂર્વાર્ધ ભાગ જેમાં દિનાજપુર, રંગપુર ને કુચબિહારનો સમાવેશ થાય છે. આનું મુખ્ય નગર બર્દ્ધનકૂટિ હોય એમ જણાવ્યું છે. વેસ્ટમેકોટને મતે પુંડ્રવર્ધન તે જ બર્દ્ધનકૂટિ છે.( **જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૭૫, પા૦ ૧૮૭** ). ગૌડને પણ નિવૃત્તિ કહેતા. (**ત્રિકાંડશેષ**).

**निश्चिरा.** ગયાની પાસે મોહના નદીને મળનારી લીલાજન નદી તે જ. આ બે નદીઓ મળીને ઉદ્ભવતી નદી ફલગુ કહેવાય છે. ( **અગ્નિ પુરાણ, અ૦ ૧૧૬; માર્કણ્ડેય પુરાણ, અ૦ ૫૭**). બુદ્ધ લોકો એને નિરંજર કહેતા.

**निषध.** (૧) મારવાડ. નળરાજાની રાજધાની તે જ. ( **ટૉડનું રાજસ્થાન, પુ૦ ૧, પા૦ ૧૪૦; મહાભારત, વનપર્વ, અ૦ ૫૩** ). નરવર નામ નલપુર ઉપરથી વિકૃત થઈને બનેલું છે. પુરાણમાં કહેલા નવ નાગોનું આ રાજ્ય હતું. ગ્વાલિયરથી નૈઋત્યમાં ૪૦ મૈલને છેટે સિંધના જમણા કિનારા ઉપર એ આવેલું

Aho ! Shrutgyanam

હતું. નળરાજાનું રાજ્ય નિષધ વરાડના વાયવ્યમાં નીચી પર્વતમાળા સાતપુડાને લગતું આવ્યું હતું એમ લૅાસેનનું કહેવું છે. બર્જેસ એને માળવાની દક્ષિણે આવ્યાનું કહે છે. **( બર્જેસના કાઠિયાવાડ અને કચ્છના પ્રાચીન સ્થળો, પા૦ ૧૩૧ ).**

**निषध.** (૨) કાબુલ-નદીને ઉત્તરે અને ગંધમાદનની પશ્ચિમે આવેલા હાલ જેને હિંદુકુશ કહીએ છીએ તે પર્વતો. **( લાસેનનો આકટ્રિયા અને ઇંડાસીથીયન સિક્કાઓ પરથી પ્રાપ્ત થતો ઇતિહાસ એ નામનો લેખ જ૦ એ૦ સો. બં૦ પુ૦ ૧૯(૧૮૪૦), પા૦ ૪૬૯ ઉપરની ટિપ્પણી).** ગ્રીક લોકો આ પર્વતને પેરોપેમીસસ કહેતા. પેરોપેમીસસ નામ દેખીતું પર્વત–ઉપ–નિષધ નામ ઉપરથી કિંવા નિષધની પર્વતમાળાના છેક પશ્ચિમ શિખર પારિપાત્ર ઉપરથી વિકૃત થયેલું હોય આમ સાફ જણાય છે. **(બ્રહ્માંડ પુરાણ, અ૦ ૪૪, શ્લોક ૯ ).** પામીર નામ પણ કદાચિત પારીપાત્ર ઉપરથી વિકૃત થઇને બન્યું હોય. પેરોપેમિસસ, હિંદુકુશ અને કો–ઈ–બાબા એ મહાન હિમાલય પર્વતમાળાના પશ્ચિમ તરફના ફાંટાનાં જુદાં જુદાં શિખરો હોય એમ જણાય છે.

**निषादभूमि.** નિષાધભૂમિ જુઓ.

**निषाधभूमि.** નિષાદો અને નિષાધો યાને ભીલ લોકોનો પ્રદેશ. આ જાતિ પ્હેલાં મારવાડ અને જોધપુર રાજ્યમાં રહેતી. ત્યાંથી બીજી જાતિઓએ તેમને દક્ષિણ તરફ હાંકી કાઢયાથી તેઓ માળવાની પશ્ચિમ સરહદ ઉપર આવેલા પર્વતોમાં અગર ખાનદેશના વિંધ્યા અને સાતપુડાના ઉચ્ચ પ્રદેશોમાં અથવા મહી નદીના, નર્મદાના અને તાપીના જંગલો અને ડુંગરાળ કિનારા પર વસી છે. **(માલકમનો મધ્ય હિંદુસ્થાનનો ઇતિહાસ, પુ૦ ૧, પા૦ ૪૫૨ ).**

**निसा.** હસ્ત નગરથી ઉતરાણમાં આશરે ૭ મૈલ ઉપર કાબુલ નદીને ઉત્તર કિનારે આવેલું નિસત્ત તે જ. **( મેકક્રીન્ડલનો મેગસ્થનીસ અને એરિયનના પા૦ ૧૮૦ માં સેંટ માર્ટિનના કથનનો આપેલો ઇતેખાબ ).** મેકક્રીન્ડલનું મંતવ્ય છે કે નગર અથવા ટૅાલેમિએ કહેલું ડિયૅાનીસોપોલિસ અગર તો પ્રાચીન નગરહાર તે જ નિસા **( નગરહાર શબ્દ જુઓ ).**

**निराहार.** નગરહાર તે જ. **( મત્સ્યપુરાણ, અ૦ ૧૧૩ ).**

**निरंजर.** નીલાજન તે જ.

**नीलकंठ** નેપાલમાં પુરાતન શતરૂદ્ર પર્વત યાને શિવપુરી ડુંગરની તળેટીમાં આવેલું સુપ્રસિદ્ધ યાત્રા સ્થળ, વિશેષ. અહિં નીલકંઠ મહાદેવનું દેવળ છે. આ સ્થળ ખટમંડુની ઉત્તરે ૫ મૈલ ઉપર આવેલું છે. **(બૃહદ્ શિવપુરાણ, ઉત્તરખંડ, અ૦ ૩૨ ).**

**नीलाचल.** ઓરિસામાં પુરીમાં જે ટેકરી ઉપર જગન્નાથનું દેવળ હોવાનું મનાય છે તે. **( પદ્મપુરાણ, પાતાળ., અ૦ ૯ ).** એની આજુબાજુ આવેલા મેદાન કરતાં આ ડુંગરી વીસ ફુટ ઉંચી છે.

**नीलाचल** (૨) આસામમાં ગૌહતી આગળ આવેલી એક ડુંગરી વિશેષ: એના ઉપર કામાખ્યા દેવીનું દેવળ આવેલું છે.

**नीलाचल.** (૩) હરદ્વારની ડુંગરીઓ **( મહા ભારત, અનુશાસન, અ૦ ૨૫ ).**

**नीलाजन.** ફલ્ગુ–નદીનો ઉપલાણનો ભાગ. એને લીલાજન પણ કહે છે. મહાવગ્ગમાં એને નિરાંજરા કહી છે. **( ખં૦ ૧, અ૦ ૧. )** આ નદી સુંદર ઉંડી અને સાંકડી ખોમાં થઇને વહે છે. એ ખોને ખઇબાનેર કહે છે. એના બન્ને કિનારે પર્વતો આવી રહેલા છે. આ પર્વતો વૃક્ષ–વિહીન અને ઉજ્જડ છે. આ નદી ઘણી ઉંચાઈથી

Aho ! Shrutgyanam

માલુદા નામની મનોહર ખીણમાં પડે છે. આ સ્થળ હજારીબાગ જીલ્લાના પેટા વિભાગ ચતરાથી આશરે ૬મૈલ દૂર આવેલું છે. માલુદાના ઘોષનો અવાજ ઘણે દૂરથી સંભળાય છે. બુદ્ધગયાનાં વિશાળ ખંડેરો આગળથી આ નદી બે રેતાળ પાત્રમાં ફંટાઇ જાય છે. પૂર્વ તરફના મોટા ફાંટાને નીલાજન યાને નીરિંચીય કહે છે. (**નીરિંચીય**) નિરંજનનું પાલી રૂપ છે. ( **માર્ટિનનું પૂર્વ હિંદુસ્થાન, પુ૦ ૧, પા૦ ૧૪**).

**नेपाल.** નેપાળ તે જ. ( **વરાહપુરાણ, અ૦ ૧૪૫., ૨૧૫, સ્વયંભુ પુરાણ, અધ્યાય ૧**).સ્વયંભુપુરાણ(**અધ્યાય ૩**)માં કહ્યા પ્રમાણે નેપાળની ખીણમાં પૂર્વે નાગબાસ યાને કાલીહ્રદ નામનું સરોવર હતું. આ સરોવરમાં કરકોટક નાગનું રહેઠાણ હતું. એ સરોવર ૧૪ મૈલ લાબું અને ૪ મૈલ પહોળું હતું. દક્ષિણ તરફના પર્વતને વિંધીને મહાચીનના પંચશીર્ષ પર્વતમાંથી નીકળેલી મંજુશ્રી નદી આ તળાવના સુકા પાત્ર ઉપર ફરીવળવાથી સુકું થઈ ગયું છે. આ સ્થળે ઉત્તર તરફના બુદ્ધોના શ્રેષ્ઠ દેવ, સ્વયંભુનાથ, સ્વયંભુ જ્યોતિરૂપ યાને આદિ બુદ્ધનું દેવળ આવેલું છે. આ દેવળ ખટમંડુની પશ્ચિમે આશરે ૧॥ માઇલ દૂર છે. બ્રાહ્મણો જેને પ્રકૃતિ અને પ્રજ્ઞા–સ્વાભાવિકા મતાનુયાયિઓ જેને આર્ય તારા કહે છે તે ગુહ્યેશ્વરીનું દેવળ પણ અહિંયાં આવેલું છે. જેમ વજ્રધાતેશ્વરી, લોચના, મામુખી અને પાંડરા, વૈરોચન, અક્ષોભ્ય, રત્નસંભવ અને અમિતાભ નામના ચાર ધ્યાની બુદ્ધોની શક્તિઓ છે તેમ આર્ય તારા નહીં પણ તારાદેવી પાંચમા ધ્યાની બુદ્ધ અમોઘસિદ્ધની શક્તિ યાને સ્ત્રી છે ( **ઉદંડપુર અને ઉર્વિલ્વ શબ્દો જુઓ** ). તળાવના જે સુકા પાત્રને નેપાળ નામ આપેલું છે તે ઉપર રાજા પ્રચંડદેવના સમયમાં મહાચીન અને પછીથી ગૌડ દેશના લોકોની વસ્તી હતી. ( **સ્વયંભુ પુરાણ, અ૦ ૭** ).

**नेलसिंद.** ત્રાવણકોરમાંનો કોટ્ટયમ તે. (**પેરિપ્લસનું ભાષાંતર, પા૦ ૨૦૮ અને કોફનું પેરિપ્લસમાં ઉલ્લેખ કરાયેલી દક્ષિણ હિન્દુસ્થાનના બે સ્થળોના નામનું પુસ્તક**) ટૉલેમિએ એને નેલકિંડ કહ્યું છે. ( **મેકક્રિંડલનું ટૉલેમી, ભાગ ૭, અ૦ ૧, ઈંડિયન એન્ટિકવરી, પુ૦૧૩ (૧૮૮૪) પા૦ ૩૩૯ માં આવેલો ૯ મો વિભાગ જુઓ**). સામાન્ય રીતે મલબાર કિનારા ઉપર આવેલું નીલેશ્વરમ્ તે આ જગા એમ ધરાય છે. (**યુલનો મારકોપોલો, પુ૦ ૨, પા૦ ૩૨૧**). નેલસિંદ અથવા નેલાક્કંડ એ વખતે જેનો બ્રહ્માંડ પુરાણના ૪૯મા અધ્યાયમાં કહેલો નલકાલિક અને મહાભારતના ભીષ્મપર્વના ૯મા અધ્યાયમાં ઉલ્લેખ કરાયેલો નલકાનન તે યે હોય.

**नैमिषारण्य.** લખનઉથી વાયવ્યમાં ૪૫ મૈલ ઉપર અને સીતાપુરથી ૩૦ મૈલ ઉપર અવધ અને રોહિલખંડ રેલ્વેના નિમસર નામના સ્ટેશનથી થોડે દૂર આવેલું નિમખારવન યાને નિમસર તે જ. આ જગ્યાએ સાઠ–હજાર ઋષિઓ રહેતા હતા. વખતે બધાં પુરાણો આ સ્થળે લખાયેલાં હોય. એ ગોમતી નદીને ડાબે કિનારે આવેલું છે. ( **રામાયણ., ઉત્તરખંડ., સર્ગ ૯૧** ). નૈમિષારણ્યમાં ગોમતીના કિનારે નાગપુર નામનું શહેર આવ્યું હતું.

**नंदगिरि.** ઉત્તર પિનાકિની ( પેન્નર ), દક્ષિણ પિનાકિની અગર પાપઘ્નિ, ચિત્રવતી, કક્ષીર નદી યાને પાલર અને અર્કવતી એ પાંચે નદીઓના મૂળવાળો મૈસૂરમાં આવેલો નંદીદુર્ગ નામનો પર્વત તે. ખડકમાંથી કોતરી કાઢેલા નંદીના મુખમાંથી પાલદ

Aho ! Shrutgyanam

નદી નિકળે છે. ( વિલ્સનનું મેકેન્ઝીના લખાણો, પા૦ ૧૩૬ ). પણ લિંગપુરાણના પહેલા ખંડના ૪૩ મા અધ્યાયમાં અને શિવપુરાણના ચોથા ખંડના ૪૭મા અધ્યાયમાં નંદીદુર્ગની તપશ્ચર્યા કરવા યોગ્ય જગ્યાઓમાં આ પાંચે નદીઓનાં નામ બીજાં આપ્યાં છે. જપ્યેશ્વર શબ્દ જુઓ.

**नंदनवन.** વન શબ્દ જુઓ.

**नंदनसर.** કાશ્મીરમાં પીર પંજાલ પર્વતની ઉત્તર બાજુએ આવેલું પવિત્ર સરોવર.

**नंदा.** સરસ્વતી નદીનો આ નામનો ભાગ વિશેષ ( **પદ્મપુરાણ, સૃષ્ટિ—ખંડ, અ૦ ૧૮** ).

**नंदा.** (૨) કુશી નદીની પૂર્વે આવેલી મહાનંદા નદી તે જ. ( **મહાભારત, વનપર્વ, અ૦ ૮૭ અને ૧૯૦** ).

**नंदा.** (૩) અલકનંદામાં પડતી ધરવાલમાં આવેલી મંદાકિની નામની નાની નદી તે. (**બ્રહ્માંડ પુરાણ, અ૦ ૪૩** ). આ બે નદીઓના સંગમ ઉપર નંદપ્રયાગ આવેલું છે. ભાગવત (સ્કંધ, ૪, અ૦ ૬)માં નંદા અને અલકનંદા એ બે નદીઓ કૈલાસ પર્વત ઉપર અલકાની બે બાજુએ આવેલી છે એમ લખ્યું છે.

**नंदा.** (૪) ગોદાવરી નદી તે. ( **ગોતમી શબ્દ જુઓ** ).

**नंदा.** (૫) કુમાયુનમાં આવેલા નંદાદેવી નામના પર્વતનું શંકુ આકારનું અને હિમાચ્છાદિત ગિરિ શિખર વિશેષ. એના ઉપર નંદાદેવી નામની દેવીના મંદીરને લીધે તે પ્રસિદ્ધ છે. ( **દેવીપુરાણ, અ૦ ૩૮ અને ૯૩** ).

**नंदाकिनी** પંચપ્રયાગ શબ્દ જુઓ.

**नंदादेवीपर्वत** પાંચમું નંદા તે જ.

**नंदिकुंड** સાભ્રમતી શબ્દ જુઓ. ( **અગ્નિપુરાણ, અ૦ ૨૧૯** )

**नंदिपुर** બંગાળાના વીરભૂમ જીલ્લામાં દેવી નંદિની ઉપરથી પડેલી સતીની એક પીઠ વિશેષ.

**नंदिग्राम** અયોધ્યામાં ફૈઝાબાદની દક્ષિણે આઠ-નવ મૈલ ઉપર આવેલા ભરતકુંડની પાસેનું નંદગામ તે. પોતાના ભાઇ રામચંદ્રના વન-વાસના સમયમાં ભરત આ જગ્યાએ રહ્યા હતા એમ કહેવાય છે. આ સ્થળને ભાદરસા પણ કહ્યું છે. ( **રામાયણ, અયોધ્યાકાંડ, સર્ગ ૧૧૫; અરચાવતાર-સ્થળ-વૈભવ-દર્પણમ્** ). ભાદરસા શબ્દ ભ્રાતૃ દર્શન ઉપરથી વિકૃત થયેલો છે.

**नंदिक्षेत्र** કાશ્મીરમાં શ્રીનગરની દક્ષિણે ૨૩ મૈલ ઉપર હરમુખ નામના પર્વતની પાસે આવેલું સ્થળ વિશેષ. આ પ્રદેશમાં ગંગાબળ સરોવર અને પવિત્ર નંદિસર યાને નંદકોલ યાને કાલોદક નામનાં સરોવરો આવેલાં છે. આ સ્થળ શંકર ભગવાનનું અને એમના વિશ્વાસુ અનુચર નંદીનું રહેઠાણ કહેવાય છે. ( ડૉ૦ **સ્ટીનની કાશ્મીરની પુરાતન ભુગોળ, પા૦ ૯૧; કથા સરિત્સાગર, લંબક ૯, અ૦ ૫૦** ). હરમુખ-પર્વતના પૂર્વ હિમક્ષેત્રોની તળેટીમાં આવેલી ખીણ આ નામે ઓળખાય છે; જ્યેષ્ટેશ્વર યાને જ્યેષ્ટરૂદ્રનું દેવળ આ ખીણમાં આવેલું છે. ( **ડૉ૦ સ્ટીનની રાજતરંગિણી, પુ૦ ૧, પા૦ ૮ અને ૨૧** ).

## प

**प्लक्षप्रस्रवण** સરસ્વતિ ( ૧ ) શબ્દ જુઓ.

**पटच्चर** અલાહાબાદ અને બંડા જીલ્લાના અમુક ભાગ મળીને પટચ્ચર પ્રદેશ બન્યો હોય એમ લાગે છે. એની રાજધાની ગંગાથી વધારે દૂર ન્હોતી ( **જૈમિની ભારત, અ૦ ૧૫ અને મહાભારત, સભાપર્વ, અ૦ ૩૦ સરખાવો** ) પાંડવોમાંના સહદેવે આ પ્રદેશ સર કર્યો હતો.

**पथ्यमपुरी** રજપુતસ્થાનમાં ભરતપુર રાજ્યમાં અને જયપુરની પૂર્વે ૯૦ મૈલ ઉપર આવેલું બિયાણા તે. મુસલમાનોના આક્રમણના વખતે આ સ્થળ યાદવોની રાજધાની હતું અને તેનું નામ શ્રીપથ હતું.

Aho ! Shrutgyanam

**पद्मगिरि** श्रावणु બેલીગોલ તે જ ( **સ૦ ક૦ આયંગરનું પુરાતન હિંદુસ્થાન,**પા૦૨૦૯).

**पद्मपुर** પદ્માવતી તે જ. એ ભવભૂતિનું જન્મસ્થાન છે ( **માલતી–માધવ, અંક ૧, ૪ અને ૯** ). અમરાવતીથી થોડે જ દૂર આવેલા ચંદ્રપુરની પાસે જ પદ્મપુર હતું આમ કહેવાય છે. ( **શરતચંદ્ર શાસ્રીનું ભારત–ભ્રમણ, પા૦ ૨૪૪** ).

**पद्मपुर** (૨) કાશ્મીરમાં શ્રીનગરથી દક્ષિણે પાંચ કે છ મૈલ ઉપર ઝેલમ નદીના ઉત્તર યાને જમણા કિનારા ઉપર આવેલું પામપુર તે. નવમા સૈકામાં કાશ્મીરમાં રાજ્ય કરતા બૃહસ્પતિના મામા પદ્મે આ શહેર વસાવ્યું હતું. પુરાતન કાળની હિંદુ સ્રીયો રૂપવર્ધક અંગવિલેપન તરીકે કુંકુમ યાને કેશર વિશેષ વાપરતી. આ જગ્યા કેશરની ઉત્પત્તિને માટે પ્રસિદ્ધ હતી. (**થોર્નટનનું હિંદુસ્થાનની લગોલગ આવેલા દેશોનું ગેઝેટિયર** )

**पद्मक्षेत्र** ઓરિસામાં પુરીની વાયવ્યમાં ૨૪ મૈલ ઉપર આવેલું કણારક ( **કોણાર્ક** ) તે જ. એને ચંદ્રભાગા અથવા શ્યામ દેવળ કહે છે. એમાં શ્રીકૃષ્ણના દીકરા શામ્બે પોતાને થયેલો કોઢ સૂર્યે મટાડવાથી સૂર્યમંદિર અહિયાં સ્થાપ્યું હતું. એમ કહેવાય છે કે શામ્બને થયેલો કોઢ મુલતાનમાં મટી ગયો હતો.( **મુલસ્થાનપુર જુઓ**). આમ જણાય છે કે આ દેવળ ઇસ્વી સન્ ૧૨૭૭ માં પ્રધાન શિવાઈ–શાંતરાની દેખરેખ નીચે લાંગુલીયા નરસિંહ નામના ગંગા વંશના સાતમા રાજાએ બંધાવ્યું હતું. આ રાજાએ ઈ. સ. ૧૨૩૭થી ૧૨૮૨ સુધી રાજ્ય કર્યું હતું. (**હંટરનું ઓરિસા**) અર્કક્ષેત્ર અને કોણાર્ક શબ્દ જુઓ. કોણાર્કના દેવળના વર્ણનના સારૂ જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૩૮, પા૦ ૬૮૧ એ છપાએલો મેજર–કિટ્ટોનો ઓરિસાની મુસાફરીનો અહેવાલ જુઓ.

**पद्मावत** કરવીરપુર જેની રાજધાની હતી તે પ્રદેશ. (જનપદ) પદ્માવતી શબ્દ જુઓ.

**पद्मावती** ગ્વાલિયરના રાજ્યમાં ગ્વાલિયરથી નૈઋત્યમાં ૪૦ મૈલ ઉપર સિંધ નદીના કિનારે આવેલું નરવર યાને નલપુર તે પદ્માવતી એમ કનિંગ્હામ કહે છે (**આર્કિ૦ સ૦ રિ૦ પુ૦ ૨, પા૦ ૩૦૮ થી ૩૧૮; જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૩૭, પા૦ ૧૭; ભાગવત પુરાણ, સ્કંધ ૧૨, અ૦ ૧** ). પણ આ કહેવું શકમંદ છે. આ શહેર વિદર્ભમાં સિંધુ ( સિંધ ) અને પારા (**પાર્વતી**) ના સંગમ ઉપર આવેલું હતું. ( **માલતી–માધવ, અંક ૪**). વખતે હાલનું વિજયનગર તે વિજ્યાનગર નામ ઉપરથી વિકૃત થઇને વિજયનગર બન્યુંયે હોય. વિજયનગર નરવરથી નીચાણમાં ૨૫ મૈલ ઉપર આવેલું છે. (**થૉર્નટનના ગેઝેટિયરમાં સિન્દે શબ્દ જુઓ**). પદ્માવતી વિદ્યાને માટે સુપ્રસિદ્ધ સ્થળ હતું. ખસુસ કરીને ૮મા સૈકામાં એટલે ભવભૂતીના સમયમાં ત્યાં ન્યાયનું શિક્ષણ સારૂં અપાતું. ભવભૂતીનો જન્મ આ સ્થળે થયો હતો. ( **મહાવીર ચરિત્ર, અંક ૧; માલતી માધવ, અંક ૧**). નર્મદા નદીની ઉત્તરે આવેલો ભોપાળના રાજ્યના આખા પ્રદેશનો સમાવેશ પ્રાચીન વિદર્ભ ( **વિરાટ** ) યાને વરાડમાં થતો હતો. ( **કનિંગ્હામના ભીલસાના સ્તુપો, પા૦ ૩૬૩** ).

**पद्मावती** ( ૨ ) કરવીરપુર તે જ ( **હરિવંશ, વિષ્ણુપુરાણ, અ૦ ૯૪** ). હાલનું કોલ્હાપુર તે કરવીરપુર એમ નક્કી થયું છે. પદ્મવર્ણે આ શહેર વસાવ્યું હતું.

**पद्मावती** ( ૩ ) ઉજ્જૈણી નગરીનું નામ પણ પદ્માવતી હતું. ( **સ્કંદપુરાણ, અવંતિખંડ, ૧, અ૦ ૩૬–૪૪** ). માલતી-માધવનું વસ્તુ ઉજ્જૈણીમાં થયું હતું એમ ધારવામાં આવ્યું છે. ( **વિલસનનું હિંદુ થિયેટર, પુ૦ ૨** ).

**पद्मावती** ( ૪ ) પૂર્વ બંગાલામાં આવેલી ગંગા નદીની એક શાખા પદ્મા નદી તે જ.(બૃહદ્ધર્મપુરાણ, મધ્યખંડ, અ૦ ૨૨; ચૈતન્ય ભાગવત, અ૦ ૧૦; દેવી ભાગવત, ૯, અ૦ ૬ અને ૭; ગ્લેડવિનનું આઈને-અકબરી, ભાગ ૧, પા૦ ૩૦૧ ).

**पम्पा** તુંગભદ્રા-નદીની શાખા વિશેષ. એ નદી આનાગંડી–પર્વતોથી ૮ મૈલ દૂર આવેલા ઋષ્યમુખ પર્વતમાંથી નિકળે છે. આ સ્થળે શ્રીરામચંદ્રજીને હનુમાન અને સુગ્રીવનો પ્રથમ મેળાપ થયો હતો. આ સ્થળ બેલારી જીલ્લામાં હમ્પી શહેરની ઉત્તરે આવેલું છે. ( મુંબઇ ગેઝેટિયર, પુ૦ ૧, ભાગ ૨, પા૦ ૩૬૯–ડૉ૦ ફ્લિટનું કાનડા જીલ્લાના રાજ્યવંશો ). આ સ્થળની પાસે પમ્પા સરોવર આવેલું છે ( વિલ્સનનું ઉત્તરરામચરિત્ર; રામાયણ, કિષ્કિંધા કાંડ, સર્ગ ૧ ).

**पम्पापुर** સંયુક્ત પ્રાંતમાં મિરજાપુરની પશ્ચિમે ૫ મૈલ ઉપર આવેલું વિંધ્યાચલ નામનું શહેર તે જ. આ સ્થળે વિંધ્યવાસિનીનું પ્રસિદ્ધ દેવળ આવેલું છે. [ ભવિષ્યપુરાણ, પ્રતિસર્ગપુરાણ, અ૦ ૯. ( મુંબઈ આવૃત્તિ પા૦ ૩૪૧ ); ડૉ૦ ફ્યુરરનું મો૦ એ૦ ઇ૦] વિંધ્યાચળ શહેરની પૂર્વ દિશાએ કિલ્લાનાં અને બીજા મકાનોનાં ખંડેરો અને મૂર્તિઓ હજુએ મળે છે. પમ્પાપુર ભરોની રાજધાની હતું. વખતે મહાભારતમાં કહેલા ભરગાઓ તે જ ભરો હોય. ભીમે આ લોકોને જીત્યા હતા. ( શેરીંગનું હિંદુની જાતો અને જ્ઞાતિઓ, પા૦ ૩૫૯, ૩૬૭ ).

**पम्पापुर** ( ૨ ) વૈદ્યનાથ ( દેવગઢ ) નામનું બંગાળામાં સંતલ–પરગણામાં આવેલું સ્થળ વિશેષ. એનું પાલુગામ એવું એક પ્રાચીન નામ હતું ( ચિતાભુમિ શબ્દ જુઓ ).

**पम्पाक्षेत्र** બેલારી જીલ્લામાં ઋષ્યમુખ–પર્વત અને પંપા સરોવર જેમાં આવેલાં છે તે તુંગભદ્રા નદીની દક્ષિણે આવેલો પ્રદેશ. ( ઈંડિયન એંટિકવરી, પુ૦ ૬, ૧૮૭૭, પા૦ ૮૫ ).

**पयस्विनी** ત્રાવણકોરમાં વ્હેતી પાપનાસિની નદી તે જ. ( "ચૈતન્યચરિત્ર" ગરૂડપુરાણ ૧, ૫૫; બુદ્ધિસ્ટ ટેક્સ સોસાઇટીનું જર્નલ, પુ૦ ૫—ચૈતન્યનું જીવનચરિત્ર, પા૦ ૪૫ ).

**पयस्विनी** ( ૨ ) ચિત્રકુટ પર્વત અગાડી કેન અને ટૉન્સેની વચમાં યમુના નદીને મળનારી પઈસુની યાને પિસાની નદી તે જ.

**पयस्विनी** ( ૩ ) મદ્રાસ ઇલાકાના દક્ષિણ કાનડા જીલ્લામાં વ્હેતી ચંદ્રગિરિ નદી તે જ. આ નદી પશ્ચિમઘાટમાંથી નિકળે છે.

**पयोष्णी** મધ્ય પ્રાન્તમાં વર્ધા નદીની એક શાખા પેન યાને પેનગંગા નદી તે જ. ( ભાગવત પુરાણ, ૫ સ્કંદ; અ૦ ૧૯, શ્લો. ૧૭; પદ્મ પુરાણ, ઉત્તરખંડ, અ૦ ૪૧; મત્સ્યપુરાણ, અ૦ ૨૨, શ્લોક ૫, અ૦ ૩૩; ગેરેટનો હિંદુસ્થાનનો પ્રાચીન કોષ ).

**पयोष्णी** ( ૨ ) ત્રાવણકોરમાં આવેલી કુર્તિ નદી તે જ. ( "ચૈતન્યચરિત્ર" બુદ્ધિસ્ટ ટેક્સ સોસાઇટીના ૫ મા પુસ્તકમાં આવેલું ચૈતન્યનું જીવન ચરિત્ર, પા૦ ૪૫ ).

**पयोष्णी** ( ૩ ) તાપી નદીને મળનારી પૂર્ણા નદી તે.(મહાભારત, વનપર્વ, અ૦ ૧૧૯).

**पयोष्णी** (૪) તાપી અને તેની શાખા પૂર્ણા તે. (જ. રો૦ એ૦ સો. ૧૮૯૦, પા૦ ૫૪૧.) પણ બૃહત્ શિવપુરાણ ( ખંડ ૨, અ૦ ૨૦ ) અને મત્સ્યપુરાણ ( અ૦ ૧૧૩ ) અને બીજા પૂરાણોના અનુસાર એક જ શ્લોકમાં પયોષ્ણી અને તાપી એ જુદી જુદી નદીઓ છે. પદ્મપુરાણ ( ઉત્તરખંડ અ૦ ૪૧ ) માં એક શ્લોક છે તેમાં તાપી, પયોષ્ણી અને પૂર્ણા એ ત્રણેનો ઉલ્લેખ કર્યો છે.

Aho ! Shrutgyanam

**પુર્ણા** તાપી નદીની એક શાખા વિશેષ. ( પદ્મ-પુરાણ, ઉત્તરખંડ, અ૦ ૪૧ ) પણ પયોષ્ણી શબ્દ જુઓ.

**પુર્ણા** ( ૨ ) ગોદાવરી નદીની શાખા પૈરા નદી તે જ ( **બ્રહ્મપુરાણ, અ૦ ૧૦૬** ).

**પ્રજાપતિવેદી** અલાહાબાદમાં આવેલું પવિત્ર સ્થળ વિશેષ. અહિયાં બ્રહ્માએ યજ્ઞો કર્યા હતા. આ સ્થળ અલોપીનું દેવળ છે. શક્તિનો બરડો અહિં કપાઈ પડવાને લઈને આ સ્થળ એક પીઠ ગણાય છે. આ દેવળમાં કોઈ પ્રતિમા ન હોતાં માત્ર વેદીઓ જ છે. ગયામાં એક, દક્ષિણમાં બિરજા ( જાજપુર )માં એક, પશ્ચિમમાં પુષ્કરમાં એક, ઉત્તરમાં સમંત-પંચકમાં એક અને મધ્યમાં પ્રયાગમાં એક આમ આખા હિંદમાં બ્રહ્માની કુલ પાંચ વેદીઓ છે. ( **વામનપુરાણ, અ૦ ૨૨** ). પ્રજાપતિની સમંતપંચકમાં આવેલી ઉત્તર-વેદીના સંબન્ધમાં મહાભારત, શલ્ય—પર્વનો ૫૪ મો અધ્યાય જુઓ.

**પ્રત્યગ્રહ**. અહિચ્છત્ર તે જ. ( **હેમકોષ; મહાભારત, આદિપર્વ, અ૦ ૬૩** ).

**પ્રતિસ્થાન**. બિથુર તે જ. અહિં અગાડી ઉત્તાન-પાદ રાજાના કિલ્લાના ખંડિયેરો અદ્યાપિ આવેલાં છે એમ કહેવાય છે. સુપ્રસિદ્ધ ધ્રુવ આ ઉત્તાનપાદ રાજાનો પુત્ર હોઈ આ જગ્યાએ જન્મ્યો હતો. એણે મથુરાના વનોમાં તપ કર્યું હતું.

**પ્રતિસ્થાન**. ( ૨ ) બ્રહ્મપુરી પ્રતિસ્થાન તે. આ સ્થળને હાલ પૈઠાણ યાને પટ્ટન યાને મંજીલ —પટ્ટન યાને મૂંગીપટ્ટન યાને માંગી—પૈઠાણ કહે છે. એ અશ્વક યાને મહારાષ્ટ્રનું મુખ્ય શહેર હોઈ ઓરંગાબાદ જીલ્લામાં ઔરંગા-બાદની દક્ષિણે ૨૮ મૈલ ઉપર ગોદાવરી નદીના ઉત્તર કિનારા ઉપર આવેલું છે. પૈઠાણ નામ પતિસ્થાન નામના પાલી ભાષાના રૂપ પ્રતિસ્થાન ઉપરથી વિકૃત થયેલું છે. આ સ્થળ ઇસ્વી સન ૭૮મા શક—સંવત્ સ્થાપનાર શાલિવાહન રાજાની રાજધાની અને જન્મ-ભૂમિ હતું. ( **પરંતુ પંચનદ શબ્દ જુઓ.** ) એરિથ્રિયન સમુદ્રના ' પેરિપ્લ-સમાં ( **પા૦ ૧૯૫ માં** ) એને પૈઠાણ કહ્યું છે. એને બુદ્ધિષ્ટોએ ( **જાતક, કેંબ્રિજ આવૃત્તિ, ભા૦ ૩, પા૦ ૨** ) પોતલી કહ્યું છે. આંધ્ર—દેશમાં આ સ્થળ વ્યાપારનું મોટું મથક હતું અને એ દેશની રાજધાની હતું. ( **પદ્મપુરાણ, ઉત્તર, અ૦ ૬૨; કથા સરિત્સાગર, ( ટૉનીનું ભાષાન્તર )પુ૦ ૧, અ૦ ૬, પા૦ ૩૨; વરાડ અને ઔરંગાબાદનાં પુરાતન સ્થળો** ). મહા-રાષ્ટ્ર શબ્દ જુઓ. આ સ્થળ પુરાતન—અશ્મકની રાજધાની હોઈ એને અલક કિંવા મુલક કહેતા. (**સુત્તનિપાત, પારાયન વગ્ગ, પુ૦ ૧; સ્પેન્સહાર્ડિના બુદ્ધિઝમના મેન્યુઅલમાં બાબરીનો ઈતિહાસ** ).

**પ્રતિસ્થાન**. ( ૩ ) ગંગા નદીને સ્હામે કિનારે અલાહાબાદની સ્હામે આવેલું જૂસી તે. આ સ્થળ હાલ પણ પ્રતિસ્થાપુર કહેવાય છે. ( **કુર્મપુરાણ, અ૦ ૩૭; અગ્નિ-પુરાણ, અ૦ ૩; વિક્રમોર્વશી, અંક ૨; મહાભારત, વનપર્વ, અ૦ ૮૫** ). આ સ્થળ રાજા પુરૂરવ અને બીજા રાજાઓની રાજધાની હતું. ( **લિંગપુરાણ, ખંડ, ૧, અ૦ ૬૫; ભવિષ્ય પુરાણ, પ્રતિસર્ગપર્વ, ખં૦ ૨, અ૦ ૨** ). પ્રયાગ શબ્દ જુઓ. રાજા ઈલાએ આ શહેર વસાવ્યું હતું. ( **રામાયણ, ઉત્તરકાંડ, સર્ગ, ૯૦** ). આ સ્થળમાં ઉત્તરની બાજુએ હંસ—પ્રવતન નામનું યાત્રા સ્થળ આવેલું છે અને ગંગાના કિનારે ઉર્વશી તીર્થ અને બીજાં યાત્રાનાં સ્થળો આવેલાં છે.

**પ્રતિસ્થાન**. ( ૪ ) હાલનો ગુરૂદાસપુર જીલ્લો યાને ઔદુમવરનું મુખ્ય શહેર પઠાણકોટ તે જ.

**પ્રતિષ્ઠાનગર**. પ્રતિસ્થાન નામનું પ્રાકૃત રૂપ પૈઠાણ

નામનું સ્થળ વિશેષ. ( **દ્વાત્રિંશત્પુત્ત્તલિકા, વાત ૧; વિક્રમોર્વશીય, અંક ૨**).

**प्रद्युम्ननगर.** હુગલી–જીલ્લામાં આવેલું પાંડુવા તે જ. ( **ગંગામહાત્મ્યમાં અવતરણ તરીકે લખાયેલું રઘુનંદનનું પ્રાયશ્ચિત -તત્વ** ). આખ્યાયિકા પ્રમાણે શ્રીકૃષ્ણના પુત્ર પ્રદ્યુમ્ને સંબરાસુરને આ સ્થળે માર્યો હતો. અને તેથી આ સ્થળનું નામ ઋક્ષ્યવંત નામ ફેરવીને એનું નામ પ્રદ્યુમ્નનગર યાને મારપુર રાખવામાં આવ્યું હતું. ( **હરિવંશ, અ૦ ૧૬૬** ). પોતાના પિતાની હત્યા કરીને કોષલની ગાદી ઉપર આવનાર વિરૂધકના ભયથી પાંડુશકય શાકય રાજ્ય છોડીને ગંગાની બીજી બાજુએ ગયો તે વખતે આ સ્થળને પોતાની રાજધાની બનાવ્યું હતું. એની દીકરી ભદ્દકચ્છાના પાંડુવાસુદેવને પરણી હતી. પાંડુવાસુદેવ બંગાળામાં હુગલી જીલ્લામાં આવેલું હાલનું સિંગર જેને સિંહપુર કહેતા હતા ત્યાંનો રાજકુંવર હતો. એ પાછળથી વિજયની પછી લંકાની ગાદી ઉપર આવ્યો હતો (**ટર્નરનો મહાવંશ, અ૦ ૮** ). પાંડુશાકય બુદ્ધનો પિતરાઈ હતો. એ અનિરૂદ્ધનો પુત્ર હોઈ એના નામ ઉપરથી પ્રદ્યુમ્નનગરનું પાંડુવા નામ પણ પડયું છે. ( **જ૦ એ૦ સો૦ બં૦: ૧૯૧૦, પા૦ ૬૧૦ માં આવેલો નંદલાલ ડેનો હુગલી જિલ્લાનો ઇતિહાસ જુઓ** ). મારપુર શબ્દ જુઓ. તેરમા સૈકાના અંતમાં મુસલમાનોએ પાંડુવા જીતી લીધું હોય એમ જણાય છે. બાદશાહ ફિરોજશાહ બીજાના ભાણેજ શાહસૂફી ઉપર પાંડુવાના પાંડુ રાજા નામના હિંદુ રાજાએ જુલ્મ કર્યો હતો. શાહસૂફીએ દિલ્હીથી પોતાના મામાની મદદ મેળવી આ હિંદુ રાજાનો નાશ કર્યો હતો. મુસલમાનોએ જૂના દેવળનો નાશ કરીને તેના સરંજામમાંથી નવી મસ્જીદ ચણાવી હતી. પાંડુવાનો મિનારો ૧૨૫ ફુટ ઊંચો છે. આ મિનારો પોતાના વિજય સ્તંભ તરીકે જૂની દિલ્હીમાં આવેલા કુતુબ મિનારનું અનુકરણ કરીને શાહસૂફીએ બંધાવ્યો હતો. આ મિનારા ઉપરથી બાંગ દેવાતી હતી. માલડાની પાસે આવેલું પાંડુવા પુંડ્રવર્દ્ધન તરીકે ઓળખાયેલું પાંડુવા જેને ફિરોજાબાદ કહે છે તે અને આ પાંડુવા જુદાં છે.

**प्रणहिता.** વર્ધા અને વેણગંગા એ નદીઓના સંગમથી થયેલા વ્હેણને પ્રણહિતા અગર પ્રણિતા કહે છે.

**प्रणी.** પ્રણિતા તે જ. ( **અગ્નિપુરાણ, અ૦ ૨૧૯** ).

**प्रणिता.** પ્રણહિતા તે જ. ( **પદ્મપુરાણ, ઉત્તરખંડ, અ૦ ૬૨** ). પ્રણહિતા–નદી ગોદાવરીને મળે છે. એમના સંગમની જગ્યા એક યાત્રા સ્થળ ગણાય છે ( **બ્રહ્મપુરાણ, અ૦ ૧૬૧** ).

**प्रभास.** કાઠિયાવાડમાં જુનાગઢના રાજ્યમાં આવેલું સ્થળ સોમનાથ તે. એને દેવપટ્ટન અને વેરાવળ પણ કહે છે. વાસ્તવિક રીતે સોમનાથ એ મહાદેવના દેવળનું નામ છે અને શહેરનું નામ દેવપટ્ટન છે. ( **યૂલનો માર્કોપોલો, પુ૦ ૨, પા૦ ૩૩૪ ઉપરની ટિપ્પણી** ). એ સ્થળથી નૈઋત્યમાં સોમનાથનું પ્રસિદ્ધ દેવળ આવેલું છે. આ સ્થળને શ્રીકૃષ્ણે અહીં દેહોત્સર્ગ કરીને સ્વર્ગારોહણ કરેલું હોવાથી હિંદુઓ વિશેષ પવિત્ર માને છે. રૌણાક્ષી નામની ન્હાની નદી પાટણથી એક મૈલ ઉપર પૂર્વમાં સમુદ્રનો સંગમ કરે છે. આ નદીના કિનારા ઉપર જ્યાં શ્રીકૃષ્ણે દેહોત્સર્ગ કર્યો હતો ત્યાં એક ઘાટ અને કેટલાંએક દેવળો આવેલાં છે. ( **જ૦ એ૦ સો૦ બં૦ પુ૦ ૭, પા૦ ૮૬૯–ગિરનારની મુસાફરીની ટિપ્પણી** ). આખ્યાયિકા પ્રમાણે

Aho ! Shrutgyanam

સોમનાથના દેવળની પાછળ થોડે છેટે આવેલા ભાત–કુંડ યાને ભાલકા–કુંડ ઉપર કલિયુગ પ્રવર્ત્યો ને પ્હેલે દિવસે શ્રીકૃષ્ણનું મોત થયું હતું ( **ભાગવત ૧૨ મો સ્કંધ, અ૦ ૨** ). જે જગ્યાએ જાદવો પરસ્પરમાં લડી કપાઈ મુવા હતા તેને અમરાપુરી–ગોપી તળાવ કહે છે. રૌણાક્ષી તે સરસ્વતી નદીનું બીજું નામ છે. ( **વામનપુરાણ, અ૦ ૮૪** ). જૈન લોકો સોમનાથને ચંદ્રપ્રભા–પ્રભાસ યાને ચંદ્ર પ્રભાસ કહે છે. પૂર્વે ચંદ્ર ગ્રહણ ઉપર હિંદુસ્થાનના દરેક ભાગમાંથી યાત્રાળુઓની મોટી સંખ્યા અહિં આવતી. સોમ–ચંદ્રને થયેલો ક્ષય સરસ્વતી નદીમાં ન્હાઈ ને મહાદેવની પૂજા કરવાથી મટી ગયો હતો. ત્યારથી આ મહાદેવનું નામ સોમનાથ પડયું છે. (**શિવપુરાણ, ખંડ ૧, અ૦ ૪૫; મહાભારત, શલ્યપર્વ, અ૦ ૩૬** ). સોમનાથના દેવળની વાયવ્યમાં બે મૈલ ઉપર વેરાવળ આવેલું છે. આ મહાદેવ બાર જ્યોતિર્લિંગમાંનું એક છે. અમરેશ્વર શબ્દ જુઓ. મહાદેવનું સ્થળ શહેરથી નૈઋત્યમાં દરિયાના ઉપકંઠ ઉપર પટ્ટન પાસે આવેલું છે. સોમનાથના દેવળના વર્ણનના માટે ( **જ૦ એ૦ સો૦ બં૦ પુ૦ ૭ (૧૮૩૮), પા૦ ૮૬૫ ઉપર આવેલી ગિરનારની યાત્રાની ટિપ્પણી** ) જુઓ. સોમનાથને સોમેશ્વરનાથ પણ કહે છે. આ મહાદેવ ગુજરાતના ચાલુક્ય રાજાઓના ખાસ પૂજનીય મહાદેવ હતા. સોમનાથનું દેવળ પ્રથમ લાકડાનું બનાવેલું હતું તેને બદલે તે જગ્યાએ સિદ્ધહેમ નામનું વ્યાકરણ અને અભિધાન ચિંતામણી નામના કોષના બનાવનાર હેમચંદ્રસૂરીની વિનંતી ઉપરથી અણહિલપટ્ટનના રાજા કુમારપાળે તેનો જીર્ણોદ્ધાર કરીને પથ્થરનું બનાવ્યું હતું ( **ટૉનીની પ્રબન્ધચિંતામણી, પા૦ ૧૨૬ થી ૧૨૯** ).

**પ્રભાસ** (૨) અલાહાબાદની નૈઋત્યે ૩૨ મૈલ ઉપર અને કોશમખેરાજ ( કોશાંબી ) ની વાયવ્યમાં ત્રણ મૈલ ઉપર આવેલી એક ડુંગરી ઉપર વસેલું હાલનું પભોસ તે જ. હ્યુનશાંગ આ સ્થળે આવ્યો હતો. ( **એપિગ્રાફિઆ–ઇંડિકા, પુ૦ ૨, પા૦ ૨૪૦** ). આ ટેકરીના શિખર ઉપર પત્થરમાં કોતરી કાઢેલી એક ગુફા છે. આ ગુફામાં એક ઝેરી નાગ વસતો હતો. આ ગુફા કોશાંબીની નૈઋત્યમાં આવેલી છે અને આ ડુંગરી કોસમના કિલ્લાની વાયવ્યમાં આવેલી છે એવું હ્યુન્શાંગે વર્ણવ્યું છે.

**પ્રભાસ** (૩) ચમસોદ્દ્ભેદ નામની જગ્યા અગાડી સરસ્વતી પુનઃ દેખા દે છે તેના કાંઠે આવેલું કુરૂક્ષેત્રમાંનું એક યાત્રાસ્થળ વિશેષ ( **મહાભારત, વનપર્વ, અ૦ ૧૨૯** ). આ જગ્યાએ શ્રીકૃષ્ણના પિતા વસુદેવે યજ્ઞ કર્યો હતો (**ભાગવતપુરાણ, દશમ–સ્કંધ, અ૦ ૮૪**). આ જ સ્થળે ગોપ, ગોપીઓ અને રાધિકા ને શ્રીકૃષ્ણનો પુનઃ મેળાપ થયો હતો. એથી આ સ્થળને સામાન્ય રીતે પ્રભાસ–મિલન કહે છે. પરન્તુ બ્રહ્મવૈવર્તપુરાણના કૃષ્ણ જન્મ ખંડના અ૦ ૫૪ ના શ્લોક ૨૦ અને ૨૩ માં આ પુનઃ મિલન સિદ્ધાશ્રમમાં થયું હતું એમ કહ્યું છે. ( **બ્રહ્મવૈવર્તપુરાણ, અ૦ ૧૨૬** ).

**પ્રભાસ–સરસ્વતી**. સરસ્વતી (૨) શબ્દ જુઓ.

**પ્રયાગ**. અલાહાબાદ તે જ. રામાયણના તેમ જ ફાહિયાનના સમય–ઇસ્વી સન ૪૧૪ માં પ્રયાગ કૌષલના રાજ્યનો એક ભાગ હતું. તે વખતનો સુપ્રસિદ્ધ અક્ષય યાને અનાશવન્ત–વડ અદ્યાપિ-પર્યન્ત પૂજ્યનીય ગણાય છે. એ વડ હાલ અકબરે ૧૫૮૧માં બાંધેલા અલાહાબાદના કિલ્લામાં આવેલા પાતાલપુર નામના અંધારા ભોંયરામાં મોજુદ છે. સાતમા સૈકામાં હ્યુન્શાંગ અહિં મુસાફરીએ આવ્યો હતો. તેણે આ વડનું આ પ્રમાણે વર્ણન કર્યું છે. "શહેરમાં સુંદર રીતે શણગારાયેલું અને ઘણા ચમત્કારોને લીધે પ્રસિદ્ધ થયેલું

Aho ! Shrutgyanam

એક દેવમંદિર આવેલું છે. અહિની આખ્યાયિકા પ્રમાણે આ જગ્યા પ્રાણીમાત્રને પુણ્ય સંપાદન કરવા યોગ્ય છે. હ્યુન્શાંગના કહેવા પ્રમાણે આ દેવળના દ્વારની આગળ વિસ્તીર્ણ શાખાઓવાળું અને ઘોઘગં ઘોર–ગંભીર એક વૃક્ષ આવેલું છે. અહિં લોકો આત્મહત્યા કરતા તેને લઈને પૂર્વે આ સ્થળે મૂલ–શરીર ખાનારો એક દૈત્ય રહેતો હતો. આ જગ્યાની ડાબી અને દક્ષિણ બાજુએ હાડકાંના ઢગલા દૃષ્ટિગોચર થાય છે. આ જગ્યાએ જે માણસ આવે તેને અહિનું બધું જોઈને પોતાની જાતપર તિરસ્કાર ઉત્પન્ન થતો અને આત્મ હત્યા કરવાનું મન થતું. અહિં અગાડીના પાખંડી લોકો અને ભૂત–પ્રેતો આવી ઈચ્છાને વધારે પોષણ કરતા. પરાપૂર્વથી અત્યાર સુધી આ હત્યાકાંડની રસમ ચાલુ છે." ( **જુઓ, કુર્મપુરાણ, અ૦ ૩૭; રાજ્યતરંગિણીમાં રણાદિત્ય રાજાની વાત ખંડ ૩ માં છે તે પણ જુઓ; અનર્ઘરાઘવ, અંક ૭, ૧૨૯** ).

વિક્રમોર્વશી નાટકનો નાયક પુરૂરવ પ્રયાગના પ્રદેશનો રાજા હતો. એની રાજધાની પ્રતિસ્થાનમાં હતી. પ્રતિસ્થાનને હાલ ઝૂસી કહે છે. નહૂષ, યયાતિ, પુરૂ, દુષ્યંત અને ભરત એમણે આ શહેરમાં રાજ્ય કર્યું હતું.

( **બ્રહ્મપુરાણ, અ૦ ૧૦–૧૧–૧૨; લિંગપુરાણ, ખં. ૧, અ૦ ૬૩** ). હિંદુઓના પ્રાચીન કિલ્લાની જગ્યાએ અકબરે અલાહાબાદનો કિલ્લો બંધાવ્યો હતો. આ કિલ્લામાં અશોકના પ્રસિદ્ધ કીર્તિસ્તંભમાંનો ત્રીજા સૈકામાં ઉભો કરેલો એક સ્તંભ છે. આ સ્તંભ ઉપર દવાખાના ખોલવાની, ધર્માદા સંસ્થા સ્થાપવાની તેમ જ પ્રાણીમાત્ર ઉપર થતું ઘાતકીપણું અટકાવવાની આજ્ઞાઓ કોતરાવેલી છે. ( **જુઓ જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૩૭, પા૦ ૭૯૫** ). ખુશરૂબાગ નામના સ્થળમાં ખુશરૂની કબર આવેલો છે. આ ખુશરૂ જહાંગીરનો કમનસીબ પુત્ર હતો. રાજા માનસિંહની બ્હેન જે ખુશરૂની મા હતી તેની અને એના ભાઈ પરવીઝની કબરોની વચ્ચે ખુશરૂની કબર આવેલી છે. અલોપીનું દેવળ ત્યાં આગળ સતીનો બરડો કપાઇને પડવાથી એક પીઠ ગણાય છે. માધવાચાર્યે શંકરવિજયના ૭ મા અધ્યાયમાં ઉલ્લેખ કરેલું વેણીમાધવનું દેવળ ગંગા અને યમુનાના સંગમ ઉપર આવેલું છે.

**પ્રહ્લાદપુરી.** મુલતાન તે. ( **મુલસ્થાનપુર શબ્દ જુઓ** ).

**પ્રલમ્બ.** પશ્ચિમ રોહિલખંડમાં બિજનોરથી ઉત્તરમાં આઠ મૈલ ઉપર આવેલું મંડોર યાને મડવર તે જ. ( **રામાયણ, અયોધ્યા કાંડ, સર્ગ, ૬૮** ). મતિપુર શબ્દ જુઓ.

**પ્રવરપુર.** રાજા પ્રવરસેન બીજાએ વસાવેલું કાશ્મીરનું શ્રીનગર તે જ. શરીટક નામના ગામતળ ઉપર આ શહેર બંધાયું હતું. પ્રવરસેને સાઠ વર્ષ રાજ્ય કર્યું હતું ( **ડૉ૦ સ્ટીલની રાજતરંગિણી, પુ૦ ૧, પા૦ ૨૦ ઉપરની ટિપ્પણી** ). પોતાના વિક્રમાંકદેવ–ચરિત્ર સર્ગ ૧૮માં બિલ્હણ આ શહેરનું વર્ણન આપે છે. એના કહેવા પ્રમાણે આ શહેર વિતસ્તા ( **ઝેલમ** ) અને સિંધુના સંગમ ઉપર આવ્યું હતું. બિલ્હણ ઈસ્વી સનની ૧૧ મી સદીમાં થઈ ગયો છે. એ પંચાશિકાનો લખનાર હતો આમ કહેવાય છે. પણ સામાન્ય રીતે પંચાશિકા ચૌલ નામના કવિએ લખી હતી ( **વિક્રમાંકદેવ ચરિત્રનો ડૉ. બ્યૂલરનો લખેલો ઉપોદ્ઘાત, પા૦ ૭** ).

**પર્વત.** મુલતાનની નૈઋત્યમાં રાવી અને સતલજ નદીઓની વચ્ચે આવેલો પંજાબમાંનો પ્રદેશ વિશેષ. પાણિનીના અષ્ટાધ્યાયીમાં તેમજ મુદ્રારાક્ષસના ત્રીજા અંકમાં આનો ઉલ્લેખ કરેલો છે.

Aho ! Shrutgyanam

**पर्वत**. ( ૨ ) શ્રીશૈલ-પર્વત તેજ ( **આનંદગિરિનો શંકરવિજય, અ૦ ૫૫, પા૦ ૧૮૦** ).

**प्रविजय**. પ્રાગ્વિજય તેજ. ( **માર્કણ્ડેય પુરાણ, અ૦ ૫૭** ).

**प्रवंग**. અંગ તેજ એમ નક્કી કરાયેલું છે. (**પાર્ગિટરનું માર્કણ્ડેયપુરાણ, પા૦ ૩૨૫**).

**प्रस्थल**. ફિરોઝપુર, પતિયાલા અને સિરસાની વચ્ચે આવેલો જીલ્લો વિશેષ ( **મહાભારત, દ્રોણપર્વ, અ૦ ૧૭; પાર્ગિટરનું માર્કંડપુરાણ, પા૦ ૩૨૧ માં આવેલી ટિપ્પણી** ). પતિયાલા તેજઃ ( **બરૂહાનો અંગ્રેજી સંસ્કૃત કોષ, પુ૦ ૩, પ્રસ્તાવના, પા૦ ૫૫** ).

**प्रस्रवणगिरि**. ગોદાવરીને કાંઠે આવેલી ઓરંગાબાદની ડુંગરીઓ વિશેષ. ભવભૂતીએ પોતાના ઉત્તર રામચરિત્રના પ્હેલા અંકમાં આ ડુંગરોનું બહુ સુંદર વર્ણન કરેલું છે. ભવભૂતીના કહેવા પ્રમાણે આ ડુંગર ગોદાવરીના કિનારે જનસ્થાનમાં આવેલો છે. આ પર્વતના એક શિખર ઉપર ગૃદ્ધરાજ જટાયુ રહેતો હતો એવો રામાયણમાં ઉલ્લેખ છે. રામાયણના કિષ્કિંધાકાંડના ૨૭મા સર્ગમાં તુંગભદ્રા નદીના કિનારે અનંગડીની પાસે કિષ્કિંધા અગાડી બીજો પ્રસ્રવણગિરિ હોવાનો ઉલ્લેખ છે; એને માલ્યવાન-ગિરિ પણ કહેતા ( **માલ્યવાનગિરિ શબ્દ જુઓ** ).

**परलोक**. પુરાલી શબ્દ જુઓ.

**परशुरामपुर**. અયોધ્યામાં પ્રતાપગઢ જીલ્લાના પટ્ટિથી આગ્નેયમાં બાર મેલ ઉપર આવેલું સ્થળ વિશેષ. આ સ્થળે સતીના શરીરનો કેટલોક ભાગ કપાઇ પડવાથી એ એક પીઠ મનાય છે.

**परशुरामक्षेत्र**. સુરત અને ગોવાની વચ્ચે ખસૂસ કરીને વિન્ધ્યપુરના પ્રદેશમાં આવેલો બધો દરિયા કાંઠો-કોંકણ તેજ. થાણા એનું મુખ્ય શહેર હતું. ( **અલબરૂનીનું હિંદુસ્થાન, પુ૦ ૧, પા૦ ૨૦૩** ). મુંબઈ ઈલાકાના રત્નાગિરિ જીલ્લાના શાસ્ત્રી નદીના કાંઠે આવેલા ન્હાના શહેર સંગમેશ્વરમાં પરશુરામે બંધાવેલાં દેવળો આવેલાં છે. સ્કંધપુરાણના સહ્યાદ્રિ-ખંડમાં સંગમેશ્વરને રામક્ષેત્ર યાને પરશુરામક્ષેત્ર કહ્યું છે. ( **૭ મા સૈકામાં કોલ્હાપુરમાં કર્ણ રાજા અહિં રહેતો** ) ( **મુંબઇ ઇલાકાના પ્રાચીન-સ્થળોનું સુધારેલું પત્રક, પુ૦ ૮, પા૦ ૨૦૧**). સંગમેશ્વર નામ એ નામના મહાદેવ ઉપરથી પડયું છે એ દેખીતું છે, સંગમેશ્વર મહાદેવનું દેવળ કૃષ્ણા અને વેણા-નદીના સંગમ ઉપર આવેલું છે. ( **ડાકુન્હાનો ચૌલ અને અને વસઇનો ઈતિહાસ, પા૦ ૧૧૦** ). કોંકણની ઉત્તર સીમાએ ગુજરાત, પૂર્વે દખ્ખન, દક્ષિણે ઉત્તર-કાનડા અને પશ્ચિમે અરબી સમુદ્ર આવેલો છે. સ્કંદપુરાણમાં કહેલા વાળુકેશ્વર તે મુંબાઇની મલબાર હીલ અને વાનબલ્લિ તે વાનવલી જે ગોવા સંસ્થાનના દક્ષિણ ભાગમાં આવેલું એક તળાવ વિશેષ ( **ઇંડિયન એન્ટીકવરી, પુ૦ ૩, પા૦ ૨૪૮** ). કેરલ, તુલુંગ, સૌરાષ્ટ્ર, કર્હટ, બરાલાટા, બરબર અને કોંકણ એમ પરશુરામ ક્ષેત્રના સાત ભાગ હતા. સાત જુદી જુદી જાતના બ્રાહ્મણો આ પ્રત્યેક ભાગમાં રહેતા હતા અને તેથી એને સપ્ત કોંકણ કહેતા હતા ( **સ્કંદપુરાણ, સહ્યાદ્રિ ખંડ, પુ૦ ૨, અ૦ ૮; ડાકુન્હાનો ચૌલ અને વસઈનો ઈતિહાસ, પા૦ ૧૨૧ ઉપરની ટિપ્પણી** ). ચંપાવતી, વસ્યા અને શ્રીસ્થાનક શબ્દો જુઓ.

**परशुस्थान**. વાયુપુરાણના બીજા ખંડના ૩૭મા અધ્યાયના ૨૬૨ મા શ્લોકમાં ઉલ્લેખ કરાયેલા પારશવસનો પ્રદેશ વિશેષ. પંગન પર્વતોના ઈશાન છેડા અગાડી આવેલા ચરીકરથી

Aho ! Shrutgyanam

સહજ ઉત્તરમાં આવેલું હૂપીયન યાને એપિયન આ પ્રદેશની રાજધાની હતું ( **બિલનું રેકર્ડ ઑફ વેસ્ટર્ન કંટ્રી, ભાગ ૨, પા૦ ૨૮૫ ઉપરની ટિપ્પણી** ). પાણિનીએ પણ આ સ્થળનો ઉલ્લેખ કર્યો છે. (પ્ર૦૩, ૧૧૭),

**परथलीस.** મેગસ્થનીસે કરેલા ઉલ્લેખ પ્રમાણે અને તેમ જ પ્લિનીએ નેચરલ–હીસ્ટ્રી લિનિઆસ સેકન્ડસે કરેલા ઉલ્લેખ પ્રમાણે પરથલીસ ગંગરિદઈ યાને ગંગા ઉપર આવેલા રાધના પ્રદેશની રાજધાની હતી. પ્લિનીઓસ સેકન્ડસનું ફિલેમૉન હોલેન્ડે ૧૬૦૧ માં ભાષાન્તર કર્યું છે તેના ૧૯ મા પ્રકરણમાં પા૦ ૧૨૬ ઉપર આ ઉલ્લેખ કરાયેલો છે. રાધનો પ્રદેશ બંગાળાના હુગલી અને બર્દવાન જીલ્લાઓ મળીને થયો હતો. બર્દવાન જીલ્લામાં ગંગાના કાંઠે આવેલું હાલનું કુર્બસ્થલી તે જ પરથલીસ હોય તે ખુલ્લું છે.

**परा.** પારા તે જ. ( **વાયુપુરાણ, પૂર્વ ખંડ, અ૦ ૪૫, શ્લોક ૯૮** ).

**परलिया.** પુરાલી શબ્દ જુઓ.

**पह्लव.** જ્યારે મીડિયા ( **મદ્ર** ) જુના પારથિયાના ( **હાલનું ઇરાન** ) રાજ્યનો એક ભાગ હતો ત્યારે તેને પહ્લવ પ્રદેશ કહેતા. મીડિયા—અવસ્થા પહલવી યાને પારથીયન સમયની પહેલવી–લિપિમાં લખાયેલું છે ( **એન્સાઇકલોપિડીઆ—બ્રિટાનિકામાં પ્રોફેસર નોલ્ડેકાએ લખેલો વિષય** ). પારથિયન એ જ પહલવ એમ નિર્ણીત છે ( **વેબરનો હિંદુ સાહિત્યનો ઇતિહાસ, પા૦ ૧૮૮** ). આ સ્થળ ત્યાંના ઘોડાઓને લઇને સુપ્રસિદ્ધ હતું ( **મહાભારત, સભા પર્વ, અ૦ ૩૨** ). પારદ શબ્દ જુઓ.

**पलक्कड.** મદ્રાસ પ્રાન્તમાં આવેલું પુલિકટ એ જ. પલક્કડનો સંસ્કૃતમાં અર્થ દશનપુર યાને દાંતપુર થાય છે. ( **ડૉ૦ બર્નેરનું સાઉથ ઇંડિયન પેલિયોગ્રાફી, પા૦ ૩૬, ટિપ્પણી; ઇંડિયન એંટિક્વરી, પુ૦ ૫, પા૦ ૧૫૪** ).

**पलक्कदेश.** મદ્રાસ પ્રાંતમાં આવેલો નેલ્લોર જીલ્લો તે જ. સમુદ્રગુપ્તે આ પ્રદેશ જીત્યો હતો. જોપેનના મત પ્રમાણે પલઘચેરી તે જ પલક્ક અથવા પલખા છે ( **હિંદુસ્થાનના ઐતિહાસિક નકશાનું પુસ્તક, પા૦ ૬** ).

**पलाशिनी** કાઠિયાવાડમાં ગિરનારની પાસે વ્હેતી નદી વિશેષ. ગિરિનગર શબ્દ જુઓ. આ નદીનો ઉલ્લેખ મહાભારતના ભીષ્મપર્વ અ૦ ૯ માં કરાયેલો છે. તેમજ ગિરનાર ઉપરના રૂદ્રદામનના લેખમાં પણ આ નામ આપેલું છે. આ નદી પ્રચંડ વેગવાળી હતી એમ વર્ણવ્યું છે. ( **જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૪૮, પા૦ ૩૪૦ અને ૮૭૭** ).

**पलाशिनी** (૨) ગંજમમાં કલિંગપટ્ટન આગાડી સમુદ્રને મળનારી પદ્દેઇર નદી તે. ( **માર્કણ્ડેયપુરાણ, અ૦ ૫૭** ).

**पलिपत्मी** મહાડની પાસે આવેલું પાલ તે જ. ( **ભાંડારકરનો દખ્ખનનો પ્રાચીન ઇતિહાસ, વિભાગ ૮** ). પરન્તુ મિસ્ટર સ્કોફ દક્ષિણ કોકણનું દાભોલ બંદર તે પલિપત્મી એમ કહે છે ( **પેરિપલસ, પા૦ ૨૦૧** ).

**पलिसिमुंदु.** ગ્રીક લોકોએ ઉલ્લેખ કરેલું પલિસિમુંદુ તે પાર–સમુદ્ર એ જ. આ સ્થળ આજ નામની નદી કિનારે આવેલું બંદર હોઇને સિલોનની રાજધાની હતું એમ વર્ણવ્યું છે. ગેલી તે આ સ્થળ એમ નક્કી કરાયેલું છે. પણ રાસેનના અભિપ્રાય પ્રમાણે અનરજપુર તે પલિસિમુંદુ છે. ( **જ૦ રો૦ એ૦ સો૦ ૧૮૬૧, પા૦ ૩૫૩** ).

**पवमान** પધમન્ યાને પંધન પર્વતમાળા તે જ. આ પર્વતમાળા પારિપાત્રનો જ ભાગ હોય આમ દેખાય છે. એટલે હિંદુકુશ પર્વતનો એક ભાગ વિશેષ. ( **દેવીભાગવત, સ્કંધ ૮. અ૦ ૭** ).

Aho ! Shrutgyanam

**पश्चिमोदधि** અરબી સમુદ્ર તે. પદ્મપુરાણ, સ્વર્ગ ખંડ.

**पशुपत.** કારાવન શબ્દ જુઓ ( **મત્સ્યપુરાણ, અ૦ ૨૨** ).

**पशुपतिनाथ** નેપાળમાં મૃગસ્થળમાં આવેલું સુપ્રસિદ્ધ મહાદેવનું દેવળ ( **દેવીપુરાણ, અ૦ ૬૩; સ્વયંભુપુરાણ, અ૦ ૮** ). અશોકની દીકરી ચારૂમતીએ ખટમંડૂથી વાયવ્યમાં આશરે ત્રણ મૈલ ઉપર વાઘમતીને પશ્ચિમ કિનારે આ દેવળ બંધાવ્યું હતું. વાઘરી અને મહાદેવની આખ્યાયિકાનો સંબન્ધ આ દેવળની જોડે છે. શિવચતુરદશીની રાત્રે આ દેવળમાં એ વાત કહેવામાં આવે છે કે પોતે મારેલાં પક્ષિઓમાંથી લોહીના ટીપાં મહાદેવને માથે પડવાથી તેને અભિષેક માની લઇને આ વાઘરીને શંકરે મુક્તિપ્રદાન કર્યું હતું, એવું આ વાતમાં આવે છે. ( **સ્કંદપુરાણ, માહેશ્વરખંડ, કેદારખંડ, ૧, અ૦ ૩૩** ). નદીના પૂર્વ તરફના કિનારે દેવળની સ્હામે ઉંચાં વૃક્ષો અને જંગલથી ભરેલી એક ટેકરી આવી રહી છે. એને મૃગસ્થલી કહેવામાં આવે છે ( **રાઇટનો નેપાલનો ઇતિહાસ પા૦ ૨૧ અને ૮૧** ). પણ શિવપુરાણમાં જ્ઞાન સંહિતામાં ૭૪ મા અધ્યાયમાં આ બનાવ અર્બુદગિરિ ઉપર બન્યાનું લખ્યું છે. પશુપતિનાથને પશુપતિ પણ કહે છે.

**पह्नव** પહ્લવ તે જ. **બ્રહ્માંડપુરાણ, અ૦ ૫૧. શ્લોક ૪૬** ).

**पल्लव** આ પ્રદેશ કોરોમાંડલ કિનારા ઉપર આવેલો છે. સાતમા સૈકાની પૂર્વે આ કુરંબરાસનું વસતી સ્થાન હતું. ( **રેપસનનું હિંદુસ્થાનના સિક્કાઓ નામનું પુસ્તક, પા૦ ૩૭** ). કાંચીપુર શબ્દ જુઓ.

**पल्लव (२)** પહ્લવ તે જ. ( **પદ્મપુરાણ, ઉત્તર ખંડ, અ૦ ૧૩** ).

**पक्षीतीर्थ.** તિરૂક્કલુકકુનરમ ( **પવિત્ર સમડીઓની ટેકરી**) મદ્રાસ ઈલાકામાં ચિંગલપુટ અને મદ્રાસની વચ્ચે ચિંગલપુટ જીલ્લામાં આવેલું એક મોટું ગામ વિશેષ. આ યાત્રાનું સુપ્રસિદ્ધ સ્થળ છે. ( **એપિગ્રાફકા ઈંડિકા, પુ૦ ૩, પા૦ ૨૭૦;** ) **ચૈતન્ય ચરણામૃત ભાગ ૨, અ૦ ૯.** ) આ સ્થળ ચિંગલપુટથી ઈશાનમાં સાત મૈલ ઉપર આવેલું છે આમ અરચાવતારમાં કહેલું છે. વૈદ્યરાજ યાને વેદગિરીશ્વર નામના મહાદેવ અને પાર્વતીના દેવળની પાસે વેદગિરિ નામની ટેકરી ઉપર આ પવિત્ર જગા આવેલી છે. ત્યાં આવેલા કુવા પાસે યાત્રાળુઓ છેડા અગાડી કાળા ડાઘવાળી પાંખવાળા ધોળી સમડીની જાતના બે પક્ષીઓને આવેલાં જોવાને એકઠા થાય છે. કહેવાય છે કે આ પક્ષીઓ દરરોજ મધ્યાહ્નને ત્યાં આવે છે. આ જગ્યાનો મહંત આ પક્ષીઓને ખવડાવવાનું નૈવેદ્ય લઈ ને પક્ષીઓના આવવાની વાટ જુએ છે. આ પક્ષીઓ આવે ત્યારે બધા યાત્રાળુઓ દંડવત કરીને તેમની ભાવના યુક્ત પ્રાર્થના કરે છે કેમકે આ પક્ષીઓ શિવ અને પાર્વતી છે આમ મનાયેલું છે. ખોરાક ખાઈ ને અને પાણી પીને આ પક્ષીઓ પાછાં ઉડી જાય છે. ( **ઈંડિયન એંટિકવરી, પુ૦ ૧૦ ( ૧૮૮૧ ), પા૦ ૧૯૮** ).

**पाटलावती.** ભવભૂતીએ માલતી-માધવના નવમા અંકમાં ઉલ્લેખ કરેલી ચંબલ-નદીની શાખા વિશેષ. વખતે કર્નલ-ટૉડે પોલઇટા કહેલી એ નદી આ હોય. ( **ટૉડનું રાજસ્થાન, પુ૦ ૧, પા૦ ૪** ).

**पाटलीपुत्र.** વૈશાલીના વજ્જીયો યાને વૃજ્જીઓના ( **મહાવગ્ગ, ભાગ ૬, અ૦ ૨૮** ) હુમલાઓથી બચાવ કરવાને બુદ્ધના સમકાલીન મગધ નરેશ અજાતશત્રુના સુનિદ્ધ અને વસ્સકાર નામના બે પ્રધાનોએ ઈસ્વી સન

Aho ! Shrutgyanam

પૂર્વે ૪૮૦ માં બંધાવેલું શહેર—પટણા તે જ. જૂની રાજધાની રાજગિર યાને ગિરિવ્રજપુરમાં હતી. પણ ત્યાંથી ઉદયાશ્વે પાટલીપુત્રમાં ફેરવી હતી. આ ઉદયાશ્વ અજાતશત્રુનો પૌત્ર હતો ( **વિષ્ણુપુરાણ, ખંડ ૪, અ૦ ૨૪** ). પણ સામન્નફલ-સુત્તમાં કહ્યા પ્રમાણે એ ઉદયાશ્વ અજાતશત્રુનો પુત્ર હતો, પરન્તુ એ દર્શકનો પુત્ર અને અજાતશત્રુનો પૌત્ર હતો એ વધારે સાબીત થયેલું છે. ( **જ૦ એ૦ સો૦ બં૦ ૧૯૧૩, પા૦ ૨૫૮** ). હાલના પટણાનો ઘણો થોડો ભાગ મૂળ પાટલીપુત્રવાળી જગ્યાએ આવેલો છે. અને પટણાનો મોટો ભાગ ગંગા અને સોન–નદીના પૂરમાં ઈસ્વી સન્ ૭૫૦માં તણાઈ ગયો છે. અલબરૂનીના કાલમાં એટલે ૧૦મા સૈકામાં અને અગિયારમા સૈકાના આરંભ સુધીમાં પાટલીપુત્ર નામ વપરાતું. ( **અલબરૂનીનું હિંદુસ્થાન, પુ૦ ૧, પા૦ ૨૦૦** ). પ્રસિદ્ધ જ્યોતિષાચાર્ય આર્યભટ્ટ ઈસ્વી સન્ ૪૭૬ માં આ શહેરમાં જન્મ્યો હતો. કાત્યાયન અગર વરરૂચી અને ચાણકય આ શહેરમાં થઈ ગયેલા છે. વાર્તિકનો લખનાર વરરૂચી મહાનંદ, યોગાનંદ યાને ધનનંદ નામના છેલ્લા નંદ રાજાનો મંત્રી હતો. પાટલેશ્વરી યાને પાટલાદેવીનું મંદિર અહિં આવેલું છે. બૃહદનીલાતંત્રમાં કહ્યા પ્રમાણે આ દેવળ એક પીઠ છે. મેગસ્થનીસે પાટલીપુત્રનું આબેહુબ વર્ણન કર્યું છે. મેગસ્થનીસ એ સેલ્યુકસ નિકેટોરે મગધના રાજા ચંદ્રગુપ્તના દરબારમાં મોકલેલો એલચી હતો. ચંદ્રગુપ્તે ઈસ્વી સન્ પૂર્વે ૩૨૧ થી ૨૯૭ સુધી રાજ્ય કર્યું હતું. મેગાસ્થનીસ કહે છે કે ગંગા અને એરનોબોઓના ( **હિરણ્ય બાહુ યાને સોન** ) સંગમ ઉપર લગભગ ૧૦ મૈલ લાંબુ અને લગભગ ૨ મૈલ પ્હોળું આ શહેર આવેલું હતું. શહેરને ફરતી ૩૦ હાથ ઊંડી અને ૬૦૦ હાથ પ્હોળી ખાઈ આવેલી હતી જેમાં શહેરનું ગંદવાડનું પાણી જતું હતું. શહેરના કોટની દિવાલોમાં ૫૭૦ બુરજ અને ૬૪ દરવાજા હતા. આ હિસાબે શહેરનો વિસ્તાર ૨૩$\frac{1}{4}$ મૈલનો હતો. જે વખતે ઈસ્વી સન્ ૬૩૭માં યાત્રાળુ હ્યુન્શાંગ અહિં આવ્યો તે વખતે મગધદેશ કન્નોજના રાજાઓના તાબે હતો. ઘણા કાળ સુધી જૂનું નગર તજી દેવાયેલું અને ખંડેરની હાલતમાં હતું. અને તેની પાસે જ નવું શહેર બંધાવ્યું હતું. ડૉ. વાડેલનું મંતવ્ય આવું છે કે જૂના પાટલીપુત્રનું સ્થળ હજુએ મોજુદ છે. ગંગા નદીના કિનારા ઉપર સુગાંગ રાજમહેલ આવેલો હતો. ( **૧૧માં સૈકામાં લખાયેલું મુદ્રા રાક્ષસ, અંક ૨** ). કુકકૂટારામ નામનો પ્રસિદ્ધ વિહાર પણ આ શહેરમાં હતો. આ શહેરમાં અશોકનો આચાર્ય ઉપગુપ્ત રહેતો હતો ( **સ્વયંભુ-પુરાણ, અ૦ ૧** ). કુકકૂટવિહાર ગંગા–નદીના જમણા કાંઠા ઉપર ઉપકંઠિકારામ નામના બગીચામાં આવેલો હતો. ( **ડૅા૦ આર. એલ. મિત્રનું નેપાળનું બુદ્ધિસ્ટ સંસ્કૃત વાઙ્ગમય, પા૦ ૬, અશોક અવદાન** ). ડૅા૦ વાડેલના મંતવ્ય પ્રમાણે નીલીમાં આવેલા સ્થળ કુમરાર, સંદલપુર અને શાહ અર્ઝાનીની દરગાહ એ અનુક્રમે નંદ, ચંદ્રગુપ્ત અને અશોકના સ્થળ છે. રાજમહેલની પૂર્વ–સીમા સેવઇ તળાવની પશ્ચિમ–સીમાની દિશામાં આવેલી છે. આ સીમા ધનુકીમાં થઈને જાય છે. કુમરારથી તુલસીમુંડીમાંના મહારાજ–ખંડ સુધી આ સીમા ગયેલી છે ( ? ) તુલસીમુંડી રાજાનું બજાર હતું. આગમ નામનો પાતાળ કૂવો તે જ અશોકનું ઉકળતું નરક છે એમ ડૅા૦ વાડેલનું મંતવ્ય છે. ગુનસર અથવા ગંગાસાગર નામના તળાવની પૂવે આવેલો ઇંટોનો ડુંગરો જેના શિખર ઉપર મહાદેવનું દેવળ આવેલું તે

Aho ! Shrutgyanam

અશોકે બંધાવેલા ચોરાસી-હજાર સ્તૂપોમાં પ્રથમ બંધાવેલો સ્તૂપ છે. બચેલા ૫ સ્તૂપો વાળા પંચ-પહાડી નામના ટેકરા ઉપર પટણાનો કિલ્લો અને આજુબાજુની જગ્યાનું નિરીક્ષણ કરવાને શાહેનશાહ અકબર ચઢયો હતો. અશોકે બંધાવેલા ઉપગુપ્તના વિહારવાળી ટેકરી તે જ છોટા-પહાડી કહેવાય છે. તે હાલ મોગ્ગલીપુત્તતિસ્સા તરીકે ઓળખાય છે. મહેન્દ્રના વિહારવાળી ટેકરી એ જ ભિખ્ના-પહાડી છે. રાણીપુરાની પૂર્વે આવેલો આમલક-સ્તૂપવાળો ટેકરો તે જ કકકૂટારામ વિહાર છે. કમળદિહ નામના જૈનોના દેવળને જ હુનશાંગે પાખંડિઓને રહેવાનું મકાન-ઉપાશ્રય કહ્યું છે. ત્રીજા સૈકામાં થઈ ગયેલા મહાવીરના પછીના સાતમા સ્થવિર સ્થૂલભદ્રની યાદગીરીમાં આ દેવળ ઈસ્વી સન્ પૂર્વે ત્રીજા સૈકામાં બંધાયેલું છે. પ્હેલાં એ નંદનો પ્રધાન હતો અને આ સ્થળે મરણ પામ્યો હતો. ચંદ્રગુપ્તના વખતમાં પડેલા દુકાળ વખતે સ્થૂલભદ્ર જૈનોનો સ્થવિર થયો હતો. ( **ડૉ૦ હાર્નલેની ઉવાસગદસાઓ, પા૦ ૮, ઉપોદ્‌ઘાત** ). મહાવીર પછી થયેલા જૈન સ્થવિરોના નામને સારૂ ડૉ૦ સ્ટીવન્સનનું કલ્પસૂત્ર પા૦ ૧૦૦ જુઓ. કમલદિહ અને પાટલીગ્રામની પૂર્વે અડધા મૈલ કરતાં થોડે દૂર બુદ્ધ એક ચૈત્યમાં રહેતા ત્યાં એક સ્થળ આવેલું છે. આ સ્થળે બુદ્ધે પ્રવચનો કર્યા હતાં. અહિ બુદ્ધના પગલાવાળો પત્થર હતો. એ પત્થર શશાંકે અહિંથી ખસેડયો હતો જે હાલ બુલિંદ-બાગમાં મોજુદ છે. **( ડા૦ વેડલનું પાટલીપુત્રનું ખોદકામ અને અશોકની પુરાતન રાજધાની પાટલીપુત્ર નામનું પુસ્તક પા૦ ૩૮ )** પી૦ સી૦ મુકરજીએ પાટલીગ્રામ તે ( બડા અને છોટા ) પહાડી આમ કહ્યું છે. અશોકનો મોટો સ્તૂપ તે બડા-પહાડી અને પાછળ થઇ ગયેલા ચાર બુદ્ધોના સ્તૂપો તે છોટા-પહાડી એવું એમનું મંતવ્ય છે. નંદો અને ચંદ્રગુપ્તના મહેલની પશ્ચિમ અને દક્ષિણ બાજુઓ સહિત નીલી એ જ કુમરાર આમ એમનું કહેવું છે. એ મહેલમાં અશોક જન્મ્યો હતો. કુમરારના કલુ અને ચમન-તળાવોની વચ્ચે નંદના મહેલની ઉત્તરમાં આવેલું સ્થળ તે કાળાશોકનું "નરક"-યાને જેલ; ઉત્તરે આવેલા મહેન્દ્રુ નામના મહેલ સહિત મહેન્દ્રનો વિહાર તે શાહ અર્જાનીની દરગાહ; બહાદુરપુર અગાડી આવેલા ટેકરા તે ઉપગુપ્તનો વિહાર; મિસ્ટર મુકરજીના મતે ઉપગુપ્ત અશોકનો નહિ પણ કાળાશોકનો આચાર્ય હતો. ઉપગુપ્ત એ બૌદ્ધોનો ચતુર્થ સ્થવિર હતો. **(મહાકશ્યપથી બોધિધર્મ સુધીના બુદ્ધોના ૨૮ સ્થવિરોના જન્મ ચરિત્ર સારૂ ડૉ૦ એડકીનનું ચાઇનીઝ બુદ્ધિઝમ નામના પુસ્તકનું પ્રકરણ ૬, પા૦ ૪૩૫ જુઓ )**. પટણામાં આવેલી સદર ગલી તે સુગાંગનો મહેલ આવું એમનું મંતવ્ય છે. મેગસ્થનિસે વર્ણવેલો લક્કડ-કોટ તે લોહાણીપુરથી, બહાદુરપુર, સદલપુર અને સેવઇ તળાવના રસ્તેથી મંગળ તળાવ સુધી જતાં આવેલો છે એમ એમનું માનવું છે. એમણે નવરતનપુર અગાડી એક મૌર્ય સમયમાં બાંધેલું અંડાકાર દેવળ ખોળી કાઢયું છે. **( પી. સી. મુકરજીનું પાટલીપુત્રના સ્થળની શોધને માટે કરેલું ખોદકામ નામનું લખાણ જુઓ, પા૦ ૧૪-૧૮ )**. સુપ્રસિદ્ધ વિહાર અશોકારામ શાહેરમાં નહિ પણ પાટલીપુત્રની પાસે આવેલો હતો. તે શહેરની પશ્ચિમે મહારામપુર આગળ આવ્યો હતો. વખતે હાલનું મહારામપુર તે મહાઆરામપુરનું વિકૃત થયેલું રૂપ હોય. ફાહિયાનના સમયમાં પાટલીપુત્ર ગંગાથી દક્ષિણે ૭ મૈલ ઉપર આવેલું હતું. તે કાળે ગંગા નદી છેક ઉત્તરમાં વ્હેતી



Aho ! Shrutgyanam

હતી. જે સ્થળે પુરાતન જગ્યાઓ માલમ પડી છે તે કુમરાર. એ કુસુમપુરનું વિકૃત રૂપ છે એ ખુલ્લું છે. કુસુમપુરમાં રાજા અને ધનાઢ્ય લોકો રહેતા હતા. ( **મુદ્રા રાક્ષસ, અંક ૧ અને ૬** ). મૌર્યોના પછી ૬૦૦ વર્ષે એટલે ઈસ્વી સનના ચોથા સૈકાની શરૂઆતના સમયમાં ગુપ્તો પાટલીપુત્રના શાસકો થયા. સમુદ્રગુપ્ત ( ૩૨૬–૩૭૫ **ઇસ્વી સન્** ) પાટલીપુત્રથી અયોધ્યામાં રાજધાની લઇ ગયો હતો. જો કે રાજકાર્યના અંગે તો રાજધાની પાટલીપુત્રમાં જ હતી. એ વંશના છેલ્લા રાજા કુમારગુપ્ત–દ્વિતીયને પદચ્યુત કર્યો હતો.

પદચ્યુત થયા પછી એ રાજા અયોધ્યામાંથી નિકળીને શ્રાવસ્તીમાં રહેતો હતો. ( **૫૩૦ થી ૫૫૦ ઈસ્વી સન્** ); અને ગુપ્તનો સેનાપતિ યશોધર્મન્ જેણે આ રાજાને પદચ્યુત કર્યો હતો તે ઈસ્વી સન્ ૫૩૦માં કાન્યકુબ્જમાં રાજધાની લઈ ગયો હતો. અને વિષ્ણુવર્ધન નામ ધારણ કરીને એ કાન્યકુબ્જમાં રાજ્ય કરતો હતો. ડૉ॰ હૉર્નલેના મંતવ્ય પ્રમાણે ઈસ્વી સન્ ૫૩૩માં કરૂર અગાડી શક લોકોને હરાવ્યા પછી એણે વિક્રમાદિત્ય નામ ધારણ કર્યું હતું. આ વરસથી સંવત ચાલુ થયો. પરન્તુ ડૉ॰ ભાંડારકર, મિસ્ટર વી॰ એ॰ સ્મિથ અને જનરલ કનિંગ્હામના મંતવ્ય પ્રમાણે ચંદ્રગુપ્ત બીજાએ ઉજ્જૈનીના વિક્રમાદિત્યનું નામ ધારણ કર્યું હતું. ( **ઉજ્જૈની શબ્દ જુઓ** ). તે વખતથી પાટલીપુત્રની પડતીનો આરંભ થયો અને દબદબામાં વધારો થઈને કાન્યકુબ્જ હિન્દુસ્થાનની રાજધાની બન્યું. ૭ મા સૈકામાં હિન્દુસ્થાનની યાત્રાએ આવેલા હુન્શાંગને પાટલીપુત્ર એક સામાન્ય ગામડા જેવું લાગ્યું હતું. પટણાની વિશેષ હકીકત સારૂ આ ગ્રન્થના બીજા ભાગમાં પટણા શબ્દ જુઓ. ચંદ્રગુપ્ત પછી પાટલીપુત્રમાં જુદા જુદા રાજવંશોએ રાજ્ય કરેલું છે. મૌર્યવંશી ચંદ્રગુપ્તથી માંડીને બૃહદ્રથ સુધીના રાજાઓની હકીકત સારૂ ડૉ. રીસ ડેવીડસનું બુદ્ધિસ્ટ ઇન્ડિયા, પા૦ ૨૫૯ જુઓ. (**એટલે ઇસ્વી સન્ પૂર્વે ૩૨૧** થી ઇ. સ. **૧૮૮ સુધી** ), અશોક ( **ઈસ્વી સન પૂર્વે ૨૭૨ થી ૨૩૨ સુધી** ), ચંદ્રગુપ્તનો પૌત્ર પોતાના બાપ બિંદુસારના મૃત્યુ પછી પોતાના મોટા ભાઈ તક્ષશિલાના રાજ્ય પ્રતિનિધિ સુમનને મારી નાખીને સિંહાસનારૂઢ થયો. અને તેના રાજ્યના પાંચમા વર્ષમાં તેનો વિધિવત રાજ્યાભિષેક કરવામાં આવ્યો ( **દિવ્યાવદાન, કોવેલની આવૃત્તિ, પ્રકરણ ૨૬ થી ૨૮** ). પોતાના રાજ્યના નવમા વર્ષમાં એ ઉપાસક અને અગીઆરમા વર્ષમાં ભિક્ષુક તથા તેરમા વર્ષમાં બુદ્ધનો ચુસ્ત અનુયાયી થયો. એના રાજ્યના સત્તરમા વર્ષમાં પાટલીપુત્રમાં અશોકારામ વિહારમાં બૌદ્ધોની ત્રીજી પરિષદ મળી હતી. મુદ્ગલીપુત્ર તિસ્સ જેને ઉપગુપ્ત કહેતા તે પરિષદનો પ્રમુખ હતો. આ ઉપગુપ્ત કાલાશોક યાને અશોકનો આચાર્ય અને મુખ્ય સલાહકાર હતો (**મથુરા અને ઉરૂમુંડ–પર્વત શબ્દો જુઓ** ). અશોકે એને બુધ્ધે જે જે જગ્યાએ કોઈ પણ કૃત્ય કર્યાં હોય તે જગ્યા બતાવવાની આજ્ઞા કરી હતી, જેથી પોતે તે તે સ્થળે સ્તૂપો બંધાવે. (**ચાઈનીઝ બુધ્ધિઝમ, પા૦ ૬૯**). ત્યારપછી પુષ્યમિત્ર યાને પુષ્પમિત્રથી માંડીને દેવભૂતિ ( **ઇસ્વી સન્ પૂર્વે ૧૮૮ થી ૭૬**) સુધી શૃંગ વંશે; ત્યાર પછી વસુદેવથી માંડીને સુશર્મન્ ( **ઇસ્વી સન્ પૂર્વે ૭૬ થી ૩૧**) સુધી કણ્વવંશે; ત્યારપછી સિપ્રાથી માંડીને ગૌતમીપુત્ર ( **ઈસ્વી સન્ પૂર્વે ૩૧ થી ઇ. સ. ૩૧૨**) સુધી શિલાલેખોમાં સાતકર્ણી યાને સાતવાહનો તરીકે વર્ણવેલા

Aho ! Shrutgyanam

આંધ્રભૃત્યોએ. પરન્તુ ડૉ૦ ભાંડારકરના મંતવ્ય પ્રમાણે આંધ્રભૃત્યોએ ઇસ્વી સન્ પૂર્વે ૫૦ થી ઈસ્વી સન્ ૧૫૪ સુધી રાજ્ય કર્યું હતું. ગૌતમીપુત્ર પુલીમાનથી પુલોમાચી સુધી ઈસ્વી સન્ ૩૩૩ થી ૪૨૯ સુધી વાશિષ્ઠિ પુત્રોએ રાજ્ય કર્યું હતું એમ ફર્ગ્યુસનનું મંતવ્ય છે. ( **ઇંડિયન અને ઇસ્ટર્ન આર્કિટેકચરનો ઇતિહાસ, પા૦ ૭૧૮** ). પણ વાશિષ્ટિપુત્ર અને ગૌતમીપુત્ર એ માત્ર માના ઉપરથી પડેલાં નામ છે. (**વિ૦ એ૦ સ્મિથનો હિંદુસ્થાનનો પ્રાચીન ઇતિહાસ પા૦ ૧૮૬ જુઓ** ). ગુપ્ત—રાજાઓની હકીકત સારૂ અને રાજધાનીના ફેરફાર સારૂ " મગધ " શબ્દ જુઓ. સિખ લોકોના દસમા ગુરૂ ગુરૂગોવિંદની જન્મભૂમિ પટણામાં હતી. જે ઘરમાં એમનો જન્મ થયો હતો તે અદ્યાપિ અસ્તિત્વમાં છે. એમનું મૃત્યુ દક્ષિણમાં અફજલનગરમાં થયું હતું. ( **ગુરૂ નાનકથી તે ગુરૂ ગોવિંદસિંહ–સિખ-ગુરૂઓના ટૂંકા અહેવાલ સારૂ જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૪૫, પા૦ ૩૩૩ અને ગુરૂ ગોવિંદે લખેલું પોતાનું જન્મ ચરિત્ર—વિચિત્ર–નાટક, જ૦ એ૦ સો૦ બં૦ પુ૦ ૧૯, પા૦ ૫૨૧; પુ૦ ૨૦, પા૦ ૪૮૭ જુઓ** ). વિચિત્ર–નાટક સિખના ગ્રન્થ સાહેબનો એક ભાગ વિશેષ મનાય છે. ૧૯૧૩ માં કુમરાર અગાડી કરેલા ખોદાણુ વખતે મૌર્ય સભા મંડપનું ખંડેર માલમ પડ્યું હતું. આ સભા મંડપમાં અખંડ પત્થરના સાફ કરેલા સ્તંભોની આઠ હારો હતી. દરેક હારમાં ઓછામાં ઓછા આવા દસ સ્તંભો હતા અને એ સ્તંભો મનુષ્યના કદ કરતાં મોટા ભારે પત્થરના કોતરેલાં પૂતળાંથી સુશોભિત કરાયેલા હતા. ડૉ૦ સ્પૂનરે યુક્તિસર કહ્યું છે કે આ મૌર્યોનો સભામંડપ ડેરિયસ-હિસ્ટસ્પેસના પરસેપોલિસમાં આવેલા ૧૦૦ સ્તંભવાળા સભામંડપના અનુકરણ તરીકે બનાવાયો હતો. ( **જ૦ રો૦ એ૦ સો૦ માં ૧૯૧૪ અને ૧૯૧૫ પા૦ ૩ અને ૪૦૫ માં છપાયેલો ઝોરોસ્ટ્રીયન સમયનો હિંદુસ્થાનનો ઇતિહાસ અને ઈસ્ટર્ન–સરકલનો આર્કિ–સર્વે–રિપોર્ટ ૧૯૧૩, ૧૯૧૪ જુઓ** ). પણ આ મૌર્ય સભામંડપ તે પરસેપોલિસના એકિમિનિયનના અનુકરણ રૂપે બંધાવાયેલો છે એ નક્કી કરવાને વિશેષ પુરાવાની જરૂર છે. પ્રશ્ન એ છે કે મૌર્યનો સંભામંડપ પરસેપોલિસના સભા મંડપનું અનુકરણ છે કે પરસેપોલિસનો સભામંડપ હિંદુઓના જુના મૌર્ય સભામંડપનું અનુકરણ છે. મૌર્યોનો સભામંડપ પરસેપોલિસના સભામંડપનું અનુકરણ છે એમ માનવામાં મૌર્યોનો સભામંડપ પરસેપોલિસના સભામંડપ કરતાં નવો છે આમ માની લેવું પડે છે. એ કબૂલ રાખવામાં આવે છે કે મેગસ્થનીસે ચંદ્રગુપ્ત મૌર્યના મહેલોના કરેલા વર્ણનને ઘણા જ મળતાં આવે એવાં સ્થાપત્યનાં ઘણાં વર્ણનો મહાભારતમાં કરાયેલાં છે અને એ પણ કબૂલ રાખવામાં આવ્યું છે કે ગ્રીક અને સંસ્કૃત-ગ્રન્થોમાં કરેલાં આ વર્ણનો એક જ જાતના સ્થાપત્યનાં છે. પણ મહાભારતના જે ભાગમાં યુધિષ્ઠિરના સભામંડપનું વર્ણન કરવામાં આવ્યું છે તે ભાગ ( **સભાપર્વ અ૦ ૧ F** ) અકિમેનિયન સમયના કરતા ઘણા પુરાતન સમયમાં લખાયેલો છે. માટે જ્યાં સુધી મહાભારતમાં આવેલી આ હકીકત પાછળથી ઉમેરાયેલી છે એમ સાબિત થાય નહીં ત્યાં સુધી આવું જ અનુમાન દોરાય કે ઈરાનીઓએ હિંદુઓના સભા મંડપ બાંધવાની આ રીતનું અનુકરણ કરીને પરસેપોલિસનો સભામંડપ બાંધ્યો

Aho ! Shrutgyanam

છે. એ હકીકત પણ માની લીધી છે કે પાટલીપુત્રનો સભામંડપ એ મૌર્ય સમયનો હતો. પાટલીપુત્ર અજાતશત્રુ રાજગૃહમાં રાજ્ય કરતો હતો તે વખતે વસાવાયેલું છે, અને અજાતશત્રુની પછી ગાદી ઉપર આવેલા ઉદાઇએ ત્યાં રાજધાની આણી હતી. અજાતશત્રુ બુદ્ધનો સમકાલીન હતો. ડેરીયસે બુદ્ધના મરણથી ત્રીસ વર્ષ સુધીમાં હિંદુસ્થાન ઉપર ચઢાઈ કરી ન્હોતી (**પ્રોફેસર મેકસ-ડંકરનો પુરાતન ઇતિહાસ, ઍબેટનું ભાષાન્તર, પા૦ ૩૮**). પાટલીપુત્રમાં શિશુનાગ અને નંદ વંશો રાજ્ય કરતા હતા તેની પૂર્વે પાટલીપુત્રનો સભામંડપ બંધાયો હોય. જો આ સભામંડપ મૌર્યોએ બંધાવ્યો હોય તો, પોતાની પૂર્વે થઈ ગયેલા રાજાઓના સમયની ચાલતી આવેલી ઢબ પ્રમાણે તેમણે આ હૉલ બંધાવ્યો હોય (**હેવેલનું પુરાતન અને અર્વાચીન આર્કિટેકચર પા૦ ૮૩**). રાજગિર અગાડી ખોદાણ થઈને ત્યાં અગાડી હજુ શોધખોળ થઇ નથી. સભામંડપની આ હકીકત નિર્ણીત કર્યા પ્હેલાં ઉપર કહેલી બધી બાબતોની છાણાછાણ થવી જોઇએ. તોપણ ડૉ. **જે૦ જે. મોદીનો બોંબે પ્રાન્ચ રો૦ એ૦** સોસાઈટીનું જર્નલ પુ૦ ૨૪ (**૧૯૧૬-૧૯૧૭**) મા છપાયેલો પુરાતન પાટલીપુત્ર નામનો વિષય જુઓ.

**पाताल.** સિંધમાં આવેલું ઠઠ્ઠા તે જ. ઇરીથ્રીઅન–સમુદ્રના પેરિપ્લસમાં અને એરીયનના ઈંડિકામા એનો ઉલ્લેખ કરાયેલો છે. (**જ૦ રૉ૦ એ૦ સો૦ પુ૦ ૧, ૧૮૩૪, પા૦ ૨૧૦; મહાભારત**, ઉદ્યોગપર્વ, **અ૦ ૯૭**). કનિંગહામ સિંધમાં આવેલું હૈદરાબાદ એ જ પાતાલ એમ કહે છે (**એનશન્ટ જ્યૉગ્રૉફી, પા૦ ૨૭૯**), ત્યાં નાગરાજાઓ રાજ્ય કરતા હતા આમ કહેવાય છે. નાગરાજાઓ રગોઝીનના મંતવ્ય પ્રમાણે દ્રાવિડો હતા. (**રગોઝીનનું વેદિક ઇંડિયા, પા૦ ૩૦૮**). દ્રાવિડીઅન લોકોમાં નાગ–સર્પ–તે પૃથ્વી સૂચક ચિહ્ન છે. આરિયન સિંધુ નદીના મુખ આગળનો ત્રિકોણ પ્રદેશ તે પાતાળ એમ કહે છે. મિ૦ સ્કૉફના મંતવ્ય પ્રમાણે પાતાળનું અર્વાચીન નામ મીનનગર છે. મિન તે શક લોકોનું સંસ્કૃત નામ છે. (**ઇરીથ્રીઅન સમુદ્રનો પેરિપ્લસ, પા૦ ૧૬૬**)- હાલના ઉઝબેગ લોકો તુર્ક લોકોની મિન જાતીના છે (**વેંબરીના મધ્ય એશિયાના પ્રવાસો**). કહેવાય છે કે "પાતાળ નામના હિંદુસ્થાનના બંદરમાં ઇજીપ્તનાં વહાણો આવતાં" (**ડેવિડ–મેકફરસનનો વ્યાપાર સંબન્ધી હકીક્ત પુ૦ ૧, પા. ૧૩૯.**) વખતે તે ક્ષેમેન્દ્રના બોધિસત્વાવદાનકલ્પલતામાં અ૦ ૫૭માં કહેલું પાતાલ-ગ્રામ તે આ હોય. પાતાલ–ગ્રામ જ્યાં સ્તૂપ બંધાયેલો હતો તે આ પાતાલ હોય. ઠઠ્ઠાની પાસે સલિલરાજતીર્થ યાને વારૂણીતીર્થ આવેલું છે. સલિલરાજ એ વરૂણનું નામ છે. (**મહાભારત, ઉદ્યોગપર્વ, અ૦ ૯૭**).

**पाताल** (૨) રસાતલ શબ્દ જુઓ

**पातालपुर** રામાયણમાં ઉલ્લેખ કરાયેલા અશ્મને મૂળ પાતાલપુર કહેતા (**ઉત્તર સર્ગ ૨૩**). સોગડીયાનામાં આવેલા હાલના અક્ષુને ગ્રીક લોકો આકિસયાના કહેતા. આ સ્થળ બલ્કથી સહેજ ઇશાનમાં આકસસ નદીને ઉત્તર કિનારે સોગડીયાનામાં આવેલું છે. પાછળથી અશ્મથી રાજધાની ફેરવીને બલ્કમાં લઇ ગયા તે વખત બલ્કને પાતાલપુર કહેતા. (**હિંદુસ્થાનના ઐતિહાસિક ત્રિમાસિકના પુ૦ ૧ માં નંદલાલ ડે. નો લખેલો રસાતાલ નામનો લેખ જુઓ.**)

Aho ! Shrutgyanam

**પાથેય્ય** બુદ્ધના વખતનો હિંદુસ્થાનનો પશ્ચિમ વિભાગ જેમાં કુરૂ, પાંચાલ, અવંતિ, ગાંધાર, કામ્બોજ અને સૂરસેન આદિનો સમાવેશ થાય છે તે (**મહાવગ્ગ, પુ૦ ૮, ૧, ૧–રિસડેવિડ્સની સેક્રેડ બુક ઑફ ધી ઇસ્ટ, પુ૦ ૧૭, પા૦ ૧૪૬. ઉપરની ટિપ્પણી જુઓ** ).

**પાનાનૃસિંહ** મદ્રાસ ઇલાકામાં કૃષ્ણા જીલ્લામાં બેજવાડાથી દક્ષિણમાં સાત મૈલ ઉપર આવેલો મંગળગિરિ તે જ. આ ડુંગરીના શિખર ઉપર પાનાનૃસિંહ નામનું નૃસિંહનું દેવળ આવેલું છે. ચૈતન્ય અહિ યાત્રાર્થે આવેલા હતા. ( **ચૈતન્ય ચરિતામૃત, ભાગ, ૨, અ૦ ૯**). અહિ આવેલી મૂર્ત્તિનું મોં બહુ જ પ્હોળું છે, જેમાં યાત્રાળુઓ ગોળનો શરબત રેડે છે. કહેવાય છે કે આ મૂર્ત્તિ પોતાની કરેલી માનતાનો અડધો ભાગ જ ગળી જાય છે અને બાકીનો ભાગ બ્હાર કાઢી નાખે છે. આવો માનતાનો અડધો ભાગ ગળ્યા વગર બહાર કાઢી નાખ્યા પછી બીજો યાત્રાળુ તરત જ જો મણ રેડે તો અધમણ શરબત પીઈ જાય છે.

**પાણીપ્રસ્થ** યુધિષ્ઠિરે દુર્યોધન પાસે માગેલાં પાંચ ગામો પૈકી એક, પાણીપત તે જ. “ **કુરૂક્ષેત્ર** ” **શબ્દ જુઓ** ). પાણીપ્રસ્થ, શોણપ્રસ્થ, ઇંદ્રપ્રસ્થ, તિલપ્રસ્થ અને ભાગપ્રસ્થ એ પાંચ પ્રસ્થો એટલે ગામો યુધિષ્ઠિરે માગ્યાં હતાં, પણ મહાભારતમાં ઉદ્યોગપર્વ અ૦ ૩૧ માં આ નામના બદલે કુશસ્થળ, વૃકસ્થળ, માકંડી, વારણાવત અને બીજું કંઈક એમ પાંચ આપ્યાં છે. પરન્તુ વેણીસંહાર નાટકનો પહેલો અંક અને મહાભારત ઉદ્યોગપર્વનો ૯૨ મો અધ્યાય જુઓ. અહિં કુશસ્થળના બદલે અવિસ્થળ નામ આપેલું છે.

**પાપઘ્ની** નંદિ–દુર્ગ પર્વતમાંથી નિકળતી દક્ષિણ પેન્નર નદી તે જ ( **વિલ્સનનું મેકંજીના કલેકશનમાં પા૦ ૧૩૭ માં લીધેલું વાયુપુરાણનું અવતરણ** ).

**પાપનાશમ** તિનેવેલીમાં આવેલો પાપનાશમ નામનો ધોધ કરણાટકમાં બહુ જ પવિત્ર યાત્રા સ્થળ ગણાય છે. ઈ. સ. ૧૮૩૪ના ઓરિએંટલ મેન્યુઅલમાં કાઉન્ટરે એનું આબેહુબ વર્ણન કર્યું છે. ચૈતન્ય અહિ ાત્રાએ આવ્યા હતા.

**પાપા** ગિરિયેકથી ઉત્તરે બે મૈલ અને બિહારના નગરની આગ્નેયમાં ૭ મૈલ ઉપર આવેલી પાવાપુરી તે જ. જૈનોના ચોવીસમા તીર્થંકર મહાવીરનું મૃત્યુ ઇસ્વી સન પૂર્વે ૫૨૭ માં આ સ્થળે થયું હતું એમ ગુજરાતના જૈનો કહે છે. મિ. પ્રિન્સેપના અભિપ્રાય પ્રમાણે એમનું મૃત્યુ ૭૨ વર્ષની ઉંમરે ઇસ્વી સન પૂર્વે ૫૬૯ થયું હતું. ( **સે૦ બુ૦ ઇ૦ પુ૦ ૨૨ પા૦ ૨૬૯ જૈકોબીના જૈન–સૂત્ર**)હસ્તીપાલ રાજના લહિયાના ઘરમાં મહાવીર મરણ કાળે રહેતા હતા. ( **ડૉ. બ્યુલરનું હિંદુસ્તાનની જૈન–કોમ, પા૦ ૨૭** ). પણ સ્ટીવન્સનના કલ્પસૂત્રના છઠ્ઠા અધ્યાય પ્રમાણે મરણ સમયે મહાવીર પાપાના રાજા શસ્તીપાલના મહેલમાં પર્યુષણ ( **પજ્જુસન** ) ગાળતા હતા. મહાવીરના મરણ સ્થળે એક વંડામાં ચાર સુંદર દેવળો આવેલાં છે. પાપા નામ આપાપપુરી ઉપરથી વિકૃત થયેલું છે. પુરાતન પાવા જ્યાં બુધ્ધે ચુંડના ઘેર ભિક્ષા લીધી હતી. પ્રદ્રોણા તે જ પાવા અગર પાપા એવું જનૅલ કનિંગ્હામનું કહેવું ખરૂં નથી. પુરાતન પાપા યાને અપાપપુરીનું હાલનું નામ પાવાપુરી છે. પાવા અને અપાપપુરી શબ્દ જુઓ. રિતુવાલિકા નદીના કાંઠે જામંભિક ગ્રામ આગળ શાલવૃક્ષની નીચે મહાવીરને કૈવલ્ય પ્રાપ્ત થયું હતું. (**સ્ટીવન્સનનું કલ્પસુત્ર, અ૦ ૬**). કુંડગામ શબ્દ જુઓ. દીપાવલી યાને દિવાળીનો ઉત્સવ મહાવીરના મૃત્યુની ઉજવણી

Aho ! Shrutgyanam

સારૂ નિર્માણ કરાયેલો છે. ( સેક્રેડ બુક ઓફ ધી ઇસ્ટ, પુ૦ ૨૨, પા૦ ૨૬૬ ).

**पार्वती** જાલંધર દોઆબમાં કોહીસ્થાનમાં આવેલી પરબા નદી તે જ; આ નદી બજોરાથી બે એક મૈલ ઉપલાણમાં બિઆસ નદીને મળે છે. આ સંગમથી ઉપલાણમાં આશરે વીસેક મૈલ ઉપર આ નદીને જમણે કિનારે મણિકર્ણું નામનું પવિત્ર યાત્રાસ્થળ આવેલું છે. આ નદીના બરફ જેવા ઠંડા વહેણની પાસે જ થોડા ફુટને છેટે જમીનમાંથી નીકળતા ઉના પાણીના પુષ્કળ ઝરાઓને માટે આ સ્થળ પ્રસિદ્ધ છે. (જ૦ એ૦ સો૦ બં૦ પુ૦ ૧૭, પા૦ ૨૯૦ ).

**पार्वतीक्षेत्र** બીરજાક્ષેત્ર તે જ.

**पारद** પુરાતન ઈરાન યાને પાર્થિયા તે જ. ( મત્સ્યપુરાણ, અ૦ ૧૨૧ ). ઋગ્વેદમાં કહેલા પૃથુઓ તે જ પાર્થિયનો. ડરાયસના બેહિસ્તુનના શિલાલેખમાં પાર્થિયાને પાર્થ્વ કહેલું છે. ( રોલિન્સનનો હિરોડૅાટસ, પુ૦ ૨, પા૦ ૫૯૦–૬૧૬ ). પહ્લવ શબ્દ જુઓ. ડૅા૦ ઓપર્ટના મંતવ્ય પ્રમાણે પારદો ઉત્તર બલુચિસ્તાનમાં રહેતા હતા. ( ઓપર્ટનું ભારતવર્ષ યાને હિંદુસ્તાનના મૂળ રહેવાસીઓ નામનું પુસ્તક પા૦ ૩૫ ).

**पारलिपुर** બંગાળમાં આવેલું દેવઘર તે જ. અહિ વૈદ્યનાથનું પ્રસિદ્ધ દેવળ આવેલું છે. વૈદ્યનાથ બાર જ્યોતિર્લિંગમાંના એક છે. નિઝામના રાજ્યમાં આવેલું બીજુ પારલીગામ તે પુરાતન પારલીપુર છે આમ પણ કહેવાય છે. પણ પાલુગામ એ વૈદ્યનાથ ( દેવઘર ) નું બીજું નામ છે. વખતે એ પારલિપુર ઉપરથી વિકૃત થયેલું હોય ( ચિતાભુમિ શબ્દ જુઓ. )

**पारस्कर** સિંધમાં આવેલ થરપારકર જીલ્લો તે જ ( પાણિની, અષ્ટાધ્યાયી, ખંડ ૪, પા૦ ૩, ૯૩, ખંડ ૬, પા૦ ૧, ૧૫૭; કુંતેની આર્યોની સંસ્કૃતી, પા૦ ૩૭૨, અને તેનો નકશો જુઓ. ).

**पारस्य** ઈરાન તે જ ( વિષ્ણુપુરાણ, ખંડ ૨, અધ્યાય ૩ ). હ્યુનશાંગના મત પ્રમાણે સૌરસ્થાન એ એનું મુખ્ય શહેર હતું. હ્યુન્શાંગ વખતે સસ્સાનીયન રાજાઓના સમયમાં ઈરાનમાં ગયો હશે. તે કાળે ટાઈગ્રીસ નદી ઉપર આવેલા ટેસીફોનમાં એમની રાજધાની હતી. સુ–લ–સ–ટાંગ–ન નામે હ્યુન્શાંગે વર્ણવેલું સ્થળ તે સુરસ્થાન યાને સૌરસ્થાન નહિ હોય પણ ઇરાનની રાજધાની સતરોચન જે હાલ શાહરૂડ કહેવાય છે તે હશે ( જુઓ જ૦ એ૦ સો૦ બં૦ ૧૯૧૧, પા૦ ૭૨૭ ).

**पारसमुद्र** સીલોન તે. પેરિપ્લસમાં કહેલું પાલીસીમુંડુ અને ટાલેમિએ કહેલું સીમાઉન્ડઉ તે જ. પારસમુંદ્રક તે કૌટિલ્યના અર્થશાસ્ત્રના બીજા ભાગમાં કહેલી અગલોચુમની એક સીલોનમાં થતી જાતી વિશેષ. ( ભટ્ટસ્વામિની પારસમુંદ્રક શબ્દ ઉપરની ટીપ્પણી જુઓ. ) તેમાં થતા અગરૂ (અગલોચુમ)ના માટે સિલોન પ્રખ્યાત હતું. વિભીષણે સહદેવને બક્ષીસ આપેલા પદાર્થોમાં અગરૂ પણ હતું ( મહાભારત, સભાપર્વ, અ૦ ૩૦ ).

**पारसिक** ઈરાન (રઘુવંશ, સર્ગ ૪, શ્લો૦ ૬૦); ઋગ્વેદમાં કહેલા પરસુસ તે જ ઈરાનીઓ. બેહિસ્તુનના લેખમાં એમને પરસન કહ્યા છે. (જ૦ રો૦ એ૦ સો૦ પુ૦ ૧૫, પા૦ ૧૦૧–૧૦૩ ).

**पारा** પરા તે જ ( વાયુપુરાણ, પુર્વખંડ, અ૦ ૪૫, શ્લોક ૯૮ ). માળવામાં નરવરની ઉત્તરેથી વળાંક લઇને વિજયનગર પાસે સિંધુ નદીને મળનારી પાર્વતી નદી તે જ. (બ્રહ્માંડ પુરાણ, પૂર્વખંડ, અ૦ ૪૮; માલતી માધવ, અંક, ૯ અને આર્કિ૦ સર્વે૦ રિપોર્ટ, પુ૦ ૨, પાન ૩૦૮ ).

Aho ! Shrutgyanam

આ નામ પાર્વતી નદીના પૂર્વ તરફના ફાંટાનું છે. પશ્ચિમ તરફની પાર્વતી નદી ચંબલ નદીને મળે છે. થોર્નટનના ગેઝેટમાં પરણુટિ અને સિંદૈ શબ્દો જુઓ.

**पावनी** અંબાલા જીલ્લામાં કુરૂક્ષેત્રમાં આવેલી ઘગ્ગર નદી અથવા ખરૂં જોતાં ઘગ્ગર અને સરસ્વતી મળીને થયેલી સરસ્વતીને નામે ઓળખાતી પુરાતન કાળમાં ઘણી જ પવિત્ર મનાતી નદી તે. પાવની યાને પવિત્ર કરનારી આ નદી ગંગા નદીના પૂર્વ તરફના વ્હેણો-માંની એક છે. ( **રામાયણ, આદિપર્વ, સર્ગ ૪૩** ). ગંગા અને સરસ્વતીના સંગમ અગાડી ભરત આ નદી ઉતર્યા હતા. ( **રામાયણ, અયોધ્યાકાંડ, સર્ગ ૭૧** ). સરસ્વતી ગંગાને મળી ગઇ હોય કે નહી પણ એ ખરૂં છે કે થાણેશ્વરની ઉત્તરે સરસ્વતી કિનારે ગંગાતીર્થ નામનું પ્રસિદ્ધ તીર્થ છે. પોતાના પાપનો નાશ થાય એ માટે ગંગાએ પોતે આ ગંગાતીર્થમાં સ્નાન કર્યું હતું. ( **કનિગ્હામનો આર્કિ૦ સર્વે૦ રિ૦ ૧૮૬૩, પા૦ ૬૪; પંજાબ ગેઝેટીયર, અંબાલા જીલ્લો, પા૦ ૬** ). ઘગ્ગર યાને સરસ્વતી આલ્હાદિનીની પૂર્વે આવેલી છે. આલ્હાદિની પણ ગંગાની પૂર્વ તરફની શાખા-ઓમાંની એક છે ( **રામાયણ, અયોધ્યાકાંડ, સર્ગ ૩૧, અને આદિપર્વ અ૦ ૪૩** ). સામાન્ય રીતે ઘગ્ગર એ મુખ્ય નદી અને સરસ્વતી એને મળનારો ફાંટો એમ લેખાતું. ( **પંજાબ ગેઝેટિયર, અંબાલા જીલ્લો, પ્રકરણ ૧, પા૦ ૫** ).

**पावनी** (૨) વૈદ્યનાથ યાને ચિતાભૂમિ તે જ. ( **બૃહત્ શિવપુરાણ, ભાગ**, ૨, **અ૦** ૩).

**पारिपात्र.** ચંબલ નદીના મૂળ અગાડીથી ખંભાતના અખાત સુધી ગયેલો વિંધ્ય પર્વતમાળાનો પશ્ચિમ તરફનો ભાગ વિશેષ. ( **એશિયા રિસર્ચ, પુ. ૮, પા. ૩૩૮** ). ડૉ૦ ભાંડારકરના મતે વિંધ્યપર્વતમાળાના જે ભાગમાંથી ચંબલ અને બેટવા નદીઓ નિકળે છે તે ભાગ વિશેષ ( **હિસ્ટ્રી ઑફ ડેક્ખન, ખંડ ૩; વરાહપુરાણ, પ્રકરણ ૮૫** ). અરવલીની પર્વતમાળાઓ અને પાથર પર્વત-માળા સહિત રાજપૂતાનાના ડુંગરો આમાં આવી જાય છે. વખતે પાથર શબ્દ પારિપાત્રનું વિકૃત રૂપ હોય. અપરાન્ત, સૌરાષ્ટ્ર, શૂદ્ર, માલપ (માળવા), મલક અને બીજા પ્રદેશોનો પારિપાત્રમાં સમાવેશ થાય છે. વસ્તુતઃ સારાંશમાં હિંદુસ્થાનના સમસ્ત પશ્ચિમ કિનારાના મોટા ભાગના પ્રદેશનો એમાં સમાવેશ થઇ જાય છે. રામાયણમાં જણાવ્યા પ્રમાણે પારિપાત્ર યાને પારિયાત્ર પશ્ચિમ સમુદ્ર ઉપર આવેલો હતો. ( **કિષ્કિંધાકાંડ, સર્ગ ૪૨, શ્લોક ૨૦** ).

**पारिपात्र.** ( ૨ ) હિંદુકુશ અને પામીર તે. ( **નિષધ શબ્દ જુઓ** ).

**पारियात्र.** પારિપાત્ર (૧) તે જ. ( **વામનપુરાણ, પ્ર૦ ૧૩; બ્રહ્માંડ પુરાણ, ખં૦ ૨, પ્ર૦ ૧૬** ).

**पाषाण.** દક્ષિણ અફગાનિસ્થાનમાં આવેલી પેશી-નની ખીણ તે. ( **પાષાણપર્વત શબ્દ જુઓ.** ).

**पाषाण** ( ૨ ) બાલોક્ષ શબ્દ જુઓ.

**प्राग्बोधी डुंगर.** બુદ્ધગયાથી વાયવ્યમાં ત્રણ મૈલ ઉપર ફલગુ નદીની આડે આવેલો મોર ડુંગર તે. આ ડુંગર ઉપરથી બુદ્ધ તપ કર-વાને બુદ્ધગયામાં ગયા હતા. ( **આર્કિ૦ સર્વે૦ રિ૦ પુ૦ ૩, પા૦ ૧૦૫** ). આ પર્વતની નૈઋત્યમાં મોર સરોવર આવેલું છે અને તેને લીધે પર્વતનું નામ મોરા–તાલ–કા–પહાડ કહેવાય છે. મંજૈલી અને શાહીપુરાના ગામોમાં થઈને એક ગુફા જાય છે. એ

Aho ! Shrutgyanam

ગુફાના વર્ણન માટે જ૦ એ૦ સો૦ બં૦ ૧૯૦૪,પા. ૩૦-૩૫ જુઓ.

**प्राग्ज्योतिषपुर.** આસામનું કામરૂપ યાને કામાક્ષ્યા તે. ( **કામરૂપ શબ્દ જુઓ.** ) ગૌહત્તી તે જ. ( **જ૦ રો૦ એ૦ સો૦ ૧૯૦૭, પા૦ ૨૫** ). આ કામરૂપ રાજ્યની રાજધાની હતું.

**प्राग्ज्योतिषपुर** (૨) વેટવા યાને વેત્રવતીના કિનારે બીજું પ્રાગ્જ્યોતિષપુર હતું આમ જણાય છે. ( **બ્રહ્મપુરાણ અ૦ ૨૮; રામાયણ, કિશ્કિંધાકાંડ; સર્ગ ૪૨** )

**प्राग्विजय.** આસામમાંનું જીંતિયા તે જ.

**प्राच्य.** સરસ્વતીની આગ્નેયમાં આવેલો ભારતવર્ષનો ( **હિંદુસ્થાન** ) ભાગ વિશેષ ( **અમરકોષ** ); મગધ સહિત ગ્રીકોએ ઉલ્લેખ કરેલો પ્રાસી ( **મેક્ક્રિંડલનો મેગસ્થનીસ, પા૦ ૬૮** ). ડૉ. ઓલ્ડનબર્ગના મતે કાશી, કોશલ, વિદેહ અને વખતે મગધ પણ પ્રાચ્ય કહેવાતા ( **બુદ્ધ, પા૦ ૩૯૩ ટિપ્પણી** ).

**प्राचीसरस्वती.** સરસ્વતી (૧) શબ્દ જુઓ.

**पिच्छिला.** કામરૂપ યાને આસામમાં આવેલી નદી વિશેષ (**યોગિની તંત્ર, ઉત્તર ખંડ, અ૦ ૧; મહાભારત, ભીષ્મપર્વ, અ૦ ૯**).

**पिडा.** અશોકના ગિરનારના બીજા શિલાલેખમાં ઉલ્લેખ કરાયેલો પ્રદેશ વિશેષ. બ્રહ્માંડપુરાણ ( **અ૦ ૪૯** ) માં કહેલું પીડિક તે જ આ. **આ પ્રદેશ આર્કટ જીલ્લામાં આવેલો હતો.** (**જ૦ એ૦ સો૦ બં૦ ૧૯૩૮, પા૦ ૧૬૦-૪૦૬**).

**पिन्डरक-तीर्थ.** ગુજરાતમાં દ્વારિકાથી પૂર્વમાં ૧૬ મૈલ ઉપર આવેલા ગોલગરની પાસેનું સ્થળ વિશેષ. ( **મહાભારત, વનપર્વ** ) કેટલાક યાદવના છોકરાઓ પિંડરકક્ષેત્રમાં ગયા હતા. ત્યાં એમને મોહને લીધે દુર્બુદ્ધિ ઉત્પન્ન થઈ. તેમણે પોતાની અંદરના એક સાંબ નામના યાદવ કુમારને પેટે તાંસળું બાંધીને ગર્ભિણીનો વેશ ધારણ કરાવ્યો અને પાસે જ ઋષિ હતા ત્યાં જઈને પુછવા લાગ્યા કે આ સ્ત્રીને શું અવતરશે તે કહો. ઋષિયે પોતાની મશ્કરી કરવા આવ્યા છે તે જાણી ક્રોધથી કહ્યું કે અરે સાંભળો, એને એક લોહમય મુસળ જન્મશે અને એ મુસળથી તમે સમગ્ર યાદવો નાશ પામશો. ઋષિની આવી વાણી સાંભળી બધા યાદવ કુમારો બ્હીને ત્યાંથી નાશી ગયા. સાંબને—પહેરાવેલાં સ્ત્રીનાં લુગડાં ઉતરાવતાં જુએ છે તો તેમાંથી ઋષિના વચન પ્રમાણે એક લોહનું મુસળ નીચે પડતું દેખાયું. એમને ઘણો જ ભય ઉત્પન્ન થયો અને એ મુસળ લઈને ઉગ્રસેન અને વસુદેવની પાસે જઈને પોતે કરેલું અનુચિત કર્મ સઘળું નિવેદન કર્યું. એ વૃદ્ધોએ જાણ્યું કે જો કૃષ્ણ અને બળરામ આ વાત જાણશે તો છોકરાઓને સખ્ત સજા કરશે. આ બ્હીકે તેમણે આ વાતની ચહેરચૂંથ ન કરતાં તે છોકરાઓ પાસે જ સમુદ્ર તીરે છાનુમાનું પત્થર પર ઘસાવી નાંખ્યું. ઘસતાં ઘસતાં રહેલો ઘણો જ નાનો ટુકડો સમુદ્રમાં ફેંકી દેવરાવ્યો. તેમાંથી કાશ જાતનું ઘાસ થયું. જે ઘાસ વડે યાદવાસ્થળી વખતે જાદવો માંહેમાંહે કપાઈ મૂવા કહેવાય છે. અને ઘસતાં ઘસતાં વધેલી કરચ જે સમુદ્રમાં ફેંકી દીધી હતી તે એક માછલીના ગળવામાં આવી હતી. આ માછલી પકડાઈને એના પેટમાંથી મળેલા આ ફણીયાનું માછીએ તીર બનાવ્યું હતું; આ તીર વડે શ્રીકૃષ્ણનો નાશ થયો હતો.

**पिनाकिनी.** મદ્રાસ ઈલાકામાં આવેલી પેન્નર નદી તે જ ( **સ્કંધપુરાણ, મહેષ ખંડ, અરૂણાચલ મહાત્મ્ય, અ૦ ૨; સીવેલની દક્ષિણ હિંદુસ્થાનની આર્કિ૦ સર્વે૦ પુ૦ ૧, પા૦ ૧૨૩, ૧૨૯** ). આને પિનાકા પણ કહેતા હતા. ટોલેમીએ આને ટીઅન કહી છે. એ મૈસોર પ્રાંતમાં આવેલા નંદીદુર્ગના પર્વ

Aho ! Shrutgyanam

તોમાંથી નિકળે છે. ત્યાં અગાડી તે ઉત્તર તરફ વ્હેતી હોવાને લીધે એને ઉત્તર પિનાકિની કહે છે. ( **હેમિલ્ટનનું ઈસ્ટ ઇંડિઆ ગેઝેટિયર** ).

પાપઘ્નિ તે જ દક્ષિણ પિનાકિની.

**पिस्तपुर.** ગોદાવરી જીલ્લામાં આવેલું પીઠાપુર તે જ. સમુદ્રગુપ્તે આ શહેર જીત્યું હતું. એ શહેરમાં કલિંગની પુરાતન રાજધાની હતી ( **સ્મિથનો હિંદુસ્થાનનો પ્રાચીન ઇતિહાસ,** પા૦ ૨૮૪ ). ગયાપાદ તે જ.

**प्रिस्थचंपा.** બિહાર તે જ. ( **મિસિસ સિંક્લેર સ્ટીવન્સનનું હાર્ટ ઓફ જૈનિઝમ,** પા૦ ૪૧ ).

**प्रिस्थुदक.** પંજાબમાં કર્નલ જીલ્લામાં સરસ્વતી નદીના કિનારા ઉપર આવેલું પેહોઆ. અહિઆં અગાડી પ્રસિદ્ધ બ્રહ્મયોનિતીર્થ આવેલું છે. એ થાણેશ્વરની પશ્ચિમે ૧૪ મૈલ ઉપર આવેલું છે, ( **મહાભારત, વન પર્વ,** અ૦ ૮૩; **ભાગવત દશમ સ્કંધ,** અ૦૭૭; **કનિંગ્હામની હિંદુસ્તાનની પ્રાચીન ભૂગોળ,** પ્ર૦ ૧૪, પા૦ ૧૦૧; **એપિ૦ ઇંડિકા,** પુ૦૧, પા૦ ૧૮૪ ). પૃથૂદક ઓઘવતીને કિનારે આવેલું છે એવું વામનપુરાણ ( અ૦ ૫૮, શ્લોક ૧૧૫ ) માં લખેલું છે. પૃથૂદકના માટે જ૦ એ૦ સો૦ બં, ૧૮૫૩, પા૦ ૬૭૩ જુઓ.

**पुंड्रदेश.** પાઉંડ્ર, પુંડ્રવર્ધન અને ગૌડ તે જ, ( **બરૂહાનો કોષ,** પુ૦ ૩, પા૦ ૧૦૯, ૧૧૦ ). પુંડ્રના નામનો પ્રથમ ઉલ્લેખ ઐતરેયબ્રાહ્મણમાં જણાય છે. પર્ગિટરના મત પ્રમાણે પુંડ્ર અને પૌંડ્ર એ બે દેશો જુદા હતા. કોશી નદીની પૂર્વે પૂર્નિયાનો ભાગ મલ્ડ જીલ્લો, દિનાજપુરનો કેટલોક ભાગ અને રાજશાહી વગેરે મળીને પુંડ્ર થયેલો હતો. પાઉંડ્ર શબ્દ જુઓ. ( **પૂર્વ હિંદુસ્થાનના પ્રાચીન દેશો,** જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૭૭, પા૦ ૮૫).

**पुंड्रवर्धन.** માલ્ડાથી ૭ મૈલ અને ગૌડની ઇશાનમાં ૨૦ મૈલ ઉપર આવેલું પાછલા વખતમાં ફિરોજાબાદ કહેવાતું પાંડુવા તે જ. ( **સર એચ. ઇલિયટનો હિંદુસ્થાનનો ઇતિહાસ,** પુ૦ ૩, પા૦ ૨૯૮; **ગરૂડપુરાણ,** ખંડ ૧, અ૦ ૮૧ ). આ શહેર પ્રથમ મહાનંદા નદીને કિનારે આવ્યું હતું. હાલ એ નદી પશ્ચિમ તરફ ૪ મૈલ આઘી ખસી ગઈ છે. પુંડ્રદેશ યાને પૌન્ડ્રની રાજધાની અહિંયા હતી. ( **પૌંડ્ર શબ્દ જુઓ** ). અહિયાં પાતાળી દેવીનું મંદિર હતું. ( **પદ્મપુરાણ,** ઉત્તરખંડ, અ૦ ૫૧ ) પ્રોફેસર વિલ્સનના મતે (**વિષ્ણુપુરાણ,** ખંડ ૨, પા૦ ૧૩૪, ૧૭૭ ) પૌંડ્રદેશના પુરાતન રાજ્યમાં રાજશાહી, દિનાજપુર, રંગપુર, માલ્ડા, બોગરા અને તિર્હુત વગેરે જીલ્લાઓનો સમાવેશ થતો. ટૂંકામાં આ દેશ તે ઉત્તર બંગાળ જ હતો. મિ૦ વેસ્ટમેકૉટ આ દેશ બિનાજપુર જીલ્લામાં આવેલ પિંજર અને બર્ધાનકુટી ( **અથવા બેત્તાલ** ) તરીકે ઓળખાવે છે. ( જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૭૫, પા૦ ૧૮૮; વળી જ૦ એ૦ સો૦ બં૦ ૧૯૦૮ પા૦ ૨૬૭ ઉપર **પ્રાચીન બંગાળાની ભૂગોળ એ વિષય ઉપરનું લખાણ જુઓ** ). કનિંગ્હામ આ રાજધાનીને બોગરા જીલ્લામાં આવેલી કરતોયા નદી ઉપર આવેલો મહાસ્થાન ગઢ તરીકે ઓળખાવે છે. એ સ્થળ બર્ધાનકુટિથી દક્ષિણે ૧૨ મૈલ અને અને બોગરાથી ઉત્તરે ૭ મૈલ ઉપર આવેલું છે. આ સ્થાન પત્રના હોય એમ પણ એ કહે છે. ( **વરેન્દ્ર શબ્દ જુઓ** ). અવધાન કલ્પમાં સુમાગધાવધાનમાં પુંડ્રવર્ધન સરસ્વતીથી પૂર્વમાં ૧૬૦ યોજન યાને ૬૪૦ મૈલ દૂર આવ્યાનું કહ્યું છે. પુંડ્રવર્ધનનો વિસ્તાર ગમે તેટલો હોય પણ એ તો નિશ્ચિત છે કે માલ્ડા જીલ્લો આમાં ગણાતો. જ૦ એ૦ સો૦ બં૦ પુ૦ ૧૫માં પોતાની ઈરીથ્રીયન–સમુદ્રના પેરિપ્લસ ઉપરની ટિપ્પણીઓમાં જેમ્સ



Aho ! Shrutgyanam

ટેલરે કહ્યું છે કે ફરિદપુર જીલ્લામાં એદિલપુર અગાડી મળેલા કેશવસેન તામ્રપત્રમાં કહ્યું છે કે વિક્રમપુર પાઉંડ્રકનો એક ભાગ હતું. (**જ૰ એ૦ સો૦ બં૦ ૧૮૩૮, પા૦ ૪૫ અને ૫૦ ઉપર છપાયેલા આ તામ્રપત્રના ઉતારામાં જુઓ**). ઐતરેયબ્રાહ્મણમાં (**અ૦ ૭–૧૮**) પુંડ્રનો ઉલ્લેખ છે. રાજતરંગિણી ભાગ ૪ માં પુંડ્રવર્ધન ૮ મા સૈકામાં ગૌડની રાજધાની હતું એવો ઉલ્લેખ છે. તે સમયે જયંતના રાજ્યકાળમાં કાશ્મીરનો રાજા જયપીડ પુંડ્રવર્ધનમાં આવ્યો હતો. ઇયાઝશાહે ઘણે પ્રયત્ને પૂર્વ બંગાળ જેની રાજધાની ઢાકાની પાસે સોનાર ગામમાં હતી તે અને પશ્ચિમ બંગાળ જેની રાજધાની સાતગામમાં હતી તેમને ઈ. સ. ૧૩૫૨ માં એકત્ર કર્યા હતા અને એ પ્રાન્તની રાજધાની પાંડુવામાં સ્થાપી હતી. ફિરોઝે પાંડુવાનું નામ બદલીને ફિરોઝબાદ પાડયું હતું. ફિરોઝાબાદમાં ૧૪૪૬ સુધી રાજધાની રહી હતી. (**લેઇનપુલનું મુસ્લીમ રાજકાળનું મધ્ય હિંદુસ્થાન, પા૦ ૧૬૪**).

**पुंड्रवर्धन.** (૨) પુંડ્રદેશ તે.

**पुंडरीय.** ગુજરાતમાં આવેલો શત્રુંજય ડુંગર તે જ. આ જૈન લોકોના પાંચ પવિત્ર પર્વતોમાંનો એક છે. સમેતશિખર શબ્દ જુઓ (**અંતગદા–દસાઓ, ડૉ૦ બાર્નેટનું ભાષાંતર, પા૦ ૫૮**).

**पुंडरीकक्षेत्र.** પાંડુપુર તે જ. એને પુંડરીકપુર પણ કહ્યું છે (**બૃહત્ નારદીય પુરાણ, ઉત્તરખંડ, અ૦ ૭૩**) જ્યાં પહેલાં જૈમિનીએ મહાદેવના એક લિંગની સ્થાપના કરી હતી.

**पुनःपूना.** પટના જીલ્લામાં ગંગા નદીને મળનારી પુનપુન નદી તે. (**વાયુપુરાણ, અ૦ ૧૦૮; પદ્મપુરાણ, સૃષ્ટિ, અ૦ ૧૧**).

**पुलहाश्रम.** શાલગ્રામ તે જ. (**વરાહપુરાણ અ૦ ૧૪૩**).

**पुलिंददेश.** સાગર જીલ્લો અને બુંદેલખંડના વિભાગનો સમાવેશ આ પ્રદેશમાં થતો (**વામનપુરાણ અ૦ ૭૬.**). કથાસરિત્સાગરમાં સવર અને પુલિંદો એક હોય એવો ગોટાળો છે. સવર તે જ સાગર છે (**આર્કિ૰ સર્વે રિ૦ પુ૦ ૧૭, પા૦ ૧૧૩–૧૩૯**). ટૉલેમિના કથનાનુસાર કુલિંદો (**પુલિંદો**)નું શહેર અગર (**સાગર**) હતું. આ જાતની એક શાખા પોડા કહેવાતી અને બંગાળામાં રહેતી હતી. તારાતંત્રમાં લખ્યા પ્રમાણે પુલિંદ શિલહટ્ટ (**સાઇલ્હેટ**)ની પૂર્વે અને કામરૂપની ઉત્તરે આવેલું હતું.

**पुलिंददेश.** (૨) હરદ્વારની વાયવ્યમાં આવેલો પ્રદેશ વિશેષ (**મહાભારત, વનપર્વ, ૧૩૯ અ૦**).

**पुर्णदर्भ.** કલિંજર તે જ. (**વાયુપુરાણ, અ૦ ૪૫**)

**पुर्णा.** તપતિ (**તાપી**) નદીની એક શાખા વિશેષ. પણ પયોષ્ણિ શબ્દ જુઓ.

**पुर्णा.** ગોદાવરી નદીની શાખા પૈરા નદી તે જ. (**બ્રહ્મપુરાણ, અ૦ ૧૦૬**)

**पुराणाधिस्थान.** શ્રીનગરથી આગ્નેયમાં ચાર મૈલ ઉપર આવેલું પંડરીતન. એ કાશ્મીરની જુની રાજધાની હતી. (**રાજતરંગિણી, સર્ગ ૫, શ્લોક૦ ૨૬૬**). પ્રવરસેન પોતાની રાજધાની શ્રીનગરમાં લઈ ગયો હતો. એણે ઇસ્વીસન ૪૩૨ થી ૪૬૪ સુધી રાજ્ય કર્યું હતું.

**पुराली** ત્રાવણકોર તે; ટૉલેમિએ જેને પરલિયા કહ્યું છે અને ઇરિથ્રીયન–સમુદ્રના પેરીપ્લસમાં પણ એજ નામનો ઉલ્લેખ છે (**સ્કોફના પેરીપ્લસનું પાનું ૨૩૪ જુઓ**). આ નામ પરલોક શબ્દનું વિકૃત થયેલું રૂપ છે. પરલોક ત્યાં આગળ નિકળતા મોતીના માટે પ્રખ્યાત છે. (**ડૉ૦ એન. લૉની કલકત્તા**

Aho ! Shrutgyanam

ઓરિએન્ટલ સીરીઝમાં છપાયેલું ભોજનું યુક્તિકલ્પતરૂ, પા૦ ૧૧૧-૧૧૨ ).

**पुरी.** ઓરિસામાં આવેલું જગન્નાથ તે જ. સુહસ્તિનની પછી થઇ ગયેલા જૈનાચાર્ય વજ્રસ્વામી આ જગ્યાએ આવ્યા હતા તે કાળે અહિ બૌદ્ધ રાજાઓનું રાજ્ય હતું (**સ્થવિરાવળી, ૧૨, ૩૩૪.**).

**पुरिका.** વખતે ગેડ્રોશિઆની રાજધાની પૌરા તે જ, (**મહાભારત, શાંતિપર્વ, પા૦ ૧૧૧; મેક્ક્રીંડલની હિંદુસ્થાનપર સિંકદરની ચઢાઇ, પા૦ ૧૭૨** ).

**पुरीका** (૨) નર્મદા કિનારે આવેલો પ્રદેશ વિશેષ ( **બૃહત્સંહિતા, અ૦ ૧૪; માર્કણ્ડેય-પુરાણ, અ૦ ૫૭** ).

**पुरुश्री.** પરૂશ્ની તે જ.

**पुरुषपुर.** ગંધારની રાજ્યધાની પેશાવર તે જ.(**દેવી-પુરાણ, અ૦૪૬**). ગાંધાર અને નવ-ગાંધાર શબ્દ જુઓ. મહારાજા કનિષ્કની રાજધાની અહિયાં હતી. કનિષ્કે કોતરકામવાળા લાકડાનો તેર-માળનો અવશેષ મુકવાનો સ્તંભ કરાવ્યો હતો. પેશાવરના લાહોર દરવાજાની બહાર "શાહજી કી ઢેરી" નામના ટેકરામાં અદ્યાપિ એનાં ખંડિયેરો અસ્તિત્વમાં છે. ( **જ૦ રો૦ એ૦ સો૦, ૧૯૧૨, પા૦ ૧૧૩** ). આ સ્તંભની બાજુએ કનિષ્કનો બાંધેલો એક ભવ્ય આશ્રમ આવી રહ્યો હતો. આ આશ્રમ મહમદ-ગઝની અને એની પછી ગાદીએ આવનારાઓની ચઢાઇઓના કાળમાં નાશ પામ્યો હતો. ( **વિન્સેન્ટ સ્મિથનો હિન્દુસ્થાનનો પ્રાચીન ઇતિહાસ, પા૦ ૨૨૭**). કનિષ્કના સમકાલીનોના અંગે તામસવન શબ્દ જુઓ. ઇસ્વી સનના ૧૧ મા સૈકામાં પુરુષપુરને પુરુષવર કહેતા ( **અલબરૂનીનો હિંદુસ્થાન, પુ૦ ૧, પા૦ ૨૦૬** ). ઇસ્વી સનના ૬ સૈકામાં આ જગ્યાએ બૌદ્ધ-સાધુ આસંગ રહેતો હતો. આસંગના ન્હાના ભાઈ વસુબંધુનું પણ આ જન્મસ્થાન હતું. ( **જ૦ રો૦ એ૦ સો૦ ૧૯૦૫. પા૦ ૩૭** ).

**पुरुषोत्तमक्षेत्र.** ઓરિસામાં આવેલી પુરી તે જ. ( **શ્રીક્ષેત્ર અને પુરી શબ્દ જુઓ** ). માળવાના રાજા ઇન્દ્રદ્યુમ્ને પોતે બાંકીમોહન અગાડી નહાતો હતો ત્યાં તરતા આવેલા લાકડામાંથી જગન્નાથની મૂર્તિ બનાવડાવી હતી આમ કહેવાય છે અને એ મૂર્તિની પોતે બંધાવેલા દેવળમાં સ્થાપના કરી હતી (**સ્કંદપુરાણ, વિષ્ણુખંડ, પુરૂષોતમક્ષેત્ર મહાત્મ્ય, અ૦ ૧; બ્રહ્મપુરાણ, અ૦ ૫૧**). રાજા શિવદેવ યાને સુભાનદેવના વખતમાં જ્યારે રક્તબાહુ નામના યવને ઓરિસા ઉપર હલ્લો કર્યો ત્યારે આ મૂર્તિને ઓરીસાની પશ્ચિમ સીમા ઉપર આવેલા સોનપુર-ગોપાલી નામના સ્થળે ખસેડી ત્યાં સંતાડવામાં આવી હતી. રક્તબાહુના આક્રમણના વખતમાં એક અસાધારણ રેલ આવી હોવાથી આ દેવળનો નાશ થયો હતો. કેટલાક સૈકા બાદ ઇસ્વી સનના છઠ્ઠા સૈકામાં રાજા યયાતિકેશરીને આ મૂર્તિ પાછી મળી હતી. અનંગ ( **અનિયાંક** ) ભીમદેવની આજ્ઞા ઉપરથી મંત્રી પરમહંસ બાજપાઈએ એક કરોડ રૂપિઆના ખર્ચે નવું દેવળ બંધાવ્યું હતું. મુસલમાન થયેલા રાજુ નામના એક હિંદુએ પાછળથી આ મૂર્તિ બાળી નાખી હતી. આ માણસ બંગાળાના પઠાણ રાજા સુલેમાન શાહનો સેનાપતિ હોઈ કાલાપહાડ કહેવાતો ( **કૈલાશ ચંદ્રસેનનો દારૂબ્રહ્મ; સ્ટર્લિંગનો ઓઢીઆ**). પોતાના ભીલસાના સ્તૂપોમાં કનિંગહામ કહે છે કે જગન્નાથની મૂર્તિ બૌદ્ધ ત્રિરત્નના આકારની બનાવાઈ હતી.

વસ્તુતઃ જગન્નાથ, બલરામ અને સુભદ્રાની મૂર્તિઓ બુદ્ધ, ધર્મ અને સંઘ સૂચક છે.પુરાતન અશોકના મૂળાક્ષરોમાં ય, ર, વ, લ અને

Aho ! Shrutgyanam

સ તે વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વી એ ચાર મૂળતત્ત્વો અને શિખર ઉપર કમળ અને અર્ધચંદ્ર સહિત સુમેરૂના સૂચક છે. **( કનિંગ્હામના ભીલસાના સ્તૂપો, પા૦ ૩૫૫ અને હૅાડસનના બુદ્ધનું વાંગ્મય અને ધર્મમાં અવતરણ લીધેલું પૂજાકાંડ, પા૦ ૧૦૫ ).** ફાહિયાન અને હ્યુનશાંગે બુદ્ધ ધર્મ અને સંઘના રથ ખેંચાય છે, તે સંબન્ધી વર્ણન કર્યું છે. જગન્નાથ, બલરામ અને સુભદ્રાની મૂર્તિઓ તે અનુક્રમે વરાહમિહિર પોતાની બૃહત્સંહિતાના અ૦ ૫૮, શ્લોક ૩૭ માં કહ્યા પ્રમાણે કૃષ્ણ, બળદેવ અને દેવી એકાનેમશાની સૂચક છે કે નહિ એ વાતની છાણા છાણ થઇને હજુ સુધી એનો નિર્ણય થયો નથી. સાવિત્રી યાને એકનમશાના નામ અને તેમના મૂળના સારૂ વાયુપુરાણ, અ૦ ૨૫ જુઓ. મિસ્ટર પેટર્સન કહે છે કે આ મુર્તિઓ "ૐ"ના પ્રતીક છે. **( એશિયાટિક-રિસર્ચ ૮, જગન્નાથ ).** પુરી તે પ્રાચીન 'દંતપુર' છે એમ હાલ નિર્ણિત થયેલું છે. અહિયા અગાડી બુદ્ધનો ડાબો કુતરીયો દાંત પૂજાના માટે સુરક્ષિત રાખવામાં આવ્યો હતો. **( દંતપુર અને શ્રીક્ષેત્ર શબ્દો જુઓ).** પુરીથી રેલ્વેના રસ્તે ૧૦ મૈલ દૂર આવેલા સાક્ષીગોપાલમાં શ્રીકૃષ્ણની બહુજ સુંદર મૂર્તિ છે અને બાલાસોરથી પશ્ચિમમાં પાંચ મૈલ ઉપર આવેલા રેમુનામાં ખીરચોરા ગોપીનાથની મૂર્તિ આવેલી છે.

**पुष्कर.** અજમેરથી ૬ મૈલ ઉપર આવેલું પુષ્કર નામનું તલાવ તે જ. એને "પોખરા" પણ કહે છે. મહાભારતના સમયમાં પુષ્કરની આજુબાજુ વા પુષ્કરની પાસે ઉત્સવસંકેત નામના મ્લેચ્છોની આઠ જાતો રહેતી હતી. **(સભાપર્વ, અ૦ ૨૭-૩૨ )** અને રઘુવંશના ચોથા સર્ગના ૭૮ મા શ્લોકમાં ઉલ્લેખાયેલો હિમાલય શબ્દ જુઓ.

**पुष्करद्वीप.** આક્સસ નદીની ઉત્તરથી પશ્ચિમ તાતાર સહિત મધ્ય એશિઆનો ભાગ વિશેષ. વખતે બુષ્કર યાને બુખારા ઉપરથી આ નામ પડયું યે હોય. ગ્રીક લોકો આ પ્રદેશની ગણના સીથિયામાં કરતા હતા.

**पुष्करसरस्वती.** સરસ્વતી (૧) જુઓ **( મહાભારત, શલ્યપર્વ, અ૦ ૩૯ ).**

**पुष्करावती.** પુષ્કલાવતી તે જ.

**पुष्करावतीनगर.** રંગૂન તે જ. આ સ્થળ રમણ્ય મંડલમાં આવેલું કહેવાય છે. તપુસ અને ભલુક નામના બે ભાઇઓ જેમણે બુદ્ધને બૌધિત્વ પ્રાપ્ત થયું ત્યારપછી તરતજ મદ્ય અને બીજા ખાદ્ય પદાર્થો આપ્યા હતા તેઓ બે પુષ્કરાવતી નગરના રહેવાસી હતા. બીજા બૌદ્ધ ગ્રન્થકારો આ સ્થળને ઓકલ્લ પણ કહેતા. આ ભાઈઓએ બુદ્ધે તેમને આપેલા પોતાના કેશ ઉપર પોતાના સ્વદેશમાં ગયા પછી ત્યાં સેદગોન નામનું દેવળ બંધાવ્યું હતું **( સેક્રેડ બુકસ ઑફ સિલોન, પુ૦ ૩, પા૦ ૧૧૦ ઉપરનો ઉફામનો બુદ્ધિસ્ટ ટ્રેક્ટ નામનો લેખ; જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૫૯, પા૦ ૪૩૪ ).**

**पुष्पगिरि.** કૃતમાળા **( વૈગા )** નદીનું મુળ જેમાં આવેલું છે તે મલય પર્વતાવલીનો ભાગ વિશેષ. **( માર્કણ્ડેય પુરાણ, અ૦ ૫૭; વિષ્ણુપુરાણ, ખંડ ૨, અ૦ ૩ સરખાવો).**

**पुष्पपुर.** પટણા તે જ. મુળે પાટલીપુત્રના એક ભાગનું આ નામ હતું આમ જણાય છે. એ ભાગમાં ધનાઢય લોકો અને અમીરો રહેતા હતા. **( મુદ્રારાક્ષસ, અંક ૧);** આ જગાના નામ ઉપરથી આખા શહેરને પુષ્પપુર યાને કુસુમપુર **( કિંવા કુમરાર )** કહેતા હતા. રાજ્યમહેલ આ સ્થળે આવેલો હતો, પાટલીપુત્ર અને કુસુમપુર તે જ.

**पुष्पवती.** ત્રાવણકોરમાં આવેલી પાંબઈ નદી તે જ. **( વરાહપુરાણ, અ૦ ૮૫ ).**

Aho ! Shrutgyanam

**पूर्वकोशल.** કોશલ તે જ. (**મહાભારત, વનપર્વ, અ૦ ૧૯**).

**पूर्वगंगा.** નર્મદા નદી તે જ.

**पूर्वविदेह.** અપર–વિદેહ શબ્દ જુઓ. ( ડૉ૦ **આર. એલ. મિત્રનું લલિતવિસ્તાર, અ૦ ૩ અને ૫૨મા પાના ઉપર તેની ટિપ્પણી જુઓ** ).

**पूर्वस्थली.** પર્થલિસ શબ્દ જુઓ.

**पूर्वसरस्वती.** નૈમિષારણ્યમાં વ્હેતી ગોમતી ( **ગુમતી** ) નદીની શાખા વિશેષ. ( **દેવી ભાગવત, ખંડ ૪. અ૦ ૮; મત્સ્યપુરાણ, અ૦ ૧, પા૦ ૧૬૨** ).

**पूर्वसिंधु.** દક્ષિણ–સિંધુ તે જ.

**पुष्कलावती.** ગાંધારની જુની રાજધાની પુષ્કલાવતી યાને પુષ્કરાવતી તે જ. આ શહેર રામચંદ્રના ભાઇ ભરતે વસાવ્યું કહેવાય છે. એણે પોતાના પુત્ર પુષ્કલના નામ ઉપરથી આ શહેરનું નામ પુષ્કલાવતી રાખ્યું હતું. અને પુષ્કલને અહિનું રાજ્ય સોંપ્યું હતું. ( **રામાયણ, ઉત્તરખંડ, સર્ગ ૧૦૧–૧૧૪; જ૦ એ૦ સો૦ બં૦ માં લૅસિનનો લેખ, ૧૮૪૦, પા૦ ૪૭૬** ). મહાન સિકંદરે ઘેરો ઘાલીને આ શહેર અસ્તિસ (**હસ્તી**) ની પાસેથી જીતી લીધું હતું અને તેણે સેંગોઇયસ ( **સંજય** ) ને પોતાની પછી સોંપ્યું હતું. પેશાવર જીલ્લામાં પેશાવરની ઉત્તરે ૧૮–મૈલ ઉપર સ્વાટ અને પંજકોરા નામના બે વેળીઓ એકત્ર થઈને લેંડી નામે ઓળખાતી નદી ઉપર અને કાબુલ નદીના સંગમ આગળ આવેલું અષ્ટનગર યાને હસ્તનગર ( **ચરસદ્ધા** ) તેજ પુષ્કલાવતી હોય. ગ્રીક–લોકો તે સ્થળને પિયુકેલાઓટિસ કહેતા અને તે કાબુલ નદીની પેલી બાજુ ઇશાનમાં ૧૫ મૈલ ઉપર સિંધુ નદીને કિનારે આવેલું હતું. **ગાંધાર** શબ્દ જુઓ. પુષ્કલાવતી યાને પુષ્કરાવતીનું જુનું નામ ઉત્પલવતી હતું (**ઉત્તરપથમાં આવેલી**). અહિ આગાડી પોતાના એક પૂર્વજન્મમાં બુદ્ધે બ્રહ્મપ્રભા નામના સાધુને રૂપે એક ક્ષુધાતુર વાઘણને પોતાનું શરીર ખાવા આપ્યું હતું. ભૂખની મારી આ વાઘણ પોતાનાં નવાં જન્મેલાં બે બચ્ચાંને ખાવાની અણી પર હતી ( **દિવ્યાવદાન—માળા, ડૉ૦ આર૦ એલ૦ મિત્રનું નેપાળનું સંસ્કૃત બુદ્ધિસ્ટ સાહિત્ય, પા૦ ૩૧૬.** )

**प्रेतोद्धारिणी.** મહાનદીને રાજુ અગાડી મળનારી પીરી યાને પૈરી નદી તે. (**એશિયાટિક રિસર્ચીઝ, પુ૦ ૧૫; કનિંગ્હામનો આર્કે૦ સર્વે૦ રિપોર્ટ, પુ૦ ૧૭, પા૦ ૮** ). દેવપુર શબ્દ જુઓ.

**पेतेनिक.** ગોદાવરી ઉપર આવેલા પૈથાણની આસપાસનો મુલક યાને મહારાષ્ટ્ર. ( **અશોકના ગિરનાર અને ધૌલિના શિલાલેખો સ્મિથના 'અશોક' માનાં પા૦ ૧૨૦; ભાંડારકરનો દક્ષિણનો પ્રાચીન ઇતિહાસ,** ખંડ ૩; જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૩૮, પા૦ ૨૬૭).

**पेरिमुद.** મુંબઈ પાસે આવેલો સાલસેટ બેટ તે. ગ્રીકોએ એને પેરીમૂલ કહ્યો છે. કેમ્પબેલ પેરિમૂલ તે સિમિલા આમ કહે છે અને મેકક્રિંડલ એને ટેકો આપે છે. (**ટૉલેમી, પા૦ ૨૦૧** ) ( **પણ એજ કર્ત્તાનું મેગાસ્થિનીસ અને એરિયને વર્ણવેલું પ્રાચીન હિંદુસ્થાન, પા૦ ૧૪૨ ઉપરની ટિપ્પણી જુઓ** ). પણ ડાકુન્હાના મંતવ્ય પ્રમાણે સાલસેટનું પ્રાચીન નામ શાષ્ઠી છે ( **શાષ્ઠી શબ્દ જુઓ** ). ઇશુ–ખ્રિસ્તની ૪થી સદીના આરંભમાં બુદ્ધનો દાંત ત્યાં દટાયલો હોવાથી તે સ્થળ પવિત્ર ગણાય છે. બુદ્ધિસ્ટ–યાત્રાળુઓ એ સમયે આ બેટમાં આવ્યા હતા. કેનરીની ગુફાઓ

Aho ! Shrutgyanam

( ચૈત્યો ) આ ખેટમાં આવેલા શિલાલેખોમાં કૃષ્ણગિરિ નામે ઓળખાવાઈ છે. ફરગ્યુશનના ધારવા મુજબ આ ચૈત્યો ઈસ્વી-સનના ૫ મા સૈકાની શરૂઆતમાં બનાવાયેલા છે. ( **હિંદુસ્થાનનો અને પૂર્વ તરફના આર્કિટેકચરનો ઇતિહાસ, પા૦ ૧૬૧** ). જુદી જુદી ઉંચાઇએ એક મોટી ખડકવાળી ટેકરી ઉપર આ ગુફાનાં દેવળો આવી રહ્યાં છે. સૌથી મોટામાં મોટું અને ઘણું જ મહત્ત્વનું દેવળ એ બુદ્ધનું છે. આ ઘણું સુંદર અને ભવ્ય છે. ( **બિશપ હેબરનું ઈંડિયન જર્નલ, પુ૦ ૨, પા૦ ૧૬૦** )

**पोतन** ગોદાવરી નદીના ઉત્તર કિનારા ઉપર આવેલું પૈઠાણ તે જ. આ અસ્સક યાને અસ્મક યાને મહારાષ્ટ્રની રાજધાની હતું ( **મહાગોવિંદ સુત્તંત, બુદ્ધના વ્યાખ્યાનોમાં, ભાગ ૨; જાતક, ૩. પા૦ ૨** ) પ્રતિસ્થાન શબ્દ જુઓ.

**पोतली**. પોતન તે જ. ( **જાતક ૩, પા૦ ૨** ).

**पोलौर**. ટૉલેમિના કહેવા પ્રમાણે ગંગા નદીના મુખ કમ્બિસનની પાસે આવેલું શહેર વિશેષ ( **મેકક્રિંડલનો ટૉલેમી, પા૦ ૭૨** ). કોલપર્વતપુર એ જ. ( **ઇંડિયન એંટિક્વરી ૧૯૨૨માં નંદલાલ દેનો ગંગાનો પ્રાચીન પ્રવાહ નામનો લેખ જુઓ.** )

**पौदन्य**. પોતન તે જ. આ શહેર અશ્મકે વસાવ્યું હતું ( **મહાભારત, આદિ પર્વ, અ૦ ૧૭૯, શ્લોક ૪૭-પી૦ સી૦ રોયની આવૃત્તિ** ).

**पौंडरिक**. પાંડુપુર તે જ. ( **પદ્મપુરાણ, ઉત્તરખંડ, અ૦ ૯૫** ).

**पौनिक**. પુનક તે જ. ( **વાયુપુરાણ, અ૦ ૪૫** ).

**पौर्व**. ગુજરાત જીલ્લા સહિત ઝેલમ નદીને પૂર્વ કિનારે આવેલો દેશ વિશેષ. પુરૂઓ મૂળે અહિ રહેતા. સિકંદરની જોડે યુદ્ધ કરનાર પૌરસનું રાજ્ય તે. ( **મહાભારત, સભાપર્વ, ૨૭: હર્ષચરિત્ર, અધ્યાય ૬** ).

**पौंड्र**. પુંડ્રવર્ધન તે જ. બાલીના દીકરા પુંડ્રના નામ ઉપરથી આને પુંડ્રદેશ પણ કહેતા હતા. આની પૂર્વ સીમા ઉપર કરતોયા નદી આવેલી હતી પણ મિ૦ વેસ્ટમેકૉટ કહે છે કે બ્રહ્મપુત્રા નદી આવેલી હતી. ( **જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૭૫ પા૦ ૩.** ) એની પશ્ચિમે કૌશિકી ( **કોશી** ) અને ઉત્તરે હિમાલયની હારમાંનો હેમકટ પર્વત અને દક્ષિણે ગંગા નદી આવેલાં હતાં. કૃષ્ણના તેજદ્વેષી વાસુદેવનું અહિ રાજ્ય હતું. ( **હરિવંશ, અ૦ ૨૮૧-૨૮૨; પદ્મપુરાણ, ઉત્તરખંડ, અ૦ ૭૪; બ્રહ્માંડપુરાણ, પૂર્વખંડ, અ૦ ૫૫** ). વખતે આ દેશનું નામ પુંડ્ર દેશ યાને પૌંડ્ર હતું અને રાજધાનીના શહેરનું નામ પૌંડ્રવર્ધન હતું. આને કરૂષ પણ કહેતા હતા. ( **ભાગવતપુરાણ, દશમ સ્કંધ, અ૦ ૬૬** ). બંગાળાના માલ્દા જીલ્લામાં આવેલું પાંડુવા તે જ આ એમ કહેવાય છે. પૂર્વે મહાનંદાને કાંઠે આ શહેર આવેલું હતું. હાલ નદી ખસીને પશ્ચિમમાં ચાર મૈલ છેટે ગઇ છે. આ જગ્યાએ સુપ્રસિદ્ધ અદીના મસ્જીદ અને એક સમયનો રાજમહેલ મનાયેલો સતશગઢ આવેલો હતો. મહાભારત ( **સભાપર્વ, અ૦ ૫૧ અને ભીષ્મપર્વ, અ૦ ૯** ) ને અનુસરીને મી૦ પાર્ગીટર પુંડ્ર અને પૌંડ્ર એ બે જુદા દેશ હતા આમ માને છે. એઓ માને છે કે ગંગાની દક્ષિણે પૌંડ્ર અને અંગ અને બંગની વચ્ચે ઉત્તરે પુંડ્ર આવેલા હતા. હાલના સંતાલ પરગણા અને વીરભૂમ અને હજારી બાગના ઉત્તર તરફના ભાગનો સમાવેશ પૌંડ્રમાં થતો હોવો જોઈએ ( **પૂર્વહિંદુસ્થાનના પ્રાચીન દેશો નામનો લેખ, જ૦એ૦ સો૦ બં૦ ૧૮૯૭, પા૦ ૮૫** ).

**पौंड्रवर्धन**. પુંડ્રવર્ધન અને પુંડ્ર શબ્દો જુઓ. આ નામ દેશ અને તેની રાજધાની બન્નેને

Aho ! Shrutgyanam

લગાડાતું હતું. લૌકિક યાને સપ્તર્ષિ સંવત ના ૩૮૨૫ (ઈ.સ.૭૫૦) માં જયપીડ વિનયાદિત્ય કાશ્મીરની ગાદી ઉપર આવ્યો હતો. એણે પુંડ્રવર્ધનમાં આવીને પંચગૌડના પાંચે ઠાકોરોને હરાવીને પોતાના સસરા જયંતને ગૌડની ગાદી ઉપર બેસાડયો હતો. એણે ( **ડૉ૦ સ્ટેઇનની રાજ્યતરંગિણી,પુ૦ ૨,પા૦ ૧૬૩;વિશ્વકોષ, "કુલીન" શબ્દ જુઓ** ).

**पैठाण.** પ્રતિષ્ઠાન તે જ.

**पंचकर्पट.** હિંદુકુશ પર્વતના દક્ષિણ તરફના ઢાળ ઉપર આવેલો પંચકોરા જીલ્લો અને પંચગૌડ નામનું શહેર તે. સ્વાત (સુવરતુ) નદીને મળનારી પંચકોરા નદીને કિનારે આ સ્થળ આવેલું હતું. પંચકોશ અને પંચગૌડ બન્ને પંચકર્પટ ઉપરથી વિકૃત થયેલાં નામો છે. "ગૌરી" શબ્દ જુઓ. (**મહાભારત, સભાપર્વ, અ૦ ૩૨**). સહદેવ પાંડવે આ વિભાગ જીત્યો હતો. એનું મુખ્ય શહેર દીર છે.

**पंचकेदार** ગરવાળમાં હિમાલયની પર્વતમાળા ઉપર આવેલા કેદારનાથ, તુંગનાથ, રૂદ્રનાથ, મધ્યમેશ્વર અને કલ્પેશ્વર વગેરેના દેવળો મળીને પંચકેદાર કહેવાય છે. અને આ દેવળો યાત્રાનાં ખાસ સુપ્રસિદ્ધ ધામ ગણાય છે. પાંડવોમાંના અર્જુનની જોડે લડતાં લડતાં સદાશિવરૂપે ભગવાન મહાદેવ ભેંસનું રૂપ ધારણ કરીને નાસીને કેદારમાં સંતાઇ ગયા હતા. પણ અર્જુનથી સપડાઈ જઇ સંકડામણમાં આવ્યાથી જમીન ખોદીને તેમાં પેસી ગયા હતા. પરન્તુ તેમની પૂઠનો ભાગ જમીનની બહાર દેખાય તેમ રહ્યો હતો. આ સ્થળે તે પૂઠના ભાગની પૂજા થાય છે અને ભગવાનના શરીરના બીજા ભાગોની પૂજા ચાર જુદે જુદે ઠેકાણે થાય છે. તુંગનાથમાં એમના બાહુ—હાથની, રૂદ્રનાથમાં એમના મુખની, મધ્યમેશ્વરમાં એમની નાભિની અને કલ્પેશ્વરમાં એમનું મસ્તક અને જટા પૂજાય છે. (**ફ્યુરરનું મોન્યુમેંટલ એંટિક્વીટીઝ અને ઇન્સ્ક્રીપ્શન્સ; ગૌરીપ્રસાદ મિશ્રનું કેદારનાથ બદરીવિશાળ યાત્રા** ).

**पंचगंगा.** ભાગીરથી ( ગંગા ), ગોમતી ( ગોદાવરી ), કૃષ્ણાવેણી ( કૃષ્ણા ), પિનાકિની ( પેન્નર ) અને કાવેરી એ પાંચ પંચગંગા કહેવાય છે.

**पंचगौड.** સારસ્વત (**સારસ્વત શબ્દ જુઓ**), કાન્યકુબ્જ, ગૌડ, મિથિલ અને ઉત્કલના બ્રાહ્મણો પંચગૌડ કહેવાતા હતા (**હરિપ્રસાદ શાસ્ત્રીનું રચિત બલ્લાલ ચરિતમ્**, પા૦ ૨). આ પંચગૌડ તે ભૌગોલિક વિભાગો નહિ પરંતુ ઉત્તર હિંદુસ્થાનના બ્રાહ્મણોની પાંચ જાતોનું નામ છે. (**શેરિંગનું હિંદુ ટ્રાઇબ્ઝ અને કાસ્ટસ, પા૦ ૧૯, પણ ત્યાં આપેલાં નામોમાં કેટલોક ફેરફાર છે** ) રાજતરંગિણીમાં કહેલા પંચગૌડ તે બંગાળાના ભૌગોલિક વિભાગો છે. પુંડ્રવર્ધન, રાધ, મગધ, તિરભુક્તિ અને કદાચ બરેંદ્ર એ આ વિભાગોનાં નામો છે (**ડૉ. સ્ટીનની રાજતરંગિણી, પુ૦ ૧, પા૦ ૧૬૩; જ૦ એ૦ સો૦ બં૦, ૧૯૦૮, પા૦ ૨૦૮** ).

**पंचनद.** શતદ્રુ, વિપાસા, ઈરાવતી, ચંદ્રભાગા અને વિતસ્તા એ પાંચ નદીઓવાળો પ્રદેશ પંજાબ તે. ( **અગ્નિપુરાણ, અ૦ ૧૦૯; મહાભારત, કર્ણ પર્વ, અ૦ ૪૫**). ખસુસ કરીને આ નામ સતલજ અને બિઆસ મળીને થતા ધારના સ્રોતો—જ્યાં વહે છે તે પ્રદેશને લગાડાય છે અને રાવી, ચીનાબ અને ઝેલમ આ ત્રણે નદીઓ એકઠી થઇને મિથુન કોટે આગાડી સિંધુને મળે છે તે પ્રદેશ ત્રિનાબ કહેવાય છે. દરિયસ હિસ્તસ્પેસે આ પ્રદેશ સર કર્યો હતો. ( **રૉલિન્સનનું પાંચ મોટા રાજ્યો, પુ૦ ૪, પા૦ ૪૩૩** ). મેનન્ડર, એપોલોડોટસ, ઝોઇલસ, ડિયોનિસિઅસ, સ્ટ્રેશન, હિપોસ્ટ્રેટસ, ડાયોમિડિસ, નિસિયસ,

Aho ! Shrutgyanam

તેલેફોસ, અને હામયસ આ બધા મહાન યુનાની રાજાઓએ પંજાબમાં રાજ્ય કર્યું હતું. આ રાજાઓએ એક પછી એક એમ અનુક્રમે રાજ્ય કર્યું નથી પણ તેમણે એક કાળે પંજાબના જુદા જુદા ભાગમાં સમકાલીન તરીકે રાજ્ય કરેલું છે. આ યુનાની રાજાઓએ ઈસ્વી–સન્ પૂર્વે બીજા સૈકાના આરંભથી તે ઈસ્વી–સન્ ૭૮ સુધી રાજ્ય કર્યું છે. ઈસ્વી સન્ ૭૮ માં શક લોકોએ આમને જીતી લીધા હતા. વેનોનોએસ, સ્પલિરિસેસ જે વેનોનો-એસનો ભાઈ થતો હતો, અજાસ ૧લો, અઝીલિસેસ, અજાસ બીજો, મઉએસ યાને મોગ આ ૭ શક રાજાઓએ પણ પંજાબમાં રાજ્ય કર્યું છે. ડૅા૦ રામકૃષ્ણ ગોપાલ ભાંડારકર અને પ્રોફેસર ડી૦ આર૦ ભાંડારકરના મંતવ્ય પ્રમાણે શક–સંવતનો સ્થાપનાર પ્રોફેસર ઓલ્ડનબર્ગ કહે છે તેમ કનિષ્ક નહીં પણ વેનોનિયસ હતો. હિંદુસ્થાનના આ સીથિયન રાજાઓએ ઈસ્વી–સન્ ૭૮ થી ઇસ્વી–સન્ ૧૫૬ સુધી રાજ્ય કર્યું છે. મૌએસના રાજ્યકાળમાં ઇંડોપર્થિયન વંશના પહેલા રાજા ગોન્ડોફરિસે પંજાબ જીતી લીધું હતું. સિથિયન રાજાઓની રાજધાની સિસ્તન્ ( **શાકદ્વીપ શબ્દ જુઓ** )માં હતી. અને તેઓ પંજાબમાં સુબાઓની મારફતે રાજ્ય કરતા હતા. કેટલાએક લખનારાઓના મંતવ્ય પ્રમાણે ગોન્ડોફરિસની પછી થનારા રાજાઓની રાજધાની બલ્ખમાં હતી. ઈંડોપર્થિયન યાને પલ્લવ રાજાઓ ગોન્ડોફરિસ, અબ્દગસિસ,–જે ગોન્ડોફરિસનો ભત્રીજો હતો; ઓર્થગ્નિસ, અર્સંકિસ, પકોરિસ, અને સનબરિસ રાજાઓએ પંજાબમાં રાજ્ય કર્યું હતું. પલ્લવોનું રાજ્ય કુશન રાજા કુજુલ–કડ્ફીસીસે ઈસ્વી–સન્ ૧૯૮માં જીતી લીધું હતું. આખા સસ્સેનિયન રાજ્યકાળમાં કિરમનની પુર્વ તરફના પ્રદેશને કુશન કહેતા ( જ૦ રો૦ એ૦ સો૦ ૧૫, પા૦ ૨૩૩ ). આ કુશન રાજાઓએ ઈ. સ. ૧૯૮ થી ઇસ્વી સન્ ૩૭૬ સુધી રાજ્ય કર્યું છે. ગુપ્ત રાજાઓએ એમના રાજ્યનો અંત આણ્યો હતો. હૂણોએ ગુપ્તો પર વિજય મેળવ્યો હતો ( ડૅા૦ **આર૦ જી૦ ભાંડારકરનો હિંદુસ્થાનના પ્રાચીન ઈતિહાસ પર દષ્ટિપાત અને પ્રોફેસર બી૦ આર૦ ભાંડારકરનો કુશનનો શિલાલેખ અને શક સંવત્‌ની સ્થાપનાનો પ્રશ્ન એ નામનો મુંબઇની રૉયલ એશિયાટિક સોસાઈટીની શાખામાં પુ૦ ૨૦ માં, ૫૬ ભાગમાં, પા૦ ૩૫૬ માં, ટિપ્પણ** F; જ૦ એ૦ સો૦ બં૦, ૧૯૦૮, પા૦ ૮૧).

**પંચનદ.** ( ૨ ) કુરુક્ષેત્રમાં આવેલું યાત્રા સ્થળ વિશેષ. (**મહાભારત, વનપર્વ**, અ૦ ૮૩, શ્લોક ૧૬ ).

**પંચનદ.** ( ૩ ) જપ્યેશ્વર (?) ની પાંચ નદીઓ જાતોદક, ત્રિસ્રોત, વૃષધ્વની, સ્વર્ણોદક અને જંબુનદી એ પાંચ સમગ્ર રીતે પંચનદ કહેવાય છે. ( **લિંગપુરાણ**, અ૦ ૧, ૪૩ ).

**પંચનદ.** ( ૪ ) દક્ષિણમાં આવેલી કૃષ્ણા, વેણા, તુંગા, ભદ્રા અને કોના એ પાંચ નદીઓ દક્ષિણ પંચનદ કહેવાય છે ( **વિષ્ણુ સંહિતા**, અ૦ ૮૫; **સેક્રેડ બુક ઑફ ધી ઈસ્ટ**, પુ૦ ૭, **પા૦ ૨૫૯ ઉપરની ટિપ્પણી.** ).

**પંચતીર્થ.** હરદ્વારની પશ્ચિમે આવેલી એ ડુંગરીઓની વચમાં આવેલી પાંચ તલાવડીઓને પંચતીર્થ કહેવામાં આવે છે. અમૃતકુંડ, તપ્તકુંડ, સીતાકુંડ, રામકુંડ અને સૂર્યકુંડ તે આ તળાવડીઓના નામ છે.

**પંચતીર્થ.** ( ૨ ) મહાભારતમાં કહેલું મદ્રાસ પ્રાંતમાં આવેલું યાત્રા સ્થળ વિશેષ ( **આદિ**

Aho ! Shrutgyanam

પર્વ, અ૦ ૨૧૭). અર્જુન આ સ્થળે આવ્યો હતો. પંચાસર તે જ. (સ્કંદપુરાણ, કુમારિકાખંડ, અ૦ ૧.)

**પંચદ્રાવિડ**. દ્રાવિડ, કર્ણાટક, ગુજરાત, મહારાષ્ટ્ર અને તૈલંગ યાને આંધ્ર એ પંચદ્રાવિડ કહેવાય છે. (વિલ્સનનો કોષ). આ નામ ભૌગોલિક વિભાગનાં નહિ પણ દક્ષિણ હિંદુસ્થાનની બ્રાહ્મણની જાતીઓનાં નામ છે. (શેરિંગનું હિંદુની જાતો અને ન્યાતો પા૦ ૧૧૯).

**પંચાપ્સાર તીર્થ**. છોટા નાગપુર વિભાગમાં ઉદયપુર નામના જીલ્લામાં આવેલું સ્થળ વિશેષ. કપુ, બંધનપુર, વંજીયામ્બ અને પોત્રી નામનાં સ્થળો રામાયણમાં કહેલા પંચાસર નામના સરોવરની બાજુમાં આવેલાં હતાં આમ મનાય છે. (છોટાનાગપુર વિભાગનાં પ્રાચીન સ્થળો) પણ ભાગવતના દશમસ્કંધના ૭૯ મા અધ્યાયમાં આ સ્થળ દક્ષિણ હિંદુસ્થાનમાં આવ્યાનું કહ્યું છે. ચૈતન્યચરણામૃતમાં આ સ્થળ ગોકર્ણમાં આવ્યાનું કહ્યું છે.

સુપ્રસિદ્ધ ટીકાકાર શ્રીધરસ્વામીના મંતવ્ય પ્રમાણે પંચાપ્સાર તીર્થ મદ્રાસ ઈલાકામાં આવેલા ફાલ્ગુન યાને અનંતપુરની પાસે આવ્યાનું કહ્યું છે. આ સ્થળ બેલ્લરીથી આગ્નેયમાં ૫૬–મૈલ ઉપર આવેલું છે. પાંડવ અર્જુન અને બલરામ આ સ્થળે આવ્યા હતા. મહાભારત (આદિપર્વ, અ૦ ૨૧૭) ઉપરથી જણાય છે કે મદ્રાસ ઇલાકામાં આવેલું પંચતીર્થ એ જ પંચાપ્સર તીર્થ છે.

**પંચપદી**. ઓકસસ નદીને મળનારી પંજ નદી તે. એ નદી હિંદુકુશમાંથી નિકળે છે. (ભાગવતપુરાણ, પંચમ સ્કંધ, અ૦ ૨૦).

**પંચપ્રયાગ**. (૧) ભાગીરથી અને અલકનંદાના સંગમ અગાડી આવેલું દેવપ્રયાગ તે. (૨) અલકનંદા અને પિંડર–નદી યાને કર્ણ ગંગાના સંગમ ઉપર આવેલું કર્ણપ્રયાગ. આ સંગમ અગાડી કર્ણે તપ કર્યું હતું. (૩) અલકનંદા અને મંદાકિનીના સંગમ અગાડી આવેલું રૂદ્રપ્રયાગ તે. (૪) અલકનંદા અને ન્હાની નદી નંદા યાને નંદાકિનીના સંગમ ઉપર આવેલું નંદપ્રયાગ, અને (૫) જોશીનાથ અથવા જોશીમાથની નજદીક અલકનંદા અને વિષ્ણુગંગાના સંગમ ઉપર આવેલું વિષ્ણુપ્રયાગ તે. આ બધાં પાંચ પ્રયાગો કહેવાય છે. આ બધા સ્રોતો એકઠા થઇને ગંગા–નદી બને છે. એના ઉપલાણના ભાગને અલકનંદા કહે છે. ભાગીરથીને મળનારી એક નદી તે જાન્હવી કહેવાય છે. (જ૦ એ૦ સો૦ બં૦ પુ૦ ૧૮માં ૭૬૨ પાનની સાથે છપાયેલો હૉગસનની હિમાલયની પ્રાકૃતિક ભૂગોળમાંનો નકશો જુઓ.).

**પંચબદરી**. બદરીનાથ, વૃદ્ધબદરી, ભવિષ્યબદરી, પાંડુકેશ્વર અને આદિબદરી એ પાંચ બદરી કહેવાય છે. (ગૌરીપ્રસાદ મિશ્રની કેદારનાથબદરી – વિશાલાયાત્રા).

**પંચવટી**. ગોદાવરીના કિનારે આવેલું નાસિકની પાસેનું સ્થળ વિશેષ. પોતાના દેશવટા દરમિયાન શ્રી રામચંદ્ર લક્ષ્મણ અને સીતાજીની સાથે અહિં રહ્યા હતા. આ જગ્યાએથી લંકાના રાજા રાવણે સીતાજીનું હરણ કર્યું હતું. નાસિકથી થોડેક છેટે આવેલા સૈખેર નામના ગામમાં શ્રીરામે મારીચને માર્યો હતો. આ મારીચ શ્રીરામને તેમની પર્ણકૂટીમાંથી છેતરીને લઇ ગયો હતો. નાસિક સતિનું નાક કપાઇને અહિં પડવાને લીધે શક્તિની એક પીઠ ગણાય છે. આ જગ્યાએ રામચંદ્રના ભાઈ લક્ષ્મણે સૂર્પણખાનું નાક કાપ્યું હતું. આ બે બનાવોના લીધે પ્રાચીન પંચવટીનું નામ નાસિક પડયું છે. નાસિકની પાસે આવેલી ચૈત્ય ગુફા ઇસ્વીસનના બીજા અને ત્રીજા સૈકામાં બનાવાઈ હોય એવો ફર્ગ્યુસનનો મત છે.



Aho ! Shrutgyanam

**पंचवेदी.** પ્રજાપતિવેદી શબ્દ જુઓ.

**पंचानन.** પટના અને ગયા જીલ્લામાં રાજગીરની પાસે વ્હેતી પણુચાન નદી તે. વખતે રામાયણમાં કહ્યા પ્રમાણે ગિરિવ્રજ યાને રાજગૃહથી પૂર્વમાં વ્હેતી સોન નદીનું જુનું પાત્ર પણ હોય (**મહાભારત, આદિપર્વ, અ૦ ૩૨**). અગર પ્રાચીન સર્પિનિ પણ હોય (**ગિરિયેક શબ્દ જુઓ**).

**पंचाल.** રોહિલખંડ તે. મૂળે હિમાલયની તળેટીથી ચંબલ નદી સુધી આવેલા દિલ્હીની ઉત્તર અને પશ્ચિમ તરફના પ્રદેશને પંચાલ કહેતા. પણ પાછળથી ગંગા નદીથી જુદા થયેલા બે પ્રદેશને ઉત્તર અને દક્ષિણ પંચાલ કહેતા. ઉત્તર પંચાલનું મુખ્ય શહેર અહિછત્ર અને દક્ષિણ પંચાલનું કાંપિલ્ય હતું. દક્ષિણ પંચાલ-પાંડવોને પરણેલી દ્રૌપદીના પિતા દ્રુપદનું રાજ્ય હતું. દક્ષિણ પંચાલના બીજા મુખ્ય શહેરનું નામ માકંડી હતું. ગંગા-નદીના દક્ષિણ કિનારાથી ચર્મન્વતી યાને ચંબલ નદી સુધી દક્ષિણ પંચાલની સીમા હતી. અને ઉત્તર પંચાલ ગંગાથી હિમાલય સુધી ગણાતો. બુદ્ધના સમયમાં પંચાલની રાજધાની કનોજમાં હતી. (**રીસ-ડેવિડનું બુદ્ધિસ્ટ-ઇંડિઆ, પાનું ૨૭**).

**पांड्य.** હાલના તિનેવ્વેલી અને મદુરા જીલ્લાઓ તે. જુદે જુદે કાળે આની રાજ્યધાની ઉરગપુર યાને ઉરીયુર (**અર્વાચીન ત્રિચિનોપોલી**), મથુરા (**અર્વાચીન મદુરા**) અને તામ્રપર્ણીનદીના મુખ અગાડી આવેલું કોલકઈ યાને કોરકઈમાં હતી. હાલ કોલકઈ તામ્રપર્ણીના મુખથી પાંચ મૈલના છેટે અંદર આવેલું છે. બીજા સૈકામાં ટોલેમિએ કોલકઇનો ઉલ્લેખ કર્યો છે અને માર્કોપોલોએ એને કાયેલ નામે કહ્યું છે. (**યૂલનો માર્કોપોલો, પુ૦ ૨, પા૦ ૩૦૫**). સ્ટ્રેબોએ પંડીઅન નામે ઉલ્લેખ કરેલા પોરસ જે પાંડચનો રાજા હતો એમ સ્પષ્ટ જણાય છે. તેણે ઇસ્વીસન પૂર્વે ૨૬ અગર ૨૭ માં આગસ્ટસ સીઝર પાસે રોમમાં પ્રથમ એલચી મોકલ્યાનું કહેવાય છે. (**જ૦ રો૦ એ૦ સો૦, ૧૮૬૦, પા૦ ૩૦૯; કેડવેલનું દ્રાવેડિયન કમ્પેરેટિવ ગ્રામર, પા૦ ૧૧**). ચંદ્રમિસ્કશિવ જે ઇસ્વીસન ૪૪ થી ૫૨ સુધી સિલોનનો રાજા હતો તેણે ઇસ્વી-સન ૪૧ થી ૫૪ ની વચ્ચે બીજીવાર પોતાનો એલચી રોમમાં મોકલ્યો હતો. તે વખતે રોમમાં કલાઉડીઅસ રાજ્ય કરતો હતો. (**જ૦ રો૦ એ૦ સો૦ ૧૮૬૧, પા૦ ૩૪૯-૩૫૦**). ત્રીજા સૈકામાં થયેલા સેવેરસકોમોડસ અને સીડોએન્ટોનિનસના રાજ્યકાળમાં હિંદુસ્થાન અને રોમની વચ્ચે ઘણો વ્યવહાર ચાલતો હતો. એ કાળે એલેકઝાંડ્રીઆ અને પાલમૈરા વ્યાપારના માટે પ્રખ્યાત અને સમૃદ્ધશાળી સ્થળ હતાં. (**જ૦ રો૦ એ૦ સો૦, ૧૮૬૨, પા૦ ૨૭૬**). પાંડચનું રાજ્ય ઇ. સ. પૂર્વે ૬ઠ્ઠી સદીમાં સ્થપાયું અને ઇ. સ. ની ૧૧મી શદીના મધ્યકાળમાં નાશ પામ્યું હતું. અને પછીથી નાયકોએ પુનઃ સ્થાપના કરી હતી. **ઉત્તર-હિંદુસ્થાનની પાંડચ જાતીના પાંડુએ સ્થાપેલા સંસ્થાનના માટે પ્રોફેસર ડી૦ આર૦ ભાંડારકરનાં હિંદુસ્થાનના પ્રાચીન ઇતિહાસ સંબન્ધી વ્યાખ્યાનો પા૦ ૧૦-૧૧ જુઓ**).

**पांडु.** પાંડ્ય તે જ. (**ઉફામનો મહાવંશી, અ૦ ૭૬**).

**पांडुपुर.** મુંબઈ ઈલાકાના સતારા અને શોલાપુર જીલ્લાઓમાં વ્હેતી ભીમરથી યાને ભીમા નદીને દક્ષિણ કિનારે આવેલું પંડરપુર યાને પંઢરપુર તે જ. અહિંયા વિઠ્ઠલનાથ યાને વિઠોબાદેવનું સુપ્રસિદ્ધ દેવળ આવેલું છે. આ મૂર્તિ શ્રી કૃષ્ણની જ છે (**મુંબઈ ગેઝેટિયર, પુ૦ ૨૦, પા૦ ૪૧૭, ચૈતન્ય ચરિતામૃત,**

Aho ! Shrutgyanam

મધ્ય અધ્યાય ૯ ). પાંડુપુર એ પુંડરીક-પુરનો વિકૃત થયેલો શબ્દ છે એ સ્પષ્ટ છે. પિતૃભક્તિના માટે પ્રસિદ્ધ થયેલા પુંડરીકને ત્યાં શ્રીકૃષ્ણુ ભગવાન અને રૂક્મિણી આવતાં. પુંડરીક-ક્ષેત્ર, તપસાશ્રમ, તપસા અને પૌંડરીક એ બધાં આ નામના પર્યાયો છે.

## फ

**फलकिवन.** કુરૂક્ષેત્રમાં જ્યાં ભોગવતી નદી ઉપર આવેલું શુક્રતીર્થ છે, ત્યાં આવેલું વન વિશેષ. આ જગ્યા થાણેશ્વરથી આગ્નેય દિશામાં સત્તર માઇલ ઉપર આવેલી છે. ( **આર્કિ૦ સ૦ રિ૦ પુ૦ ૧૪, પા૦ ૧૦૧; મ૦ ભા૦ વનપર્વ, અધ્યાય ૮૩.** )

**फाल्गुन.** પંચાપ્સાર તીર્થ શબ્દ જુઓ. (**ભાગવત, સ્કંધ ૧૦, અધ્યાય ૭૯**).

**फुल्लग्राम.** ચિત્તાગાંગ તે જ.

**फलगु.** નિલાજન ( **નિરંજન** ) અને મોહનાના સ્રોતો એકઠા થઇને બનેલી નદીને ફલગુ કહે છે. નિલાજન મોહનાને બુદ્ધગયાથી નિચાણુમાં આશરે એક માઈલ ઉપર આવેલી મૂરાની ડુંગરી પાસે મળે છે. ફલગુ ગયાના પ્રદેશમાં થઇને વહે છે. બ્રહ્મ સરોવરમાંથી માંડીને ઉત્તર માનસ સુધીનો આ પ્રવાહ પવિત્ર મનાય છે. ( **અગ્નિપુરાણુ, અધ્યાય ૨૧૯.** )

**फेनगिरि.** આ સિંધુ નદીના મુખની પાસે આવેલ છે. (**બૃહત્ સં૦ ૧૪, શ્લોક-૧૮.**)

**फेना.** મી. પાર્ગીટર શંકા કરે છે કે આ નામ પેનગંગા યાને પૈનગંગાનું છે. એને સિંધુફેના પણ કહેતા. ( **બ્ર૦ પુ૦. અધ્યાય, ૧૨૯; જ૦ રો૦ એ૦ સો૦ ૧૯૧૧, પા૦ ૮૦૩**) આ નદી ગોદાવરીને મળનારીઓમાંની એક છે. ( **બ્ર૦ પુ૦ અધ્યાય, ૧૨૯.** )

## ब

**बग्गुमुदा.** ભાગવતી તે જ.

**बदरी.** હ્યુનશાંગે ઓ-ચ-લી કહી છે તે જગા. કનીંગહામે ( **એનશન્ટ જ્યોગ્રોફી પાનુ ૪૯૪**). કનીંગહામે ગુજરાતમાં આવેલો ઇડરનો પ્રદેશ તે જ આ એમ કહ્યું છે; કનીંગહામના મતે પૌરાણિક સમયનો સૌવીર દેશ તે જ આ. બૃહત્ જ્યોતિર્ષાનવ પ્રમાણે ઈડર એ ઇલ્વદુર્ગ શબ્દનું વિકૃત રૂપ છે. એ હિરણ્ય નદી ઉપર આવેલું છે. આબુ પર્વત પ.સેના વસંતગઢના ધ્વજશિલા લેખમાં બદરી નામનો ઉલ્લેખ છે. ( **જ૦ એ૦ સો૦ બં૦, ૧૮૪૧, પા૦ ૮૨૧.** )

**बदरी.** બદરિકાશ્રમ શબ્દ જુઓ.

**बदरिकाश्रम.** સંયુક્ત પ્રાંતોમાં ગરવાલમાં આવેલા બદરિનાથ તે. હિમાલયની મુખ્ય પર્વતમાળાનું એ એક શિખર હોઇ હરદ્વારથી ઉત્તરે એક મહીનાની મજલ ઉપર અને શ્રીનગરથી ઈશાનમાં પંચાવન માઇલ ઉપર આવેલું છે. નરનારાયણુનું દેવળ બિશેનગંગા ( **અલકનંદા** )ના મૂળ પાસે પશ્ચિમ તટ ઉપર બાંધેલું છે. આ દેવળ નર અને નારાયણુ નામના બે પહાડોથી સરખે છેટે આવેલા તપનકુંડ નામના ઉના પાણીના ઝરણુ અગાડી બાંધેલું છે. વખતે ઉના પાણીનો ઝરો ત્યાં હોવાના કારણે જ દેવળને માટે આ જગ્યા પસંદ કરી હશે. આ સ્થળ ગંધમાદન પર્વત ઉપર આવેલું છે. ( **એશિયાટીક રીસર્ચીઝ, પુ૦ ૧૧ આર્ટિકલ ૧૦; મહાભારત, શાન્તિપર્વ, અધ્યાય ૩૩૫.** ). આ દેવળ ઇ. સ. ના આઠમા સૈકામાં શ્રીમચ્છશંકરાચાર્યે બંધાવ્યાનું કહેવાય છે. એને બદરી અને વિશાલાબદરી પણ કહેતા ( **મહાભારત, વનપર્વ અધ્યાય ૧૪૪** ). આ સ્થળના વર્ણનને માટે એશિયાટીક રીસર્ચીઝના પુસ્તક ૧૧ ના આર્ટીકલ ૧૦ માં જુઓ.

**बभ्री.** બાવેરૂ તે જ. બાબીલન શબ્દ જુઓ.

Aho ! Shrutgyanam

**बरेन्द्र.** બંગાળામાં મલદા જિલ્લામાં આવેલું બરિન્દ તે. (દેવીપુરાણ અધ્યાય ૩૯). આ જિલ્લો ગોમસ્તપુર, નવાબગંજ, ગજોલ અને મલદાના થાણાંઓ મળીને બન્યો છે. પ્રાચીન પુંડ્રરાજનો એ એક ભાગ હતો. ગંગા, મહાનંદા, કામરૂપ અને કરતોયા એ આની ચતુસીમાઓ હતી. બોબરાથી ઉત્તરે સાત માઇલ ઉપર આવેલું મહાસ્થાન એ આનું મુખ્ય શહેર હતું. મહાસ્થાનને બરેન્દ્ર પણ કહેતા. (જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૭૫, પા૦ ૧૮૩). પુંડ્રવર્ધન શબ્દ જુઓ.

**बरुष.** હ્યુનશાંગે આ સ્થળને પો-લુ-શા કહ્યું છે. યુસફજાઇ પ્રદેશમાં પેશાવરથી ઈશાનમાં ચાલીસ માઇલ ઉપર શાહબાઝગરી તે આ સ્થળ એમ ઓળખાવ્યું છે. આ જગાએ અશોકનો એક શિલાલેખ છે.

**बल्लालपुरी.** બંગાળાના આદિસુર અને બલ્લાલસેન રાજાઓની રાજધાની. હાલ એને રામપાલ યાને બલ્લાલવાડી કહે છે. ઢાકા જીલ્લામાં મુનશીગંજની પશ્ચિમે ચાર માઇલ ઉપર વિક્રમપુર પાસે આવેલું છે. જનરલ કનીંગહામને મતે (આર્કિ૦ સ૦ રિ૦). સેન રાજાઓ મુસલમાનોએ ગૌડનો કબજો લીધા પછી આ જગાએ રહેતા. (આર્કિ૦ સ૦ રિ૦, પુ૦ ૩, પા૦ ૧૬૩). આ જગાએ વલ્લભસેનના કિલ્લાના ખંડેરો અદ્યાપી જણાય છે. પાલ વંશના રાજા રામપાલે આ સ્થળ વસાવ્યું હતું એમ કહેવાય છે. કિલ્લાની અગાડી આવેલા મોટા તળાવને હજી રાજા રામપાલનું સરોવર કહે છે. એ ત્રીજા વ્યાઘ્રપાલનો છોકરો અને મદનપાલનો પિતા હતો. આદિસુરના નિમંત્રણથી કનોજથી આવેલા પાંચ બ્રાહ્મણોએ કિલ્લાના દરવાજાની પાસે આવેલા એક સ્થંભને પલ્લવિત કરીને તેનું ગુંજારિયા વૃક્ષ બનાવ્યું હતું. આ વૃક્ષ અદ્યાપિ અસ્તિત્વમાં છે. એઓએ રાજાને આશીર્વચન વખતે રાજાને આશીર્વચન સારૂ આણેલાં ફૂલ આ સ્થંભ ઉપર મૂકયાં હતાં. આ આદિસુર જયંત યાને આદિસુર ઇ. સ. ૭૩૨ માં ગાડના સિંહાસનારૂઢ થયો હતો. એણે પુત્રેષ્ટી યજ્ઞ કરવાને માટે કનોજથી પાંચ બ્રાહ્મણોને તેડાવ્યા હતા અને તેમને રહેવાને પંચકુટી, હરિકુટી, કામકુટી, કંકગ્રામ અને વટગ્રામ નામના પાંચ ગામો બક્ષિસ આપ્યાં હતાં. રામપાલથી આશરે એક માઇલ ઉપર આવેલું પંચસાર સ્થળ આ પાંચે ગામ મળીને બનેલું છે. બલ્લાલના બાપ વિજયસેન બંગાલ સર કરીને ગૌડની ગાદી ઉપર ઇ. સ. ૧૦૭૨ માં બેઠો હતો. ઇ. સ. ૧૧૧૯ માં સિંહાસનારૂઢ થયેલો બલ્લાલસેન આ જગાનો છેલ્લો રાજા કહેવાય છે. એની રાણીઓ અને કુટુંબના માણસો ચીતા ખડકીને બળી મુઆં હતાં. કિલ્લામાં એમને બળી મરવાની જગ્યા અદ્યાપિ પણ બતાવાય છે. મણિપુરના યવન સરદાર બાયાદુંબ ઉપર એણે વિજય મેળવ્યો તેજ ક્ષણે એક કબુતરની જોડી એના પરાજયની ખબર લેઇને આવી હતી. આ યવન સરદારને લોક આખ્યાયિકામાં બાબા આદમ કહ્યો છે. મહાસ્થાનના ઉગ્રમાધવ નામના સુપ્રસિદ્ધ મહાદેવના ધર્મગિરિ નામના મહંતની ઉશ્કેરણીથી આ યવન સરદારે વિક્રમપુર જે બલ્લાલપુર પણ કહેવાતું હતું તેના ઉપર સ્વારી કરી હતી. રાજાએ ધર્મગિરિ મહંતનું અપમાન કરીને તેને હદપાર કર્યો હતો. (આનંદભટ્ટનું બલ્લાલ ચરિત, પ્રકરણ ૨૬ અને ૨૭). બલ્લાલવાડીની ઉત્તરે અડધા માઇલ ઉપર આ બાયાદુંબ યાને બાબાઆદમનો રોજો આવેલો છે. તિબેટના લામા ધર્મનો મહાન સુધારક દીપંકર શ્રીજ્ઞાન આ જગ્યાએ જન્મ્યો હતો. એ ઇ. સ. ૧૦૩૮ માં તિબેટ ગયો હતો અને ત્યાં અતીશ એ નામે ઓળખાતો. રામપાલમાં ચંદ્ર અને વર્મા રાજવંશોની પણ રાજધાની હતી.

Aho ! Shrutgyanam

**बहुला.** બંગાળામાં કાટવ અગાડી આવેલી શક્તિ પીઠ વિશેષ (**તંત્રચુડામણિ**).

**बहेला.** મધ્ય હિંદમાં આવેલો વાઘેલ ખંડ તે જ. વિદ્યામૂળ આગળ કારૂષ રેવાની જોડે એ આવેલ છે. (**વામનપુરાણ, અધ્યાય ૧૩**). રેવાને પણ વાઘેલ ખંડ કહે છે. (**થૉર્નટનનું ગેઝેટીયર**).

**ब्रह्म.** પૂર્વ હિંદમાંનો દેશ વિશેષ. વખતે બ્રહ્મદેશ પણ હોય. (**રામાયણ, કીસ્કીન્ધા કાંડ, સર્ગ-૪૦**).

**ब्रह्मकुंड** જે કુંડમાંથી બ્રહ્મપુત્રા નદી નિકળે છે તે. એ યાત્રા સ્થળ છે. (**લોહિત્ય શબ્દ જુઓ.**)

**ब्रह्मगिरि.** મુંબાઈ ઇલાકામાં નાશક જીલ્લામાં ત્ર્યંબકની પાસે આવેલો ડુંગર વિશેષ. આ ડુંગરામાં ગોદાવરી-ગૌતમી ગંગાનું મૂળ છે. (**પદ્મપુરાણ, ઉત્તરખંડ, અધ્યાય ૬૨**).

**ब्रह्मगिरि** (૨). જેમાં કાવરી નદીનાં મૂળ આવેલાં છે તે કુર્ગમાં આવેલો ડુંગર વિશેષ. (**કાવેરી શબ્દ જુઓ**).

**ब्रह्मतीर्थ.** રાજપુતસ્થાનમાં અજમેર અગાડી આવેલું પુષ્કર સરોવર તે જ. (**કુર્મપુરાણ, ભાગ-૨, ૩૭.**)

**ब्रह्मनद.** બ્રહ્મપુત્રા નદી તે જ. (**બૃહત્ધર્મપુરાણ, મધ્યખંડ, અ૦ ૧૦**).

**ब्रह्मनाल.** બનારસમાં આવેલું મણિકર્ણિકા તે જ.

**ब्रह्मणी.** ઓરિસાની બ્રહ્મની નદી તે જ. (**મહાભારત, ભીષ્મપર્વ, અધ્યાય ૯; પદ્મપુરાણ, સર્ગ, અધ્યાય ૩**).

**ब्रह्मपुत्रा.** લોહિત્ય તે જ. (**બ્રહ્મપુરાણ, અધ્યાય ૬૪.**).

**ब्रह्मपुर.** ઘરવાલ અને કયુમાઓન તે જ. (**બૃહદ્સંહિતા, અધ્યાય ૧૪.**)

**ब्रह्मसर.** રામહ્રદ તે જ. (**મહાભારત, અનુશાષન, ૨૫**).

**ब्रह्मसर** (૨). ગયાજીમાં આવેલું સરોવર વિશેષ. (**અગ્નિપુરાણ, અધ્યાય ૧૧૫.**) ધર્મારણ્ય શબ્દ જુઓ.

**ब्रह्मसर** (૩). બ્રહ્મતીર્થ યાને પુષ્કરનું નામાંતર (**પદ્મપુરાણ, સૃષ્ટિ, અધ્યાય, ૧૯**).

**ब्रह्मर्षि.** બ્રહ્માવર્ત્ત અને યમના નદીની વચ્ચે આવેલો પ્રદેશ. કુરૂક્ષેત્ર, મત્સ્ય, પાંચાલ અને શુરસેન દેશો એમાં આવેલા છે. (**મનુસંહિતા, અધ્યાય ૨, શ્લોક ૧૯.**)

**ब्रह्मावर्त.** સરસ્વતી અને દૃશદ્વતી નદીઓની વચ્ચે આવેલો પ્રદેશ. આર્ય લોકોએ પ્રથમ અહીં વાસ કર્યો હતો. અહીંઆ એમણે બ્રહ્મર્ષિ દેશમાં વસાહત કરી હતી. (**મનુસંહિતા અધ્યાય ૨.**) પાછળથી એને કુરૂક્ષેત્ર કહેતા. બહુધા સિરહિંદ એ જ આ પ્રદેશ એમ મનાય છે. (**રેપ્સનનું એન્શન ઇન્ડિયા, પા૦ ૫૧**). દશદ્વતી નદી ઉપર આવેલા કરવીરપુરમાં આની રાજધાની હતી. (**કાલિકાપુરાણ, અ૦ ૪૮-૪૯**). પણ ભાગવતમાં આ શહેર બર્હિષમતી ઉપર આવ્યાનું કહ્યું છે. (**ભાગવત સ્કંધ ૩, અ૦ ૨૨**).

**ब्रह्मावर्त.** (૨) કાનપુર જિલ્લામાં બિઠુર આગળ ગંગા નદીનો ઘાટ વિશેષ. એ પ્રસિદ્ધ યાત્રાસ્થળ હોઇ એને બ્રહ્માવર્ત તીર્થ પણ કહે છે.

**बर्नु.** પંજાબમાં આવેલું બન્નુ તે જ. હ્યુનશાંગે એને ફલનું કહ્યું છે. અને ફાહ્યાને એને પોહન કહ્યું છે. પાણિનીએ એનો ઉલ્લેખ કર્યો છે. (**કનીંગહામની એનશન્ટ જ્યૉગ્રોફી, પા૦ ૮૪; ઇન્ડીયન એન્ટીકવરી પુ૦ ૧, પા૦ ૨૨**).

**बाणपुर.** મદ્રાસથી દક્ષિણે ૩૦ મૈલ કોરોમંડળ કિનારા ઉપર ચિંગલપટ જીલ્લામાં મહાબલીપુર યાને મહાબલેશ્વર યાને સપ્તમંદીર તે જ. પાંડુવંશના રાજાઓની એ રાજધાની હતી.

Aho ! Shrutgyanam

અહીંયાં અગાડી ખડકો કોરીને સુંદર ઓસરીઓ દેવળો અને ઉપસી આવેલાં ચિત્રો બનાવેલાં છે. આમાનાં કેટલાંક તો બહુ જ સુંદર કારીગરીવાળાં છે. અહીંનાં ખંડેરો બલિ અને વામનની પૌરાણિક આખ્યાયિકાના અંગનાં છે. પાંચમા સૈકામાં થયેલા કાંજીવરમના પલ્લવોએ સલંગ પત્થરના રથ બનાવરાવેલા છે.

મહાબલીપુરના દેવળો અને ખંડેરોના વર્ણનને માટે (**જ૦ એ૦ સો૦ બં૦, ૧૮૫૩, પા૦ ૬૫૬) જુઓ.**

**बाणपुर.** (૨) સોણીતપુર તે જ.

**बालोक्ष.** બલુચિસ્તાન તે જ. આ નામ અવદાનકલ્પલતાના ૫૭મા અધ્યાયમાં જ માત્ર આવે છે. એ અધ્યાયમાં આવતાં બીજી જગ્યાઓનાં નામો ઉપરથી તેમજ મિલિન્દના નામ ઉપરથી જણાય છે કે બાલોક્ષ તે બાલોષ્યાઓ યાને બલુચીઓનો દેશ હોય. મિલિન્દ વખતે ગ્રીક રાજા મીનેન્દર હોય. બોધિસત્વાવદાન-કલ્પસુત્રમાં એને બલોક્ષી કહ્યું છે. (**ડૉ. આર. મિત્રનું નેપાળનું સંસ્કૃત વાઙ્ગમય પા૦ ૬૦**) બલુચિસ્તાનમાં પૂર્વે હિન્દુ રાજ્ય હતું અને કેલત અગર કલત એની રાજધાની હતી. કલત એટલે કિલ્લો. પૂર્વે હિન્દુ રાજ્યકર્તા સેવામલનું તે રહેઠાણ હતું. એના નામ ઉપરથી કિલ્લાને કલત-ઈ-સેવા કહેતા. હાલ એને કલત-વ-નીચાર કહે છે. બલુચિસ્તાનમાંની ઘણી જુનામાં જુની જગા તે સાતદ્વીપ છે. સામાન્ય લોક એને સુંગદ્વીપ એટલે સતનો બેટ અથવા અસ્તોલે (**અસ્તુલ અગર કાલી**) કહે છે. ટૉલેમીએ એને અસ્થલ અને હ્યુનશાંગે સુતલીસેફલો (**અસ્તુલેશ્વર**) કહ્યો છે. આ બેટ પસાનીના બંદરની બરોબર સામો આવેલો છે. બોધીસત્વાવદાન-કલ્પસુત્રમાં કહેલું પાશાણી તે જ પસાની હોય એ સ્પષ્ટ છે. એક કાળે ત્યાં વસતિ હતી પણ ત્યાંની દેવી કાલીએ તેમણે કરેલી અગમ્યાગમ્ય સંભોગ ઉપરથી ક્રોધાવિષ્ટ થઇને ત્યાંના રહેવાસીઓને એ બેટમાંથી હાંકી કાઢ્યા એવી આખ્યાયિકા છે. નિયરકસે સાતદ્વીપને કર્મિઈન કહ્યો છે. આ શબ્દ કાલીનું રહેઠાણ એટલે કાલ્યાન ઉપરથી થયેલું વિકૃત રૂપ છે. અહીં કલતમાં કાલી યાને દુર્ગાનું દેવળ અદ્યાપિ છે. આ દેવળ શિવના સમય કરતાં ઘણા જ લાંબા કાળનું એટલે જુનું છે. અહીંયાં બલુચિસ્તાનમાં બીજું હિંદુ પુરાતન સ્થળ હીંગલાજનું દેવળ છે. (**હીંગુલા શબ્દ જુઓ**). મસ્તંગમાં એક મહાદેવનું દેવળ પણ છે. (**જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૪૩, પા૦ ૪૬૩-મેજર રોબર્ટ લીચનો "કલતનો ટુંકો ઇતિહાસ"**).

**बाहुदा.** અયોધ્યા જીલ્લામાં રાપ્તિ નદીને મળનારી ધવરા નામની નદી તે જ. એને હાલ ધૂમેલ યાને બર્હરાપ્તિ કહે છે. લિક્ષિત નામના ઋષિના કપાયલા બન્ને હાથો આ નદીમાં નાહવાથી ફરી ઉત્પન્ન થયા હતા. તેથી આ નદીનું નામ બાહુદા (**હાથ આપનારી**) કહે છે. (**મહાભારત, શાન્તિપર્વ, અ૦ ૨૨; હરિવંશ, અ૦ ૧૨**). પણ શિવપુરાણ (**ભા૦ ૪, અ૦ ૬૦**) માં કહ્યું છે કે માન્ધાતાની દાદી ગૌરી એના પતિ પ્રસેનજીતના શાપને લઈને બાહુદા નદી બની ગઈ હતી. કનોજ અગાડી ગંગા નદીને મળનારી રામગંગા નદી તે જ બાહુદા એમ પાર્ગિટરનું કહેવું છે. (**પાર્ગિટરનું માર્કન્ડેયપુરાણ, અ૦ ૫૭ જુઓ**). ઇક્ષુમતિ શબ્દ જુઓ. પણ પાર્ગિટરનું આ કહેવું વાસ્તવિક જણાતું નથી કેમકે એ નદી પૂર્વ હિંદુસ્તાનની છે. (**મહાભારત, વનપર્વ, અ૦ ૮૭**).

**बिंदुसर.** રૂદ્ર હિમાલય ઉપર ગંગોત્રીથી દક્ષિણે બે માઇલ ઉપર આવેલું પવિત્ર નાનું તલાવ.

Aho ! Shrutgyanam

સ્વર્ગમાંથી ગંગાને જમીન ઉપર લાવવાને માટે ભગીરથે આ જગાએ તપ કર્યું હતું (**રામાયણ, બાલકાંડ, સર્ગ ૪૩ અને મત્સ્યપુરાણ, અ૦ ૧૨૧**). બ્રહ્માંડપુરાણમાં ૫૧ મા અધ્યાયમાં આ સરોવર કૈલાસની પર્વતાવળીની ઉત્તરે ગૌડ પર્વતના પાદપ્રદેશમાં આવ્યાનું કહ્યું છે. ગૌડ પર્વતને મહાભારતમાં મૈનાક પર્વત કહ્યો છે. (**સભાપર્વ, અ૦ ૩**).

**बिंदुसर** (૨). ગુજરાતમાં અમદાવાદની વાયવ્યમાં આવેલા સિદ્ધપુરમાં કર્દમઋષિના આશ્રમ પાસે આવેલો કુંડ વિશેષ. આ જગાએ કપિલનો જન્મ થયો હતો. (**ભાગવત, સ્કંધ ૩ જો**). સિદ્ધપુર શબ્દ જુઓ.

**बिंदुसर** (૩). બિંદુસાગર તેજ. અને ઓરિસામાં ભુવનેશ્વર આગળ આવેલા ગોસાગર પણ બિંદુસર કહે છે (**પદ્મપુરાણ**). ભુવનેશ્વર અગાડી કીર્તિ અને વાસ નામના બે દૈત્યોની સાથે ભગવતિ યુદ્ધ કરીને થાકી ગયાં હતાં તેમની તરસ છીપાવવાને માટે મહાદેવે પોતાનું ત્રિશૂળ પાતાળમાં ખોસીને પાણી કાઢયું હતું તેનું આ સરોવર થયું હતું.

**बीछी**. અલ્હાબાદથી નૈઋત્યમાં દસ માઈલ ઉપર આવેલું બીથા તે જ. એ સ્થળે નિકળેલા સિક્કા ઉપરથી સર ઍન માર્સલે આ નામ ખોળી કાઢયું છે. સિક્કાની છાપમાં એને વીછીગ્રામ કહ્યું છે (**જ૦ રે૦ એ૦ સો૦ ૧૯૧૧, પા૦ ૧૨૭**). બીથાભયપટ્ટન શબ્દ જુઓ.

**बुकेफल**. પંજાબમાં આવેલું જલાલપુર તે જ. (**કનિંગહામની એનશન્ટ જ્યૉગ્રોફી, પા૦ ૧૭૬–૧૭૭**). આ જગ્યાએ મહાન સિકંદરનો પ્રિય ઘોડો બુરોફેલસને દાટવામાં આવ્યો હતો. મહાન સિકંદરની હિંદુસ્તાન ઉપરની સ્વારીનો માર્ગ જાણવા સારૂ (**જ૦ એ૦ સો૦ બં૦, પુ૦ ૧૦, ૧૮૪૨**) જુઓ પશ્ચિમ અને વાયવ્ય તરફથી હિંદુસ્તાનમાં આવવાના ઘાટો સંબંધી એચ. ટી. પ્રીન્સેપનું લખાણ જુઓ. (**જ૦ એ૦ સો૦ બં૦, પુ૦ ૨૧, ૧૮૫૨, પા૦ ૨૧૪.**)

**बुद्धवन**. ગયા જીલ્લામાં તપોવનથી ઉત્તરમાં ૭ માઈલ ઉપર આવેલું બુદ્ધઈન તે જ.

**बोध**. ઇન્દ્રપ્રસ્થની આજુબાજુનો પ્રદેશ જેમાં સુપ્રસિદ્ધ તીર્થ નિગમબોધ આવેલું છે તે જ. વખતે નિગમબોધ શબ્દનું ટુંકુ રૂપ કરીને આ સ્થળને બોધ કહેતા હશે. (**મહાભારત ભીષ્મપર્વ અ૦ ૯; પદ્મપુરાણ, ઉત્તરખંડ, અ૦ ૬૬**).

**बोलोर**. મધ્ય તિબેટ યાને લાડક અને મુખ્ય તિબેટ યાને દક્ષિણ તાતરિથી જુદો જણાવવાને માટે કાશ્મીરની ઉત્તરે આવેલું બાલતેસ્તાન જેને લઘુ તિબેટ કહે છે તે જ.

## भ

**भक्तपुर**. નેપાલની પ્રથમની રાજધાની ભાતગામ તે જ. એને ભગતપટ્ટન પણ કહેતા. આ સ્થળના રાજા નરેન્દ્રદેવે બાર વરસના દુકાળનું દુઃખ ટાળવાને નેપાળના લલિતપટ્ટનમાં આસામના પુતલકા–પર્વતમાંથી અવલોકિતેશ્વર યાને સિંહનાથ–લોકેશ્વર (**પદ્મપાણી**)ની મૂર્તિ આણી હતી, તિબેટમાં પ્રસિદ્ધ "ૐમ્ મણી-પદ્મેહુમ" સડાક્ષરી મંત્ર પદ્મપાણીની પ્રાર્થના કરતાં સામાન્ય રીતે વપરાય છે. એનો અર્થ ગૂઢ ત્રિમૂર્તિદેવ જેનામાં રત્ન અને કમળ છે એવો એટલે કે પદ્મપાણી જેના બંને હાથમાં રત્ન અને કમળ છે એવો થાય છે. બુદ્ધ ધર્મમાં કમળ ઉત્પાદક શક્તિના ચિહ્ન તરીકે વપરાય છે.

**भद्रकर्ण**. નર્મદા નદીના કિનારા ઉપર આવેલું કર્ણપુર યાને કરનાળી તે જ. એમાં શંકર-ભગવાનું સુપ્રસિદ્ધ દેવળ આવેલું છે. (**મહા-શિવપુરાણ, ભા૦ ૧, અ૦ ૧૫, અને મહાભારત, વનપર્વ, અ૦ ૮૪**). એરંડી શબ્દ જુઓ.

Aho ! Shrutgyanam

**भद्रकर्ण** (૨). કાઠીયાવાડમાં થાનમાં ત્રિનેત્રેશ્વર (કર્ણેસર) મહાદેવ આગળ આવેલો પ્રસિદ્ધ કુંડ વિશેષ: કાઠીયાવાડ શબ્દ જુઓ. (કુર્મપુરાણ, ૧,૩૪; સ્કંધપુરાણ, પ્રભાસખંડ, અરબુધ, અ૦ ૮).

**भद्रा**. જેને કાંઠે યારકંડ નામનો કસ્બો આવેલો છે તે યારકંદ નદી. એને ઝરફશાન પણ કહેતા (વિષ્નુપુરાણ, ભા૦ ૨, અ૦ ૨). ગંગા નદીમાંથી થએલી ચાર નદીઓમાંની એક (ભાગવતપુરાણ, સ્કંધ ૫, અ૦ ૧૭).

**भद्रावती** મધ્યપ્રાંતમાં ચાંદા જીલ્લામાં આવેલા વરોરાથી ઉત્તરે દસ માઈલ ઉપર આવેલું ભટલ તે જ. એજ જીલ્લામાં ચાંદા કસ્બાથી વાયવ્યમાં ૧૮ માઈલ ઉપર આવેલા ભંડકને પણ લોકોક્તિમાં પ્રાચીન ભદ્રાવતી કહે છે. જૈમિનિ ભારતમાં એ યુવનાશ્વની રાજધાની હતું એમ કહ્યું છે. હાલનું ભીલસા તે ભદ્રાવતી એમ કનીંગહામ કહે છે. (ભીલસાના સ્તૂપો, પાનું ૩૬૪; જ૦ એ૦ સો૦ બં૦, ૧૮૪૭, પા૦ ૭૪૫.). પંજાબમાં ઝેલમ જીલ્લામાં પીંડદાદનખાનની પાસે આવેલી બુઆરી નામની એક જુની જગા તે પ્રાચીન ભદ્રાવતી છે એમ કેટલાક કહે છે. એ જગાએ ઘણાં ખંડિએરો આવેલાં છે. (જ૦ એ૦ સો૦ બં૦, ૧૯, પા૦ ૫૩૭.). ભદ્રાવતી સરસ્વતિને કિનારે આવ્યાનું પદ્મપુરાણના ઉત્તરખંડના ૩૦ મા અધ્યાયમાં કહ્યું છે. ભદ્રાવતી હસ્તિનાપુરથી ૨૦ જોજન દૂર છે એવું જૈમિનિએ ભારતના ૬ઠ્ઠા અધ્યાયમાં કહ્યું છે. ટૉલેમીએ ઉલ્લેખ કરેલી બારદાઓતીસ તે ભદ્રાવતી. એ ભદ્રાવતી વિંધ્ય પર્વતમાળાની પૂર્વે આવ્યાનું કહે છે. (મેકક્રીન્ડલનું ટૉલેમી, પા૦ ૧૬૨.). એણે ભારહુત તે ભદ્રાવતી એમ ઓળખાવ્યું છે. (આ. કિં૦ સ૦ રીપોર્ટ, ૨૧, પા૦ ૯૨.).

**भद्रीक**. ભદ્દીયા એ જ (કલ્પસુત્ર, અ૦ ૬.). આ સ્થળે શ્રીમહાવીરે બે પજ્જુસણ કર્યાં હતાં.

**भद्दीय**. પાલીગ્રન્થોમાં આ સ્થળને ભદ્દીય અને ભદ્દીયનગર કહ્યું છે. ભાગલપુરની દક્ષિણે આઠ માઇલ ઉપર આવેલું ભદરીયા તે જ આ સ્થળ. પ્રાચીન અંગદેશ સંબંધે નંદલાલ ડે.ની ટીપણી જુઓ. જ૦ એ૦ સો૦ બં૦ પુ૦ ૧૦, ૧૯૧૪, પા૦ ૩૩૭.) જૈનોના છેલ્લા તીર્થંકરે આ જગાએ બે ચોમાસાં ગાળ્યાં હતાં. બુદ્ધની સુપ્રસિદ્ધ શિષ્યા વૈશાખાનો જન્મ આ સ્થળે થયો હતો. (શ્રાવસ્તિ શબ્દ જુઓ.). વિશાખા ધનંજયની પુત્રી અને મીન્ડકની પૌત્રી થતી હતી. આ બંને જણા અંગ રાજાના કોશાધિકારીઓ હતા. બુદ્ધ ભદ્દીયમાં આવ્યા હતા ત્યારે વિશાખા સાત વરસની હતી. (મહાવગ્ગ, ૫, ૮, ૩,) તેઓશ્રી યાતીઆ વનમાં ત્રણ મહીના રહ્યા હતા. એક ધનાઢ્ય વેપારીના પુત્ર ભદ્દજીને પોતાના ધર્મમાં લીધો હતો. (મહાવગ્ગ ૫, ૮; મહાપનાદ જાતક કેમ્બ્રીજની જાતકની આવૃત્તિમાં નં. ૨૬૪) પુ. ૨, પા૦ ૨૨૯). વિશાખાના બાપ અહીંથી શ્રાવસ્તિની દક્ષિણે ૨૧ માઈલ ઉપર આવેલા સાકેતમાં રહેવા ગયા હતા. અહીંઆં વિશાખાએ પૂર્ણવર્ધન યાને પૂણ્યવર્ધન જોડે લગ્ન કર્યું હતું. પૂર્ણવર્ધનનો બાપ મિગાર શ્રાવસ્તિના રાજા પ્રસેનજીતનો કોશાધ્યક્ષ હતો. મિગાર નિગ્રંથ–નાથપુત્રનો અનુયાયી હતો. વિશાખાએ એને બુદ્ધધર્મમાં લીધો હતો તેથી વિશાખાને મિગારમાતા કહેતા. (મહાવગ્ગ, ૮, અને ૫૧; સ્પેન્સ હાર્ડીનું બુદ્ધિઝમ, આવૃત્તિ ૨જી, પા૦ ૨૨૬.). બુદ્ધના સમયમાં અંગનું રાજ્ય બિંબિસારના મગધના રાજ્યની સાથે જોડી દીધું હતું. તેથી ભદ્દીય મગધ રાજ્યમાં આવ્યાનું કહ્યું છે. (મહાવગ્ગ, ૬, ૩૪; સ્પેન્સ હાર્ડીનું બુદ્ધિઝમ, પા૦ ૧૬૬).

Aho ! Shrutgyanam

**भर्त्तरिस्थान.** સ્વામિતીર્થ તે જ ( **પદ્મપુરાણ, સર્ગ, અધ્યાય ૧૯** ),

**भरद्वाजाश्रम** ભરદ્વાજ ઋષિનો આશ્રમ પ્રયાગ યાને અલાહાબાદમાં આવેલો હતો. ( **રામાયણ, અયોધ્યાકાંડ, સર્ગ ૫૪** ). કર્નલ ગંજમાં આ આશ્રમની જગાએ આવેલા એક દેવળમાં ઋષિની મૂર્તિ પૂજાય છે. દંડકારણ્ય જતાં શ્રીરામચંદ્ર આ આશ્રમમાં આવ્યા હતા.

**भरहुत.** મધ્ય પ્રાન્તોમાં અલાહાબાદથી નૈઋત્યમાં ૧૨૦ માઇલ ઉપર અને સુતના રેલ્વે સ્ટેશનથી આગ્નેયમાં નવ માઇલ ઉપર આવેલા સુપ્રસિદ્ધ સ્તૂપ જે ઈ. સ. પૂર્વે ૨૫૦ માં બંધાયલા કહેવાય છે તે સ્તૂપવાળું સ્થળ.

**भरु.** ભરુકચ્છ નામનું બંદર જેમાં આવેલું હતું તે રાજ્ય. ભરુકચ્છ શબ્દ જુઓ.

**भरुकच्छ.** ગ્રીક લોકો જેને બેરીગાઝા કહેતા હતા તે સ્થળ ભરૂચ ( **વિનય, ૩, ૩૮** ). બલિરાજાએ પોતાના ગુરૂ શુક્રાચાર્યની સહાયથી આ સ્થળે યજ્ઞ કર્યો હતો. એ યજ્ઞ વખતે વિશ્નુ ભગવાને વામનરૂપ ધારણ કરીને તેનું રાજ લઇ લીધું હતું ( **મત્સ્ય પુરાણ, અધ્યાય, ૧૧૪** ). કાતન્ત્ર યાને કલાપ વ્યાકરણનો લખનાર સર્વવર્મા આચાર્ય આ સ્થળનો હતો. આ સર્વવર્મા પ્રતિસ્થાનના રાજા શતવાહનનો સમકાલીન હતો. ( **કથા સરિત્સાગર, ભા. ૧ લો, પ્ર. ૬.** ). અહીં ઈ. સ. ના બારમા સૈકામાં પાટણના રાજા કુમારપાળના વખતમાં અમરભટ્ટે શાકુનિકાવિહાર નામનું જૈન દેવળ બંધાવ્યું હતું. ભરુકચ્છને ભૃગુપુર પણ કહેતા. ( **ટૅાનીનું પ્રબંધ ચિંતામણિ, પા૦ ૧૩૬** ). સુપ્પારક જાતકમાં ભરુકચ્છને ભરુના રાજ્યમાં આવેલા એક બંદર તરીકે વર્ણવ્યું છે.

**भलानश** બોલનઘાટ તે જ. ઋગ્વેદમાં એનો ઉલ્લેખ છે. ( **મેકડોનલ્ડ અને કીથનું વેદમાં આવેલાં નામો અને વિષયની અનુક્રમણિકા, પુ૦ ૨, પા૦ ૯૯** ).

**भल्लात** શુક્તિમાન પર્વતની બાજુમાં આવેલો પ્રદેશ વિશેષ. પાંડવ ભીમે આ પ્રદેશ સર કર્યો હતો. ( **મ૦ ભા૦ સભાપર્વ, અ૦ ૩૦** ). કલ્કીએ આ દેશ જીત્યાનો ઉલ્લેખ કલકીપુરાણમાં કર્યો છે. ભલ્લાટ નામ ભરરાષ્ટ્રનું વિકૃત રૂપ એ હોય. બીજાં પુરાણોમાં આ નામનો ઉલ્લેખ નથી.

**भवानीनगर** તુળજાભવાની તે જ.

**भागनगर** દક્ષિણમાં આવેલું હૈદ્રાબાદ તે જ.

**भागवती** નેપાળમાં આવેલી વાઘમતિ નદી તે જ. બુદ્ધ ગ્રન્થોમાં એને વાગ્ગમદા કહી છે. ( **ચુલ્લવગ્ગ, ભા૦ ૧૧, પ્ર૦ ૧** ).

**भागप्रस्थ** મીરતથી પશ્ચિમે ૩૦ માઇલ ઉપર આવેલું વાઘપત નામનું ગામ વિશેષ. યુધિષ્ઠિરે દુર્યોધન પાસે માગેલા પાંચ ગામોમાંનું એક ( **પાણીપ્રસ્થ શબ્દ જુઓ.** ). આ સ્થળ મીરત જિલ્લામાં જમના નદીને કિનારે આવેલું છે.

**भार्गव** ભાર યાને ભોર લોકોનો પ્રદેશ–પશ્ચિમ આસામ એ જ ( **બ્રહ્માંડ–પુરાણ, અ૦ ૪૯** ).

**भार्गवी** ઓરિસામાં પુરીની પાસે આવેલી નાની નદી વિશેષ. આ નદીને કાંઠે કમલપુર આગળ નિત્યાનંદે શ્રીચૈતન્યનો દંડ ભાગીને એના કડકા આ નદીમાં નાખ્યા હતા. તેથી એને દંડભાગા પણ કહે છે. ( **ચૈતન્ય ચરિતામૃત, ભા૦ ૨** ). આ નદીને ભાર્ગી પણ કહેતા.

**भागीरथी** ગંગા તે જ. ( **હરિવંશ, ભા૦ ૧, અધ્યાય ૧૫** ).

**भारतवर्ष** હિન્દુસ્થાન તે જ. ચીનાઇ મુસાફર હ્યુએનશાંગ જે હિંદુસ્થાનમાં ઈ. સ. ૬૨૯ થી ૬૪૫ સુધી રહ્યો હતો તેણે હિંદુસ્તાનનો ઇન્તુ નામે ઉલ્લેખ કર્યો છે. ઇન્તુ તે વખતે સિંધુ કિંવા સપ્તસિંધુનું વિકૃત રૂપ પણ હોય. સપ્ત-



Aho ! Shrutgyanam

સિંધુને વેન્દિદાદ, ભા. ૧,પા. ૭૩ માં હફતહેન્દુ કહ્યું છે. ભરતરાજાના નામ ઉપરથી ભારત-નામ પડયું છે. (**લીંગપુરાણ, પૂર્વ ભાગ, અ૦ ૪૭; બ્રહ્મપુરાણ, અ૦ ૧૩**). ભારતવર્ષ પૂર્વે હિમાહ્વ વર્ષ કહેવાતો. (**બ્રહ્માંડ-પુરાણ, પુર્વભાગ, અ૦ ૩૩, શ્લોક ૫૫.**), એને હૈમવત-વર્ષ પણ કહેતા. (**લીંગપુરાણ, ભા૦ ૧, અ૦ ૪૯**). પૌરાણિક સમયમાં ભારતવર્ષની ઉત્તરસીમા ઉપર હિમાલય, દક્ષિણ સીમા ઉપર સમુદ્ર, પૂર્વ સીમા ઉપર કેરાતીનો પ્રદેશ અને પશ્ચિમ ઉપર યવનોનો પ્રદેશ આવેલો હતો. (**વિશ્નુ-પુરાણ, ભા૦ ૨, અ૦ ૩; માર્કન્ડેય પુરાણ, અ૦ ૫૭**). એક રાજછત્ર નીચે આવેલો દેશ તે ભારતવર્ષ. ભૌગોલિક સ્થિતિ પરત્વે એને જંબુદ્વીપ કહેતા.

**ભાસ** ગયામાં બ્રહ્મયોની ડુંગરનો ફાંટો ભાસનાથ ડુંગર તે જ. ગયા શબ્દ જુઓ [ **અનુગીતા ( સેક્રેડ બુકસ્ ઑફ ધી ઈસ્ટ ) પુ૦ ૮, પા૦ ૩૪૬** ]

**ભાસ્કરક્ષેત્ર** પ્રયાગ શબ્દ તે જ. ( **રઘુનંદનનું પ્રાયશ્ચિત તત્ત્વમ્, ગંગામ્હાત્મ્ય**)

**ભીમનગર** કાંગરા તે જ.

**ભીમપુર** વિદર્ભનગર યાને કુંદીનપુર તે જ. એ વિદર્ભની રાજધાની હતું. ( **કુંદીનપુર શબ્દ જુઓ.** )

**ભીમપુર** (૨) ડાકિની તે જ. ( **બૃહદ્ શિવ-પુરાણ, ઉત્તરખંડ, અ૦ ૩.** ).

**ભીમરથા** ભીમરથી તે જ ( **માર્કન્ડેયપુરાણ, અ૦ ૫૭.** ).

**ભીમરથી** કૃષ્ણા નદીને મળનારી ભીમા નદી તે જ. ( **ગરૂડપુરાણ, ૧, ૫૫.** )

**ભીમસ્થાન** તખ્ત-ઈ-ભઈ, આ સ્થળ પેશાવરથી ઇશાનમાં ૨૮ માઇલ ઉપર અને મર્દનથી વાયવ્યમાં આઠ માઇલ ઉપર આવેલું છે. આ સ્થળે યોનિતીર્થ અને ભીમાદેવીનું સુપ્રસિદ્ધ દેવળ આવેલું છે. ચીનાઇ મુસાફર હ્યુનશાંગે આ દેવળનું વર્ણન કર્યું છે. યુસફઝાઇ અને લુંકાન એ બે ખીણોને જુદી પાડતી પર્વતની ધારને છેડે છૂટા પડેલા ડુંગર ઉપર આ દેવળ આવેલું છે. યાત્રા દરમિયાન યુધિષ્ઠિર આ જગાએ આવ્યા હતા, તેમજ પદ્મપુરાણ, સ્વર્ગખંડ, અ૦ ૧૧, અને મહાભારત, વનપર્વ, અ૦ ૮૨ માં આ દેવળનો ઉલ્લેખ કરેલો છે.

**ભીમા**. વિદર્ભ તે જ. (**દેવીપુરાણ, અ૦ ૪૬**).

**ભુજગનગર**. ઉરગપુર તે જ. ( **પવનદૂત, શ્લોક ૧૦ મો.** )

**ભુસ્ખાર**. કાશ્મીરનો રાજા લલિતાદિત્ય જેણે ઇ. સ. ૬૯૭ માં રાજ્યારૂઢ થઇને ૩૭ વરસ રાજ્ય કર્યું હતું તેણે સર કરેલું ઓખારા તે જ. ( **રાજતરંગિણી, ભા૦ ૪** ). ઓખારાના રાજ્યની ( **ખાનત** ) પૂર્વે ઓકંદની ખાનત જેને પ્રાચીન કાળમાં ફરગાન કહેતા હતા તે અને બદક્ષાનનો પર્વત; દક્ષિણે ઓકસસ નદી અને પશ્ચિમ અને ઉત્તરે મોટું રણ આવેલું છે. ( **વેમરીના મધ્ય એશિયાના પ્રવાસો** ). ઓખારાને સોગદીઆના પણ કહેતા.

**ભૂરિશ્રેસ્થિક**. ભૂરિયટ તે જ. બંગાળામાં હુગલી જિલ્લાના પેટા વિભાગ આરામબાગના પરગણામાં આ સ્થળ એક કાળે અગત્યતા ધરાવતું હતું. ( **પ્રબોધચંદ્રોદય નાટક; જ૦ એ૦ સો૦ બં૦ ૧૯૧૦, પા૦ ૫૯૯ ઉપર છપાયેલી હુગલી જિલ્લાની ડે પ્રભુતિએ લખેલી નોંધ** ).

**ભોગવર્ધન-મઠ**. ગોવર્ધનમઠ તે જ.

**ભોજ**. ભોજપુર શબ્દ જુઓ. (**પદ્મપુરાણ, સ્વર્ગ, અ૦ ૩** ).

**ભોજકટપુર**. વિદર્ભની બીજી રાજધાનીનું નગર. આ નગર શ્રીકૃષ્ણની પત્નિ રૂકિમણીના ભાઈ રૂકિમએ વસાવ્યું હતું. એ શહેર નર્મદાની

Aho ! Shrutgyanam

પાસે આવેલું હતું ( હરિવંશ, અ૦ ૧૧૭ ). ભોજકટપુર જે ટુંકાણમાં ભોજપુર કહેવાય છે તે ભોપાલના રાજ્યમાં ભિલસા (વિદિસા) થી આગ્નેયમાં ૭ માઇલ ઉપર આવેલું ભોજપુર પણ હોય. આ સ્થળે પિપલિય બિજોલિ નામના બૌદ્ધ સ્તૂપો આવેલા છે. જનરલ કનિંગહામને મતે પ્રાચીન વિદર્ભમાં નર્મદાની ઉત્તરે આવેલા ભોપાળના આખા રાજ્યનો સમાવેશ થાય છે. ( ભિલસાના સ્તૂપો, પા૦ ૩૬૩ ). ભોજ લોકો વિદર્ભમાં રાજ્ય કરતા હતા. એનો ઉલ્લેખ અશોકના એક લેખમાં કરાયેલો છે. ( ડૉ. ભાંડારકરનો દક્ષિણનો ઇતિહાસ, ભા૦ ૩ જો જુઓ ). ચમ્મકના તાંબાપત્રમાં વાકાટક વંશના પ્રવરસેન બીજાના લેખમાં ભોજકટનું વર્ણન એક રાજ્ય તરીકે કર્યું છે. જેમાં વરાડ યાને પ્રાચીન વિદર્ભ અને ચમ્મકનો સમાવેશ થાય છે. એ લેખમાં અમરાવતી જિલ્લામાં ઇલીચપુરથી નૈઋત્યમાં ચાર માઈલ ઉપર આવેલું ચર્માન્ક ગામ ભોજકટના રાજ્યમાં આવ્યાનો ઉલ્લેખ છે. ( હિંદુસ્તાનના તામ્રપત્રો, ભા૦ ૩, પા૦ ૨૩૬; જ૦ રૉ૦ એ૦ સો૦ ૧૯૧૪, પા૦ ૩૨૧ ). વધારે હકીકત સારૂ આ ગ્રન્થના બીજા ભાગમાં ભોજપુર (૧) શબ્દ જુઓ.

**भोजपाल.** મધ્યહિંદમાં આવેલું ભોપાળ તે જ. ભોપાળ નામ ભોજપાળ એટલે ભોજની બંધાવેલી પાળનું ટુંકું રૂપ છે. ધારના ભોજરાજાના સમયમાં શહેરના તળાવોને એ પાળ બંધાઈ હતી. ( નોલેસ-ફૉસ્ટરનું વેલ પ્રીન્સેસ -બુરખાવાળી રાજકુમારી; ઇન્ડિયન એન્ટીકવરી, પુ૦ ૧૭, પા૦ ૩૪૮ ).

**भोजपुर.** ભોજોની રાજધાની મથુરામાં હતી તે જ. ( ભાગવત, સ્કંધ. ૧, અ૦ ૧૦ ).

**भोजपुर (૨).** બંગાળામાં શાહાબાદ જીલ્લામાં ડુમરાનની પાસે આવેલું સ્થળ વિશેષ. ( આ પુસ્તકના બીજા ભાગમાં ભોજપુર જુઓ. )

**भोजपुर (૩).** ભોજકટપુર તે જ. આ સ્થળે ભોજેશ્વર મહાદેવનું અને જૈન લોકોનું દેવળ આવેલું છે. ( જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૩૯, પા૦ ૮૧૪ ). ભોજેશ્વર મહાદેવનું દેવળ ઇ. સ. ની ૧૧ મી સદીમાં બંધાવેલું છે. દેવળ અને પાળને અંગે વધારે બ્યાનને માટે (જ૦ એ૦ સો૦ બં૦, ૧૮૪૭, પા૦ ૭૪૦; ઇન્ડિયન એન્ટીકવરી, પુ૦ ૨૭, પા૦ ૩૪૮ ) જુઓ. ભોજનો પ્રદેશ વિંધ્ય પર્વતમાળામાં આવ્યાનું બ્રહ્માંડપુરાણમાં લખ્યું છે. ટોલેમીએ સ્તગબજ યાને તટકભોજ યાને ભોજનું તળાવ એ નામે આનો ઉલ્લેખ કરેલો છે.

**भोजपुर (૪).** કાન્યકુબ્જ યાને કનોજથી ૩૦ અગર ૩૫ માઇલ ઉપર ગંગાને દક્ષિણ કિનારે આવેલું સ્થળ વિશેષ. ( એપીગ્રાફીઆ ઇન્ડિકા, પુ૦ ૧, પા૦ ૧૮૯ ).

**भोट.** ભોટાંગ શબ્દ જુઓ.

**भोटांग.** ભોટ તે જ. લાસેનને મતે અર્વાચીન તિબેટ તે જ ભોટ. (એપીગ્રાફીઆ ઇન્ડિકા, પુ૦ ૧, પા૦ ૧૨૪ ). કાશ્મીરથી શરૂ થઈ કામરૂપની પશ્ચિમ સરહદ સુધી અને માનસરોવરની દક્ષિણ પર્યંત આવેલો પ્રદેશ તે ભોટ એમ તારાતંત્રમાં લખેલું છે.

**भोटान्त.** ભોટાંગ તે જ ( જ૦ રૉ૦ એ૦ સો૦ ૧૮૬૩, પા૦ ૭૧ ).

**मौक्तिकलिंगो.** મહાદેવની પાંચ નૈસર્ગિક મૂર્તિઓ. ચિદામ્બરમ શબ્દ જુઓ.

**भृगुआश्रम.** સંયુક્ત પ્રાન્તમાં આવેલું બલીઆ તે. એ બલિરાજાની રાજધાની હોવાનું કહેવાય છે. અયોધ્યામાં આવેલા હરદોઈથી પશ્ચિમે ૭ માઇલ ઉપર આવેલું બાવન પણ બલિરાજાની રાજધાની હતું એમ કહેવાય છે. વિષ્ણુએ વામન અવતાર ધરીને બલિરાજાનું

Aho ! Shrutgyanam

રાજ્ય લઈ લીધું હતું. બલીઆમાં ભૃગુઋષિએ એક કાળે તપ કર્યું હતું. આ સ્થળે ભૃગુ-ઋષિનું દેવળ આવેલું છે. અને એ યાત્રાસ્થળ મનાય છે. બલીઆ એક કાળે ગંગા અને સરયુના સંગમ ઉપર આવેલું હતું. એને બાગરાસન કહેતા. આ નામ ભૃગુઆશ્રમનું વિકૃત રૂપ છે. ગંગાના કિનારા ઉપર આવેલું દદ્રી યાને દદ્દર ભૃગુઋષિનું હતું એમ કહેવાય છે. ત્યાં અગાડી ભૃગુઆશ્રમ યાને ભદ્રાસન (**બગેરાસન, રેન્નેલ**) કહેવાય છે એ સ્થળે ભૃગુઋષિએ ધાર્મિક ક્રિયાઓ કરી હતી. (**માર્ટીનનું ઇસ્ટર્ન ઇન્ડિયા, પુ૦ ૨, પા૦ ૩૪૦**). એને દદ્રિક્ષેત્ર પણ કહેતા. ત્યાં અગાડી પ્રતિ-વર્ષે ભરાતા મેળાને દદ્રિ મેળો કહે છે. ધર્મારણ્ય, ૨, જુઓ.

**भृगुआश्रम** (૨). ભરૂચ પણ ભૃગુઋષિનો આશ્રમ હતું.

**भृगुकच्छ.** ભરુકચ્છ તે જ. એ નામ ભૃગુક્ષેત્રનું વિકૃત રૂપ છે. અહીં ભૃગુઋષિનું રહેઠાણ હતું. (**ભાગવતપુરાણ, સ્કંધ, ૨ જો, અ૦ ૮; સ્કંધપુરાણ, રેવાખંડ, અ૦ ૧૮૨**).

**भृगुपट्टन.** ગરવાલમાં કેદારનાથની પાસે આવેલું પ્રસિદ્ધ યાત્રાસ્થળ વિશેષ.

**भृगुपुर** ભરુકચ્છ તે જ. (**ટૅાનીનું પ્રબંધચિંતામણી, પા૦ ૧૩૬**). અહીં અગાડી વીસમા જૈન તીર્થંકર સુવ્રતનું દેવળ આવેલું છે.

**भृगुतीर्थ.** નર્મદાને કિનારે સ્ફાટિકના ખડકોની વચ્ચે જબલપુરથી પશ્ચિમે બાર માઈલ ઉપર આવેલું ભેરાઘાટ તે જ. આ સ્થળે ૬૪ યોગિણીઓનું દેવળ આવેલું છે. આ એક સુપ્રસિદ્ધ યાત્રા સ્થળ ગણાય છે. (**પદ્મ-પુરાણ, સ્વર્ગખંડ, અ૦ ૯; મત્સ્યપુરાણ, અ૦ ૧૯૨**).

**भृगुतुंग.** નેપાળમાં ગંડકને પૂર્વ કિનારે આવેલો ડુંગર વિશેષ. આ જગાએ ભૃગુનો આશ્રમ હતો. (**વરાહપુરાણ, અ૦ ૧૪૬**).

**भृगुतुंग** (૨). મહાભારતના સુપ્રસિદ્ધ ટીકા લખ-નાર નીલકંઠને મતે તુંગનાથનો ડુંગર તે જ. (**મહાભારત, આદિપર્વ, અ૦ ૨૧૬, શ્લોક બીજા ઉપર નીલકંઠની ટીપ્પણી જુઓ**). તુંગનાથ પંચકેદારમાંનો એક છે. (**પંચકેદાર શબ્દ જુઓ**).

**भृगुक्षेत्र.** ભરુકચ્છ તે જ.

## म

**मकुलपर्वत** બુદ્ધગયાથી દક્ષિણમાં આશરે ૨૬ માઈલ ઉપર અને હઝારીબાગ જીલ્લામાં આવેલા ચત્રથી ઉત્તરે આશરે ૧૬ માઇલ ઉપર આવેલો કલુહાપહાડ તે. કલુહાપહાડ એ મકુલપર્વતનું વિકૃત થયેલું રૂપ હોય એ સ્પષ્ટ છે. (**બીગે-ન્ડેટનું ગૌતમનું જીવનચરિત્ર જુઓ**). કહેવાય છે કે આ જગાએ બુદ્ધે પોતાનું છઠ્ઠું ચોમાસુ ગાળ્યું હતું. મકુલપર્વત લીલજન નદીના પૂર્વ કિનારે આવેલી નિરાળી ખીણની પશ્ચિમ સીમા ઉપર આવેલો છે. આ ખીણમાં કુલેશ્વરી (**કુલ અને ઈશ્વરી**) નામની દુર્ગા સ્વરૂપનું દેવળ આવેલું છે. પરંતુ આ જગાએ બુદ્ધ લોકોના બાંધકામનાં ઘણા અવશેષો અને બુદ્ધની પ્રતિમાઓ ઠેકાણે ઠેકાણે મળે છે. પર્વતની તરત સમિપ આવેલા ઉચ્ચ પ્રદેશ ઉપર કુલેશ્વરીનું દેવળ આવેલું છે. આ ઉચ્ચભૂમિ અને પર્વતની વચ્ચે એક વહેળીયું આવેલું છે. એ વહેળીયાની પૂર્વ બાજુએ એક દેવળ આવેલું છે. એ દેવળમાં ધ્યાનાવસ્થિત બુદ્ધની ખંડિત મૂર્તિ છે. આ ખીણની ઉત્તરની બાજુએ આકાશલોચન નામની સૌથી ઉંચી તૂક ઉપર બુદ્ધનાં બે પગલાં છે, અને ડુંગરના મધ્યભાગમાંથી કોરી કાઢેલી બુદ્ધની મૂર્તિ છે. એના ઉપરના લેખ કાળ અને વાતાવરણની અસરથી ઘણા ખવાઈ ગયેલા છે. આ જગાએ મોટી ઈંટો મળી આવે છે. જેથી આ જગાની પ્રાચીનતા જણાય છે. મકુલ શબ્દમાંથી મ નો લોપ થયો હશે

Aho ! Shrutgyanam

અને કુલનું વિકૃત રૂપ કલુહા થયું હશે. પાછલા સમયમાં એટલે બૌદ્ધ ધર્મની પડતી પછી બ્રાહ્મણોએ બૌદ્ધોનું આ પવિત્ર સ્થળ અથાવી પાડીને ત્યાં દુર્ગાની મૂર્તિ સ્થાપન કરી હોય એવું નિશંક જણાય છે. (હઝારીબાગના જીલ્લામાં કલુહા પહાડ સંબંધી નંદુલાલ ડે ની લખેલી હકીકત જ૦ એ૦ સો૦ બં૦, પુ૦ ૭૦ (૧૯૦૧) પા૦ ૩૧, જુઓ) પણ ડૉ. સ્ટીન (ઇન્ડિયન એન્ટીકવરી, પુ૦ ૩૦, પા૦ ૯૦) કલુહાપહાડની આ ઓળખ કબુલ રાખતા નથી. જનતાના મંતવ્ય પ્રમાણે કલુહાપહાડ તે પુરાણોમાં કહેલો કોલાચર પર્વત તે જ.

**मगध.** બિહાર પ્રાન્ત અથવા વસ્તુતઃ દક્ષિણ બિહાર તે જ. (રામાયણ, આદિકાંડ, સર્ગ ૩૨; મહાભારત, સભાપર્વ, અ૦ ૨૪). શોણ નદી એ એની પશ્ચિમની સીમા હતી. મગધ નામનો પ્રથમ ઉલ્લેખ અથર્વ સંહિતાના ૫, ૨૨, અને ૧૪; અને ૧૫, ૨૦ માં કરાવાએલો છે. જરાસંધના વખતમાં મગધની રાજધાની ગિરિવ્રજપુર (હાલના રાજગિર) માં હતી. જરાસંધને પાંચ પાંડવોમાંના ભીમે મારી નાખ્યો હતો. પાછળથી આ રાજધાની પાટલિપુત્રમાં લઇ જવામાં આવી હતી. એ નગર પૂર્વે પાટલિગ્રામ નામે નાનું અપ્રસિદ્ધ ગામડું હતું. મગધના રાજા અજાતશત્રુએ એને વધાર્યું અને મજબુત બનાવ્યું હતું. કેમકે વૈશાલિના વજ્જિઓ વારેવારે હુમલા કરતા હતા. અજાતશત્રુ બુદ્ધને સમકાલીન હતો. અજાતશત્રુના પૌત્ર ઉદયાશ્વે રાજગ્રહથી રાજધાની પાટલિપુત્રમાં આણી હતી. (વાયુપુરાણ, ૨, અ૦ ૩૭, ૩૬૯). એક કાળે મગધનો વિસ્તાર ગંગાની દક્ષિણે બનારસથી મોંગીર સુધી અને દક્ષિણમાં સિંઘભૂમ સુધી હતો. અદ્યાપી સામાન્ય રીતે આસપાસના પરગણાના લોકો પટણા અને ગયાના જીલ્લાઓને મગા નામે કહે છે. મગા નામ મગધનું વિકૃત રૂપ છે. લલિતવિસ્તાર (અ૦ ૧૭) માં ગયાશિર્ષ મગધમાં આવ્યાનું કહ્યું છે. મૂળ આ પ્રાન્તમાં ચેરા અને કોલ લોકો રહેતા હતા. એમને આર્યો અસુર ગણતા હતા. પાટલિપુત્રના આન્ધ્રભૃત્ય રાજાઓ પછી મગધમાં ગુપ્ત રાજાઓ રાજ્ય કરતા હતા. (પટણા શબ્દ જુઓ). કનીંગહામના મંતવ્ય પ્રમાણે મહારાજા ગુપ્ત ઇ. સ. ૩૧૯ માં ગાદીએ આવ્યો ત્યારથી ગુપ્ત સંવતનો આરંભ થાય છે. પણ ડૉ. ફ્લીટને મતે ચંદ્રગુપ્ત ૧ લો ઈ. સ. ૩૨૦ માં મગધની ગાદીએ આવ્યો ત્યારથી ગુપ્ત સંવતનો આરંભ થાય છે. ઍફ્થલાઈટીસ જેઓ હિંદુસ્તાનમાં હૂણ નામે પ્રસિદ્ધ છે તેમણે ગુપ્તરાજનો અંત આણ્યો હતો. હૂણ લોકોના આગેવાન લકલીહ જેના સિક્કાઓ ઉપર લખનઉદયાદિત્ય એવું નામ રાખવામાં આવ્યું હતું તેણે કુશાનોની પાસેથી ગંધાર પડાવી લઇને પોતાની રાજધાની સાકલમાં કરી હતી. એના વંશજોએ રફતે રફતે ગુપ્તોના મુલકો જીતી લઈને છેવટે એ રાજનો અંત આણ્યો હતો. ગુપ્તોની રાજધાની પ્રથમ પાટલિપુત્રમાં હતી. જો કે સમુદ્રગુપ્તના વિજય પછી પાટલિપુત્ર રાજ તરફથી રાજધાની ગણાતું હતું છતાં વસ્તુતઃ જુદે જુદે સમયે રાજધાની જુદે જુદે સ્થળે બદલાઇ હતી.

**मगाधी.** શોણનદ તે જ. (રામાયણ, બાલકાંડ, સર્ગ ૩૨). સુમાગધી શબ્દ જુઓ.

**मच्छ.** મત્સ્ય તે જ. (અંગુત્તર નિકાય, ટિકનિપાત, અ૦ ૭૦, લેખપરિચ્છેદ ૧૭).

**मछेरी.** જે પૂર્વે જયપુરના રાજ્યમાં ગણાતું હતું તે—અલ્વાર (મત્સ્ય દેશ જુઓ).

**मज्झिमदेश.** મધ્યદેશ શબ્દ જુઓ (મહાવગ્ગ, ૫, ૧૨, ૧૩).

**मणिकर्णा.** કુલુની ખીણમાં બિઆસને મળનારી

Aho ! Shrutgyanam

પાર્વતી નદીને કાંઠે આવેલું સુપ્રસિદ્ધ મણિકરણ નામનું યાત્રાસ્થળ તેજ. ( **જ૦ એ૦ સો૦ બં૦ ૧૯૦૨, પા૦ ૩૬; બૃહત્‌ધર્મપુરાણ, ૧, અ૦ ૬** ). પાર્વતી અને કુલુત શબ્દ જુઓ. અહીં આગળ મણિકરણ અથવા મણિકર્ણિકા નામે વર્તુલાકાર આઠ, દસ, હાથ પહોળો ઉના પાણીનો ઝરો છે. યાત્રાળુઓ પોતાના ચોખા અને દાળ આ કુંડમાં રાંધે છે. આ નામ મણિકર્ણિકાનું ટુંકું રૂપ છે.

**मणिकर्णिका.** મણિકર્ણી તેજ.

**मणिकर्णिका** (૨). બનારસનો સુપ્રસિદ્ધ ઘાટ વિશેષઃ

**मणिचुडा.** એક નીચી પર્વતમાળા કે જેના છેક પશ્ચિમ કિનારા ઉપર પૂનાથી પૂર્વમાં ૩૦ માઈલ ઉપર જેજુરી નામનું ગામ છે તે. આ સ્થળે મલ્લ અને મલ્લિ નામના બે અસુર ભાઈઓ બ્રાહ્મણોને બહુ દુઃખ દેતા હતા. ખંડોબા (ખંડેરાવ) નામના શિવના એક અવતારે એઓને મારી નાખ્યા હતા. [**બ્રહ્માંડપુરાણ, ક્ષેત્રખંડ; મલારી માહત, ઓપર્ટના ભારતવર્ષ યાને હિંદુસ્તાનના મૂળ વતનીઓ નામના પુસ્તકમાં પાન ૧૫૮, ઉપરની ટીપ્પણી** ). મલ્લારિલિંગ શબ્દ જુઓ.

**मणिपुर.** મહાભારતમાં કહેલા બભ્રુવાહનના રાજ્ય કલિંગની રાજધાની. ( **મહાભારત, અશ્વમેધ પર્વ, અ૦ ૭૯** ). મનફર બંદર તે જ મણિપુર એમ લાસેન કહે છે. એ ચિકકોલની દક્ષિણે આવેલું હતું. પરંતુ ડૅા. ઓપ્પર્ટ એ ખરૂં નથી એમ કહે છે. ( **ડૅા૦ ઓપર્ટનું "પ્રાચીન હિન્દુઓના હથીઆરો", પા૦ ૧૪૫, ૧૪૮** ). ડૅા૦ ઓપ્પર્ટ મદુરાની પાસે આવેલું મનલૂરૂ તે મણિપુર એમ કહે છે. ( **વળી ઓપ્પર્ટનું ભારતવર્ષના મૂળ રહીશો, પા૦ ૧૦૨ જુઓ). મહાભારતમાં આદિપર્વ, અ૦ ૨૧૫ માં અને રઘુવંશમાં સર્ગ ૬, શ્લોક ૫૬** માં વર્ણવેલું કલિંગની રાજધાનીનું સ્થળ અને નામ મણિકપટ્ટનના વર્ણનને મળતાં આવે છે. મણિકપટ્ટન ચીલ્ક સરોવરના મુખ અગાડી આવેલું દરિઆઈ બંદર છે. કલિંગનગરી શબ્દ જુઓ. મધ્યપ્રાન્તોમાં આવેલું રતનપુર તે મણિપુર એમ મી. રાઇસનું કહેવું છે. ( **મૈસોરના શિલાલેખો, ઉપોદ્‌ઘાત્, ૨૯** ). પણ રતનપુર શબ્દ જુઓ.

**मणिमहेश.** મણિમહેશ યાને મણમહેશ મહાદેવનું દેવળ. આ દેવળ પંજાબમાં રાવી નદીના મૂળ પાસે તેના કાંઠા ઉપર આવેલી ચંબાની જુની રાજધાની બરમવરમાં છે. મહાદેવની સફેદ મૂર્તિને પાંચ મુખાર્વિન્દ હોઈ તે સુપ્રસિદ્ધ યાત્રાસ્થળ છે. ( **કનીંગ્હામનો આર્કી૦ સ૦ રી૦ પુ૦ ૧૪, પા૦ ૧૦૯; એ૦ જયો, પા૦ ૧૪૧** ). થૅાર્નટનના અભિપ્રાય પ્રમાણે મણિમહેશ યાને મુનીમુહિષ એ એક તળાવનું નામ છે. અને એ તળાવમાંથી બુદ્ધિલ નદી નિકળે છે. વીનેના અભિપ્રાય પ્રમાણે એ જ રાવી નદીનું નામ છે.

**मणिमतीपुरी.** ઇલ્બલપુર તેજ. ( **મહાભા૦ વનપર્વ, અ૦ ૯૬** ).

**मत्स्यतीर्थ.** મૈસોરના પ્રાન્તમાં તુંગભદ્રાથી થોડે છેટે તિરૂપાનન કુંડ્રમથી આઠ અગર દસ માઈલ પશ્ચિમે એક ટેકરી ઉપર આવેલું નાનું તલાવ વિશેષ. ( **ચૈતન્યચરિતામૃત, ભાગ ૨, અ૦ ૯** ). આ તલાવ સવાર સાંજ સુશ્રાવ્ય અવાજ કરતી માછલીઓથી ભરેલું છે. આ ચમત્કાર સ્કૅાટલેન્ડના કિનારા આગળ મળતી બટરમેન નામની નાદ ઉત્પન્ન કરનારી અથવા લંકા અગાડી મળનારી એજ જાતની માછલીઓ હોવાને લઈને અગર આજુબાજુના ખડકોની સ્થિતિને લઇને જુદે જુદે ઉષ્ણતામાને ઉત્પન્ન થતા સુશ્રાવ્ય નાદને લીધે થાય છે. આવો સુશ્રાવ્ય નાદ ઇજીપ્તમાં બોલતી

Aho ! Shrutgyanam

વોકલ મેમનોન નામની મૂર્તિમાં અને કેટલીક જગ્યાઓના ખડકોમાં થતો જણાયો છે. ( **રોલીન્સનું "પ્રાચીન ઇજિપ્ત" જુઓ**).

**मत्स्यदेश.** જયપુરના રાજ્યનો દેશ; વર્ત્તમાન અલ્વારના રાજ્યના બધા પ્રદેશની તેમજ ભરતપુરના રાજ્યના કેટલાક પ્રદેશની ગણના મત્સ્યદેશમાં થતી. ( **મહાભા૦ સભા૦ વિરાટપર્વ, અ૦ ૩૦; અ૦ ૧; થૉર્નટનનું ગેઝેટીઅર; આર્કિ૦ સર્વે રિપોર્ટ, પુ૦ ૨૦, પા૦ ૨; પુ૦ ૨, પા૦ ૨૪૪** ). મહાભારતમાં કહેલા વિરાટ રાજાનો આ પ્રદેશ હતો અને યુધિષ્ઠિર અને એમના ભાઈ પાંડવો પોતાના વનવાસના છેલ્લા વર્ષમાં અહીં જ ગુપ્ત રહ્યા હતા. રજપુતસ્થાનમાં જયપુરના રાજમાં વૈરાટ યાને વિરાટ આવેલું છે. મત્સ્ય તે પીટકમાં કહેલાં સોળ મહા જનપદો માંનું એક જેને બૌદ્ધો મચ્છ કહેતા. (**સેક્રેડ બુક્સ ઑફ ધી ઈસ્ટ, પુ૦ ૧૭, પા૦ ૧૪૬ ઉપરની ટિપ્પણી** ). મત્સ્યનું વિકૃત રુપ મછેરી અલ્વરની દક્ષિણે બાવીસ મૈલ પર આવેલું છે. પૂર્વે અલ્વાર જયપુરના રાજ્યમાં ગણાતું. વિરાટ શબ્દ જુઓ.

**मत्स्यदेश** (૨). કૂર્ગ તે જ. ( **સ્કંદ પુરાણ, કાવેરી મહાત્મ્ય, અ૦ ૧૧-૧૪; રાઈસનું મ્હેસુર અને કૂર્ગ, પુ૦ ૩, પા૦ ૮૮, ૮૯, ૯૧** ).

**मत्स्यदेश** (૩). એમ જણાય છે કે વૈશાલી સહિત તિરહૂતના દક્ષિણ પ્રદેશને પૂર્વ મત્સ્ય કહેતા. હ્યુનશ્યાંગે એને "મહામચ્છ"ના પ્રદેશને નામે વર્ણવ્યો છે. ( **બીલનું "રેકર્ડ ઑફ વેસ્ટર્ન કંટ્રીઝ" પુ૦ ૨, પા૦ ૭૮; જ૦ એ૦ સો૦ બં૦, ૧૯૦૦, પા૦ ૮૩; મહાભા૦ સભાપર્વ, અ૦ ૩૦** ).

**मतिपुर** પશ્ચિમ રોહિલ ખંડમાં બિજનોરથી ઉત્તરે આઠ મૈલ અને હરદ્વારથી દક્ષિણે ત્રીસ મૈલ ઉપર આવેલું મદવર યાને મંડોર તે. એને મદ્યાવાર પણ કહ્યું છે. પ્રલંબ શબ્દ જુઓ.

**मथुरा** સુરસેનની રાજધાની મથુરા તે જ; માટે જ જૈનો મથુરાને સૌરીપુર અગર સૌર્યપુર કહે છે. ( **સેક્રેડ બુક ઑફ ધી ઇસ્ટ, પુ૦ ૪૫, પા. ૧૧૨**). એ શ્રીકૃષ્ણ ભગવાનની જન્મભૂમિ છે. પોતરકુંડની પાસે કારાગૃહ અગર જન્મભૂમિ નામના સ્થળે એમનો જન્મ થયો હતો. મથુરામાં મલ્લપુરમાં કેશવદેવના દેવળની જોડે જ એઓશ્રીએ ચાણુર અને મુષ્ટિક નામે મલ્લોની સાથે કુસ્તી કરી હતી; કુબ્જા નામના કુવા પાસે એમણે કુબડી કુબ્જાની ખૂંધ બેસાડી દીધી હતી. વર્ત્તમાન નગરના દક્ષિણ દરવાજા બહાર કંસ-કા-તીલા નામના સ્થળે એમણે કંસને મારી નાખ્યો હતો. વિશ્રામઘાટ યાને વિશ્રાંતિઘાટ ઉપર એમણે કંસનો વધ કર્યા બાદ થાક ખાધો હતો. ( **વરાહ પુરાણ-અધ્યાય ૧૫૨** ). કંસકાતીલા અને કુબ્જાનું મંદિર ઉંચા ટેકરા ઉપર આવેલાં છે. આ ટેકરા તે વખતે હ્યુનશ્યાંગે વર્ણવેલા અશોકના ત્રણ પ્રાચીન સ્તૂપોનાં ખંડિયેર પણ હોય એમ સાફ જણાય છે. જોગઘાટ નામે ઓળખાતી જગાએ કંસે માયા યાને યોગનિદ્રાને પથ્થર ઉપર પટકી હતી. પણ કારાગૃહની સામે વડના ઝાડ નીચે પથ્થર ઉપર બે પગલાં કોતર્યાં છે ત્યાં આગળ કંસે જોગમાયાને પટકચાનું અને એ એના હાથમાંથી છટકીને આકાશમાં ગયાનું કહેવાય છે. મથુરા પૂર્વે ધ્રુવનો આશ્રમ હતું (**સ્કંદપુરાણ, કાશીખંડ, અધ્યાય ૨૦**); ધ્રુવઘાટ આગળ ધ્રુવનું એક દેવળ અદ્યાપિ છે. અશોકના અગર બીજા કેટલાકના મંતવ્ય પ્રમાણે, આચાર્ય ઉપગુપ્તનો કાત્રાની પાસે આવેલો આશ્રમ તે જ કંકાલીતિલા એમ ગ્રાઉઝનું કહેવું છે. હ્યુનશાંગ આ સ્થળે આવેલો હતો દુર્ગાદેવીના એક સ્વરૂપ કંકાલી દેવીનું ઘણું નાનું મંદિર બૌદ્ધોના આશ્રમનો

Aho ! Shrutgyanam

વિનાશ કર્યા પછી તે જ જગ્યાએ બાંધેલું સ્પષ્ટ જણાય છે. બુદ્ધના શિષ્ય સારિપુત્રનો સ્તૂપ તે જ ભૂતેશ્વરનું દહેરૂં એવું મંતવ્ય છે. હ્યુનશાંગે વર્ણન કરેલા સાત સ્તૂપોમાં આ સારિપુત્રના સ્તૂપનો સમાવેશ થાય છે. આ દેવળમાં માહિષમર્દિની એકરૂપ પાતાલેશ્વરી દેવીની મૂર્તિ, નીચે ભોંયરામાં આવેલી છે. સિરાઈજમાલપુરની પાસે આવેલા દમદમાના ટેકરામાં વાનરસ્તૂપનો અને કેશવદેવના મંદીર સહિત યશવિહારનો સમાવેશ થાય છે એવું મંતવ્ય છે. ઈ. સ. ૧૬૬૯માં એ જગાએ મસીદ બાંધવાને ઔરંગજેબે પડાવી નાખેલા કેશવદેવના મંદીરનું રામરામના દેવળ તરીકે ટેવરનીયરે આબેહુબ વર્ણન કરેલું છે. મથુરાને મધુપુરી પણ કહેતા. હાલના મથુરાથી નૈઋત્યમાં પાંચ માઈલ ઉપર આવેલું મહોલી તે જ મધુપુરી. આ જગ્યાએ મધુ દૈત્ય રહેતો હતો. મધુના પુત્ર લવણને રામચંદ્રના ભાઈ શત્રુઘ્ને મારી નાખ્યો હતો. શત્રુઘ્ને પહેલાં મધુવન હતું તે જગ્યાએ હાલનું મથુરા વસાવ્યું હતું. ( ગ્રાઉઝનું **મથુરા, પ્ર૦ ૪; હરિવંશ,** ખંડ ૧, **અ૦ ૫૪** ). જનરલ કન્નિંગહામને વસુદેવના શિલાલેખો મથુરામાંથી મળી આવ્યા હતા. આ વસુદેવ વખતે પુરાણોમાં કહેલા કણ્વ વંશનો પહેલો રાજા એ હોય. એ હિન્દુસ્તાનના વાયવ્ય પ્રદેશનો અને પંજાબનો ઈ. સ. ની પૂર્વે અને ત્યારપછી રાજ્યકર્તા હતો. હુશ્ક જશ્ક અને કનિશ્ક, આ ત્રણનો એ પૂર્વગામી હતો. ( **આર્કિ૦ સર્વે રીપોર્ટ,** પુ૦ ૩, **પા૦ ૪૨ જુઓ**). મથુરાને મધુરા પણ કહેતા. (**રામાયણ, ઉત્તરખંડ,સર્ગ ૧૦૮,મુંબાઈની આવૃત્તિ**); મધુરા શબ્દ જુઓ.

**મથુરા** (૨) મદ્રાસ ઈલાકામાં આવેલું વૈગઇ નદીના કિનારા ઉપરનું પાંડ્ય રાજ્યની રાજ્યધાનીનું બીજું શહેર મથુરા (**પદ્મપુરાણ, ઉત્તર, અધ્યાય ૯૫** ), મધુરા યાને મદુરા તે જ. કુલશેખરે આ શહેર વસાવ્યાનું કહેવાય છે. સંયુક્ત પ્રાન્તમાં આવેલા મથુરાને પડછે આને દક્ષિણ મથુરાં પણ કહે છે. ( **બૃહત્ શિવપુરાણ, ખંડ ૨, અધ્યાય ૨૦** ). ઈ. સ. ૧૨૫૦ અગર ૧૨૫૧માં ગાદીએ આવેલા જયવર્માની અહીં રાજધાની હતી. આ શહેર કર્નાટના હોયસલ રાજા સોમેશ્વરે જીતી લીધું હતું. (**એપીગ્રાફીકા ઇન્ડિકા,** પુ૦ ૩, **પા૦ ૮**). આ શહેરમાં મીનાક્ષી દેવીનું સુપ્રસિદ્ધ દેવળ અને સુંદરેશ્વર મહાદેવનું દેવળ આવેલાં હતાં. ( **વિલ્સનનો મેકેન્ઝીનો સંગ્રહ, પા. ૨૨૬**). મીનાક્ષી શબ્દ જુઓ.

**મદૂગગિરિ** માંગીર તે જ (**મદ્દગલગિરિ જુઓ**).

**મદૂગલગિરિ** બિહારમાં આવેલું માંગીર તે જ. બુદ્ધના એક શિષ્ય મુદ્દગલપુત્રે અહીંના એક ધનાઢ્ય વેપારીને બુદ્ધધર્મમાં દાખલ કર્યો હતો. મદ્દગગિરિ અને મદ્દગલગિરિ એ મૌદ્દગલ્યગિરિ ઉપરથી વિકૃત થયેલાં નામો છે. મુદ્દગલ પુત્રને મુદ્દગલ ઋષિ કહેતા હતા અને એનો આશ્રમ માંગીરની પાસે હતો. ( **પી૦ ઘોસલનું ભારતભ્રમણ** ). માંગીરનો કષ્ટહારીણી યાને કષ્ટહરણઘાટ રાવણને માર્યાનું પાપ ધોઈ નાખવાને રામચંદ્રજીએ તે જગાએ સ્નાન કરેલું હોવાથી પવિત્ર ગણાય છે. રાવણ જો કે રાક્ષસ હતો પરંતુ જાતે બ્રાહ્મણ હોવાથી રામચન્દ્રજીને તેને મારી નાખ્યાનું પાપ લાગ્યું હતું. રાવણની હત્યાનું પાપ નિવારણ કરવાને શ્રીરામચન્દ્રે અયોધ્યામાં હરદોઈથી આગ્નેયમાં ૨૮ માઈલ ઉપર આવેલા હત્યાહરણ નામના પવિત્ર તલાવમાં તેમજ અયોધ્યામાં આવેલા સુલતાનપુરથી આગ્નેયમાં ૧૮ માઈલ ઉપર આવેલા ધોપાપ નામની જગ્યાએ ગોમતિ નદીમાં પણ સ્નાન કર્યું હતું, ( **ફેયુરરનું મોન્યુમેન્ટલ એન્ટિકવીટીઝ**

**અને ઇન્સ્ક્રીપ્શન** ). હ્યુનશાંગે મદ્‌ગલગિરિને હિરણ્ય પર્વત કહ્યો છે. કનિંગહામના મત પ્રમાણે આ નામ હરણ પર્વત ઉપરથી પડેલું છે અને હરણ પર્વત નામ એ કષ્ટહરણ ઘાટ ઉપરથી પડેલું છે. ( **આર્કી૦ સર્વે૦ રીપોર્ટ, પુ૦ ૧૫, પા૦ ૧૫–૧૬; એનશન્ટ જ્યોગ્રોફી, પા૦ ૪૭૬**). માંગીરનો કિલ્લો મરૂક ટેકરી ઉપર આવેલો છે. મરૂક ટેકરી ખડકપુરના ડુંગરાઓનો એક ફાંટો છે. ખડકપુરના ડુંગરાઓમાં માંગીર આગળની પીરપહાડી ડુંગરી છેક ઉત્તરે આવેલી છે. ( **જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૫૨, પા૦ ૨૦૪**). અગીઆરમા સૈકામાં એને મનગિરિ કહેતા ( **અલબરૂનીનું હિંદુસ્તાન, પુ૦ ૧, પા૦ ૨૦૦**).

**મદ્‌ગુરક** મોદાગિરિ તે જ. ( **મત્સ્યપુરાણ, અ૦ ૧૧૩**).

**મદનતપોવન** કામાશ્રમ તે જ. (રઘુવંશ, સર્ગ ૧૧, શ્લોક ૧૩).

**મદ્ર** પંજાબમાં રાવિ અને ચિનાબ નદીઓની વચ્ચે આવેલો પ્રદેશ તે જ. એની રાજધાની શાકલમાં હતી. મહાભારતમાં કહેલા શલ્ય રાજાનું ત્યાં રાજ્ય હતું ( **ઉદ્યોગપર્વ, અ૦ ૮**). અને સત્યવાનની સ્ત્રી સુપ્રસિદ્ધ સાવિત્રીના પિતા રાજા અશ્વપતિનું પણ ત્યાં રાજ્ય હતું. ( **મત્સ્યપુરાણ, અ૦ ૨૦૬, શ્લોક ૫; મહાભારત વનપર્વ, અ૦ ૨૯૨**). કેટલાક એને વાહિક પણ કહેતા. પણ વાહિક મદ્રરાજના એક ભાગનું નામ હોય એમ જણાય છે, ( **મહાભારત**, કર્ણપર્વ, **અ૦ ૪૫**). મદ્રને ટક્કદેશ પણ કહેતા (**હેમચંદ્રનું અભિધાન ચિંતામણિ**).

**મધ્યદેશ** કુરુક્ષેત્રમાં સરસ્વતી નદીની સીમાવાળો પ્રદેશ, અલાહાબાદ, હિમાલય અને વિંધ્ય અંતર્વેદની ગણના મધ્ય દેશમાં થતી હતી. ( **મનુસંહિતા, અ૦ ૨, શ્લોક ૨૧** ). બુદ્ધિસ્ટ લોકો પૂર્વે કજાગલ અને તેને મુકીને આગાહી મહાસાલ, આગ્નેયમાં સલાવતી નદીનો પ્રદેશ, દક્ષિણે સેતકન્નિકનો કસ્બો; પશ્ચિમે થૂનનો કસ્બો અને તેનું પરગણું, અને ઉત્તરે ઉશીરધ્વજ ડુંગર, આ સીમાવાળા પ્રદેશને બૌદ્ધ લોકો મજ્ઝિમદેશ કહેતા. ( **મહાવગ્ગ, ૫, ૧૨ અને ૧૩** ). મુળે કાંપિલ્ય મધ્યદેશની પૂર્વ સીમા હતી. (**વેબરનો ઈન્ડિયન વાઙ્‌ગમયનો ઈતિહાસ, પા૦ ૧૧૫, ટીપ્પણી** ). પંચાલ, કુરુ, મત્સ્ય, યૌધેય, પટચ્ચર, કુન્તિ અને સુરસેન દેશોનો મધ્યપ્રદેશમાં સમાવેશ થતો, (**ગરુડપુરાણ, ખંડ ૨, અ૦ ૫૫** ), બ્રહ્માવર્ત સહિત બ્રહ્મર્ષિદેશનો સમાવેશ મધ્યદેશમાં થાય છે. (**મેક્ષમુલરનો ઋગ્વેદ પુ૦ ૧, ૪૫** ).

**મધ્યમરાષ્ટ્ર**. મહાકોશલ યાને દક્ષિણકોશલ તે જ. ( **ભટ્ટસ્વામિનની કૌટિલ્યના અર્થશાસ્ત્ર ઉપરની ટીકા, પુ૦ ૨, કોષાધ્યક્ષ** ).

**મધ્યમેશ્વર**. મંદાકિનીના કિનારા ઉપર આવેલું શિવનું પવિત્ર સ્થળ વિશેષ ( **કૂર્મપુરાણ**, પૂર્વખંડ, અ૦ ૩૩). પંચકેદાર શબ્દ જુઓ.

**મધ્યાર્જુન**. મદ્રાસ ઇલાકામાં કુંભકોનમથી પૂર્વમાં છ માઇલ અને તાંજોરથી ૨૯ માઇલ ઉપર આવેલું તિરૂવિદઇમરૂદૂર તે. શંકરાચાર્ય પોતાની વિજયયાત્રામાં ત્યાં પધાર્યા હતા. ( **આનંદગિરિનો શંકરવિજય, અ૦ ૪, પા૦ ૧૬; આર્કિ૦ સર્વે રિપોર્ટ, ૧૯૦૭–૮, પા૦ ૨૩૧** ). આ સ્થળ ત્યાં આવેલા દેવળને માટે પ્રસિદ્ધ છે.

**મધુપુરી**. મથુરા તે. રામચંદ્રના સૌથી નાનાભાઇ શત્રુઘ્ને મધુદૈત્યના પુત્ર રાક્ષસ લવણને મારીને આ પુરી વસાવી હતી. ગ્રાઉઝના મત પ્રમાણે હાલના મથુરા શહેરથી નૈઋત્યમાં પાંચ માઇલ ઉપર આવેલું મહોલી તે જ મધુદૈત્યનું મૂળ શહેર. મહોલી મધુવનમાં



Aho ! Shrutgyanam

આવેલું છે. ( મધુવન, મધુદૈત્યનું વન ). એ વન એક યાત્રાસ્થળ ગણાય છે. ( ગ્રાઉઝનું મથુરા, ૩૨ અને ૫૪ ).

**मधुमन्त**. દંડકારણ્ય તે જ. ( રામાયણ, ઉત્તરકાંડ, સર્ગ ૯૨ અને ૯૪ ).

**मधुमति**. માળવામાં સોનરીથી આશરે આઠ માઇલ ઉપર રનોદ અગાડીથી નિકળીને સિંધમાં જનારી મોહવર યાને મોઢવર નદી તે જ. ( માલતીમાધવ, અંક ૯, અને આર્કિ૦ સર્વે રિપોર્ટ, પુ૦ ૨, પા૦ ૩૦૮ ).

**मधुरा**. મથુરા તે જ. જાતકોમાં ઘટજાતક જુઓ. ( કેંબ્રીજની આવૃત્તિ, પુ૦ ૪, પા૦ ૫૦; તેમાં શ્રીકૃષ્ણની હકીકતનું વિકૃત કરીને વર્ણન આપેલું છે. )

**मधुवन**. મથુરા શબ્દ જુઓ.

**मयराट**. મયરાષ્ટ્ર તે જ. મીરત એ મયરાટનું વિકૃત રૂપ છે.

**मयराष्ट्र**. મીરત તે જ. અહીંઆં અગાડી અંધકોટ નામની જગામાં મયદાનવ કિલ્લાના અવશેષ હજુ પણ મોજુદ છે. આ જગા કાલી નદીથી વીસ માઇલ દૂર આવેલી છે. રાવણની સ્ત્રી અને મયદાનવની દીકરી મંદોદરીએ બિલ્વેશ્વર મહાદેવની પૂજા કરી હતી એમ કહેવાય છે. અંધકોટ એ નામ વખતે અંધકેશ ઉપરથી થયું હોય. અંધકેશ અને બિલ્વેશ્વર મહાદેવની હકીકત સારૂ શિવપુરાણ, ખંડ ૧, અ૦ ૪૧ જુઓ. મયદાનવે મયમત અને મયશિલ્પ વગેરે ગ્રન્થો લખ્યા છે. ( ઓ૦ સી૦ ગંગોલીનું દક્ષિણ હિંદુસ્તાનના બ્રોન્ઝીઝ, પાનું ૭; ઇન્ડિયન એન્ટીક્વરી, પુ૦ ૫, પા૦ ૨૩૦ ).

**मयूर**. માયાપુરી યાને હરદ્વાર તે જ. હાલની માયાપુરી હરદ્વાર અને કંખલ કસ્બાઓની વચ્ચે આવેલી છે.

**मयूरी**. મલબારના કાંઠા ઉપર આવેલો મહિ કસ્બો તે જ. ( કેડવેલનું દ્રાવ૦ કમ્પે૦ ગ્રામર, પા૦ ૩ ).

**मरु**. રજપુસ્તાનમાં આવેલું યમસદન યાને રણ તે. (કાત્યાયનનું વાર્ત્તિક; કુન્તેનું વિસિસિટયુડસ ઑફ આર્યન સીવીલીઝેશન, પા૦ ૩૭૮ ). મરુધન્વ અને મરુસ્થલી એ જ.

**मरुद्‌वृध**. ઝેલમ અને ચિનાબ નદીઓના મળવાથી બનેલી ચંદ્રભાગા નદી તે જ. ( રેગોઝીનનું વેદિક ઇન્ડિયા, પા૦ ૪૫૧, અને ઋગ્વેદ મંડળ, ૧૦-૭૫ ).

**मरुद्‌वृध** (૨). કિસ્તાવર અગાડી ચિનાબને મળનારી નાની નદી મરુવર્ધન તે. ( થોર્નટનના ગેઝેટીયરમાં ચેનોત શબ્દ જુઓ).

**मरुधन्व**. મારવાડ તે. ( ભવિષ્યપુરાણ, પ્રતિસર્ગ પર્વ, ભા૦ ૩, અ૦ ૨ ).

**मरुधन्व** (૨). રજપુસ્તાનનું જુનું નામ. ( મહાભારત, વનપર્વ, અ૦ ૨૦૧ ). હસ્તિનાપુરથી દ્વારકા જવાનો રસ્તો એમાં થઇને હતો. ( મહાભારત, અશ્વમેધપર્વ, અ૦ ૫૩ ).

**मरुभूमि**. મરૂસ્થલી તે જ. ( વિષ્ણુપુરાણ, ભા૦ ૪, અ૦ ૨૪; વીલ્સનનું કરેલું ભાષાંતર, પા૦ ૪૭૪ ).

**मरुस्थल**. મારવ અને મરુસ્થલી તે જ. ( પદ્મપુરાણ, ઉત્તર ખંડ, અ૦ ૬૮ ).

**मरुस्थली**. સિંધની પૂર્વમાં આવેલું મોટું રણ તે જ. ( ભવિષ્યપુરાણ, પ્રતિસર્ગ પર્વ, ભા૦ ૩). મારવાડ નામ મરુસ્થલી અગર મરુસ્થાન ઉપરથી પડયું છે. ( ટોડનું રાજસ્થાન—મારવાડનો ઇતિહાસ, પ્રકરણ ૧લું ). પ્રબંધ ચિંતામણિમાં આને મરુ કહ્યું છે. ( ટૉનીનું ભાષાંતર, પા૦ ૧૭૨ ). આખા રજપુસ્થાનનો આમાં સમાવેશ થાય છે. મરુ અને મરુધન્વ શબ્દ જુઓ.

**मलकूट**. તાંજોરનું ચોલા રાજ્ય તે. હુનશાંગે આ નામનો ઉલ્લેખ કર્યો છે. તેમજ તાંજોરના શિલાલેખમાં પણ આનો ઉલ્લેખ છે. ( ડૉ. બર્નેલનું દક્ષિણ હિંદુસ્તાનના શિલા-

Aho ! Shrutgyanam

લેખો, પા૦ ૪૭, ટીપ્પણી, ૪; સીવેલનું દક્ષિણ હિંદુસ્તાનનાં રાજ્યવંશોનું વર્ણન, પા૦ ૧૪ ).

**मलद्**. શાહબાદ જીલ્લાનો ભાગ વિશેષ: (**રામાયણ, બાલકાંડ, સર્ગ, ૨૪**). વિશ્વામિત્રનો આશ્રમ પ્રાચીન મલદ અને કુરૂષની જગા ઉપર આવ્યો હતો. બક્ષર તે જ વિશ્વામિત્રનો આશ્રમ એમ નિર્ણય થયો છે. ભીમે જીતેલા પૂર્વ તરફના દેશોમાં મલદનું નામ ગણાવ્યું છે. (**મહાભારત, સભાપર્વ, અ૦ ૨૯** ).

**मल्लदेश**. મુલતાનનો જીલ્લો એ પ્રાચીન મલ્લદેશ યાને માલવ ( **માલવ શબ્દ જુઓ** ). અલેકઝાન્ડરના ઇતિહાસકર્તાઓએ મલ્લદેશના રહેવાસીઓને મલ્લીસ કહ્યાં છે અને મહાભારતમાં તેમને માલવો કહ્યા છે. ( **મહાભારત, સભાપર્વ, અ૦ ૩૨**). એની જુની રાજધાની મુલતાનમાં હતી ( **કનીંગહામનો આર્કિ૦ સર્વે રિપોર્ટ, પુ૦ ૫, પા૦ ૧૨૯** ). લક્ષ્મણના પુત્ર ચંદ્રકેતુને એના કાકા રામચંદ્રે મલ્લદેશનો રાજા બનાવ્યો હતો. (**રામાયણ, ઉત્તરખંડ, સર્ગ, ૧૧૫** ).

**मल्लदेश** (૨). પારસનાથના ડુંગરો જે પ્રદેશમાં આવ્યા છે તે પ્રદેશ વિશેષ: ( **મેકક્રીન્ડલનું "મેગસ્થિનિસ અને એરિયન" પા૦ ૬૩ અને ૧૩૯**). એટલે કે હજારીબાગ અને માનભૂમ જીલ્લાના કેટલાએક ભાગો તે મલ્લદેશ. પુરાણો અને મહાભારત ( **ભીષ્મપર્વ, અ૦ ૯** ) મલ્લ નામના બે દેશ હતા એમ કહે છે. એક પશ્ચિમમાં અને બીજો પૂર્વમાં.

**मल्लदेश**. (૩) બુદ્ધદેવના સમયમાં મલ્લ લોકો પાવા અને કુશીનગરમાં રહેતા હતા. બુદ્ધનો દેહ કુશીનગરમાં પડયો હતો. ગોરખપુર જીલ્લામાં આવેલા કશીઆ ( **પ્રાચીન કુશીનગર** )ની પાસેનાં અનિરુદ્ધ અગાડીનાં ખંડેરો તે મલ્લ અમીરોના મહેલનાં છે એમ નિર્ણય થયો છે. ( **મહાભારત, સભાપર્વ, અ૦ ૨૯** ).

**मल्लपर्वत**. છોટનાગપુર પ્રાંતમાં આવેલો પારસનાથનો ડુંગર તે. એ ડુંગરને યુનાનીઓએ મેલીયુસ પર્વત કહ્યો છે. ( **મેકક્રીન્ડલનું "મેગસ્થિનીસ અને એરિયન" પા૦ ૬૩ અને ૧૩૯** ). સમેતશિખર શબ્દ જુઓ. બિહાર પ્રાન્તમાં આવેલા ભાગલપુર જીલ્લામાં આવેલો મંદારનો ડુંગર તે મલેયુસ પર્વત એમ કહેવું વખતે ખોટું છે. ( **બ્રેડલી-બર્ટની હિંદુસ્થાનની ઉચ્ચભૂમિની વાર્તા, પા૦ ૨૪** ).

**मलयगिरि**. કાવેરી નદીથી દક્ષિણનો પશ્ચિમઘાટનો દક્ષિણ તરફનો ભાગ. ( **ભવભૂતિનું મહાવીર ચરિત, અંક, ૫, શ્લોક, ૩** ). કોઇમ્બતુરના ભંગથી કન્યાકુમારી ભૂશિર સુધી ગયેલા એલચીના પર્વતો સહિત ત્રાવણકોરના ડુંગરો તે મલયગિરિ. આના એક શિખરનું નામ પોથીગેઇ છે. ટૉલેમીએ એને બેટીગો કહ્યું છે. એ ડુંગર ઉપર અગસ્ત્ય ઋષિનો આશ્રમ હતો. ( **મેકક્રીન્ડલનું ટૉલેમી, પુ૦ ૭, પ્ર૦ ૧: ઇન્ડિ૦ એન્ટી૦ પુ૦ ૧૩, પા૦ ૩૬૧ ઉપર કલમ ૬૬; ચૈતન્યચરિતામૃત, મધ્ય, અ૦ ૯** ). એને અગસ્તીકૂટ પણ કહ્યો છે. આનમલઇ પર્વતનું એ છેક દક્ષિણમાં આવેલું શિખર છે. અને તામ્રપર્ણી નદી અહીંથી નિકળે છે.

**मलय-खंडम्**. મલ્લાર શબ્દ જુઓ.

**मलयालम**. મલબાર તે જ. ( **રાજાવલી, ભા૦ ૧**). કોચીન અને ત્રાવણકોર મલયાલમમાં ગણાતાં અને એનું પ્રાચીન નામ પ્રથમ ચેરા અને પછીથી કેરલ હતું. ( **ચેરા અને કેરલ શબ્દ જુઓ** ). કેટલાકોના મંતવ્ય પ્રમાણે મલયાલમ તે ત્રાવણકોરનું પ્રાચીન નામ હતું. (**સ્કોફનું ઇરિથ્રિયનસમુદ્રનું પેરિપ્લસ,**

Aho ! Shrutgyanam

પા૦ ૨૩૪; ડાકુન્હાનો ચૌલ અને વસાઈનો ઇતિહાસ; કૅડવેલનું દ્રાવ૦ કંમ્પૅ૦ ગ્રામર, આવૃત્તિ ૩, પા૦ ૧૬). મૂળે આખા મલયાલમ પ્રદેશમાં તુલુવ, મુશીક, કેરલ અને કુવનો સમાવેશ થતો. મલયાલમના ઇતિહાસને માટે મેકેન્ઝીના જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૩૮, પા૦ ૧૩૨માં આવેલા મેન્યુસ્ક્રીપ્ટો જુઓ.

**मल्लार.** ત્રાવણકોર તે જ. આ મલબારનું ટૂંકુ નામ છે. (**ચૈતન્ય ચરિતામૃત,** ભાગ ૨, **અ૦** ૯). ત્રાવણકોરને મલયખંડમ પણ કહે છે.

**मल्लराष्ट्र.** મહારાષ્ટ્ર તે જ. (ગેરેટનો પ્રાચીન કોશ; **મહાભારત, ભીષ્મપર્વ,** અ૦ ૯).

**मल्लारिलिंग.** નિજામના રાજ્યમાં રાઈચુર જિલ્લામાં આવેલું બેલાપુર તે જ. અહીં શિવે મલ્લાસુરને માર્યો હતો. (**આર્કીઓલૉજીકલ સર્વે લીસ્ટસ–નિજામના રાજયનું,** પા૦ ૩૫). પણ મણિચુર શબ્દ જુઓ.

**मल्लिकार्जुन.** શ્રીશૈલ શબ્દ જુઓ (**આનંદગિરિનો શંકરવિજય, અ૦ ૫૫, પા૦ ૧૮૦**).

**मशकावती.** યુસુફજાઈ પ્રદેશમાં સ્વાત નદીને કિનારે બેજોરથી ૨૪ માઈલ ઉપર આવેલું મઝગ યાને મસ્સનગર તે. સિકંદર (અલેકઝાંડર)ના ઇતિહાસ કર્તાઓએ મસ્સગ અને બાબરે મશનગર કહ્યું છે તે જ આ એવું રેનેલનું મંતવ્ય છે. અલેકઝાન્ડરના ઘેરા વખતે આ શહેરે ચાર દિવસ સુધી પોતાનો બચાવ કર્યો હતો. (**મેકક્રીન્ડલનું મેગસ્થિનિસ અને એરિયન, પા૦ ૧૮૦ની ટીપ્પણી**). એરિયનના કહેવા પ્રમાણે મસ્સક અસ્સકેનોઈ પ્રદેશની રાજધાની હતું. (**મેકક્રીન્ડલનું મેગસ્થિનિસ અને એરિયન**). અલેકઝાન્ડર કયે રસ્તેથી હિંદુસ્તાનમાં આવ્યો હતો તેને માટે જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૪૯, પા૦ ૫૫૨ ઉપરની હિંદુસ્તાનના ઘાટો સંબંધી એચ૦ ટી૦ પ્રીન્સેપની ટીપ્પણી.

**मस्सुरविहार.** ઉદ્યાનની પ્રાચીન રાજ્યધાની મેંગલોરથી નૈઋર્ત્ય કોણમાં આશરે ૨૦ માઇલ ઉપર બુનેરમાં આવેલું ગુંબેટોઇ એજ આ એમ મી. સ્ટીનનું કહેવું છે.

**महती.** માળવામાં આવેલી ચંબલ નદીની એક શાખા મહી નદી તે. (**વાયુપુરાણ, અ૦ ૪૫,** શ્લોક ૯૭).

**महत्नु.** અફગાનિસ્તાનમાં ગોમલ યાને ગોમતી નદીને મળનારી અર્ગસન નદી તે. (**ઋગ્વેદ મંડળ ૧૦, ૭૫**). મેહત્નુ તે જ.

**महाकोशल.** ઉત્તરમાં અમરકંટક અગાડી નર્મદાના મૂળની પાસેથી તે દક્ષિણમાં મહા નદી સુધી અને પશ્ચિમમાં વેનગંગાથી તે પૂર્વમાં હર્દો અને જોંક નદીઓ સુધીનો પ્રદેશ મહાકોશલમાં આવેલો હતો. રાયપુર અને છત્તીસગઢ નામના જિલ્લાઓ સહિત મધ્યપ્રાંતનો પૂર્વ તરફનો ભાગ પણ મહાકોશલમાં ગણાતો. (**રજીમ આગળથી મળેલો તિવર દેવનો શિલાલેખ–એશિયાટીક રિસર્ચીસ, પુ૦ ૧૫, પાન ૫૦૮માં જુઓ**). દક્ષિણ કોશલ તે જ. (**કોશનનું મધ્યપ્રાન્તો અને વરાડનાં પ્રાચીન સ્થળોના અવશેષ, પા૦ ૫૯; કનિંગહામનું આર્કી૦ સર્વે રિપોર્ટ, પુ૦ ૧૭, પા૦ ૬૮**). કલચુરીયોનું રાજ્ય અહીં હતું. (**રેપ્સનના હિંદુસ્તાનના સિક્કાઓ, પા૦ ૩૩**).

**महाकौशिक.** મીલમચી, સનકોશી યાને ભોતિયાકોશી, તંબાકોશી, લિખુકોશી, દૂધકોશી, અરુણ (**પદ્મપુરાણ, સ્વર્ગખંડ, અ૦ ૧૯; મહાભા૦ વનપર્વ, અ૦ ૮૪**) અને તમોરકોશી (**મહાભારત, વનપર્વ. અ૦ ૮૪ માં એને તમ્ર નામ આપેલું**

Aho ! Shrutgyanam

છે ) એ નેપાળની સાત કોશીઓ (નદીઓ)નાં નામ છે. આ સાત કોશીઓ મળીને થતા પ્રદેશને મહાકૌશિક કહે છે. તમોર, અરુણ, અને સનકોશી મળીને ત્રિવેણી બને છે. આ ત્રિવેણી એક પવિત્ર યાત્રાસ્થળ ગણાય છે. આ ત્રિવેણી પૂર્નિઆમાં નાથપુરની ઉપર અને વરાહક્ષેત્રની તરતજ ઉપર આવેલી છે. આ જગ્યાએથી અથવા એની પાસેની જગ્યાએથી આ એકઠી થએલી કોશીઓ મેદાનમાં બહાર પડે છે. (જ૦ એ૦ સો૦ બં૦ પુ. ૧૭, પા૦ ૬૩૮ અને ૬૪૭ અને ૭૬૧ મે પાને આપેલો નકશો ). વરાહક્ષેત્ર શબ્દ જુઓ. સાત કોશીઓમાંની તંબા યાને તમર અને લિખુ સનકોશીમાં અને વરુણ અરુણમાં મળી જાય છે. (જ૦ એ૦ સો૦ બં૦ ૧૭, પા૦ ૬૪૪ ઉપરની ટીપ્પણી. )

**महागंगा**. હિમાલયમાં આવેલી અલકાનંદા નદી તે જ. ( વિષ્ણુસંહિતા, અ૦ ૮૫; સે૦ બુ૦ ઈસ્ટ, પુ૦ ૭, પા૦૨૫૭ ઉપરની ટીપ્પણી).

**महाचीन**. મધ્યકાળમાં ચીનને આ નામે ઓળખતા. ( ચીન શબ્દ જુઓ ).

**महानदी**. ગયા જીલ્લામાં આવેલી ફલ્ગુ નદી તે જ. (મહાભારત, આદિપર્વ, અ૦ ૨૧૫, શ્લોક, ૭–નીલકંઠની ટીકા; વનપર્વ, અ૦ ૮૭ અને ૯૫ ).

**महानदी**. (૨) ઓરિસ્સામાં આવેલી નદી વિશેષ (પદ્મપુરાણ, સ્વર્ગખંડ, અ૦ ૩ ).

**महानई** મહા નદી તે જ. (કવિકંકણ ચંડી, પા૦ ૮૩, બંગવાસીની આવૃત્તિ ).

**महानंदी** કર્નુલ જીલ્લામાં આવેલું યાત્રાસ્થળ વિશેષ. ( એપિ૦ ઇન્ડિ૦ પુ૦ ૧, પા૦ ૩૬૮).

**महापद्मसरस** અરવલો સરોવર તે; નાગ મહાપદ્મ ઉપરથી તળાવનું આ નામ પડ્યું છે. કાશ્મીરનું વુલર યાને વલુર સરોવર તે. (ડૉ. સ્ટીનની રાજતરંગિણી, પુ૦ ૧, પા૦ ૧૭૪ ઉપરની ટીપ્પણી ).

**महाबोधी** ઉરવીલ શબ્દ જુઓ. (મત્સ્યપુરાણ, અ૦ ૨૨).

**महाराष्ट्र** મરાઠાઓનો પ્રદેશ. (વામન પુરાણ, અ૦ ૧૩). ગોદાવરી અને કૃષ્ણાની વચ્ચે આવેલો ઉપલાણમાંની ગોદાવરી જેમાં વહે છે તે પ્રદેશ. એક કાળે દક્ષિણ તે જ મહારાષ્ટ્ર કહેવાતું. અશોકના વખતમાં આ પ્રદેશ મહારટ યાને મહારથ કહેવાતો. ઇ. સ. પૂર્વે ૨૪૫માં અશોકે આ પ્રદેશમાં મહાધમ્મરખ્ખીત નામના બુદ્ધિસ્ટ સાધુને મોકલ્યો હતો. (ડૉ. ગીગરનો મહાવંશ, અ૦ ૧૨, પા૦ ૮૫ ઉપરની ટીપ્પણી). બુદ્ધના વખતમાં આ પ્રદેશનું જુનું નામ અશ્મક અગર અસ્સક એવું હતું. ( અશ્મક શબ્દ જુઓ). આ પ્રદેશની જૂની રાજધાની ગોદાવરી ઉપરના પ્રતિષ્ઠાન યાને પૈઠાણમાં હતી. પ્રતિષ્ઠાન પુરાણમાં કહેલા આન્ધ્રભૃત્ય વંશના નાની શાખાના રાજાઓની રાજધાની હતી. આ રાજાઓ સાતકર્ણિઓ અગર એ નામ વિકૃત થઇને શાલિવાહનો પણ કહેવાતા (ધનકટક શબ્દ જુઓ). આન્ધ્રભૃત્યોનો સૌથી બલવાન રાજા પુલુમાઈ હતો. એણે ઇ. સ. ૧૩૦થી ૧૫૪ સુધી રાજ્ય કર્યું હતું. આ રાજાએ નહપાન વંશનો અંત આણ્યો હતો. ઘણું કરીને નહપાનો જીર્ણનગર (જુન્નર) માં રાજ્ય કરતા. આન્ધ્રભૃત્યની પછી ઈ. સ. ૨૧૮ થી ૨૩૨ સુધી દક્ષિણનો કેટલોક ભાગ ક્ષત્રપ વંશના કબજામાં આવ્યો હતો. અને ક્ષત્રપોની પછી ઇ. સ. ૨૯૯ સુધી એટલે ૬૭ વરસ ત્યાં આભીરોએ રાજ્ય કર્યું હતું. પછી રાષ્ટ્રકુટો (હાલના રાઠોડો) જેઓ રથિઓ અગર રાષ્ટ્રીકો કહેવાતા અને જેમના ઉપરથી મહારટ્ટી (મહરાટા) અને મહારાષ્ટ્રીક (મહારાષ્ટ્ર) નામ પડયાં છે તેઓ ઈ. સ. ના ત્રીજાથી છઠ્ઠા સૈકા સુધી અહીં રાજ કરતા હતા.

Aho ! Shrutgyanam

છઠ્ઠા સૈકાના આરંભથી ઇ.સ. ૭૫૩ સુધી ચાલુક્યોએ રાજ્ય કર્યું. પુલકેશી પહેલાએ પૈઠાણથી પોતાની રાજધાની વાતાપિપુર ( **હાલના બાદામિ** ) માં ખસેડી. આ પુલકેશીએ અશ્વમેધ યજ્ઞ કર્યો હતો. એનો પૌત્ર પુલકેશી બીજો આ વંશનો સૌથી બલવાન રાજા હતો. આ બીજો પુલકેશી ઈરાનના બીજા ખુશરૂનો સમકાલીન હતો. એણે કનોજના રાજા હર્ષવર્ધન યાને બીજા શિલાદિત્યને હરાવ્યો હતો. એના રાજ્યકાળમાં હ્યુનશાંગ મહારાષ્ટ્રમાં આવ્યો હતો. હ્યુનશાંગે મહારાષ્ટ્રને મો–હો–લ–ચ કહ્યું છે. ચાલુક્ય વંશના કીર્તિવર્મા બીજાને હરાવીને પાછળના રાષ્ટ્રકૂટ વંશનો દંતિદુર્ગ ઇ. સ. ૭૪૮માં ગાદીએ બેઠો. પાછલા રાષ્ટ્રકૂટ વંશનો ગોવિંદ ત્રીજો સૌથી બલવાન રાજા હતો. એના દીકરા સર્વ યાને અમોઘવર્ષે માન્યખેત (**વર્તમાન માલખેડ**) ને પોતાની રાજધાની કર્યું હતું. પાછલા ચાલુક્ય વંશના તૈલપ રાજાએ ઈ. સ. ૯૭૩માં રાષ્ટ્રકૂટ વંશનો અંત આણ્યો. આહવમલ્લ કિંવા પહેલો સોમેશ્વર જે ઈ. સ. ૧૦૪૦થી ૧૦૬૯ સુધી ગાદી ઉપર હતો તેણે માન્યખેતમાંથી રાજધાની કુંતલ દેશમાં કલ્યાણમાં ફેરવી હતી. એનો દીકરો ત્રિભુવનમલ્લ વિક્રમાદિત્ય ૨ જો ઘણો બળવાન રાજા હતો અને તેણે ઈ. સ. ૧૦૭૬ થી ઇ. સ. ૧૧૨૬ સુધી રાજ્ય કર્યું હતું. મિતાક્ષરાનો કર્તા વિજ્ઞાનેશ્વર અને વિક્રમાંકદેવ–ચરિતનો કર્તા બિલ્હણ એના દરબારમાં હતા. બીજા તૈલપના પ્રધાન કલચુરી વંશના વિજ્જલે ઈ. સ. ૧૧૬૨માં રાજ્યગાદી બથાવી હતી. પણ આ વંશનો ઈ. સ. ૧૧૯૨ માં અંત આવીને યાદવો દક્ષિણના રાજકર્તા થયા હતા. યાદવ વંશના ભિલ્લમે હાલનું દૌલતાબાદ યાને દેવગિરિનગર વસાવીને ઈ. સ. ૧૧૮૭ માં ત્યાં રાજધાની કરી હતી. આ વંશનો સૌથી બલવાન રાજા સિંઘણ હતો. એના દરબારમાં શક ૧૦૩૬ એટલે ઇ. સ. ૧૧૧૪માં જન્મેલ ભાષ્કરાચાર્યનો પૌત્ર અને લક્ષ્મીધરનો પુત્ર ચાંગદેવ હતો. એ સિંઘણનો મુખ્ય જ્યોતિષી હતો. રામચંદ્રના વખતમાં ચતુરવર્ગ–ચિંતામણિનો કર્તા હેમાદ્રિ જેને ઘણું કરીને હેમદપંત કહેતા તે એનો મંત્રી હતો. દક્ષિણમાં હેમદપંતી બાંધણીનાં ઘણાંખરાં દેવળો એણે બંધાવેલાં છે. મુગ્ધબોધ વ્યાકરણનો કર્તા વોપદેવ રામચંદ્રના દરબારમાં હતો. પરંતુ ડા૦ ભાઉદાજીનું મંતવ્ય એવું છે કે વોપદેવ નામની ઘણી વ્યક્તિઓ હતી. એક વોપદેવે મુગ્ધબોધ વ્યાકરણ, બીજાએ ધાતુપાઠ અગર કવિકલ્પદ્રુમ અને ત્રીજાએ ભાસ્કરાચાર્યના લીલાવતી ઉપર ટીકા લખી છે. આ ત્રીજો વોપદેવ એ ભીમદેવનો છોકરો હતો. અને વ્યાકરણ લખનારા વોપદેવના બાપનું નામ કેશવ હતું. ડા. ભાઉદાજીના મંતવ્ય પ્રમાણે વ્યાકરણ લખનારો વોપદેવ રામચંદ્રના દરબારમાં હતો. ( **રામચંદ્ર ઘોષનું " ડૉ૦ ભાઉદાજીના લખાણો, પ્રકરણ ૮, પા૦ ૧૪૯–૧૫૦** "). દક્ષિણના સ્વતંત્ર હિંદુ રાજાઓમાં રામચંદ્ર યાને રામદેવ છેલ્લો હતો. અલાઉદ્દીન ખીલજીએ ઇ. સ. ૧૩૧૮ માં રામચંદ્રને હરાવ્યો, એના પુત્ર શંકરને મારી નાખ્યો અને એનું રાજ્ય મુસલમાની રાજ્યમાં ભેળવી દીધું. ( **ડૉ૦ ભાંડારકરનો " દક્ષિણનો પ્રાચીન ઇતિહાસ, વિ૦ ૧૫** " ).

**મહાલય** અમરેશ્વર યાને ઓંમકારનાથ તે જ. ( **કૂર્મપુરાણ, ભા૦ ૨, અ૦ ૩**).

**મહાલય** (૨) બનારસમાં આવેલું સ્થળ વિશેષ: (**અગ્નિપુરાણ, અ૦ ૧૧૨**).

**મહાવન** વ્રજ તે જ. ગોકુલ શબ્દ જુઓ. ( **ચૈતન્ય ચરિતામૃત, ખંડ, ૨, અ૦ ૧૮**).

Aho ! Shrutgyanam

**महावनविहार** ઉદ્યાનની જુની રાજધાની મંગલૌર યાને મંગલોરથી દક્ષિણે ૨૬ માઈલ ઉપર બુનેરમાં સુનીગ્રામ પાસે આવેલું પીંજકોટાઈ તે જ. ( ડૉ૦ **સ્ટીનની ઈન્ડિ૦ એન્ટીક્વરી, ૧૮૯૯માં આવેલું હિંદના લશ્કરની જોડે પ્રાચીન શોધખોળને અંગે કરેલી મુસાફરી** ). હ્યુનશાંગ આ સ્થળે આવ્યો હતો.

**महावनविहार** (૨) વૈશાલીના પરામાં આવેલો મહાવન-કૂટાગાર તે. આને મહાવનવિહાર પણ કહેતા. (**સ્પેન્સ-હાર્ડીનું મેન્યુ૦ બુદ્ધિઝમ, પા૦ ૩૪૩**),

**महाशाल** આનો ઉલ્લેખ પદ્મપુરાણના સૃષ્ટિ ખંડના બીજા અધ્યાયમાં અને મત્સ્યપુરાણના ૨૨ મા અધ્યાયમાં ગોદાવરી નદી ઉપર એક તીર્થ યાને યાત્રાસ્થળ તરીકે કર્યો છે. બ્રહ્મપુરાણમાં ૧૦૬ અધ્યાયમાં ૨૦ અને ૨૨ મા શ્લોકમાં ગોદાવરીને મળનારી એક નદીનું નામ શાલ એવું આપેલું છે. ગ્રીક લોકોએ મહાશાલને માઈસોલુસ કહ્યું છે. ગોદાવરીનો જે ભાગ પ્રાણહિતા કિંવા ખરૂં જોતાં વેણગંગા અને દરીઆની વચ્ચે ગોદાવરીનો જે ભાગ આવેલો છે તે મહાશાલ કહેવાય. માઈસોલીઆ શબ્દ જુઓ. મહાવગ્ગ ( **સે૦ બુ૦ ઇ૦ પુ૦ ૫, પા૦ ૧૩, ૧૨ અને પુ૦ ૧૭, ૩૮**) માં મહાશાલને દક્ષિણ હિંદુસ્તાનની પૂર્વે આવેલો સિમા પ્રાંત તરીકે વર્ણવ્યો છે.

**महासार** શાહાબાદ જીલ્લામાં આરાની પશ્ચિમે ૭ માઇલ ઉપર આવેલું મસાર નામનું ગામડું તે જ. અહીં સાતમા સૈકામાં હ્યુનશાંગ આવ્યો હતો.

**महास्थान** બંગાળામાં બગુરા જીલ્લામાં આવેલો મહાસ્થાનગઢ તે જ. (**દેવી ભાગવત, ૭, અ૦ ૩૮**). ગૌડના રાજા વલ્લાલસેનના સમયમાં આ સ્થળે ઉગ્રમાધવ નામના મહાદેવનું પ્રસિદ્ધ દેવળ હતું, (**આનંદભટ્ટનું વલ્લાલચરિતમ્, અ૦ ૬** ). આ સ્થળ બોગ્રા કસ્બાની ઉત્તરે સાત માઈલ ઉપર આવેલું છે. બલ્લાલપુરી જુઓ. એનું જુનું નામ શિલાધાપ ( **શિલાધાતુગર્ભ** ) હતું અને એમાં બુદ્ધના ચાર સ્તૂપો હતા. હિંદુ ધર્મનો પુનરુદ્ધાર થયા પછી આ સ્થળનું નામ શિલાદ્વીપ પાડવામાં આવ્યું હતું. (**જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૭૫, પા૦ ૧૮૩ ઉપર બંગાળાના પ્રાચીન સ્થળોની યાદી** ).

**महिता** મહી નદી તે જ. (**મહાભારત, ભીષ્મ-પર્વ, અ૦ ૯** ).

**महिषमंडळ**. માહિષ અને માહિશ્મતી તે જ. ( **જ૦ રૉ૦ એ૦ સો૦ ૧૯૧૦, પા૦ ૪૨૯ ઉપર ફ્લીટનું લખાણ જુઓ**). આ સ્થળે અશોકે મહાદેવને ઉપદેશક તરીકે મોકલ્યો હતો. ( **મહાવંશ, અ૦ ૧૨; એપી૦ ઇન્ડિ૦ પુ૦ ૩, પા૦ ૧૩૬** ). દીપવંશના વર્ણવ્યા પ્રમાણે અશોકે ગાંધાર, માહષ, અપરાન્તક, મહારાષ્ટ્ર, યોન, હેમવત, સુવર્ણ-ભૂમિ અને લંકાદ્વીપમાં ઉપદેશકો મોકલ્યા હતા. ( **જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૩૮, પા૦ ૯૩૨** ). મી. રાઇસના મત પ્રમાણે મહિષ-મંડળ તે દક્ષિણ મૈસુરનો પ્રદેશ જ. આ પ્રદેશની રાજધાની મૈસુર હતી. ( **જ૦ રૉ૦ એ૦ સો૦, ૧૯૧૧, પા૦ ૮૧૦ અને ૮૧૪**). પરંતુ ડૉ. ફ્લીટ આ મતથી વિરૂદ્ધ છે. ડૉ. ફ્લીટના મત પ્રમાણે આ પ્રદેશને મહામંડળ યાને મહેશરાષ્ટ્ર કહેતા અને ત્યાં માહેશ લોકોની વસ્તી હતી. (**જ૦ રૉ૦ એ૦ સો૦ ૧૯૧૧, પા૦ ૮૩૩**).

**महेन्द्र** ઓરિસાથી મદુરા જીલ્લા સુધી ગયેલી આખી પર્વતમાળાને મહેન્દ્રપર્વત કહેતા. પૂર્વઘાટ અને ઉત્તરસરકારથી ગોંડવન સુધી

Aho ! Shrutgyanam

આવેલી પર્વતમાળા પણ એમાં જ ગણાતી. એ પર્વતમાળાનો ગંજમની પાસે આવેલો આ પર્વતનો ભાગ હજુ પણ મહેન્દ્ર–મેલઈ યાને મહેન્દ્રની ડુંગરીઓ કહેવાય છે. (**રઘુવંશ, સર્ગ ૪, શ્લોક ૩૯–૪૦**). મલય પર્વતની સાથે આ પર્વતમાળા જોડાય છે. (**હર્ષચરિત, પ્રકરણ ૭**). રામચંદ્રથી હાર્યા પછી પરશુરામ આ પર્વતમાં રહેતા હતા. રામાયણ (**કિશ્કીન્ધાકાંડ, સર્ગ, ૬૭; લંકા કાંડ, સર્ગ ૪**) માં અને ચૈતન્યચરિતામૃતમાં આ નામ પૂર્વઘાટોને લગાડેલું છે. પરશુરામનો આશ્રમ આ પર્વતાવળીના મદુરા જિલ્લામાં આવેલા છેક દક્ષિણ છેડા ઉપર હતો એમ ચૈતન્યચરિતામૃતમાં કહેલું છે. રઘુવંશ (**સર્ગ, ૬, શ્લોક ૫૪**)માં પરશુરામનો આશ્રમ કલિંગમાં હતો એમ કહ્યું છે. ઉત્તરનૈષધચરિત (**સર્ગ, ૧૨, શ્લોક ૨૪**) માં પણ એમ જ કહ્યું છે. ખસુસ કરીને મહા નદીની ખીણથી ગંજમને છૂટો પાડતી પર્વતમાળાને આ નામ લગાડાય છે.

**મહેશ્મતિમંડળ.** મધ્યહિંદમાં આવેલું મંડલ તે જ. એને મહેશમંડલ અથવા મહેશ્મતી પણ કહેતા. (**આર્કિ૦ સ૦ રિપોર્ટ, પુ૦ ૧૭ પા૦ ૫૪**). એની રાજધાની માહિશ્મતીમાં હતી. (**જ૦ રૉ૦ એ૦ સો૦ ૧૯૧૦, પા૦ ૪૨૫**).

**મહેશ્વર.** નર્મદાના કિનારા ઉપર આવેલા મહેશ યાને ચુલીમહેશ્વર તે જ. (**મત્સ્યપુરાણ, અ૦ ૧૮૯; સ્થવિરાવલી ચરિત, ૧૨**); માહિશ્મતી તે જ.

**મહોબા.** જેજભૂક્તિ યાને બુંદેલખંડની રાજધાની (**મહોત્સવનગર જુઓ**). અગીયારમા સૈકાના ઉત્તરાર્ધમાં કીર્તિવર્માના રાજ્યમાં પ્રબોધચંન્દ્રોદય અહીં લખાયું હતું. (**હેમકોષ; રામાયણ, બાલકાંડ**).

**મહોદધિ.** બંગાળાનો ઉપસાગર તે જ. (**રઘુવંશ, સર્ગ, ૪, શ્લોક ૩૪; વાયુપુરાણ, પૂર્વ ખંડ, અ૦ ૪૭**).

**મહોદય.** કનોજ તે જ. (**હેમકોષ; રામાયણ, બાલકાંડ, સર્ગ ૩૨**).

**મહોત્સવનગર.** બુંદેલખંડમાં આવેલું મહોબા તે જ. પ્રાચીન કાળમાં મહોબા નગર ઉપરથી આખા બુંદેલખંડને પણ મહોબા કહેતા. સંવત ૨૨૫ માં જન્મેલા ચંદ્રવર્માએ વસાવેલું આ શહેર ચંડેલ રાજ્યની રાજધાની હતું. ચંદ્રવર્માએ કાલંજરનો કિલ્લો અને પંચાશી દેવળો બંધાવ્યાં હતાં. ચંડેલ રાજ્યની પશ્ચિમ સીમાએ ધસન નદી, પૂર્વે વિન્ધ્ય પર્વત, ઉત્તરે યમુના, અને દક્ષિણે કિયન યાને કેન નદી આવેલાં હતાં. શિલાલેખો ઉપરથી જણાય છે કે ચંડેલના વંશધર નાનકદેવથી તે કિરતસિંગ સુધીના ચંડેલ રાજાઓએ ઇ. સ. ૮૦૦ થી સોળમા સૈકાના મધ્ય સુધી રાજ્ય કર્યું છે. નાનકદેવથી બારમા રાજા કીર્તિવર્મદેવે ૧૦૬૩ થી ૧૦૯૭ સુધી રાજ્ય કર્યું છે. એના રાજ્યકાળમાં કૃષ્ણમિશ્રે પ્રબોધ–ચંદ્રોદય નાટક રચ્યું હતું. (**આર્કિ૦ સ૦ રિપોર્ટ, પુ૦ ૨૧, પા૦ ૮૦**). આ શહેર મદનસાગર સરોવરની બાજુએ આવેલું છે. મદનસાગર બારમા સૈકામાં અને કિરત સરોવર અગિયારમા સૈકામાં ખોદાયાં હતાં.

**મગાધી.** સોન નદી તે જ. (**રામાયણ, બાલકાંડ, સર્ગ, ૩૨**). સુમાગધી શબ્દ જુઓ.

**માર્કંડી.** પાંચાલ શબ્દ જુઓ.

**માન્ડાગોર.** મુંબાઇ ઇલાકામાં કુડેમની પાસે રાજપુરીની ખાડી આગળ આવેલું મૂળ માન્ડાગઢ કહેવાતું વર્તમાન માન્ડાદ તે જ. (**મેક્ક્રીન્ડલનું ટૉલેમી, પ્રકરણ ૧ લું, વિભાગ ૭ મો; પણ ડબલ્યુ. એચ. સ્કોફનું ઈરીથ્રીયન સમુદ્રનું પેરિપ્લસ, પાનું ૨૦૧ જુઓ**). ભાંડારકર પણ માન્ડાદ તે

Aho ! Shrutgyanam

માન્ડાગોર એમ કહે છે. ( **દક્ષિણનો પ્રાચીન ઇતિહાસ, વિભાગ ૮**). મુંબાઈ ઇલાકામાં રત્નાગિરિ જીલ્લામાં આવેલો મંદનગરનો કિલ્લો તે આ, એમ મુંબઇ ગેઝેટીયર (**પુ૦ ૧, ભા૦ ૧, પા૦ ૫૪૧–૫૪૬** ) માં કહ્યું છે. અને કોલાબા જીલ્લામાં આવેલું માંડલ તે આ એમ પણ કહ્યું છે. ( **મુંબાઇ ગેઝેટીયર, પુ૦ ૧, ભા૦ ૨**).

**माणिकपुर.** પંજાબના રાવળપીંડી જીલ્લામાં રાવળપીંડીથી દક્ષિણે ચૌદ માઇલ ઉપર આવેલું માણિકલ્ય તે. આ સ્થળ બૌદ્ધ સ્તૂપોને માટે પ્રખ્યાત છે. આ સ્થળે શ્રી બુદ્ધદેવે પોતાના એક પૂર્વજન્મમાં ભૂખે મરતાં સાત વાઘનાં બચ્ચાંને ખવડાવવા પોતાના શરીરનો ભોગ આપ્યો હતો. ( **આર્કી૦ સર્વે રિપોર્ટ, પુ૦ ૧૪, પા૦ ૫૦; પંજાબ ગેઝેટીયર, રાવલપીંડી જીલ્લો, પા૦ ૪૧** ). માણિકલ્યને માણિકિયાલ પણ કહે છે. બુદ્ધની વાત ફેરવીને રસલુની દંતકથા બનાવી દીધી છે. શિલાલેખો ઉપરથી જણાય છે કે હૃતમૂર્ત યાને દેહના સ્વાર્પણવાળો સ્તૂપ અહીંઆં આગળ હતો. કુજુલ–કર–કડફીસીસના તાબાના સત્રપ જીહોનીઆના બાપ મણિગલના નામ ઉપરથી આ માણિકપુર નામ પડ્યું છે એમ જનરલ કનીંગહામ ધારે છે. ઈ. સ. ના પહેલા સૈકામાં કનિષ્કે અહીંઆંનો મુખ્ય સ્તૂપ બંધાવ્યો હતો. (**જ૦ એ૦ સો૦ બં૦ પુ૦ ૧૮, પા૦ ૨૦** ) કેટલાક આ સ્તૂપ ઈ. સ. પૂર્વે બીજા સૈકામાં બંધાવાયો હતો એમ માને છે. એ તખ્તપુરીથી છ માઇલ દૂર છે અને ત્યાં જુનાં ખંડેરો ઉપર બાંધેલાં આશરે ૮૦ ઘરો છે. ( **જ૦ એ૦ સો૦ બં૦ પુ૦ ૨૨, પા૦ ૫૯૦**). માણિકલ્યમાંથી મળેલા ઇન્ડોસારસનિયન સિક્કાઓની હકીકતને માટે ( **જ૦ એ૦ સો૦ બં૦, ૧૮૩૭, પા૦ ૨૮૮, અને પુ૦ ૨, ૧૮૩૪, પા૦ ૪૩૬** ) જુઓ.

**मातंग.** આસામમાં કામરૂપની આગ્નેયમાં આવેલો દેશ વિશેષ. આ દેશ ત્યાંની હીરાની ખાણોને લઇને સુપ્રસિદ્ધ છે. ( **યુક્તિકલ્પતરુ, પા૦ ૯૬** ).

**मातंग–आश्रम.** ગંધ–હસ્તિ સ્તૂપ તે જ. ( **મહાભારત, વનપર્વ, અ૦ ૮૪**).

**माद्यमिका.** રજપુતાનામાં ચિતોડની પાસે આવેલું નાગરિ તે. આ સ્થળ ઉપર મિનાન્ડરે હુમલો કર્યો હતો. મિનાન્ડરને શુંગવંશના પુષ્યમિત્રના પૌત્ર અને અગ્નિમિત્રના પુત્ર વસુમિત્રે હરાવ્યો હતો. અગ્નિમિત્ર વિદિશાનો સુબો હતો.(**કાલિદાસનું માલવિકાગ્નિમિત્ર, અંક ૫ મો; વિન્સેન્ટ સ્મિથનો હિંદુસ્તાનનો પ્રાચીન ઈતિહાસ, પા૦ ૧૯૯** ). સિબિ તે જ. પણ મહાભારતને મતે ( **સભાપર્વ અ૦ ૩૨** ) માદ્યમિકા અને સિબિ જુદા પ્રદેશો છે. જો કે તેમના નામ એકઠાં લખાયેલાં છે છતાં એ બે જુદા પ્રદેશો છે.

**मानस.** પશ્ચિમ તિબેટમાં હૂણ દેશમાં કૈલાસ પર્વત ઉપર આવેલું માનસ સરોવર તે જ. ( **જ૦ એ૦ સો૦ બં૦ પુ૦ ૧૭, પા૦ ૧૬૬; રામાયણ, બાલકાંડ, સર્ગ ૨૪** ). હૂણની ભાષામાં આ સરોવરનું નામ ચોમપન છે. મૂરક્રાફ્ટે એશિયાટિક રીસર્ચીઝના પુસ્તક ૧૨ માં ૩૭૫ પાને આ સરોવરનું આબેહુબ સુંદર વર્ણન કર્યું છે. જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૩૮, પા૦ ૩૧૬ અને જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૪૮, પા૦ ૧૨૭ જુઓ. મૂરક્રાફ્ટના અનુમાન પ્રમાણે આ સરોવર પૂર્વપશ્ચિમ ૧૫ માઇલ લાંબુ અને ઉત્તર દક્ષિણ ૧૧ માઇલ પહોળું છે. આ સરોવરની પ્રદક્ષિણા કરતાં ચાર, પાંચ અગર છ દિવસ લાગે છે. આ સરોવરને કિનારે આઠ ગુમ્બાજ યાને ચોકીદારોના સ્થળો બાંધેલાં છે. પ્રદક્ષિણા



Aho ! Shrutgyanam

કરનારા યાત્રાળુઓ આ સ્થળોમાં જેમ જેમ રહેતા જાય તેમ તેમ ઓછાવત્તા દહાડામાં પ્રદક્ષિણા પુરી થાય છે. ( **જ૦ એ૦ સો૦ બં૦, ૧૮૪૮, પા૦ ૧૬૫** ). આ સરોવરની દક્ષિણે ગુરલા પર્વતમાળા આવી છે. **સ્વેન હેડીન** કહે છે કે આ પર્વતમાળા પરથી પ્રથમ દર્શન થતાં જ તેની ભવ્ય સૃષ્ટિરચના અને તેની ઉત્કૃષ્ટ સુંદરતા જોઈને અમારા નેત્રોમાં હર્ષાશ્રુ ભરાઈ આવ્યાં. પૃથ્વી ઉપરના બે ઘણા સુપ્રસિદ્ધ પર્વતો, ઉત્તરે કૈલાસ અને દક્ષિણે ગુરલામંડત્ત એની વચમાં લંબગોળ આવી રહેલું સરોવર તે જાણે વિશાળ રત્ન હોય નહિ એમ શોભે છે. પર્વતમાળામાંના આ બે પર્વતોનાં સતત હિમાચ્છાદિત શિખરો ઉંચે ગગનમાં જાય છે. ( **સ્વેન હેડિનનું ટ્રાન્સ હિમાલય, પુ૦ ૨, પા૦ ૧૧૨** ). સંયુક્ત પ્રાન્તોમાંથી આ પવિત્ર સરોવરો અને કૈલાસ જવાના ત્રણ રસ્તાઓ છે. લિપુલેખઘાટ, અંતધુરાઘાટ અને નીતિઘાટ એ આ ત્રણ રસ્તાઓનાં નામ છે. પહેલો જણાવેલો એટલે લિપુલેખઘાટ ચઢવામાં સૌથી વધારે સુગમતા ભરેલો છે. ( **શેરીંગનું પશ્ચિમ તિબેટ, પા૦ ૧૪૯** ).

**માનસ**. (૨) ગયામાં આવેલાં ઉત્તર માનસ અને દક્ષિણ માનસ નામનાં યાત્રાસ્થળ વિશેષ. ( **ચૈતન્ય ભાગવત, અ૦ ૧૨** ).

**માનસસરોવર**. માનસ તેજ.

**માન્યક્ષેત્ર**. શોલાપુરથી આગ્નેયમાં સાઠ માઇલ ઉપર નિજામના રાજ્યમાં ભીમા નદીને મળનારી નાની નદીને કાંઠે આવેલું માલખેડ તેજ. પાછલા રાષ્ટ્રકૂટ વંશના ગોવિંદ ત્રીજાના છોકરા અમોઘવર્ષ યાને સર્વ એણે ઈ. સ. ના નવમા સૈકામાં પોતાનો રાજધાની માન્યક્ષેત્રમાં કરી હતી. આને મનકિર પણ કહેતા. (**ભાંડારકરનો દક્ષિણનો ઇતિહાસ, વિ૦ ૧૧** ).

**માયાપુરી**. હરદ્વાર, માયાપુરી અને કંખલ એ ત્રણને માયાપુરી કહે છે. (**સપ્તમોક્ષદાપુરી શબ્દ જુઓ** ). કંખલ હરદ્વારથી બે માઇલ ઉપર આવેલું છે. પુરાણોમાં વર્ણવેલો પ્રસિદ્ધ દક્ષયજ્ઞ આ જગાએ કર્યો હતો. અને દક્ષની દીકરી સતી પોતાના ધણી મહાદેવનું પોતાના બાપે કરેલું અપમાન ન ખમાવાથી યજ્ઞકુંડમાં પડીને બળી મુઆં હતાં. ( **કૂર્મપુરાણ, ભા૦ ૧, અ૦ ૧૫** ). હાલનું માયાપુર હરદ્વાર અને કંખલની વચ્ચે આવેલું છે. ( **મત્સ્યપુરાણ, અ૦ ૨૨** ). હરદ્વાર અગાડી આવેલા હરકોપાયરી નામના ઘાટમાં આવેલા બ્રહ્મકુંડમાં હિંદુસ્તાનના સઘળા પ્રદેશોમાંથી યાત્રાળુઓ સ્નાન કરવા આવે છે. કંખલમાં દક્ષેશ્વર મહાદેવના દહેરાની પછવાડે સતી બળી મુઆં હતાં તે યજ્ઞકુંડ હાલ પણ બતાવવામાં આવે છે. મહાભારતમાં હરિદ્વારને ગંગાદ્વાર કહેલું છે. ( **વનપર્વ, અ૦ ૮૪**).

**મારપુર**. બંગાળાના હુગલી જીલ્લામાં આવેલું હાલનું પાંડુઆ તે. એનું બીજું નામ પ્રદ્યુમ્ન નગર છે. બુદ્ધના કાકાનો છોકરો પાંડુશાક્ય બુદ્ધના પિતા શુદ્ધોધનના મૃત્યુ પછી કપિલવસ્તુનો રાજા થયો હતો. એણે કપિલવસ્તુમાંથી નાસીને ગંગા ઉતરીને બીજી બાજુએ મોરપુર શહેર વસાવ્યું હતું. ( **ઉફામના મહાવંશમાં આઠમો અધ્યાય** ). મોરપુર એ પદ્યુમ્ન નગરનું બીજુ નામ હોઇ મારપુર ઉપરથી જ વિકૃત થયેલું છે. વળી પાંડુને મહાનામ એવું બીરૂદ અપાયું છે. (**અવદાનકલ્પલતા, અ૦ ૨; સ્પેન્સ હાર્ડીનું બુદ્ધિઝમનું મેન્યુઅલ, પા૦ ૨૯૩** ). જ. એ. સો. બં, ૧૯૧૦, પા. ૬૧૧ જુઓ.

**માર્કન્ડ**. સમરકંદ તેજ; શાકદ્વીપ શબ્દ જુઓ. ( **રોલીનસનના પાંચ મોટાં રાજ્યો, પુ૦ ૪, પા૦ ૫૬** ).

Aho ! Shrutgyanam

**मार्कन्डेय-तीर्थ.** સરયૂ અને ગંગાના સંગમ અગાડી માર્કન્ડ ઋષિએ તપ કર્યું હતું તે સ્થળ વિશેષ. (**પદ્મપુરાણ, સ્વર્ગ, અ૦ ૧૬**). પરંતુ મહાભારતમાં આ સ્થળ ગોમતી અને ગંગાના સંગમ અગાડી આવ્યાનું લખ્યું છે. ત્યાં અગાડી માર્કન્ડ ઋષિનો આશ્રમ હતો. (**મહાભારત, વનપર્વ, અ૦ ૮૪**). પરંતુ આખ્યાયિકા એવી છે કે મદ્રાસના તાંજોર જિલ્લામાં દક્ષિણ મહાસાગરની પાસે તીરૂકડાવર આગળ માર્કન્ડ ઋષિએ તપ કરીને મહાદેવની પાસેથી અમરત્વ મેળવ્યું હતું. (**બૃહત્‌શિવપુરાણ, ઉત્તરખંડ, અ૦ ૩૩; ટી. એ ગોપીનાથરાવની ઈન્કોનોગ્રાફી, પુ૦ ૨, ભા૦ ૧, પા૦ ૧૫૮**).

**मार्त्तन्ड.** કાશ્મિરમાં ઇસ્લામાબાદથી ઇશાનમાં પાંચ માઇલ ઉપર આવેલું બવન (**ભવન**) યાને માર્તન કિંવા માતન તે જ. આ સ્થળ વિષ્ણુસૂર્ય યાને સૂર્યદેવતાની જન્મભૂમિ છે. દેવળની વાયવ્યે એક માઇલ ઉપર માર્ત્તન્ડ-તીર્થ નામના પવિત્ર ઝરા આવેલા છે. આ ઝરાઓમાં વિમલા અને કમલા નામના બે ઝરા સુપ્રસિદ્ધ છે. માર્ત્તન્ડનું દેવળ પાંડવોએ બાંધ્યાનું કહેવાય છે. પણ એ દેવળ ઇ. સ. ૩૭૦ માં બંધાયું છે એવું જનરલ કનિંગહામનું મંતવ્ય છે. રાજતરંગિણીમાં આને સિમ્હરોત્સિકા કહ્યું છે. દેવળના વર્ણનને સારૂં થોર્નટનના હિન્દુસ્તાનની જોડેના પ્રદેશોના ગેઝેટીયરમાં માતન શબ્દ જુઓ.

**मार्त्तिकावत.** આ નામનો એક દેશ તેમજ શહેર હતું. આ પ્રદેશને શાલ્વ પણ કહેતા. બૃહત્‌સંહિતા (**અ૦ ૧૬**) પ્રમાણે આ પ્રદેશ હિંદુસ્તાનની વાયવ્યમાં આવેલો હતો. શાલ્વપુર અગર સઉભનગર એ પ્રદેશની રાજ્યધાની હતી. હાલ આને અલ્વાર કહે છે. પ્રો. વિલ્સનના મત પ્રમાણે ભોજોનો આ પ્રદેશ માળવામાં પર્ણાશા યાને બનાસ નદીની પાસે આવેલો હતો. (**વિષ્ણુપુરાણ ૪, અ૦ ૧૩**). એ પ્રદેશ કુરૂક્ષેત્રની પાસે આવેલો હતો. (**મહાભારત, મૌશલ પર્વ, અ૦ ૭**). મારવાડમાં અજમેરથી વાયવ્યમાં ૩૬ માઇલ ઉપર અને અરવલીની વાયવ્યમાં આવેલા મર્ત, મેર્ત અને મૈર્ત એ જ જુનું માર્ત્તિકાવત શહેર છે. એ પ્રદેશમાં ઘણાં દેવળો છે. (**ટેવર્નિયરની મુસાફરી, બૉલની આવૃત્તિ, પુ૦ ૧, પા૦ ૮૮**). બે મુખ્ય શહેરો માર્ત્તિકાવત (**હાલનું મર્ત**) અને શાલ્વપુર (**હાલનું અલ્વાર**) ના સ્થળ નિર્માણ કર્યા ઉપરથી જણાય છે કે આ માર્ત્તિકાવત પ્રદેશમાં જોધપુર, જયપુર અને અલ્વારના ઘણા પ્રદેશોનો સમાવેશ થાય છે. મૃત્તિકાવતી શબ્દ જુઓ.

**मार्व.** મારવાડ; મરૂસ્થળ તે જ. (**પદ્મપુરાણ, ઉત્તરખંડ, અ૦ ૬૮**).

**मालव.** માલવા તે જ. (**બ્રહ્માંડપુરાણ, પૂર્વખંડ, અ૦ ૪૮**). રાજા ભોજના સમયમાં આની રાજ્યધાની ધારાનગરમાં હતી. એની પ્રથમની રાજધાની અવંતિ યાને ઉજ્જયિનમાં હતી. (**બ્રહ્મપુરાણ, અ૦ ૪૩**). સાતમા અને આઠમા સૈકાની પહેલાં આ દેશને અવંતિ કહેતા. (**અવંતિ જુઓ**). મુંજના દરબારમાં (**ઇ. સ. ૯૭૪ થી ૧૦૧૦**) હલાયુધ થઇ ગયો છે. વાંગભટ્ટ નામના સુપ્રસિદ્ધ વૈદક ગ્રંથનો લખનાર ભોજના દરબારમાં હતો. (**ટૌનીનું પ્રબંધ ચિંતામણિ, પા૦ ૧૯૮**). બાણભટ્ટનો સસરો મયુર મોટા ભોજના દરબારમાં હતો. (**ઇન્ડિયન એન્ટીક્વરી, પુ૦ ૧, પા૦ ૧૧૩, ૧૧૪**). શા ઉપરથી દેશનું આ નામ પડ્યું છે એ જાણવાને (**સ્કંદપુરાણ, માહેશ્વર, કેદારખંડ, અ૦ ૧૭**) જુઓ.

**मालव** (૨) માલવો યાને મલ્લોનો દેશ વિશેષ. અલેકઝાન્ડરના ઈતિહાસ કર્ત્તાઓએ માલવો

Aho ! Shrutgyanam

યાને મલ્લોને માલ્લિસ નામે કહ્યા છે. એ પ્રદેશની રાજધાની મુલતાનમાં હતી. ( **મહાભારત, સભાપર્વ, અ૦ ૩૨; મેકક્રીન્ડલની હિંદુસ્તાન ઉપર અલેકઝાન્ડરની ચઢાઈ, પા૦ ૩૫૨; કનિંગહામનો આર્કિઓ સર્વે રિપોર્ટ, પુ૦ ૫, પા૦ ૧૨૯; બૃહત્સંહિતા, અ૦ ૧૪** ). હર્ષચરિતના ૪ થા પ્રકરણમાં કહેલો માલવરાજ તે વખતે મુલતનના મલ્લોનો રાજા હોય. (**એપિ૦ ઈન્ડિ૦ પુ૦ ૧ લું, પા૦ ૭૦** ). મલ્લદેશ જુઓ.

**માલ્યવાનગિરિ.** તુંગભદ્રાને કાંઠે આવેલી અનગુંડી ડુંગરી તે જ. હેમકોશ પ્રમાણે પ્રસ્રવણગિરિ તે જ. પણ ભવભૂતિના મત પ્રમાણે પ્રસ્રવણગિરિ અને માલ્યવાનગિરિ બે જુદી જુદી ડુંગરીઓ છે. ( **ઉત્તરરામચરિત, અંક ૧ લો** ). પ્રસ્રવણગિરિ શબ્દ જુઓ. એનું હાલનું નામ ફટિક ( **સ્ફેટિક** ) શિલા છે. શ્રીરામચંદ્ર સુગ્રીવની જોડે સખ્ય થયા પછી આ સ્થળે ચાર મહિના સુધી રહ્યા હતા. ( **રામાયણ, અરણ્યકાંડ, સર્ગ ૫૧** ). પાર્ગીટરના મત પ્રમાણે માલ્યવાન અને પ્રસ્રવણ એ બે એ પર્વતમાળામાં આવેલા એક જ પર્વતનાં નામ છે. પ્રસ્રવણ એ પર્વતમાળાનું નામ અને માલ્યવાન એ શિખર વિશેષનું નામ ( **રામના દેશવટાની ભૂગોળ; જ૦ રો૦ એ૦ સો૦ ૧૮૯૪, પા૦૨૫૬-૨૫૭**).

**માલ્યવાનગિરિ** (૨). નીલ અને નિષધ પર્વતોની વચમાં આવેલો કરકોરમ પર્વત તે. (**મહાભારત, ભીષ્મપર્વ, અ૦ ૬** ).

**માલા.** વિદેહની પૂર્વે અને મગધની વાયવ્યમાં ગંગા નદીની ઉત્તરે આવેલો પ્રદેશ વિશેષ. ( **મહાભારત, સભાપર્વ, અ૦ ૨૯** ). ચપ્ર જિલ્લાનો સમાવેશ આ પ્રદેશમાં થાય છે તે ખુલ્લું છે.

**માલિની.** ભાગલપુરની પાસે આવેલું ચંપાનગર તે જ. (**હેમકોશ; મત્સ્યપુરાણ, અ૦ ૪૮**).

**માલિની** (૨). મંદાકિની નદી તે જ.

**માલિની** (૩). પશ્ચિમમાં પ્રલંબ અને પૂર્વમાં અપર્તાલ એ પ્રદેશોની વચમાં વહીને અયોધ્યાથી ઉપલાણે પચાસેક માઈલ ઉપર ઘોઘ્રા નદીને મળનારી નદી વિશેષ. મેગસ્થિનિસે આને એરિનેસેસ કહી છે. સુપ્રસિદ્ધ શકુંતલાના પાલક પિતા કણ્વ ઋષિનો આશ્રમ આ નદીને કિનારે હતો. ( **કાલિદાસનું શકુંતલા, અંક ૩, ૬** ). લાસેન કહે છે કે એનું હાલનું નામ ચુકા છે અને એ પશ્ચિમ તરફથી આવીને સરયૂને મળે છે. ( **ઇન્ડિયન ઓલ્ટરથ્યુમસકુંડ, ૨, પા૦ ૫૨૪; રામાયણ, અયોધ્યાકાંડ, સર્ગ ૬૮** ). કણ્વાશ્રમ શબ્દ જુઓ.

**માહી.** માળવામાં આવેલી માહી નદી તે જ. ( **માર્કન્ડેયપુરાણ,, અ૦ ૫૭** ). આ નદીના મુખ અગાડી શંકર ભગવાને એક ગુફામાં અંધક નામના એક દૈત્યને મારી નાખ્યો હતો. ( **શિવપુરાણ, ખં૦ ૧, અ૦ ૩૮ અને ૪૩** ).

**માહી** (૨). ગંડક નદીને મળનારી માહી નામની નદી વિશેષ. ( **સુત્તનિપાત, ૧ અને ૨: ધનિયસુત્ત; ટ્રેન્કનેરનું મીલીન્દપન્હ, પા૦ ૧૧૪, સેક્રેડ બુક્સ ઑફ ધી ઈસ્ટ, ૩૫, પા૦ ૧૭૧** ). આ નદી હિમાલયમાંથી નિકળીને મોટા ગંડકના પ્રદેશમાં અડધા માઈલ સુધી વહીને ગંગાને મળે છે. પણ વસ્તુતઃ શોણપુર અગાડી જ ગંગાને મળે છે. (**બંગાળાનો સ્ટે. એકાઉન્ટ, પુ૦ ૧૧ (૧૮૭૭), પા૦ ૩૫૮; જ૦ રો૦ એ૦ સો૦ ૧૯૦૭, પા૦ ૪૫** ).

**માહિશક.** ડૉ. ભાંડારકરના મંતવ્ય પ્રમાણે માહિષ્મતી જેની રાજધાની હતી તે નર્મદા ઉપર આવેલા પ્રદેશનું નામ માહિશક હતું. (**દક્ષિણનો પ્રાચીન ઇતિહાસ, ખંડ ૩ જો; પદ્મપુરાણ, આદિખંડ, અ૦ ૬; મહાભારત, ભીષ્મ-**

Aho ! Shrutgyanam

પર્વ, અ૦ ૯ ). મૈસોર તે માહિશક એમ ગ્રીફીથનું કહેવું છે. ( **ગ્રીફીથનું રામાયણ, કિશ્કીંધાકાંડ, અ૦ ૪૧** ). પદ્મપુરાણના સ્વર્ગ ( **આદિ** ) ખંડમાં અ૦ ૩ જા માં માહિશક એ દક્ષિણનો એક પ્રદેશ છે એમ કહ્યું છે. તેથી માહિશક તે જ મહિશમંડળ. મી. રાઇસ દક્ષિણ મૈસોરના પ્રદેશને મહિશમંડળ તરીકે જણાવે છે; ( **વિલ્સનનું વિષ્ણુપુરાણ, પુ૦ ૨, પા૦ ૧૭૮ ઉપરની ટીપ્પણી જુઓ** ). પણ આ ખરૂં નથી. ડૉ. ફ્લીટનો મહિશમંડળ અને માહિશ્મતી ઉપરનો ( **જ૦ રૈ૦ એ૦ સો૦ ૧૯૧૦, પા૦ ૪૪૦ ઉપર છપાયેલો** ) લેખ જુઓ.

**માહિશ્મતી**. ઇંદોરથી દક્ષિણમાં ચાલીસ માઇલ દૂર નર્મદાના જમણા કિનારા ઉપર આવેલ મહેશ્વર યાને મહેશ તે જ. એ પુરાણમાં કહેલા હજાર હાથવાળા કાર્તવીર્યાર્જુનના રાજ્ય અનૂપદેશ યાને હૈહયની રાજધાની હતી. કાર્તવીર્યાર્જુનને સુબ્રહ્મણ્યના શિષ્ય અને જમદગ્નિ યાને રેણુકાના પુત્ર પરશુરામે મારી નાખ્યો હતો. ( **જ૦ એ૦ સો૦ બં૦, ૧૮૩૮, પા૦ ૪૯૫; ભાગવતપુરાણ, ૯ મો ખંડ, અ૦ ૧૫** ). હરિવંશ (**ખંડ ૧, અ૦ ૩૦**) માં કહ્યા પ્રમાણે આ નગરી મહિશ્માને અને પદ્મપુરાણ ( **ઉત્તરખંડ, અ૦ ૭૫** ) માં કહ્યા પ્રમાણે મહિશે વસાવી હતી. એને ચુલીમહેશ્વર પણ કહેતા હતા. ( **ગેરેટની ક્લાસીકલ ડીક્ષનેરી** ). મી. પાર્ગીટરે નર્મદા ઉપર આવેલું માંધાતા એ આ એમ કહ્યું છે તે ખરૂં છે ( **માર્કન્ડેય પુરાણ, પા૦ ૩૩૩ ઉપરની ટીપ્પણી** ). ૐકારનાથ શબ્દ જુઓ. બૌદ્ધ લોકોએ એને માહિસ્સતિ કહી છે. જે પ્રદેશની રાજધાની માહિશ્મતી ( **માહિસ્સતિ** ) હતી તે પ્રદેશ બૌદ્ધ સમયમાં અવંતિદક્ષિણાપથ કહેવાતો. ( **ડૉ. રામકૃષ્ણ ભાંડારકરનો હિન્દુસ્તાનનો પ્રાચીન ઇતિહાસ, પા૦ ૪૫ અને ૫૪** ). મંડનમિશ્ર જેણે સંન્યસ્ત લઇને વિશ્વરૂપ આચાર્ય નામ ધારણ કર્યું હતું તે અહીં રહેતો હતો. મંડનમિશ્ર રાજગિરમાં જન્મ્યો હતો અને શંકરાચાર્યની જોડે વાદમાં એ આ જગાએ પરાસ્ત થયો હતો. ( **માધવાચાર્યનો શંકરદિગ્વિજય, અ૦ ૮ મો** ). અનર્ઘરાઘવ ( **અંક ૭મો, પા૦ ૧૧૫** )માં કહ્યું છે કે કલચુરીઓના સમયમાં માહિશ્મતી ચેદીની રાજધાની હતી. મહાગોવિંદ સુત્તાંત ( **દિઘનિકાય, ૧૯ અને ૩૬** ) પ્રમાણે માહિસ્સતિ યાને માહિશ્મતી અવંતિ (**માલવા**) ની રાજધાની હતી.

**માહિસ્સતિ**. માહિશ્મતી શબ્દ જુઓ.

**માહેય**. મહી નદી અને નર્મદા નદીની વચ્ચે આવેલો પ્રદેશ. માહેયો નર્મદાને કિનારે રહેતા ( **વાયુપુરાણ, ખં૦ ૨ જો, અ૦ ૪૫** ).

**મિતન્નિ**. મિત્રવન શબ્દ જુઓ.

**મિત્રવન**. મુલતાન. શામ્બપુર તે જ. કપિલ-સંહિતામાં ઓરિસામાં આવેલા કનારકને પણ મિત્રવન કિંવા મૈત્રેયવન કહ્યું છે. ( **દા૦ મિત્રનું ઓરિસાનાં પ્રાચીન સ્થળો, પુ૦ ૨, પા૦ ૧૪૬; સ્કંદપુરાણ, પ્રભાસખંડ, અ૦ ૧ લો, પા૦ ૧૦૦** ).

**મિત્રવન** (૨). ટેલ-એલ-અમરના શિલાલેખમાં જણાવેલું મિતન્નિ તે મિત્રવનનું વિકૃત રૂપ હોય એમ જણાય છે. સૂર્યપૂજાના ત્રણ મૂળ સ્થળમાંનું એ એક છે; હાલનું મેસોપોટેમીઆ તે જ. ( **ભવિષ્યપુરાણ, ૧, ૭૨ અને ૪; હેવેલનો હિંદુસ્તાનમાં આર્યલોકોના રાજ્યનો ઇતિહાસ, પા૦ ૪૧** ). આર્ય લોકોએ હિંદુસ્તાન અને બીજા પ્રદેશોમાં સ્થાનાન્તર કર્યું તેની પૂર્વે મૂળસ્થાનમાં તેઓ સૂર્ય (**મિત્ર**) વગેરે કુદરતને પૂજતા. ( **અવ-**

Aho ! Shrutgyanam

સ્થા અને ઋગ્વેદના વર્ણનો સરખાવો; ભવિષ્યપુરાણ, ખં૦ ૧, ૧૩૯, અને ૮૩).

**मिथिला.** તિરહુટ તે જ.

**मिथिला (२).** જનકપુર (**વિદેહ શબ્દ જુઓ**). એ વિદેહની રાજધાની હતું. (**ભાગવત, સ્કંધ ૯, અ૦ ૧૩**). બૌદ્ધ ગ્રંથોમાં એને મિયુલુ નામે વર્ણવ્યું છે. (**સ્પેન્સ હાર્ડીનું બુદ્ધિઝમ, પા૦ ૧૯૬**). ૧૪ મા સૈકાના મધ્યથી તે ૧૬ મા સૈકાના મધ્ય સુધી મિથિલામાં બ્રાહ્મણ રાજવંશ રાજ્ય કરતો હતો. એ વંશના છઠ્ઠા રાજાનું નામ શિવસિંહ હતું. વિદ્યાપતિ આ રાજાના દરબારમાં હતો. (**જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૮૪, પા૦ ૭૬ અને વિદ્યાપતિના કાવ્યોને અંતે કરેલું લખાણ**). આ રાજાએ કવિ વિદ્યાપતિને ઈ. સ. ૧૪૦૦ અને લક્ષ્મણસેન સંવતના ૨૯૩ માં વાગ્વતી ઉપર આવેલા જરાઈલ પરગણાનું વિશાપિ નામનું ગામ બક્ષિસ આપ્યું હતું. એની રાજધાની ગજરથપુરમાં હતી. બખ્તિયાર ખીલજીએ વિક્રમશિલા વિહારનો નાશ કર્યો ત્યારપછી આ મિથિલાની વિદ્યાપીઠ જે બ્રાહ્મણોની વિદ્યાપીઠ હતી તે ૧૪ મા સૈકામાં અસ્તિત્વ ધરાવતી. નવદ્વીપની વિદ્યાપીઠના ઉદય વડે આ વિદ્યાપીઠની કીર્તિ અસ્ત થઈ.

**मीनाक्षी.** જ્યાં અગાડી સતીની આંખો કપાઇને પડી હતી તે સ્થળ–શક્તિની એક પીઠ–મદુરા તે જ. મીનાક્ષી દેવીનું દેવળ શહેરમાં આવેલું છે. (**દેવી ભાગવત, ૭, અ૦ ૩૮**). નાયકવંશના પહેલા રાજા વિશ્વનાથે આ દેવળ ઈ. સ. ૧૫૨૦ માં બંધાવ્યું કહેવાય છે. (**ફર્ગ્યુસનનો હિંદુસ્તાન અને પૂર્વના સ્થાપત્યનો ઇતિહાસ, પા૦ ૩૬૪**). મથુરા શબ્દ જુઓ. આ દેવીને મનુષ્યનો ભોગ આપવામાં આવતો. (**જ૦ એ૦ સો૦ બં૦ પુ. ૭, ભા૦ ૧, પા૦ ૩૭૯**). દક્ષિણ હિંદુસ્તાનમાં મદુરાનું દેવળ મોટામાં મોટું અને સુંદરમાં સુંદર છે. ત્યાં અગાડી સોનાના ધ્વજસ્તંભ છે. એને અરૂણસ્તંભ કિંવા સોનારતાલગાછ (**સોનેરીતાડવૃક્ષ**) કહે છે. દક્ષિણ હિંદુસ્તાનમાં દરેક દેવળની અગાડી આવા સ્તંભ હોય છે. આ અરૂણસ્તંભો મંદિરમાં પૂજા કરવાનો સમય નિર્ણય કરવા સારૂ શંકુયંત્રની ગરજ સારે છે. જો કે હાલ મૂળ ઉદ્દેશ ભૂલી જવાયો છે અને આ સ્તંભો દેવળના શણગાર રૂપ જ ગણાય છે.

**मियुलु.** મિથિલા તે જ.

**मिश्रक.** અયોધ્યામાં સીતાપુર જીલ્લામાં આવેલું સુપ્રસિદ્ધ તીર્થ મિશ્રિખ એ જ. એ દધિચી ઋષિનો આશ્રમ હતો. (**પદ્મપુરાણ, સ્વર્ગ, (આદિ), અ૦ ૧૨**). પણ એ કુરૂક્ષેત્ર તીર્થ હોય એમ જણાય છે.

**मुक्तावेणी.** બંગાળામાં હુગલીની ઉત્તરમાં આવેલી ત્રિવેણી તે જ. અલાહાબાદમાં આવેલી યુક્તવેણીથી જુદી જણાવા સારૂ એને મુક્તાવેણી કહે છે. (**વરાહપુરાણ અ૦ ૧૫૨**). યુક્તવેણીમાં ગંગા, યમુના અને સરસ્વતી સંગમ થઇને એકઠી વહે છે. પણ મુક્તવેણીમાં આ ત્રણ નદીઓ જુદી જુદી અને જુદી દિશામાં વહે છે. (**બૃહત્ધર્મપુરાણ, પૂર્વ ખંડ, અ૦ ૬; જ૦ એ૦ સો૦ બં૦ ૧૫ ૧૮૪૭, પા૦ ૩૯૩; ડી૦ મોનીનું ત્રિવેણીના દેવળોનું વર્ણન**). પ્લીની અને ટોલેમીએ ત્રિવેણીનો ઉલ્લેખ કર્યો છે કે એ સપ્તગ્રામનો એક ભાગ હતો. (**કવિ કંકણચંડી, પા૦ ૧૯૬**). ત્રિવેણીઘાટ પાસે આવેલા સપ્તર્ષિના દેવળને સપ્તગ્રામના વિજેતા ઝફરખાનના મકરબામાં ફેરવી નાખ્યું છે. (**જ૦ એ૦ સો૦ બં૦ ૧૯૧૦, પા૦ ૫૯૯**). ૧૨ મા સૈકામાં થઇ ગએલા ધોઇ કવિના પવનદૂત (**શ્લોક ૩૩**) કાવ્યમાં મુક્તવેણીનો ઉલ્લેખ છે.

Aho ! Shrutgyanam

**मुक्तिनाथ.** તિબેટમાં અથવા વસ્તુતઃ નેપાળની સરહદ પર હિમાલયની સપ્તગંડકી પર્વતમાળમાં ગંડકના મૂળથી થોડે છેટે કાલીગંડકી નામની નાની નદીને કિનારે આવેલું નારાયણનું સુપ્રસિદ્ધ દેવળ તે. આ સ્થળ નેપાળના બીજા સુબાના મથક પાલપાથી પંદર યા સોલ દહાડાની તેમજ બીનીસહરથી ચાર દિવસની મજલ ઉપર આવેલું છે. અહીયાં અગાડીથી અડધો માઈલ દૂર જતાં ગંડકને શાલગ્રામી કહે છે. ત્યાંના પાત્રમાં શાલગ્રામ કહેવાતા પવિત્ર ગોળ કાળા પત્થરો ઘણા મળી આવે છે. મુક્તિનાથની પેલી તરફ ત્રણ દહાડાની મજલ ઉપર એક દામોદર કુંડ નામે કુદરતી ધરો આવેલો છે. (**હેમીલ્ટનનું ગેઝેટીયર**). ગંડક નદી આ ધરામાંથી નિકળતી મનાય છે. (**થોર્નટનનું ગેઝેટીયર**). ઉત્તરમાં તિબેટની હિમાચ્છાદિત નદી જે કુંડની ઉત્તરે આવેલી છે તે મારફતે શાલગ્રામ કુંડમાં તણાઈ આવે છે.

**मुचकुंड.** કાશ્મીરનો રાજા કાલયવન યાને ગોનર્દ ૧લો (**ગોનંદ પહેલો, રાજ્યતરંગિણી, ૧, શ્લોક ૪૮**) જરાસિંધુનો મળતીયો હતો. તે કૃષ્ણની યુક્તિથી મુચકુંદને ઉંઘમાથી લાત મારીને જગાડતાં મુચકુંદના દૃષ્ટિપાતથી આ જગાએ બળીને ભસ્મ થયો હતો. (**વિષ્ણુપુરાણ, ખંડ, ૫ મો, અ૦ ૧૩; વરાહપુરાણ, અ૦ ૧૫૮; ગ્રાઉઝનું મથુરા, પા૦ ૬૬**). ઢોલપુરની પશ્ચિમે ત્રણ માઇલ ઉપર આવેલા સરોવરની પાસે આ સ્થળ આવેલું છે. પૂર્વે આ સરોવરની જગાએ એક પર્વત હતો.

**मुचिलिंद.** બુદ્ધગયામાં મોટા દેવાલયની દક્ષિણે આવેલો બુદ્ધકુંડ તે જ. પરંતુ ડૉ૦ આર. એલ. મિત્ર આ કુંડથી આગ્નેયમાં ઘણે છેટે આવેલું સ્થળ મુચરિમ તે આ એમ કહે છે. (**બુદ્ધગયા, ૫૫ અને ૧૧૫**).

**मुंजग्राम.** મૌઝિરિસ શબ્દ જુઓ.

**मुजवंत.** કાશ્મીરની દક્ષિણમાં આવેલા પર્વતોમાંનો એક પર્વત વિશેષ એમ મનામ છે. યજ્ઞમાં અપાતી આહુતિઓમાંની એક આવશ્યક વનસ્પતિ સોમ આ પર્વત ઉપર બહુ જ ઉગતી. (**ડૉ૦ મેકડોનલ્ડ અને ડૉ૦ કીથનું વૈદિક નામો અને વેદમાં વર્ણવેલી વસ્તુઓની યાદી, પુ૦ ૨, પા૦ ૧૬૯**).

**मुझिरिस.** મૌઝિરિસ તે જ.

**मुंडग्राम.** વાઘમતી નદીને કિનારે જ્યાં દક્ષનું માથું કપાઈને પડેલું કહેવાય છે તે સ્થળ વિશેષ.

**मुंडप्रस्थ.** ગયા અગાડીની બ્રહ્મયોની ટેકરીના જે ભાગ ઉપર વિષ્ણુપદનું દેવળ આવેલું છે તે સ્થળ વિશેષ. (**ગરૂડપુરાણ, અ૦ ૮૬; અગ્નિપુરાણ અ૦ ૧૧૨, શ્લોક ૪૪**). કોલાહલ પર્વત શબ્દ જુઓ.

**मुंडा.** છોટાનાગપુરનો રાંચી જીલ્લો તે જ. (**વાયુપુરાણ, પૂર્વ ખંડ, અ૦ ૪૫**).

**मुरचीपट्टन.** મૌઝિરિસ શબ્દ જુઓ.

**मुरला.** નર્મદા નદી તે જ. (**ત્રિકાંડશેષ, અ૦ ૧**). એ મુરંડલા પણ કહેવાય છે.

**मुरला.** (૨) વખતે પૂના અગાડી વહેતી ભીમાને મળનારી મૂરામૂઠા નદી તે જ. (**રઘુવંશ, સર્ગ ૪, શ્લોક ૫૫**).

**मुरला.** (૩) કેરલ યાને મલબાર એ જ. (**હોલ અને ટોનીનું કથાસરિત્સાગર, પ્ર૦ ૧૯**).

**मुरंड.** લંપાકા તે જ.

**मुरंडला** મુરલા શબ્દ જુઓ.

**मूलक.** અશ્મક તે જ. બૌદ્ધોના મંતવ્ય પ્રમાણે મૂલક અને અશ્મક એ જુદાં જુદાં સ્થળ હતાં. (**સ્પેન્સહાર્ડીનું બુદ્ધિઝમ, પા૦૩૪૬; વિષ્ણુધર્મોત્તર પુરાણ, ભા૦ ૧ લો, અ૦ ૯**). મૂલક અને અશ્મક (**અસ્સક**) ગોદાવરી નદીથી જુદા પડેલા પ્રદેશો હતા. (**પરમઠ-જ્યોતિકા, ખંડ ૨, ભા૦ ૨, પા૦ ૫૮૧**).

Aho ! Shrutgyanam

**मूलतापी.** મૂલતાપી ઉપરથી વિકૃત થયેલા મૂલતાઇ નામના સ્થળ આગળથી નિકળવાને લીધે તાપી નદીનું પડેલું નામ. ( **મત્સ્યપુરાણ, અ૦ ૨૨, શ્લોક ૩૩** ).

**मूलस्थानपुर.** મુલતાન તે. મહાભારતમાં સભાપર્વ, અ૦ ૩૧ માં એને માલવ કહ્યું છે. તે હસ્તિનાપુરની પશ્ચિમે આવેલું છે. હર્ષચરિતમાં એને માલવ અને રામાયણમાં મલ્લ ભૂમિ કહ્યું છે. (**ઉત્તરકાંડ, સર્ગ ૧૧૫**). સિકંદરના ઇતિહાસ કર્તાઓએ મલ્લિ લોકોના પ્રદેશને નામે એનો ઉલ્લેખ કર્યો છે. આ સ્થળે વિષ્ણુ ભગવાને નૃસિંહ અવતાર લઈને પ્રહ્‌લાદના બાપ હિરણ્યકશ્શિપુ અસુરને માર્યો હતો. જુના કિલ્લામાં આવેલું નૃસિંહનું દેવળ અદ્યાપિ પ્રહ્લાદપુરી કહેવાય છે. ( **કનિંગહામની હિંદુસ્તાનની પ્રાચીન ભૂગોળ, પા૦ ૨૩૦**). મુલતાનથી આશરે ૫૦ માઇલ ઉપર આવેલા સુલેમાન પર્વતના ભાગ વિશેષને પ્રહ્‌લાદનો પર્વત કહે છે. એ પર્વત ઉપરથી એનો બાપ હિરણ્યકશ્શિપુની આજ્ઞાથી પ્રહ્‌લાદને ફેંકી દીધો હતો. તેમજ હિરણ્યકશ્શિપુની આજ્ઞાથી પાસે આવેલા એક તળાવમાં પણ ફેંકી દીધો હતો એમ કહેવાય છે. મુલતાનની દક્ષિણે ચાર માઇલ ઉપર આવેલા સુરજકુંડની પાસેનું સૂર્યનારાયણનું દેવળ શ્રીકૃષ્ણના દીકરા શામ્બે બંધાવ્યાનું કહેવાય છે. શામ્બને થયેલો રક્તપીતનો રોગ આ દેવની કૃપાથી મટયો હતો, ( **ભવિષ્યપુરાણ, બ્રહ્મખંડ, અ૦ ૭૪, અને બ્રહ્મ પુરાણ, ભા૦ ૧ લો, અ૦ ૧૪૦**). મૂલસ્થાનપુર એક સુપ્રસિદ્ધ યાત્રા સ્થળ છે. સુરજકુંડ દસ ફીટ ઊંડો હોઇને એનો વ્યાસ ૧૩૨ ફીટ છે. રાજા ચચના સમયમાં હ્યુનશાંગ મુલતાનમાં આવ્યો હતો. અહીંયાં એણે સૂર્ય ભગવાનની સોનાની મૂર્તિ જોઇ હતી. મલ્લદેશની–સિકંદરના ઇતિહાસ કર્તાઓએ કહેલા મલ્લિઓના પ્રદેશની–રાજધાની અહીં હતી. (**હિરણ્યપુર શબ્દ જુઓ**). પદ્મપુરાણના ઉત્તર ખંડના ૬૧ મા અધ્યાયમાં આ સ્થળને મૌલિસ્નાન કહ્યું છે. તેમજ હ્યુનશાંગે મી–આઉ–લો–સન–પાઉ–લો કહ્યું છે. પ્રો૦ વિલ્સનના મત પ્રમાણે પંજાબમાં સૂર્યપૂજાનો પ્રવેશ ઈરાનના સસ્સનિયનને લીધે થયો છે. ( **વિલ્સનનું એરિયન એન્ટિકા, પા. ૩૫૭** ). ૫ મા સૈકાના સૂર્યના સિક્કાઓ ઉપરથી આ વાતને પુષ્ટિ મળે છે. એ સિક્કાઓમાં સૂર્યની આકૃતિને ઈરાનના રાજાઓના જેવો પોશાક પહેરાવેલો છે. તેમજ મૂલતાનમાં સૂર્યની પૂજા કરાવનાર ધર્મગુરૂઓ મગ કહેવાતા. ( **મુંબાઈ ગેઝેટીયર, પુ૦ ૧, ભાગ ૧, પા. ૧૪૨**). ભવિષ્યપુરાણ, ( **બ્રાહ્મખંડ, પા. ૭૪**)માં કહ્યા પ્રમાણે આ ધર્મગુરૂઓને શાકદ્વીપમાંથી બોલાવવામાં આવ્યા હતા. પદ્મપુરાણ, ખંડ ૧ લો, અ૦ ૧૩મામાં શામ્બના રહેઠાણ તરીકે મૂલસ્થાનનો ઉલ્લેખ છે. ( **મૌલિસ્નાન શબ્દ જુઓ** ). જુનું મૂલતાન રાવી નદીના બંને કિનારાઓ ઉપર આવેલું હતું.

**मूषिक.** કનિંગહામના મંતવ્ય પ્રમાણે ઉત્તરસિંધ તે. એની રાજધાની અલોરમાં હતી. ટૉલેમીએ મુસિકનુસ નામે આનો ઉલ્લેખ કર્યો છે. ટૉલેમીએ બીનગર કહ્યું છે તે જ અલોર એમ કનિંગહામ પણ કહે છે. પરંતુ મહાભારત ( **ભીષ્મપર્વ, અધ્યાય ૯** ) માં મૂષિક દક્ષિણ હિન્દુસ્તાનમાં આવ્યાનું કહ્યું છે. વિલ્સનના મંતવ્ય પ્રમાણે (**વિશ્નુપુરાણ, પા૦ ૪૭૪**) મુંબાઈ ઇલાકામાં આવેલો કોકનનો પ્રદેશ તે આ. તે પ્રદેશમાં ઘણા ચાંચીઆઓ રહેતા અને એ પ્રદેશના વતનીઓને કનક કહેતા. ( **વળી પદ્મપુરાણ સ્વર્ગ ખંડ, અધ્યાય ૩** ). મેકેન્ઝી મેન્યુસ્ક્રીપ્ટમાં મલયાલમના તુલુવ, કેરલ, કુવ

Aho ! Shrutgyanam

અને મૂષિક એમ ચાર જીલ્લા ગણાવ્યા છે (જ૦ એ૦ સે૦ બં૦ ૧૮૩૮, પા૦ ૧૮૩). ક્રીલોન અને કન્યાકુમારી ભૂશીરની વચ્ચે આવેલા મલબાર કાંઠાનો અમુક ભાગ તે મૂષિક એમ ડૉ૦ ફ્લીટનું કહેવું છે. ( **મુંબાઈ ગેઝેટીયર, પુ૦ ૧, ભાગ ૨ જો, પાન, ૨૮૧; ડૉ. ફ્લીટનું કેનેરીઝ જીલ્લાઓના રાજ્ય વંશો** પા૦ ૨૭૬-૫૮૪ ). સ્ટ્રેબો પણ મુસિકનુસ સિંધમાં આવ્યાનું કહે છે. (**મેક્ક્રીંડલનું પ્રાચીન સાહિત્યમાં વર્ણવેલું પ્રાચીન હિન્દુસ્તાન**). મૂષિક નામનો ઉત્તર સિંધમાં એક અને મલબાર કાંઠે એટલે ત્રાવણકોરમાં આવેલો બીજો એમ બે પ્રદેશો યે હોય. ( જ૦ રૉ૦ **એ૦ સો૦ ૧૮૪૬ માં પહેલા પાનાની સામે ડાઉસને આપેલો નકશો જુઓ** ).

**મૃગ**. તુર્કસ્તાનમાં મર્વની આજુબાજુનો મુલક મર્જીયાન એ જ; શાકદ્વીપ શબ્દ જુઓ. ( **રોલીન્સનનું પાંચ મોટાં રાજ્યો, પુ૦ ૪, પા૦ ૨૫ અને ૨૬ ઉપરની ટીપ્પણી**). મર્વનું જુનું નામ મર્ગ હતું. મર્વની નદી મર્ગ-આબ કહેવાય છે. અવસ્થામાં એને મૌર્વ કહ્યું છે અને એકીમીનીયમ શિલાલેખોમાં મર્ગુ નામે એનો ઉલ્લેખ કરાયો છે.

**મૃગદાવ**. બનારસથી ૭ માઇલ ઉપર આવેલું સારનાથ નામનું સ્થળ તે જ. બુદ્ધગયામાં બૌદ્ધપદ સંપાદન કર્યા પછી શ્રીબુદ્ધે આ સ્થળે પોતાનું પ્રથમ પ્રવચન કર્યું હતું. ( **ધમ્મ-ચક્ક-પવત્તનસુત્ત, સે૦ બુ૦ ઇ૦ પુ૦ ૧૧** ). મૃગદાવ ઋષિપટ્ટનમાં આવ્યાનું ભદ્રકલ્પ-અવદાન ( **ડા૦ આર૦ મિત્રનું નેપાળનું સંસ્કૃત બૌદ્ધ સાહિત્યમાં** )માં કહ્યું છે. આ સ્થળે કૌંડીણ્ય, અશ્વજીત, વાસ્પ, મહાનામન અને ભદ્રિક એમના પ્રથમ શિષ્યો થયા હતા. ૧૧ મા સૈકામાં હિંદુધર્મની પુનઃસ્થાપના વખતે અને બનારસને કનોજના રાજ્યમાં ભેળવી દીધું તે વખતે સારનાથના બૌદ્ધદેવળો, વિહારો અને સ્તૂપો શૈવોએ બાળી નાખ્યા હતા. ( **સારંગનાથ શબ્દ જુઓ** ). ઇ. સ. ૧૯૦૫માં શોધ કરતાં શ્રીબુદ્ધે જે જગ્યાએ પ્રથમ ધર્મચક્ર ફેરવ્યું હતું એમ હ્યુનશાંગે કહ્યું છે તે જગાએ આવેલો અશોકનો સ્થંભ માલમ પડયો હતો. આ સ્થંભ ઘણો ઓપદાર હોઇને હજુપણ અકીક જેવો ચકચકીત દેખાય છે. કનીંગહામના મંતવ્ય પ્રમાણે (**એન્શ્યન્ટ જ્યોગ્રોફી**, પા૦ ૪૩૮ ) બુદ્ધે ધર્મચક્ર પ્રથમ ધમેકસ્તૂપ આગળ ફેરવ્યું હતું. ચોખંડી મિનારો જે હાલ લરીકાજાંપ કહેવાય છે ત્યાં આવ્યા પછી બુદ્ધને કૌંડીણ્ય અશ્વજીત અને ઉપર કહેલા બીજા ત્રણ જનનો મેળાપ થયો હતો. પ્રથમ તો આ લોકોની બુદ્ધ પ્રત્યે માન ભરેલી લાગણી નહતી પરંતુ બુદ્ધ જ્યારે એમની સમીપ આવ્યા ત્યારે તેઓથી બુદ્ધને માન આપી દેવાયું. પોતાના બાપ હુમાયુ સારનાથ ગયા હતા તેની યાદગીરીમાં અકબરે એક સ્થંભ ઉભો કર્યો હતો. કનિષ્કના વખતમાં બુદ્ધનું લાલ રેતીના પત્થરના છત્ર સહિત લાલ રેતીના પત્થરનું પુતળું ચંક્રમ આગળથી મળ્યાનું ઇત્સિંગે કહ્યું છે તે જગાએ બુદ્ધ ફરતા. અશોકના સ્થંભની પાસે દક્ષિણે કુવાના જેવું પોલાણવાળું દેખાતું સ્થળ અદ્યાપી સામાન્ય લોકો બુદ્ધના સ્નાનગૃહ તરીકે બતાવે છે. વસ્તુતઃ હ્યુનશાંગના કહેવા પ્રમાણે આ સ્થળ અશોકસ્તૂપ જ છે અને નજરે આવતું પોલાણ વિધિનિષેધ માનનારા લોકોએ પાયામાંથી ઇંટો ખોદી લઇ જવાથી થયું છે. આ પાયો જમીનથી થોડા ફીટ ઉંચો આવેલો છે અને એની ચારે બાજુએ એક પત્થરમાંથી કોતરી કાઢેલાં ચાર અગર પાંચ પગથીયાં આવેલાં છે. હ્યુનશાંગે કહેલો દેવળનો અવશેષ ભાગ જડી આવેલા ખંડેરોમાં અદ્યાપી માલમ પડે છે. એની ચારે



Aho ! Shrutgyanam

બાજુએ ખોદાણ કરેલી જગાના દક્ષિણ ભાગમાં એકેકો ગંભાર માલમ પડયો છે. જનરલ કનીંગહામના મંતવ્ય પ્રમાણે વર્તમાન ચંદ્રતાલ, સારંગતાલ અને નયાતાલ તે જ હુનશાંગે કહેલાં ત્રણ તળાવો છે. ( **આર્કિ૦ સર્વે રીપોર્ટ, પુ૦ ૧, પા૦ ૧૦૩ અને ૧૨૯** ). સારંગતાલના કાંઠા ઉપર સારનાથ નામના મહાદેવનું નાનું દેવળ આવેલું છે. આ દેવળ શિકારીએ પહેરેલાં પીળાં વસ્ત્રોના માનની ખાતર પોતાના છએ દંતુશળો કાઢી આપનાર હસ્તિની યાદમાં બંધાવેલા સ્તૂપની જગાએ જ બંધાયેલું છે. હુનશાંગે જણાવ્યું છે કે નયાતાલને કિનારે જ્યાં બુદ્ધ પોતાનાં વસ્ત્ર ધોતા ત્યાં બુદ્ધના ઝભ્ભાનાં નિશાનોવાળો એક ચોખંડો પત્થર હતો. વરાહીપુર નામના ગામની પાસેથી જનરલ કનીંગહામને આ પત્થર સંપાદન થયો હતો. આ ખંડેરોના વિશેષ વર્ણનને સારૂ સર જોન માર્શલનું સારનાથનું ખોદાણ નામનું પુસ્તક જુઓ. ૧૯૦૭ અને ૧૯૦૮.

**मृगस्थली**. પશુપતિનાથ શબ્દ જુઓ. ( **વરાહપુરાણ, અ૦ ૨૧૫; સ્વયંભૂપુરાણ, અ૦ ૪** ).

**मृत्तिकावती**. માળવામાં પરણાસા ( **બનાસ** ) નદીની પાસે આવેલો ભોજોનો પ્રદેશ વિશેષ. ( **વિલ્સનનું વિષ્ણુપુરાણ, ભા૦ ૪, અ૦ ૧૩; હર્ષચરિત, અંક ૬ ઠ્ઠો** ). માર્તિકાવત ( **મારવાડમાં આવેલું મર્ત્ત** ) તે જ. જનરલ કનીંગહામે અલ્વાર તરીકે ઓળખાવેલું શૌભનગર યાને શાલ્વપુર તે મૃત્તિકાવતી યાને માતકાવની રાજધાની હતું. ( **મહાભારત, વનપર્વ, અ૦ ૧૪ અને આર્કિ૦ સર્વે રીપોર્ટ, પુ૦ ૨૦, પા૦ ૧૨૦** ). એ સ્થળ કુરુક્ષેત્રની પાસે આવેલું હતું. ( **મહાભારત, મૌશલપર્વ, અ૦ ૭** ). જોધપુર, જયપુર, અને અલ્વારના રાજ્યનાં કેટલાંક સ્થળો મળીને આ પ્રદેશ બનેલો હતો. શાલ્વ અને માર્તિકાવત શબ્દો જુઓ.

**मेकल**. અમરકંટક પર્વત જેમાંથી નર્મદા નદી નિકળે છે તે જ. આના ઉપરથી નર્મદાનું નામ મેકલકન્યકા પડયું છે. ( **અમરકોશ** ). આ પર્વત વિન્ધ્યપર્વતમાળામાં આવેલો છે.

**मेग**. ટોલેમીએ વર્ણવેલું ગંગા નદીનું બીજુ મુખ તે. વખતે આ નામ મગ્રા (**ખાડી**)નું વિકૃત રૂપ પણ હોય. વર્તમાન સમયમાં જેને જીરમિયાની ખાડી કહે છે તે જ આ. ( **નંદલાલ ડે. નો "ગંગા નદીના પ્રથમનાં વહેણો" જુઓ** ).

**मेघनद**. પૂર્વ બંગાળામાં વહેતી મેઘના નદી તે. આસામ મૂકીને સમુદ્ર તરફ વહેતાં દક્ષિણપથ ગામિની બ્રહ્મપુત્રા મેઘના કહેવાય છે.

**मेघवाहन**. પૂર્વ બંગાળામાં વહેતી મેઘના નદી તે જ. મેઘનદ તે જ.

**मेदपात**. રજપુસ્તાનમાં આવેલું મેવાડ તે જ. ( **એપી૦ ઇન્ડી૦ પુ૦ ૨જું, પા૦ ૪૦૯** ).

**मेघावो-तीर्थ**. બુંદેલખંડમાં કાલંજર પાસે આવેલું તીર્થ વિશેષ.

**मेरु**. સુમેરૂ–પર્વત શબ્દ જુઓ. ( **સ્કંદપુરાણ, વિષ્ણુ ખંડ, ૩, અ૦ ૭** ).

**मेरोसमाउन्ट**. પંજાબમાં જલાલાબાદની પાસે આવેલો મારકોહ નામનો ડુંગર વિશેષ. મહાન સિકંદર આ ડુંગર ઉપર ચઢયો હતો (**મેક્ક્રીંડલની મહાન સિકંદરની હિન્દુસ્તાન ઉપરની ચઢાઈ નામનું પુસ્તક પા૦ ૩૩૮** ). હિન્દુસ્તાન ઉપરની ચઢાઇ વખતે મહાન્ સિકંદર તે રસ્તેથી આવ્યો હતો તે જાણવાને ( **જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૪૨, પા૦ ૫૫૨ ઉપર એચ૦ ટી૦ પ્રીન્સેપનું હિન્દુસ્તાનના ઘાટો સંબંધી ટીપણી** ) જુઓ.

**मेलेझिगेरिस**. (**ગ્રીક લોકોએ આપેલું નામ**). મુંબઈ ઇલાકાના રત્નાગિરિ જીલ્લામાં આવેલા

Aho ! Shrutgyanam

મેધ નામના બેટમાંનો માલવણ કસ્બો તે જ. જે ખાડીવડે આ ટાપુ સર જમીનથી છુટો પડયો હતો તે હાલ સુકાઇ ગઇ છે. ( **મુંબઈ ઈલાકાના પ્રાચીન સ્થળોની સુધારેલી યાદી,** પુ૦ ૮, પા૦ ૨૦૬ ). સર રામકૃષ્ણ ગોપાલ ભાંડારકર જયગઢ તે જ આ સ્થળ એમ કહે છે ( **દક્ષિણનો પ્રાચીન ઇતિહાસ,** ખંડ ૮ ).

**मेहत्नु.** હાલની કુરુમ-કુમૂતે મળનારી નદી વિશેષ ( **મૅક્ડોનેલ અને કીથનું વેદીક નામો અને વસ્તુઓની યાદી,** પુ૦ ૨, **પા૦ ૧૮૦; ઋગ્વેદમંડળ ૧૦, મંત્ર, ૭૫** ) મહત્નૂ તે જ.

**मैनाकगिरि.** શિવાલિકની પર્વતમાળા તે જ. **કૂર્મપુરાણ, ઉપરીભાગ, અ૦ ૩૬; મહાભારત, વનપર્વ, અ૦ ૧૩૫** ). આ પર્વતમાળા ગંગાથી બિઆસ સુધી પ્રસરેલી છે.

**मैनाकगिरि.** (૨) અલમોરા જીલ્લાની ઉત્તરે ગંગા-નદીના પૂર્વ તરફના મૂળ આગળની ટેકરીઓનો સમૂહ વિશેષ. ( **પારગીટરનું માર્કંડેયપુરાણ, અ૦ ૫૭, પા૦ ૨૮૮** ).

**मैनाकगिरि** (૩). હિંદુસ્તાન અને સીલોન વચ્ચેના દરિયામાં મધ્યભાગે આવેલો કલ્પિત પર્વત વિશેષ. ( **રામાયણ, સુંદરકાંડ સર્ગ૦ ૭ મો** ).

**मैनाकगिरि** (૪). પશ્ચિમ હિન્દુસ્તાનમાં ગુજરાત-માં અગર ગુજરાતની સંનિધિમાં આવેલો ડુંગર વિશેષ. (**મહાભારત, વનપર્વ,** અ૦ ૮૯).

**मैसोलिया.** કૃષ્ણા અને ગોદાવરી નદીઓના મુખની વચ્ચે આવેલો સમુદ્રતટ તે જ. ( **પેરિપ્લસમાં એનો મસલિયા નામે** ઉલ્લેખ કરાએલોછે). મહાશાલ શબ્દ જુઓ.

**मोदागिरि.** માંગીર તે જ. (**મહાભારત, સભા-પર્વ, અ૦ ૨૯.** )

**मोहरकपुर.** સંયુક્ત પ્રાંતમાં મીરજાપુર જીલ્લામાં આવેલું મોહરપુર તે જ. ધર્મારણ્ય (૩) જુઓ.

**मोहन.** ઉત્તર સરકારનો દક્ષિણ તરફનો ભાગ વિશેષ. મહા નદી અને ગોદાવરી નદીના મુખોની વચ્ચે આવેલો સાગરતટ ( **મહાભારત વન-પર્વ, અ૦ ૨૫૨** ).

**मौझिरिस.** ( **ગ્રીક લોકોએ આપલું નામ** ). મુચિરિકૂકોડુ યાને મુચિરિકોટા ( **ક્રેંગનોરના સ્થળની સામે મલબાર કિનારા ઉપર આવેલું કિશનકોટ્ટા**) તેજ. (ડૉ. **કેલ્ડવેલનું દ્રાવડી તુલનાત્મક વ્યાકરણ, પા૦ ૯૪;** ડૉ. **બર્નેલની દક્ષિણ હિન્દુસ્તાનની પેલીઓગ્રાફી પા૦ ૫૧ ઉપરની ટીપ્પણી; મેક્કીન્ડલનું ટોલેમી,** પુ૦ ૭, પ્રકરણ ૧, **ઇન્ડિયન એન્ટીકવરી, પુ૦ ૧૩, વિભાગ ૮, પા૦ ૨૨૮** ). મૌઝિરિસ યાને મુઝિરિસ તે મુંબાઇ ઇલા-કાના રત્નાગિરિ જીલ્લામાં આવેલું મસુર એ મંતવ્ય ખરૂં જણાતું નથી. ઘણું કરીને રામાયણના કિષ્કિંધા કાંડના સર્ગ ૪૨ માં અને બૃહત્સંહિતાના ૧૪ મા અધ્યાયમાં કહેલું મુરચીપટ્ટન અને મહાભારત, સભાપર્વ, અ૦ ૩૦ માં કહેલું મુંજગ્રામ જે સહદેવે જીત્યું હતું તે આ હોય એ વધારે સંભાવ્ય છે.

**मौलिक.** મુલક અને અશ્મક તે જ. ( **બ્રહ્માંડપુ-રાણ, અ૦ ૪૯** ).

**मौलिस्नान.** મુલતાન તે જ. ( **પદ્મપુરાણ, ઉત્તર ખંડ, અ૦ ૬૧**). હ્યુનશાંગે એને મેઉ-લો-સન-પુ-લો ( **મૌલિસ્નાનપુર** ) એમ કહ્યું છે. હ્યુનશાંગ આ સ્થળે ૬૪૧ માં આવ્યો હતો. મૂલસ્થાનપુર તે જ. એ શબ્દ જુઓ. પદ્મપુરાણના પહેલા ભાગના ૧૩ મા અધ્યા-યમાં એને મૂલસ્થાન કહ્યું છે. રામાયણના ઉત્તરકાંડના ૧૧૫ મા સર્ગમાં એને મલ્લદેશ કહ્યો છે. શ્રીરામચંદ્રે લક્ષ્મણના દીકરા ચંદ્ર-કેતુને આ પ્રદેશ આપ્યો હતો. મહાન સિકં-દરના ઈતિહાસ કર્તાઓએ આને મલ્લલોકોનો પ્રદેશ કહ્યો છે. મૌલિસ્નાન એ વખતે માલ-

Aho ! Shrutgyanam

વસ્થાન કિંવા મલ્લસ્થાન ઉપરથી વિકૃત થઇને બનેલો શબ્દ હોય.

**मौलि.** રોહતના ડુંગરો તે જ.

**मंगल.** એને મંગલી કિંવા મંગલપુર પણ કહે છે. વિલ્ફર્ડ કહે છે કે એ ઉદ્યાનની રાજધાની હોય. હાલ જેને મંગોર કિંવા મંગલોર કહે છે તે જ. તે શ્વાત નદીના ડાબા કિનારા ઉપર હતું. ( **જ૦ એ૦ સો૦ બં૦ પુ૦ ૮, પા૦ ૩૧૧** ). કનિંગહામનું મંતવ્ય એવું હતું કે આ વખતે મિંગલૌર પણ હોય. ( **જ૦ રો૦ એ૦ સો૦ ૧૮૯૬, પા૦ ૬૫૬** ).

**मंगलगिरि.** પાનાનૃસિંહ શબ્દ જુઓ. ( **વિલ્સનનું મેકેન્ઝીનો સંગ્રહ, પા૦ ૧૩૯** ).

**मंगलप्रस्थ.** મંગલગિરિ તે જ ( **દેવી ભાગવત, ખંડ ૮ મો. અ૦ ૧૩** ).

**मंगिपट्टन.** શાલિવાહનની રાજધાની પ્રતિસ્થાન તે આ એમ ડૉ. બરજેસનું કહેવું છે. ( **બરજેસનું બીડર અને ઔરંગાબાદનાં પ્રાચીન સ્થળો, પા૦ ૫૪** ). એને મુંગિ પૈદાન પણ કહે છે. ( **પ્રતિસ્થાન શબ્દ જુઓ** ).

**मंजुपट्टण.** મંજુપાટણ તે જ.

**मंजुपाटण.** ખટમંડુથી અઢી માઈલ ઉપર આવેલું નગર વિશેષ. એ નેપાલની રાજધાની હતું અને એ નગરના સ્થાપનાર મંજુશ્રીના નામ ઉપરથી નગરનું આ નામ પડયું છે. ( **સ્વયંભૂપુરાણ, અ૦ ૩, પા૦ ૧૫૨; સ્મિથનો અશોક, પા૦ ૭૭** ). હાલનું પાટણ યાને લલિતપાટણ અશોકે પોતે નેપાલ ગયાની યાદગીરીમાં મંજુપાટણની જગાએજ વસાવ્યું હતું. ( **સ્મિથનો હિન્દુસ્તાનનો પ્રાચીન ઇતિહાસ, પા૦ ૧૬૨** ). નેપાલ શબ્દ જુઓ ખટમંડુથી પશ્ચિમે એક માઇલ ઉપર આવેલી નીચી અને ગાઢ ઝાડીવાળી એકલવાયી ટેકરી ઉપર સ્વયંભૂનાથનું મોટું દેવળ આવેલું છે. એ દેવળ એક ગોળાર્ધ અને તેના ઉપર વિભાગ પાડેલા શંકુના રૂપમાં છે. ( **હૉગસનનું બૌદ્ધોનું ધર્મ અને સાહિત્ય** ). મંજુપટ્ટણ તે જ.

**मंजुला.** વંજુલા તે જ.

**मंडपपुर.** માળવામાં આવેલું મંડુ તે જ ( **જ૦ એ૦ સો૦ બં૦ પા૦ ૬૭. ઉપરનો લલિતપુરનો શિલાલેખ** ) મુસલમાન વિજેતાઓએ પંદરમા સૈકામાં માળવા જીત્યા પછી તેમની રાજધાની ધારથી આ સ્થળે આણી હતી.

**मंदाकिनी.** ગરવાલમાં કેદારના પર્વતોમાંથી નિકળતી કાલિગંગા યાને પશ્ચિમકાલિ કિંવા મંદાગ્નિ નદી તે જ. ( **મત્સ્યપુરાણ, અ૦ ૧૨૧; એશીઆ. રીસર્ચ, પુ૦ ૧૧, પા૦ ૫૦૮** ). આ નદી અલાકાનંદાને મળે છે.

**मंदाकिनी.** (૨) બુંદેલખંડમાં આવેલી પૈસુની ( **પયસ્વિની** ) ને મળનારી નાની નદી તે મંદાકિની એમ કનીંગહામનું મંતવ્ય છે. આ નદી ચિત્રકૂટ પર્વતની બાજુએ થઈને વહે છે. ( **આર્કી૦ સર્વે રીપોર્ટ, પુસ્તક ૨૧ મું. પા૦ ૧૧; મત્સ્યપુરાણ, અ૦ ૧૧૪** ).

**मंदारगिरि** ભાગલપુર જીલ્લાના પેટા વિભાગ બાંકામાં બંસીથી ઉત્તરે ત્રણ માઇલ ઉપર અને ભાગલપુરથી દક્ષિણે ત્રીસ માઇલ ઉપર આવેલો ડુંગર વિશેષ. એ ૭૦૦ ફૂટ ઉંચી અને એકલવાયી ડુંગરી છે. એ ડુંગરીની ઉંચાઈના મધ્ય અગાડી ડુંગરીની ચોતરફ ખાડો પડેલો છે. એ ખાડો તે દેવ અને દૈત્યોએ મળીને સમુદ્રમંથન કર્યું અને આ પર્વતનો રવૈયા તરીકે ઉપયોગ કર્યો તે વખતે વાસુકી નાગને નેતરૂં બનાવીને વીંટાળેલો તેના શરીરને લીધે પડેલો કાપો છે એમ કહેવાય છે. આ સમુદ્રમંથન વખતે દેવોએ વાસુકી નાગને પૂંછડા તરફથી અને દૈત્યોએ મુખ તરફથી પકડયો હતો. આ કાપામાં ટાંકણાં વાપર્યાનાં

Aho ! Shrutgyanam

નિશાનો અદ્યાપિ દેખાય છે અને તેથી આ કાપો હસ્તકૃત હોય એમ સાફ જણાય છે. આ મંથન વખતે શ્રીવિષ્ણુ ભગવાને કૂર્માવતાર ધારણ કરીને આ પર્વતનો ભાગ પોતાની પીઠ ઉપર ધરી રાખ્યો હતો ( **કૂર્મપુરાણ, ખંડ ૧ લો, અ૦ ૧; વામનપુરાણ, અ૦ ૯૦** ). આ પર્વતના શિખર ઉપર બે બૌદ્ધ દેવળો આવેલાં છે જ્યાં હાલ જૈન લોકો પૂજા કરે છે. આ શિખરની પશ્ચિમ બાજુમાં નીચાણ ઉપર આવેલી એક આગળ પડતી કરાડ ઉપર વિષ્ણુનું મધુસૂદન નામનું મૂળ દેવળ આવેલું છે ( **ગરૂડપુરાણ, ખં૦ ૧, અ૦ ૮૧** ). આ દેવળ હાલ ખંડેરના રૂપમાં છે. એની પશ્ચિમ બાજુએ એક અંધકારવાળી નીચાણની કંદરામાં નૃસિંહની મૂર્તિ છે. આ મૂર્તિ પત્થરમાંથી કોતરી કાઢેલી છે અને એની પાસે એક કુદરતી બો આવેલી છે જેમાં નિતર્યા કાચ જેવા ચોખ્ખા ઝરાના પાણીનો મોટો જથ્થો છે. એ જથ્થાને આકાશગંગા કહે છે. ત્યાં વિષ્ણુના વામન અવતારની અને મધુકૈટભ દૈત્યની કોતરી કાઢેલી મોટી મૂર્તિઓ આવેલી છે. ( **આ મૂર્તિઓના વર્ણનને સારૂં જ૦ એ૦ સો૦ બં૦ પુ૦ ૨૦, પા૦ ૨૭૨ જુઓ** ). આ ડુંગરના પાય પ્રદેશમાં અને એની પૂર્વની બાજુએ દેવળો અને બીજાં મકાનોનાં ઘણાં ખંડેરો આવેલાં છે. એ ખંડેરોમાં પત્થરનું બાંધેલું એક જુનું ખંડેર છે. એ ખંડેરને નાથથાન કહે છે. નાથથાન બૌદ્ધવિહાર હોય એમ સાફ જણાય છે છતાં હાલ એ હિંદુઓને કબજે છે. ડુંગરી ઉપર ઘણાં મકાનોનાં ખંડેરો છે અને સરળતાથી ચઢવાને માટે પત્થરમાં છેક ડુંગરના શિખર સુધી પગથીયાં કોરી કાઢેલાં છે. ચોલા રાજા અને તેમાંએ ખાસ છતરસિંહ રાજાના વખતનાં આ ખંડેરો હોય એમ કહેવાય છે. ( **માર્ટીનનું પૂર્વ હિન્દુસ્તાન, પુ૦ ૨; રાશબિહારી બોઝનું ઇન્ડિયન એન્ટીક્વરી, પુ૦ ૧, પા૦ ૪૬ ઉપરનો મંદાર પર્વત સંબંધીનો લેખ જુઓ** ). પર્વતની તળેટીએ એક સુંદર તળાવ આવેલું છે. એ તળાવને પાપહારિણી કહે છે. પોષ મહિનાની અમાસ ઉપર દૂરદૂરથી લોકો ત્યાં સ્નાન કરવા આવે છે. તે દહાડે બંસીથી મધુસૂદનની મૂર્તિને પર્વતની તળેટી ઉપરના એક દેવળમાં લાવવામાં આવે છે. હર્ષવર્ધનના મરણ પછી કનોજનું રાજ્ય છિન્નભિન્ન થઈ જવાથી આદિત્યસેન સાતમા સૈકામાં મગધનો સ્વતંત્ર રાજા થયો હતો. તેની રાણી કોનાદેવીએ આ તળાવ ખોદાવ્યાનું કહેવાય છે. ( **કોર્પસ ઇન્સ્ક્રીપ્શનમ ઇન્ડિકેરમ, પુ૦ ૩, પા૦ ૨૧૧** ). આ ઉપરથી જણાય છે કે અંગ અદ્યાપિ મગધને તાબે હતો. આ ડુંગર મધુસૂદનના નામને લીધે પવિત્ર મનાય છે છતાં મૂર્તિ બંસીમાં રાખવામાં આવે છે. બંસીને મંદારમહાત્મ્ય બાલિસ નામે કહ્યું છે. અહીંનું દેવળ સને ૧૭૨૦ માં બંધાવેલું છે. આ પર્વતની પવિત્રતાને સારૂં ( **વરાહપુરાણ, અ૦ ૧૪૩; યોગિની તંત્ર, ભા૦ ૨ જો, અ૦ ૪ અને નૃસિંહપુરાણ, અ૦ ૬૫** ) જુઓ. મંદારગંગાની દક્ષિણે અને વિંધ્ય પર્વતમાળામાં આવ્યાનું વરાહપુરાણ, અ૦ ૧૪૩ માં કહ્યું છે.

**मंदारगिरि** (૨) ગરવાલમાં આવેલા સુમેરૂની પૂર્વે આવેલા હિમાલયના ભાગ વિશેષને મંદારગિરિ કહે છે. મહાભારત, અનુશાસન પર્વ, અ૦ ૧૯, અને વનપર્વ, અ૦ ૧૬૨ માં હિમાલય ઉપર આવેલો મંદાર તે જ ખરો એમ કહે છે ( **કૂર્માચલ શબ્દ જુઓ** ). કેટલાંક પુરાણોમાં નર અને નારાયણના દેવળો જેના ઉપર આવેલાં છે તે બદ્રિકાશ્રમ મંદાર પર્વત

Aho ! Shrutgyanam

ઉપર આવેલો છે એમ કહ્યું છે. પણ મહાભારતના વનપર્વના ૧૬૨ અને ૧૬૪ મા અધ્યાયમાં મંદાર પર્વત ગંધમાદન પર્વતના એક ભાગ ઉપર પૂર્વ તરફ અને બદ્રિકાશ્રમની ઉત્તરે આવ્યાનું કહ્યું છે. પાર્વતીની સાથે લગ્ન કર્યા પછી શ્રીમહાદેવ મંદાર પર્વત ઉપર રહેતા હતા. ( **પદ્મપુરાણ, અ૦ ૪૪** ).

**यज्ञपुर.** ઓરિસામાં વૈતરણી નદીને કાંઠે આવેલું જાજપુર તે જ (**મહાભારત, વનપર્વ, અ૦ ૧૧૪** ). છઠ્ઠા સૈકામાં રાજા યયાતિકેશરીએ આ શહેર વસાવ્યાનું કહેવાય છે. જાજપુર નામ યયાતિપુર ઉપરથી વિકૃત થએલું ટૂંકું નામ છે. દશમા સૈકા સુધી આ શહેર કેશરીવંશના રાજાઓની રાજધાની હતું. દશમા સૈકામાં નૃપકેશરીએ રાજધાની કટકમાં ફેરવી હતી. અહિયાં આવેલું વિરજાદેવીનું દેવળ શકિતની બાવન પીઠમાંની એક પીઠ ગણાય છે. આ જગ્યાએ સતીના શરીરનો કેટલોક ભાગ કપાઈ પડયો હતો. વૈતરણી નદીને કાંઠે દશાશ્વમેધના ઘાટ ઉપર બ્રહ્માએ દશ અશ્વમેધ કર્યા હતા તેથી આ સ્થળનું નામ યજ્ઞપુર પડયું છે. ભુવનેશ્વર યાને ચક્રક્ષેત્ર, શંખક્ષેત્ર યાને પુરી, પદ્મક્ષેત્ર યાને કોનારક અને ગદાક્ષેત્ર યાને યાજપુર એ ચાર ઓરિસામાં આવેલાં સુપ્રસિદ્ધ યાત્રા સ્થળો છે. ગયાસુર દૈત્ય ઉપર પોતે મેળવેલા વિજયના સ્મરણ ચિહ્ન તરીકે વિષ્ણુએ ગયામાં પોતાના પગનું ચિહ્ન–પોતાનું પગલું પાડયું છે; ભુવનેશ્વરમાં પોતાનું ચક્ર મૂકયું છે; પુરીમાં પોતાનો શંખ મૂકયો છે અને કોનારકમાં પોતાનું પદ્મ યાને કમળ મૂકયું છે. ગયાસુરનું વૃત્તાંત તે માત્ર બૌધ ધર્મને હિન્દુસ્તાનમાંથી કાઢી મૂકવાના બનાવનું રૂપક માત્ર છે. જાજપુરમાં ખસુસ કરીને કાલી, વરાહિણી, અને ઇન્દ્રાણીની કોતરી કાઢેલી મોટી મૂર્તિઓ છે. જે ખડકમાંથી આ મૂર્તિઓ કોરી કાઢેલી છે તે સખ્ત કલોરાઈટ સ્લેટની જાતનો છે ( **સ્ટર્લીંગનું ઓરિસા; જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૩૮, પા૦ ૫૩** ). ગયાનાભિ શબ્દ જુઓ.

**यज्ञवराह.** ઓરિસાના જાજપુર યાને યજ્ઞપુરમાં આવેલું વરાહદેવનું સુપ્રસિદ્ધ દેવળ તે જ.

**यमुना.** જમના નદી તે જ. ઋગવેદમાં તેમજ ઐતરેયબ્રાહ્મણમાં યમુના નદીનો ઉલ્લેખ છે. ( **પુ૦ ૮, પા૦ ૧૪, ૪; ઋગ્વેદ દશમું મંડળ અને પંચોતેરમું સુક્ત** ).

**यमुनाप्रभाव.** યમુનોત્રી શબ્દ જુઓ ( **કૂર્મપુરાણ, ખંડ ૨ જો. અ૦ ૩૭** ).

**यमुनोत्री.** હિમાલયમાં વાનરપુચ્છ પર્વતમાં જ્યાંથી યમુના નદી નિકળે છે તે સ્થળ વિશેષ. રામાયણમાં આનો ઉલ્લેખ યામુન તેમજ કાલિંદગિરિને નામે કર્યો છે. ( **કીશકિંધાકાંડ, સર્ગ ૪૦** ). જે જગ્યાએ યમુનાની અધિકારી યમુના દેવીનું પૂજન કરાય છે તે પવિત્ર સ્થળને જ આ નામ અપાયેલું છે. યમુના નદી કેટલાએક ઉના પાણીના ઝરાઓમાંથી નિકળે છે. જે જગ્યાએ ઉનું અને તાઢું પાણી મળીને ઘરા જેવું બન્યું છે ત્યાંજ માત્ર સ્નાન કરાય છે. (**કુલિંદ દેશ શબ્દ જુઓ**). આ ઝરાઓનું પાણી એટલું બધું ઉનું છે કે એમાં ચોખા નાખીએ તો તે રંધાઈ જાય. લંકા બાળ્યા પછી હનુમાને પોતાનું સળગતું પુછડું આ વાનરપુચ્છ પર્વતના ઉંચામાં ઉંચા ચાર શિખરોની વચમાં આવેલા તળાવમાં બોળીને ઓલવ્યું હતું. ત્યાર પછી આ પર્વતનું નામ વાનરપુચ્છ પડયું છે. ( **ફ્રેઝરના હિમાલય પર્વતો, અ૦ ૨૬** ).

**ययातिनगर.** ડૉ. ફ્લીટના મંતવ્ય પ્રમાણે યયાતિનગર ઓરિસામાં આવેલા કટકનું જુનું નામ છે (**એપી૦ ઈન્ડી૦ પુ૦ ૩, પા૦ ૩૨૩–૩૫૯; જ૦ એ૦ સો૦ બં૦ ૧૯૦૫, પા૦ ૭; પવનદૂત, શ્લોક ૨૬** ).

Aho ! Shrutgyanam

**ययातिपुर.** કાનપુરથી ત્રણ માઈલ ઉપર જાજમઉ નામના સ્થળે યયાતિ રાજાના કિલ્લાના અવશેષ–ખંડેર બતાવાય છે તે સ્થળ વિશેષ (**શાકંભરી શબ્દ જુઓ**). પરંતુ આ જિલ્લો ચંડેલ વંશના એક પૂર્વજ રાજા જિજત્ ચંદ્રવંશીએ બંધાવ્યાનું કહેવાય છે. કિલ્લાથી થોડે છેટે સિદ્ધિનાથ મહાદેવનું દહેરૂ આવે છે. દશમા અને અગીઆરમા સૈકામાં કાનપુર શહેર તરીકે પ્રસિદ્ધ થયું તે પહેલાં આ જગ્યા બહુ અગત્યની ગણાતી ( **અલ્બ્રુનીના હિન્દુસ્તાનનું ડૉ૦ સચૌએ કરેલું ભાષાંતર, પુસ્તક ૧ લું, પા૦ ૨૦૦** ).

**ययातिपुर ( २ )** ઓરિસામાં આવેલું જાજપુર તે જ. યજ્ઞપુર શબ્દ જુઓ.

**यवद्वीप.** જાવાનો બેટ તે ( **બ્રહ્માંડપુરાણ, પૂર્વ ખંડ, અ૦ ૫૧** ). આ દ્વીપમાં ઈ. સ. ૬૦૩ માં ગુજરાતના એક રાજકુમારે વસાહત કર્યાનું કહેવાય છે. દેશી ભાટચારણોના કહેવા પ્રમાણે ગુજરાતના એક રાજા અજાશકે આ દ્વીપમાં વસાહત કરવાનો પ્રથમ પ્રયત્ન ઈ૦ સ૦ ૭૫ માં કર્યો હતો. મરકી અગર બીજી એવી આફતોને લીધે એ રાજાને અહિંથી પાછા આવતું રહેવું પડયું હતું ( **હાવેલનું હિન્દુસ્તાનનું ચિત્રકામ અને કોતરણી કામ**). અલ્બરૂનીએ આને ઝબજ–બેટ જાવા યાને સુવર્ણદ્વીપ કહ્યો છે. ( **અલ્બરૂનીનું હિન્દુસ્તાન, પુ૦ ૧ લું, પા૦ ૨૧૦** ). ચીના લોકોના કહેવા પ્રમાણે જાવાને કલિંગ પણ કહેતા. ( **તકકુસુનું બૌદ્ધધર્મના લખાણો, ઉપોદ્‌ઘાત, પા૦ ૪૭ ઉપરની ટીપ્પણી**). બોરોબદુર ( **બર્જબુદ્ધ** ) નામનું મંદિર ઈ૦ સ૦ ૭૫૦ થી ૮૦૦ સુધીમાં બંધાવ્યું છે. આ બર્જબુદ્ધ એશિયામાં બૌદ્ધ લોકોની કારીગરીનો ઘણોજ ઉત્કૃષ્ટ નમુનો છે. (**હવેલનું ચિત્ર ને કૂટ કોતરણી કામ, પા૦ ૧૧૩; જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૬૨, પા૦ ૧૬** ).

**यवननगर.** ગુજરાતમાં આવેલું જૂનાગઢ તે જ. એના વર્ણનને સારૂં (**જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૩૮, પા૦ ૮૭૧ ઉપર છપાએલો ગિરનારની મુસાફરી નામનો લેખ**) જુઓ. યવનપુર શબ્દ જુઓ. જૂનાગઢ નામ શા ઉપરથી પડયું તેને માટે મુંબાઈ ગેઝેટીયર પુ૦ ૮, પા૦ ૪૮૭ જુઓ.

**यवनपुर.** બનારસથી ચાલીસ માઇલ દૂર આવેલા એક સ્વતંત્ર મુસલમાની રાજ્યની રાજધાની જૌનપુર તે જ. (**જ૦ એ૦સો૦બં૦ ૧૮૩૯ના પા૦ ૬૯૬ ઉપર છપાએલા કથૌતીયના શિલાલેખોનો સાતમો શ્લોક જુઓ.** ). સુલતાન ઇબ્રાહીમે ઇ. સ. ૧૪૧૮ માં તે સ્થળે જૂના બૌદ્ધ વિહારના પત્થર વિગેરે વડે બંધાવેલી પ્રસિદ્ધ અટલા મસ્જીદનો એમાં ઉલ્લેખ છે. સુલતાન મહમદની રાણી બીબીરાજીએ ઇ. સ. ૧૪૮૦માં લાલ દરવાજા મસ્જીદ બંધાવવાનો, ઇ. સ. ૧૪૮૦ના અરસામાં સુલતાન હુસેને જુમ્મામસ્જીદ બંધાવવાનો, અને ૧૩૬૦ માં બંધાવેલા ફીરોજ કિલ્લાના અવશેષોનો અકબરના રાજ્ય સમયમાં જૌનપુરના સુબા મોનાહુરખાને ગોમતી નદી ઉપર એક જૂનો પુલ મરામત કરાવ્યાનો ઉલ્લેખ છે. ચૌદમા સૈકામાં દિલ્હીના સુલતાન ફીરોજે જૌનપુર વસાવ્યાનું કહેવાય છે. એણે પોતાના સગા ફકીરૂદ્દીન જૌનના નામ ઉપરથી આ શહેરનું જૌનપુર નામ આપ્યું છે. પંદરમા સૈકામાં દિલ્હીના શાહ સુલતાન મહમદના વજીર ખાનજહાનને મહમદના દીકરાની ઉંમર સગીર હતી તે વખતે સુલતાન સરકી યાને પૂર્વનો રાજા એવું બિરૂદ ધારણ કરીને બિહારનો કબજો લીધો હતો. એણે પોતાનું રહેઠાણ જૌનપુરમાં રાખ્યું હતું. ( **હેમીલટનનું ઈસ્ટ ઈંડિયા ગેઝેટીયર**). ઇબ્રાહીમ સરકીના વખતમાં જૌનપુર સાહિત્યનું કેન્દ્ર બન્યું હતું. શેરશાહે જૌનપુરની મદ્રેસાઓમાં પોતાની કેળવણી લીધી હતી.

Aho ! Shrutgyanam

**यवनपुर** (२) મહાભારતમાં સભાપર્વના ૩૦ મા અધ્યાયમાં એક બીજા યવનપુરનો ઉલ્લેખ છે. એ નગર ઈન્દ્રપ્રસ્થની દક્ષિણે આવેલું હોઈ સહદેવે એને સર કર્યાનું લખ્યું છે. વખતે આ યવનનગર કે જૂનાગઢ પણ હોય

**यष्टिवन** ગયાના જિલ્લામાં સુપતીર્થની પાસે આવેલા તપોવનની ઉત્તરે આશરે એ માઇલ ઉપર આવેલું જેઠીયાન તે જ ( **ગયાના જિલ્લા સંબંધી ગ્રીયરસને લખેલી ટીપણી, પા૦ ૪૯**). આ સ્થળ રાજગૃહથી બાર માઇલ ઉપર આવેલું છે. એને જક્તિ-વન પણ કહે છે. (**કનીંગહામનું આર્કી-ઓલોજીકલ સર્વે રીપોર્ટ, પુ૦ ૩ જું પા૦ ૧૪૦** ). એને વળી લઠ્ઠીવન પણ કહે છે. આ સ્થળે બુદ્ધે ઘણા ચમત્કારો બતાવ્યાનું કહેવાય છે. મગધનો રાજા બિંબિસાર આ સ્થળે જ બુદ્ધનો શિષ્ય થયો હતો. બિંબિસાર સોળ વરસની વયે રાજ્યારૂઢ થયો હતો અને પોતાની ૨૯ વરસની ઉંમરે એણે બૌદ્ધ ધર્મ સ્વિકાર્યો હતો. એનું મૃત્યુ ૬૫ વરસની ઉંમરે થયું હતું.

**यादवगिरि**. મૈસુરમાં સેરીંગપટ્ટણથી ઉત્તરે ૨૫ માઇલ ઉપર આવેલું મૈલકોટ યાને મેલુકોટ તે જ. આ જગાએ કરનાટના જૈન રાજા વેતાલદેવ બલ્લાલરાયે બારમા સૈકામાં કૃષ્ણનું ચવલરાય નામનું દેવળ બંધાવ્યું હતું. વેતા-લદેવ વસ્તુતઃ મૈસોરમાં આવેલા દ્વારસમુદ્રનો રાજા હતો. પાછળથી એનું નામ વિષ્ણુવર્ધન પડયું હતું. શ્રીરામાનુજે એની પાસે વૈષ્ણવ ધર્મ અંગીકાર કરાવ્યો હતો. ત્યારપછી એણે ઉપર કહેલું કૃષ્ણ મંદિર બંધાવ્યું હતું ( **એ૦ કે૦ દત્તના હિન્દુઓના ધાર્મિક પંથો, અને ડૉ૦ બર્નેલનું દક્ષિણ હિન્દુસ્તાનની જુની લિપિઓ, પા૦ ૨૮** ). દક્ષિણ-બદ્રિકાશ્રમ તે જ.

**यामुन**. વાનરપુચ્છ પર્વતના જે ભાગમાં યમુના નદીનું મૂળ આવેલું છે તે ભાગ વિશેષ ( **રામાયણ, કિષ્કિંધાકાંડ, સર્ગ ૪૦; મહાભારત, અનુસાસન, અ૦ ૬૮**). એને કાલિંદગિરિ પણ કહે છે. અને તે ઉપરથી જ યમુનાનું નામ કાલિંદી પડયું છે.

**युक्तवेणी**. મુક્તવેણી શબ્દ જુઓ.

**युगंधर**. કુરૂક્ષેત્રની પાસે આવેલો પ્રદેશ વિશેષ. ( **મહાભારત, વિરાટ, અ૦ ૧ લો** ). આ પ્રદેશ કુરૂક્ષેત્રની દક્ષિણે અને યમુનાને પશ્ચિમ કિનારે આવ્યો હોય એમ જણાય છે. ( **મહાભારત, વનપર્વ, અ૦ ૧૨૮** ).

**येसावल**. ઇ સ. ૧૪૧૨ માં જૂના નગર યેસાવલના ( યસાવલ ) સ્થાન ઉપર ગુજરાતના શાહ અહમદે અમદાવાદ શહેર વસાવ્યું હતું. ( **થોર્નટનનું ગેઝેટીયર** ). યેસાવલ એ આશાવલ યાને આશાપલ્લી ઉપરથી થયેલું વિકૃત નામ છે. ( **બર્જેસનું કાઠીઆવાડ અને કચ્છના પ્રાચીન સ્થળો; મુંબાઈ ગેઝેટીયર, પુ૦ ૧ લું, ભા૦ ૧ લો, પા૦ ૧૭૦** ). પૂર્વે અમદાવાદ કર્ણાવતી કહેવાતું હતું ( **ફેરગ્યુસનનો હિન્દુસ્તાન અને પૂર્વના સ્થાપત્યનો ઇતિહાસ, પા૦ ૫૨૭**).

**योनिद्वार**. ગયાની બ્રહ્મયોનિ નામની ટેકરી ઉપર આવેલું એક પવિત્ર સ્થળ વિશેષ. આના ઉપરથી આ ટેકરીનું નામ પડેલું છે. ( **પદ્મપુરાણ, સ્વર્ગ ખંડ, અ૦ ૧૯** ).

**योनितीर्थ**. ભીમાસ્થાન તે જ.

**यौधेय**. વિશ્વાસી લોકોના બાઇબલમાં જેને હડ, અને સોળમા સૈકામાં મુસાફરોએ જેને આયુધ નામે વર્ણવ્યું છે તે સ્થળ વિશેષ. આ સ્થળ સિંધુ અને જેલમ નદીની વચ્ચે આવેલું છે. ( **ગરુડપુરાણ, અ૦ ૫૫; બૃહત્સંહિતા, અ૦ ૧૪; અને પ્રીન્સેપનું હિન્દુસ્તાનના પ્રાચીન સ્થળો, પુ૦ ૧ લું, પા૦ ૨૩૮**). કનિંગહામના મત પ્રમાણે યોધેયો ભાવલપુરની સીમાના જોહિયબાર નામના પ્રદેશમાં સતલજ નદીના બન્ને કિનારા ઉપર રહેતા. (**આર્કી૦**

Aho ! Shrutgyanam

સર્વે૦ રીપોર્ટ, પુ૦ ૧૪ ). અલાહાબાદના સ્તંભ ઉપર સમુદ્રગુપ્તના શિલાલેખમાં યૌધેયનો ઉલ્લેખ છે. ( જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૩૭, પા૦ ૯૭૩-૯૭૯ ).

**रत्नद्वीप.** સીલોન-લંકા તે જ.

**रत्नपुर.** મધ્યપ્રાન્તમાં બિલાસપુરની ઉત્તરે ૧૫ માઇલ ઉપર આવેલું રતનપુર તે. આ દક્ષિણ કોશલ યાને ગૌડવનની રાજધાની હતું. વખતે આ મયુરધ્વજ અને તેનો પુત્ર તામ્રધ્વજ જેમણે અશ્વમેધના ઘોડાને અંગે શ્રીકૃષ્ણ અને અર્જુનની જોડે યુદ્ધ કર્યું હતું તેમની રાજધાનીયે હોય. ( **જૈમિનિ ભારત, અ૦ ૪૧** ). રતનપુરમાં છત્તીસગઢના હૈહય રાજાઓએ પચાસ પેઢી સુધી રાજ્ય કર્યું હતું. તે વખતે આ શહેરમાં તેમની રાજ્યધાની હતી.

**रत्नाकरनदी.** બંગાળામાં હુગલી જિલ્લામાં આવેલું ખાનાકુલ-કૃષ્ણનગર જેના ઉપર આવેલું છે તે કાના નદી. આ નગરમાં ઘંટેશ્વર મહાદેવનું દેવળ આવેલું છે. ( **મહાલિંગેશ્વર તંત્ર** ).

**रथस्था.** અયોધ્યા પ્રાંતમાં આવેલી રાપ્તિ નદી તે જ. ( **મહાભારત, આદિપર્વ, અ૦ ૧૭૨; આર. કે. રૅાયનું મહાભારત, પા૦ ૨૦૬ ઉપરની ટીપ્પણી** ).

**रन्तिपुर.** ચંબલ નદીની શાખા ગોમતી નદી ઉપર આવેલું રિનતંબુર યાને રિન્તિપુર એ જ. કાળીદાસે મેઘદૂત, ખં૦ ૧ લો, શ્લોક ૪૭ માં ઉલ્લેખ કરેલા રંતિદેવનું રહેઠાણ અહીં હતું. રંતિદેવે કરેલા ગાયોના બલિદાનના વર્ણનને માટે મહાભારત, દ્રોણપર્વ, અ૦ ૬૭ જુઓ.

**रमण्य.** પેગુ અને ઇરાવતિ નદીના મુખ અગાડીનો ત્રિકોણાકાર પ્રદેશ. એને અરમણ પણ કહેતા. (**ફેરીનો બ્રહ્મદેશનો ઇતિહાસ, પા૦ ૩૦** ).

**रस.** જકઝરતીસ નદી તે. અવસ્તામાં એને રન્હ નામે કહી છે. ( **મેકડોનેલ અને કીથનું વેદિક સમયનાં નામો વગેરેની સૂચી, પુ૦ ૨, પા૦ ૨૦૯; ઋગ્વેદ, મંડળ ૧૦, મંત્ર, ૭૫** ).

**रसातल** કાસ્પીઅન સમુદ્રની ઉત્તર બાજુનો પ્રદેશ અને તુર્કસ્તાન સહિત પશ્ચિમ તાતારનો મુલક તે. હુણ લોકોનો પ્રદેશ ટલે કહેવાતો. આ શબ્દનું સંસ્કૃત રૂપ તલ છે. એ આખા પ્રદેશને તેમજ એની અંદરના ખાસ વિભાગોને સામાન્ય રીતે રસાતલ કિંવા પાતાલ કહેતા. રસાતલના પ્રદેશના જુદી જુદી જાતના હુણો અને શકો ત્યાં રહેતા હતા તેમના ઉપરથી રસાતલના સાત વિભાગોના નામ પડયાં છે. ત્યાં રહેનારા હુણો અને શકો તુરાનીઅન જાતના હતા. (૧) એટેલીટીસ નામ ઉપરથી અતલ (૨) અબ્ટેલીસ ઉપરથી વિતલ (૩) નેફ્થેલીટીસ ઉપરથી નિતલ (૪) તોચારીસ ઉપરથી તલાતલ ( **કિંવા મહાભારત અને પુરાણોમાં કહેલા તક્ષકો, ટોડનું રાજસ્થાન, પુ૦ ૧ લું. પ્રકરણ ૬ ઠું, પા૦ ૬૧ ઉપરની ટીપ્પણી જુઓ**).વિષ્ણુપુરાણ (પુ૦ ૨, અ૦ ૮) માં તલાતલને બદલે ગભસ્તિમત નામ આપેલું છે. એમ જણાય છે કે જે ભાગને જકસરતીસ કહેતા તેના ઉપલા ભાગને ખસુસ કરીને વિષ્ણુપુરાણમાં ગભસ્તિ નામ આપેલું છે. (૫) હાઈતેલીટીસ ઉપરથી મહાતલ (૬) સીડરીટીસ ઉપરથી સુતલ અથવા જકસરતીસના ઉપલા પ્રદેશમાં અને ઑકસસમાં રહેતી સુ નામની જાતો ઉપરથી પણ આ નામ પડયું હોય. આ સુ જાતોને સુરભિ (ગાયો) પણ કહેતા.

( **પ્રાચીન ગ્રંથકર્તાઓનું ભૌગોલિક વર્ણન** ) મહાભારતમાં ( **ઉદ્યોગપર્વ, અ૦ ૧૦૦-૧૦૧** ) આ જાતિઓને સુપર્ણો કિંવા ગરુડો કિંવા પક્ષીઓ એવાં નામ



Aho ! Shrutgyanam

આપેલાં છે. આ જાતિઓ ટ્રાન્સકાસ્પીઅન જિલ્લામાં વસતી હતી. સુપર્ણોની કેટલીક જાતીઓના નામો સુ એવા અદ્દઢથી શરૂ થાય છે ( **મહાભારત, ઉદ્યોગપર્વ, અ૦ ૧૦૦** ). ગરુડો શક જાતિના હતા. પણ તેઓ જરથોસ્તનો ધર્મ પાળતા હતા. ( ૭ ) રસાતલ એ જકસરતીસ કિંવા રસની ખીણ તે જ. આ નામ રસ નદી ઉપરથી પડ્યું છે. તે નદીના કિનારા ઉપર શક લોકો અને હુણ લોકો રહેતા હતા. એ લોકોને નાગ યાને સર્પો પણ કહેતા. નાગ શબ્દ હુણ લોકોના મૂળ જૂના નામ હુંગ–નું ઉપરથી પડયું હોય એ દેખીતું છે. કેટલાએક લખનારાઓના મત પ્રમાણે આ જાતિ સાપ ( નાગ ) ને પૃથ્વીનું પ્રતિક માનતી ( **રેગોઝીનનું વૈદિક ઈંડિયા, પા૦ ૩૦૮** ). મહાભારતમાં કહેલા પાતાલના સાપોના નામ નાગલોકોની જાતિનાં નામ છે. જેમકે શેષ–શેષને સોગદીયના શેષ કહ્યા છે, વાસુકી–ઉસુવીસ, તક્ષકો–તોચરીસ, અશ્વતર–એસીસ, તીતીરિ–તાતારો જેને પછવાડે તાર્તાર કહેતા તે. હુણ લોકોના નામ યાને તેમની જાતિઓના જુદા જુદા નામને સારૂં જ. બ. રો. એ. સો. પુ. ૨૪. (૧૯૧૬–૧૭) પા. ૫૬૫–૫૪૮ ઉપર ડૉ. મોદીનો હુણ લોકોનો પ્રાચીન ઇતિહાસ નામનો લેખ જુઓ. કેટલાએક શકો હુણ જાતિના પણ હતા. ( **ડૉ૦ મોદીનો હુણનો પ્રાચીન ઇતિહાસ, પા૦ ૫૬૩** ). જો કે સામાન્ય રીતે બધા પ્રદેશને પાતાલ કહેતા પણ ખસુસ કરીને ઍફથાલીટીસ યાને ધોળા હુણોના પ્રદેશને પાતાલ કહેતા એમ જણાય છે. ઉત્તર તરફ રહેનારા હુણ લોકો તડકાને લીધે શ્યામ વર્ણના હતા. એમને પડછે આ પાતાલના હુણોને ગોરા હુણો કહેવામાં આવતા. ( ડૉ. **મોદીનો હુણનો પ્રાચીન ઇતિહાસ, પા૦ ૫૬૫** ). રસાતલ અને પાતાલમાં દાનવો ( દૈત્યો ) રહેતા. એઓ તુરાનીઅન જાતના હતા. ( **ડૉ૦ જે૦ મોદીનો પ્રાચીન પાટલિપુત્ર નામનો લેખ, જ૦ બ૦ બ૦ રો૦ એ૦ સો૦ પુ૦ ૨૪, (૧૯૧૬-૧૭) પા૦ ૫૧૯-૫૨૧ ઉપર જુઓ** ). કાસ્પીઅન સમુદ્રનું પ્રાચીન નામ મૅરેકાસ્પીઅમ યાને હીરકાનુમ્ હતું. એ ઉપરથી જણાય છે કે એ નામ હિરણ્યકશીપુ (એક દૈત્ય), કાશ્યપનો પુત્ર, એ શબ્દના બે ભાગ ઉપરથી બનેલું છે, અને હીરકેનીયા નામનું પ્રાચીન શહેર તે કાસ્પીઅન સમુદ્રની આગ્નેયમાં આવેલા હાલના અસ્તરાબાદની પાસે હતું તે જ. પ્રાચીન હિરણ્યપુર નગર એની રાજધાની હશે. ( **પદ્મપુરાણ, સૃષ્ટિ, અ૦ ૬** ). જો કે આખ્યાયિકા એવી છે કે આ શહેર હિન્દુસ્તાનમાં હતું. બલિનો મહેલ સુતલમાં હતો એટલે એ કાસ્પીઅન સમુદ્રને પેલે પાર આવેલા પ્રદેશમાં હતો. ( **હરિવંશ, અ૦ ૨૬૨** ). આ જે જાતો કહી તેનો મૂળ પુરુષ કશ્યપ હતો. પાતાલનો પ્રદેશ પૃથ્વીની સપાટીની નીચે હતો અને પૃથ્વીના પડની નીચેના રસ્તાઓમાં થઇને ત્યાં જવાતું એમ કહેવાય છે. તેમજ આ સાતે પ્રદેશ એક બીજાની ઉપર આવેલા છે તે મંતવ્ય પ્રાચીન કાળમાં સચોટ જ્ઞાનના અભાવે અને કાંઈક પ્રાચીન બાબતોના અસ્પષ્ટ સ્મરણને લઇને થયું હશે. તેમજ નાગ અથવા સર્પ લોકો પૃથ્વીના પૃષ્ટની નીચેના પ્રદેશમાં રહે છે અને પૃથ્વીના પડમાં પડેલા કાણાઓમાં થઇને ત્યાં જવાય છે એ મંતવ્ય પણ એ જ કારણને લઇને હશે. દૈત્યો, સુરભિઓ અને ગરુડો ઇત્યાદિ પક્ષીઓ નાગ યાને સર્પોની જોડે ના રહી શકે એવી ધારણાથી આ જુદા જુદા સાત લોકો હોવાનું મંતવ્ય પણ એ જ કારણને લીધે હશે. ( **આ બાબતના વધારે વિવેચન સારૂં ઇન્ડીઅન હિસ્ટોરીકલ કવાર્ટરલી પુસ્તક પહેલું અને બીજામાં નંદલાલ દે. પ્રભુતિનો લખેલો "રસાતલ યાને પૃથ્વીના પૃષ્ટની નીચેના લોક" નામનો વિષય વાંચો** ).

Aho ! Shrutgyanam

**રંક્ષુ**. દાર્જીલીંગ જીલ્લામાં તિસ્તા નદીને મળનારી રંગિત નામની નદી તે જ.

**રાઓલેશ્વર**. જ્વાળામુખીથી નૈઋત્યમાં આશરે ૬૪ માઇલ ઉપર આવેલું બિઆસ નદીના મધ્ય વહનને કાંઠે કાંઠે મુંડીના પહાડી મુલકના રાજ્યમાં આવેલું સુપ્રસિદ્ધ યાત્રા સ્થળ રોઆલસર નામનું સરોવર તે જ. આ સરોવરમાં જગ્યા બદલતી જુદી જુદી સાત ડુંગરીઓ આવેલી છે એમાંની ગૌરીદેવી નામની ડુંગરી ખસુસ કરીને બહુ પવિત્ર ગણાય છે. આ જગ્યાએ આવેલા તિબેટમાં બુદ્ધ ધર્મના સ્થાપનાર પદ્મસંભવની પૂજા માત્ર લામાઓ નહિ પણ બ્રાહ્મણો જેઓ ઋષિ લોમશ કહેવાય છે તેઓ કરે છે. **( જ૦ એ૦ સો૦ બં૦ ૧૯૦૨, પા૦ ૩૯)**. પદ્મસંભવનું દેવળ આ સરોવરની બાજુ ઉપર આવેલું છે અને ચીન, જાપાન અને તિબેટ-માંથી ઘણા જાત્રાળુઓ આ સ્થળે આવે છે.

**રાજગૃહ**. અગ્નિપુરાણના દશમા અધ્યાયમાં કહેલું મગધનું જૂનું રાજધાનીનું શહેર રાજગિર તે જ ( **ગિરિવ્રજપુર જુઓ**). અજાતશત્રુના પિતા બિંબિસારે મહાભારતમાં ઉલ્લેખ કરા-યેલા જૂના રાજગૃહ યાને ગિરિવ્રજપુરથી ઉત્તરે આશરે એક માઇલ ઉપર નવું રાજગૃહ વસાવ્યું હતું **( અશ્વઘોષનું બુદ્ધચરિત, સેક્રેડ બુકસ ઓફ ધી ઇસ્ટ, પુસ્તક ૪૯)**.

**રાજગૃહ** (૨). ભરતની માતાના પિતા અને કેકયના રાજા અશ્વપતિની રાજધાની પંજાબમાં બિઆસ નદીને ઉત્તર કિનારે આવેલું રાજગિરિ તે **(રામાયણ, અયોધ્યા કાણ્ડ, સર્ગ ૭૦ )**.

**રાજનગર**. ગુજરાતમાં આવેલું અમદાવાદ તે જ. **( એપી૦ ઇન્ડી૦ પુસ્તક ૨ જું, પા૦ ૪૨ )**. કર્ણાવતી શબ્દ જુઓ.

**રાજપુર**. કલિંગની રાજધાની તે જ. **(મહાભારત, શાન્તિપર્વ, અ૦ ૪ થો )**. આ વખતે રાજ-મહેન્દ્રીનું પ્રાચીન નામ પણ હોય.

**રાજપુરી**, જેને કાશ્મીરીઓ પુનચ યાને પુઉચ કહે છે તે દક્ષિણ કાશ્મીરમાં આવેલું રાજૌરી નામનું નગર વિશેષ.

**રાજમહેન્દ્ર**. મહેન્દ્રદેવે વસાવેલું કલિંગની રાજ-ધાનીનું શહેર. **( પણ રાજપુર શબ્દ જુઓ)**.

**રાધ**. ગંગા નદીની પશ્ચિમે આવેલો બંગાળાનો પ્રદેશ વિશેષ. **( આનંદભટ્ટનું બલ્લાલ ચરિતમ્, ભા૦ ૨, અ૦ ૧ લો)**. તમ-લુકનો મિદનાપુર **( મૅકેન્ઝીના કલેકશન, વિલસનનો ઉપોદ્ઘાત, પ્રકરણ ૧૩૮–૧૩૯)** અને હુગલી અને બર્દવાન જિલ્લાઓનો આમાં સમાવેશ થાય છે. આની ઉત્તર સીમામાં મુર્શિદાબાદ જીલ્લાના કેટલાક ભાગનો પણ સમાવેશ થતો. સાતસો અનુયાયીઓને લઇ જઇને સીલોન સર કરનાર વિજય આ પ્રદે-શનો રહેવાસી હતો **(ઉફામનું રાજાવલી ભા૦ ૧; રાજતરંગિણી, પ્ર૦ ૨ જું; મહા-વંશ, અ૦ ૬ અને ૪૭)**.સિંહલ શબ્દ જુઓ. આ પ્રદેશને બૌદ્ધોએ લાલ અને જૈનોએ લાડ કહ્યો છે. જૈનોના મત પ્રમાણે લાડના વજ્રભૂમિ અને સુભભૂમિ એવા બે ભાગ હતા. ૨૪ મા તીર્થંકર વર્ધમાન યાને મહાવીર જીનત્વ પ્રાપ્ત કર્યા પહેલાં આ બે પ્રદેશોમાં બાર કરતાં વધારે વર્ષ વિચર્યા હતા. **( બુલરનો જૈન સંપ્રદાય)**.પારસનાથ ટેકરીઓની પાસે આવેલી રજ્જુપાલિકા નદીને કાંઠે આવેલા જૃમ્ભિક ગ્રામમાં વર્ધમાનને જીનત્વ પ્રાપ્ત થયું હતું **( મીસીસ સિંકલેર સ્ટીવનસનનું હાર્ટ ઑફ જૈનિઝમ, પા૦ ૩૮ )**. પ્રોફેસર જેકોબી ધારે છે કે સુભભૂમિ એ ઘણું કરીને સુમાઓ–જેઓ રાધ હોય એમ એઓ માને છે તેમનો–મુલક હતો. **( જેકોબીનું આચારાંગ સૂત્ર, પુ૦ ૧ લું, અ૦ ૮; સે૦ બુ૦ ઇ૦ પુ૦ ૨૨. પરિચ્છેદ ૩ જો, પા૦ ૮૪ )**.

Aho ! Shrutgyanam

રાધનું જૂનું નામ સુંહ હતું અને મધ્યકાળમાં એનું નામ લાટ યાને લાલ હતું. પુરાણોમાં આ પ્રદેશને સુંહ કહ્યો છે. માત્ર દેવીપુરાણના ૩૮ મા અધ્યાયમાં એનો ઉલ્લેખ રાધ નામે કર્યો છે. કાલીદાસે રઘુવંશના ૪ થા સર્ગના ૩૫ મા શ્લોકમાં સુંહનો ઉલ્લેખ કર્યો છે. શિલાલેખોમાં ગાંગ નામે કહેલો પ્રદેશ તે જ વખતે રાધ હોય. (**એપીગ્રાફીયા, ઇન્ડીકા, પુ૦ ૨ જું, પા૦ ૧૯૮; પુ૦ ૪, પા૦ ૨૮૮**). પ્લીનીએ આનો ગંગ્રીડીઇ કલિંગી અને ટૉલેમીએ અને મેગાસ્થિનીસે ગંગરીડાઇ નામે ઉલ્લેખ કર્યો છે. ટૉલેમીના કહેવા પ્રમાણે એની રાજધાની ગાંગેમાં હતી. હાલનું સપ્તગ્રામ યાને સાતગામ તે જ ગાંગેય એમ મનાય છે. ગાંગ, ગાંગે અને ગંગેરીડીઆ એ નામો શી રીતે પડયાં હશે તે સંબંધી વિચાર કરતાં ઈસ્વીસનના આરંભ કાળમાં આ પ્રદેશ દક્ષિણના ગાંગ વંશના કોઇ રાજાએ સર કર્યો હશે અગર ગંગાને કિનારે આવેલું સપ્તગ્રામ જેને ગંગા કહેતા હતા તે રાજધાની હોવાથી વખતે તેના નામ ઉપરથીયે પડયું હોય. (**મૈસોરના ગાંગવંશની હકીકત સારૂ પલકાડ શબ્દ જુઓ**). ગાંગ શબ્દ જુઓ. ડીઓડોરસના કહેવા પ્રમાણે ગંગેરીડાઈ પ્રદેશની પૂર્વની બાજુએ ગંગા નદી વહેતી હતી. પ્રો. વિલ્સનના કહેવા પ્રમાણે ગંગા વંશનો પહેલો રાજા અનંતવર્મા "કોલાહલ-ગંગારાધીનો રાજા" એમ કહેવાતો (**મેકેન્ઝીનો સંગ્રહ, ઉપોદ્ઘાત, ૧૩૮**). દશમા સૈકામાં થઈ ગએલા રાજશેખરે આ પ્રદેશનો સુંહને બદલે રાધ નામે ઉલ્લેખ કર્યો છે. (**કર્પુરમંજરી, અંક ૧ લો**). અગીઆરમા સૈકામાં લખાયેલા પ્રબોધ ચંદ્રોદય નાટકમાં (અં૦ ૨) દક્ષિણ-રાધ એવો ઉલ્લેખ છે. એ ઉપરથી જણાય છે કે તે સમયના પહેલાં રાધના ઉત્તર અને દક્ષિણ એવા બે વિભાગ પડયા હતા. અજય નદીની ઉત્તરનો પ્રદેશ તે ઉત્તરરાધ અને દક્ષિણ તરફનો તે દક્ષિણરાધ (**ઉત્તરરાધમાં મુર્શિદાબાદ જીલ્લાનો સમાવેશ થતો**). મહાલિંગેશ્વર તંત્રમાં શિવના સો નામો આપ્યાં છે તેમાં તારકેશ્વર અને સિદ્ધિનાથ એ બે મહાદેવોનાં દેવળો રાધમાં આવ્યાનું લખ્યું છે. એ ઉપરથી જણાય છે કે પુસ્તક લખાયું તેની પૂર્વે તારકેશ્વરનું સુપ્રસિદ્ધ દેવળ અસ્તિ-ત્વમાં હતું. મુસલમાની સમયની પૂર્વેના રાધના ઇતિહાસને સારૂ નંદલાલ ડેની હુગલી જીલ્લાના ઇતિહાસ સંબંધી ટીકાઓ (**જ૦ એ૦ સો૦ બં૦ ૧૯૧૦, પા૦ ૫૯૯**) જુઓ. રાષ્ટ્ર ઉપરથી વિકૃત થઇને રાધ શબ્દ થયો છે. ગંગારાષ્ટ્ર ઉપરથી ગંગારાડ બનેલું છે. ગંગારાડ એટલે પેરીપ્લસમાં કહેલો ગંગાનો અને મેગસ્થિનીસે કહેલો ગંગેરીડાઈ પ્રદેશ. ગંગરાડ તે કૌશિટકી ઉપનિષદમાં અને કહ્રાઢના ત્રીજા કૃષ્ણના શિલાલેખમાં કહેલા ગાંગ નામનું અને લાડ અને લાલ એ નામો પણ રાડનાં વિકૃત રૂપ બન્યાં છે.

**રામકેલિ.** બંગાળામાં રાજશાહી જીલ્લામાં આવેલા મલ્ડની આગ્નેયમાં અરાઢ માઇલ ઉપર આવેલું ગામ વિશેષ. આ સ્થળે રૂપસાગર અને સનાતનસાગર નામનાં બે સરોવરો આવેલાં છે. ગૌડના રાજા હુસેનશાહના મંત્રીઓ રૂપ અને સનાતન નામના બે ભાઇઓ જેઓ પછાળથી શ્રીચૈતન્યના સુપ્રસિદ્ધ અનુયાયીઓ બન્યા હતા તેમણે આ સરોવરો ખોદાવ્યાનું કહેવાય છે. અહીંઆં અગાડી પોતાની યાત્રામાં શ્રીચૈતન્ય પધાર્યા હતા. (**ચૈતન્ય ભાગવત, અંત્યખંડ, અ૦ ૪**). આ બે ભાઇઓએ વૈષ્ણવ ધર્મ અંગિકાર કર્યાની યાદગીરીમાં આ સ્થળે દર વરસે જેઠ માસમાં મેળો ભરાય છે.

**રામગઢ-ગૌડ.** અયોધ્યામાં ગોંડથી ઈશાનમાં ૨૮ માઈલ ઉપર આવેલું બલરામપુર તે જ.

**રામગિરિ.** મધ્યપ્રાન્તમાં નાગપુરની ઉત્તરે ૨૪

Aho ! Shrutgyanam

માઈલ ઉપર આવેલું રામતેગ ( **રામતક** ) તેજ. ( **વિલ્સનનું મેઘદૂત શ્લોક ૧ લા ઉપરની ટીકા** ). એવી આખ્યાયિકા છે કે શંબુક નામનો શૂદ્ર રામતક અગાડી તપ કરતો હતો જેથી રામચંદ્રે એને મારી નાખ્યો હતો. આ ઉપરથી રામાયણના ઉત્તર-કાંડના ૮૮ મા સર્ગમાં કહેલો શૈવલગિરિ તેજ રામગિરિ એમ જણાય છે. અહિંયાં રામચંદ્રનું તેમજ નાગાર્જુનનું દેવળ આવેલું છે. કાલિદાસ કવિએ પોતાના મેઘદૂતમાં વર્ણવેલો બનાવ રામગિરિ ઉપર થયો એમ કહ્યું છે. છોટાનાગપુરના સિરગુજા નામના ખંડીઆ રાજ્યમાં આવેલું રામગઢ તે રામ-ગિરિ એમ પણ કહેવાય છે. અહિંયાં આગાડી ખડકમાં કોતરેલી સીતા વનગીર નામની ગુફા આવેલી છે. આ ગુફા ૪૫ ફૂટ લાંબી અને મોં અગાડીથી છ ફૂટ ઉંચી હોઇ ખડકના ઘણા ઉંચાણવાળા ભાગમાં આવેલી છે. એમાં અશોકના શિલાલેખો આવેલા છે. આ સ્થળે હાથીફોડ નામના ડુંગરામાં એક સ્વાભાવિક બૂંગડો આવેલો છે. ત્યાં થઇને એક ન્હાનું વહેળીયું જતું હોવાથી આ બૂંગડો બન્યો છે. આ બૂંગડો ૧૦૮ ફીટની ઉંચાઇએ હોઈ ૪૫૦ ફીટ લાંબો છે. એનો વ્યાસ ૧૬ થી ૫૫ ફીટ સુધીનો છે. રામાયણમાં અને રઘુ વંશમાં આ બૂંગડાનો ઉલ્લેખ છે. ( **આર્કી૦ સર્વે રિપોર્ટ, પુ૦ ૧૩, પા૦ ૪૧; છોટા-નાગપુર પ્રાન્તમાં આવેલાં જુનાં સ્થળો** ). રામગઢ તે રામગિરિ એ કહેવું ખરૂં જણાતું નથી. સિરગુજાના ખંડીઆ રાજ્યમાં આવેલો રામગઢ અગાડીનો સીતાવનગીર બૂંગડો તે રામાયણમાં કહેલો રીક્ષબીલ છે એ નિર્વિવાદ છે. ( **કિષ્કિંધાકાંડ, સર્ગ ૫૧–૫૨** ). વિંધ્યાચળ નામનું બીજું સ્થળ પણ છે. વિંધ્યાચળ (૨) શબ્દ જુઓ.

**रामग्राम.** અયોધ્યામાં બસ્તિ જીલ્લામાં આવેલું રામપુર દેઓરીઆ તેજ. આ જગાએ શ્રીબુદ્ધના શરીરના એક ભાગના અવશેષ ઉપર બંધાવેલો સ્તૂપ હતો. આ સ્તૂપ હાલ નદીના વહેણને લીધે ધોવાઈ ગયો છે. ( **આર્કી૦ સર્વે રિપોર્ટ, પુ૦ ૧૮, પા૦ ૪; પુ૦ ૨૨, પા૦ ૨ અને ૧૧૧; ઉફામનું મહાવંશ, અ૦ ૩૧** ). ચીનાઈ યાત્રાળુ ફાહ્યાન અને હુનશાંગ આ જગાએ આવ્યા હતા.

**रामदासपुर.** પંજાબમાં આવેલું અમૃતસર તે જ. શિખગુરુ બાબા નાનકને અહીં અગાડી આવેલો એક કુદરતી ધરો બહુ પસંદ હતો. એ ધરાને કાંઠે શિખગુરુ રામદાસે એક મહુલી બાંધી હતી. રામદાસે પવિત્ર ગણાતા આ ધરાનું બક્ષીસનામું મેળવ્યું હતું. એમણે પછી સુધારી સુધારીને આ ધરાનું એક તળાવ બનાવ્યું હતું. અને એ તળાવનું નામ અમૃતસર એવું રાખ્યું હતું. (**પંજાબ ગેઝેટીયર–અમૃતસર**). એને ચક પણ કહેતા.

**रामहृद.** થાણેશ્વરની દક્ષિણ બાજુએ આવેલું એક પવિત્ર તળાવ યાને કુંડ વિશેષ. એ પૂર્વ–પશ્ચિમ ૩૫૪૬ ફૂટ લાંબો અને ઉત્તર–દક્ષિણ ૧૯૦૦ ફૂટ પહોળો છે. આની વચમાં એક બેટ આવેલો હોવાથી આને દ્વૈપાયનહૃદ પણ કહેતા. એ દ્વીપમાં ચંદ્રકૂપ નામનો કુવો હતો. ઋગ્વેદમાં આનો સર્યણવંત યાને સર્યણાવત નામે ઉલ્લેખ છે. આ કુંડની ઇશાનમાં આવેલા એક નાના કુંડને હાલ પણ સુનેતસર કહે છે. આ નામ સર્ય-ણાવત શબ્દ ઉપરથી વિકૃત થયેલું રૂપ હોય. પૂર્વે આ બે કુંડ એકઠા હતા. આ કુંડના કિનારા ઉપર બ્રહ્માએ તપ કરેલું હોવાથી એને બ્રહ્મસર પણ કહેતા. ક્ષત્રિયોનો નાશ કર્યા પછી આ કુંડના પાણીથી પરશુરામે પિતૃતર્પણ કરવાને લીધે આ કુંડને રામહૃદ પણ કહે છે. કુરુક્ષેત્રના યુદ્ધમાં હથિયાર ન પકડવાની પ્રતિજ્ઞા કર્યા છતાં શ્રીકૃષ્ણે ભીષ્મને મારવાને પોતાનું ચક્ર આ કુંડને કાંઠે હાથમાં

Aho ! Shrutgyanam

લીધું હતું તેથી એને ચક્રતીર્થ પણ કહે છે. આ કુંડને કાંઠે કુરુએ તપ કરેલું હોવાથી આજુબાજુના ક્ષેત્રને કુરુક્ષેત્ર કહે છે. (**ઓઘવતી શબ્દ જુઓ**). આ કુંડને કાંઠે પુરુરવે ઉર્વશી મેળવી હતી અને આ કુંડને કાંઠે ઇન્દ્રે દધિચી ઋષિનાં હાડકાંના વજ્રવડે વૃત્રાસુરને માર્યો હતો. (**મહાભારત, વનપર્વ, અ૦ ૮૩, ૧૦૦ અને ૧૦૧; કનીંગહામની પ્રાચીન ભૂગોળ, પા૦ ૩૩૧ અને ૩૩૫**).

**रामणीयक.** આર્મીનિયા–રામનીય નામનું રૂપ વિશેષ. (**મહાભારત, આદિપર્વ, અ૦ ૨૬; ઇન્ડિયન હીસ્ટોરીકલ ક્વાર્ટર્લી પુસ્તક પહેલા અને બીજામાં નંદલાલ ડેનો રસાતલ નામનો લેખ જુઓ**).

**रामतीर्थ.** મુંબાઇ ઇલાકાના ધારવાડ જિલ્લામાં–હાંગલની ઉત્તરે ત્રણ માઇલ ઉપર આવેલું સ્થળ વિશેષ. (**પદ્મપુરાણ, સ્વર્ગ [આદિ], અ૦ ૧૯; મુંબાઈ ઈલાકાનાં પ્રાચીન ખંડેરો, પુ૦ ૮, પા૦ ૧૩૭**).

**रामेश्वरम्.** સેતુબંધ તેજ. (**રામાયણ, લંકાકાંડ, સર્ગ ૨૫**). રામેશ્વરનો ટાપુ હિંદુસ્તાનની સર જમીનથી પુંબેન નામની નાની ખાડીથી છૂટો પડેલો છે. એ બેટમાં રામેશ્વરનું પ્રખ્યાત દેવળ આવેલું છે. એ દેવળ ખુદ રામચંદ્રે બંધાવ્યાનું કહેવાય છે. આ દેવળથી દોઢ માઇલ ઉપર આવેલા રામઝરકામાં રામચંદ્રનાં પગલાં છે. સેતુ બંધાતી વખતે આ જગાએ બેસીને શ્રીરામચંદ્ર દેખરેખ રાખતા એમ કહેવાય છે.

**रामेश्वर-संगम.** બનાસ નદી ચંબલ નદીને મળે છે તે સંગમ વિશેષ.

**रावणह्रद.** અનવતપ્ત યાને બૌદ્ધ ગ્રન્થોમાં જેને અનોતત્ત સરોવર કહ્યું છે તેજ આ એમ ધારવામાં આવે છે. તિબેટમાં એને લંગકત્સો અને રાખસતાલ કહે છે. આ તળાવ ૫૦ માઇલ લાંબું અને ૨૫ માઇલ પહોળું છે. તળાવની મધ્યે એક ડુંગરી છે અને તળાવને કાંઠે ગ્યાનતંગ મઠ આવેલો છે. એ મઠમાં લંકાના રાજા રાવણની એક મોટી મૂર્તિ છે. કહેવાય છે કે રાવણ રોજ આ તળાવમાં સ્નાન કરીને કૈલાસ પર્વત ઉપર આવેલી હોમકુંડ નામની જગાએ મહાદેવનું પૂજન કરતો. સતલજ નદી આ તળાવમાંથી નિકળે છે. (**તળાવના વર્ણનને સારૂં સ્વેનહેડીનનું ટ્રાન્સ હિમાલય નામના ગ્રન્થનો ભાગ બીજો, પ્રકરણ ૪૭ જુઓ**).

**रास्तिक.** લાટ શબ્દ જૂઓ.

**रिजुपालिका.** ચૂતીઆ નાગપુર પ્રાન્તમાં હજારીબાગ જીલ્લામાં ગિરિદિહની પાસે આવેલી બરાકર નદી તે. ગિરિદિહથી આઠ માઇલ ઉપર મહાદેવના પગલાંના દેવળની અંદરના શિલાલેખથી જણાય છે કે આ નદી ઉપર પણ બીજી જગાએ આ દેવળ આવ્યું હતું. હાલનું દેવળ જૂનું દેવળ પડી જવાથી મૂળ જગાએથી ફેરવીને બાંધેલું છે. મૂળ દેવળ પારસનાથની ડુંગરીઓની પાસે આવેલા જિમ્ભીકગ્રામમાં હશે. (**કલ્પસૂત્ર, સે૦ બુ૦ ઈ૦ ૨૨, પા૦ ૨૬૩; મીસીસ સીંકલેર સ્ટીવન્સનનું હાર્ટ ઑફ જૈનિઝમ, પા૦ ૩૮**).

**रुद्रकोटि.** કુરુક્ષેત્રમાં આવેલું સ્થળ વિશેષ (**પદ્મપુરાણ, સ્વર્ગખંડ, અ૦ ૧૧ મો**).

**रुद्रकोटि** (૨) નર્મદા નદીના મૂળ આગળ તેના કાંઠા ઉપર આવેલું સ્થળ વિશેષ (**પદ્મપુરાણ સ્વર્ગ, આદિ, અ૦ ૬**).

**रुद्रगया.** કોલ્હાપુરના રાજમાં આવેલું સ્થળ વિશેષ. (**પદ્મપુરાણ, ઉત્તર, અ૦ ૬૨**),

**रुद्रपद.** મહાલય યાને ઑમકારનાથ. આ જગ્યાએ મહાદેવે (રુદ્રે) પોતાનું પગલું પાડેલું છે. (**કૂર્મપુરાણ, ભાગ–૨ જો, અ૦ ૩૬**).

Aho ! Shrutgyanam

**रुरुमुण्डपर्वत.** રુરુમુણ્ડપર્વત તે જ (**દિવ્યાવદાન. કોવેલની આવૃત્તિ, અ૦ ૨૬, પા૦ ૩૪૯, અ૦ ૨૭**).

**रेणुकातीर्थ.** પંજાબમાં નહનની ઉત્તરે સોળ મૈલ ઉપર આવેલું સ્થળ વિશેષ. (**પદ્મપુરાણ, સ્વર્ગ (આદિ), અ૦ ૧૧**). રેણુકા એ પરશુરામનાં મા હતાં. પદ્મપુરાણમાં ઉત્તર હિંદુસ્તાનમાં આવેલાં નવ પવિત્ર તીર્થો રેણુકા, સુકર (**ગંગા ઉપર આવેલું સોરોન**), કાશી, કાલી (**ગંગા ઉપર આવેલું કારા**), ઈશ્વર, કાલંજર અને મહાકાલ (**ઉજ્જન**) વગેરેનો ઉલ્લેખ છે.

**रेमुना.** ઓરિસામાં બલસોરની પશ્ચિમે ૭ મૈલ ઉપર આવેલું સ્થળ વિશેષ. આ જગાએ કાશીરચોરા ગોપીનાથનું દેવળ આવેલું છે. શ્રીચૈતન્ય અહીં આવ્યા હતા.

**रेववन्ती.** રેવદંડ (**ચંપાવતી શબ્દ જુઓ**) તે.

**रेवा.** નર્મદા નદી તે. (**મેઘદૂત, પૂર્વ, શ્લોક ૨૦; પદ્મપુરાણ, સ્વર્ગ, અધ્યાય ૧૦**). પરંતુ કેટલાએક પુરાણોમાં નર્મદા અને રેવા એ જુદી જુદી નદીઓ હોવાનું લખ્યું છે. (**વામનપુરાણ, અ૦ ૧૩, શ્લોક ૨૫ અને ૩૦; ભાગવત પુરાણ, પંચમ સ્કંધ, અ૦ ૧૯**),

**रेवापुर.** શિવાલય એ જ. ઘુશ્રીનેશ મહાદેવ રેવાપુરમાં હતા (**પદ્મપુરાણ, ઉત્તરખંડ, અ૦ ૬૨**); એટલે રેવાપુર તે જ શિવાલય.

**रैभ्याश्रम.** હરદ્વારથી ઉત્તરે થોડે છેટે આવેલ કુબ્જામ્ર તે. અહીંઆં રૈભ્યઋષિનો આશ્રમ હતો.

**रैवत.** ગુજરાતમાં જૂનાગઢની પાસે આવેલો ગીરનાર પર્વત તે. આ નેમિનાથનું જન્મસ્થાન હોવાથી જૈનોના પાંચ મોટા તીર્થમાંનું એક મનાય છે. (**ટોડનું રાજસ્થાન, પુ૦ ૧ લું, પ્ર૦ ૧૯; મહાભારત, સભા પર્વ, અ૦ ૧૪**); સમેતશિખર જુઓ. જૈનોના ૨૪ તીર્થંકરોના નામને માટે શ્રાવસ્તી શબ્દ જુઓ. જૈન ગ્રન્થોમાં બારવઇ યાને દ્વારવતીની પાસે આવેલી રેવાઇ ડુંગરી તે જ આ. (**અંતગડ-દશાઓનું ડાકતર બર્નેટનું ભાષાંતર, પાનું ૮૪**).

**रैवतक.** રૈવત તે જ. (**મહાભારત, આદિ પર્વ, અ૦ ૨૨૦**).

**रोहन.** સિલોનમાં આવેલું આદમનું શિખર; એને સુમનકૂટ પણ કહે છે. (**મોરારિનું અનર્ઘરાઘવ નાટક, અંક ૭, પા૦ ૯૯; રાજતરંગિણી, ૩, શ્લોક ૭૨; ઉફ્ફેનનું રાજાવલી**).

**रोहि.** અફઘાનિસ્તાન તે. એને રોહા અને લોહા પણ કહેતા.

**रोहिणी.** નેપાળના તિરાઈમાં કપિલવસ્તુ અને કોલિની સરહદ ઉપર આવેલું રોહિન નામનું વેળાયું તે (**પી. સી. મુકરજીનું નેપાળની તિરાઇના પ્રાચીન સ્થળો, પા૦ ૪૮**). કોલિના કોલિઓ અને કપિલવસ્તુના સાખ્યોની વચ્ચે ખેતીના ઉપયોગને માટે રોહિણી નદીનું પાણી લેવાના હક્ક સંબંધી ચાલુ તકરારનો બુદ્ધે નિવેડો કર્યો હતો. (**જાતક (કેમ્બ્રીજ આવૃત્તિ) પુ૦ ૫, પા૦ ૨૧૯-૨૨૧**).

**रोहित.** બંગાળામાં શાહાબાદ જીલ્લામાં આવેલું ત્યાંના કિલ્લાને લીધે સુપ્રસિદ્ધ રોહત તે. આ કિલ્લો રામાયણ અને માર્કંડેય પુરાણમાં ઉલ્લખેલા રાજા હરિશ્ચંદ્રના દીકરા અને અયોધ્યાના રામચંદ્રના પૂર્વજ રોહિતાશ્વે બંધાવ્યાનું કહેવાય છે. (**હરિવંશ, અ૦ ૧૩**). એને રોહિતાશ્વ પણ કહેતા. (**જ૦ એ૦ સો૦ બં૦ પુ૦ ૮, પા૦ ૬૯૮**). ઈ. સ. ૧૫૯૭ માં પોતે બિહાર અને બંગાળાના સુબેદાર નિમાયા પછી માનસંગે આ કિલ્લાની અંદરના મકાનોની મરામત અને પુનરોદ્ધાર

Aho ! Shrutgyanam

કર્યો હતો. રોતાની ડુંગરી વિંધ્યપર્વતની કીમોરની પર્વતમાળાનો એક ફાંટો છે. માનસંગનો લેખ અને રોતાના રાજાઓની વંશાવળીને માટે ( જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૩૯, પા૦ ૩૫૪-૬૯૩ ) જુઓ.

**रोहितक.** પંજાબમાં દિલ્હીથી વાયવ્યમાં ૪૨ માઇલ ઉપર આવેલું રોહક તે. પાંડવોના દિગ્વિજય વખતે નકુલ પાંડવે આ સ્થળ સર કર્યું હતું. ( **મહાભારત, સભાપર્વ, અ૦ ૩૨** ). હાલના શહેરની ઉત્તરે થોડે છેટે જૂનું શહેર આવેલું છે. એને ખોક્રાકોટ કહે છે.

**रोहिताश्व.** રોહિત તે જ ( **જ૦ એ૦ સો૦ બં૦ પુ૦ ૮, પા૦ ૬૯૫** ).

**रोहिन्नाला.** હુનશાંગે જેને લો-ઇન-ની-લો નામે ઉલ્લેખ્યું છે તે સ્થળ વિશેષ. વિવિનસેન્ટ માર્ટિન એને રોહિનાલા અને જનરલ કનીંગહામ ઇસ્ટ-ઇન્ડીયા રેલ્વેના લખીસરાઈ સ્ટેશનથી વાયવ્યમાં બે માઇલ ઉપર આવેલું રજાઉના તે આ એમ કહે છે. જનરલ કનીંગહામ એવો પણ તર્ક કરે છે કે હુનશાંગે કીયુલને લો-ઇન-ની-લો કહ્યું હોય ( **આર્કી૦ સ૦ રીપોર્ટ, પુ૦ ૩ જું** ). જનરલ કનીંગહામ ધારે છે તેમ રોહિનાલા માત્ર કાલ્પનિક નામ ન હતું. ગંગા નદીને કિનારે રેહુઆનાલા નામનું એક ગામ હાલ અસ્તિત્વમાં છે; વખતે આ ગામ ચિનાઈ યાત્રાળુના સમયમાં પણ અસ્તિત્વમાં હોય. રેહુઆનાલા નામ ઉઘાડું રોહિતનાલા અગર રાહિન્નાલા ઉપરથી વિકૃત થયેલું જણાય છે. તે નામવાળુ રેહુઆનાલા મોંગિરના જિલ્લામાં સુરેઇનથી પાંચ માઈલ વાયવ્યમાં આવેલું છે. સુરેઈન આગળ બુદ્ધિષ્ઠના અને બીજાં ઘણાં પ્રાચીન ખંડેરો આવેલાં છે. સુરેઈનને પ્રથમ ઉજ્જન કહેતા. આવાજ ખંડેરો રેહુઆનાલા આગળ પણ છે. એવી કિંવદંતી છે કે રેહુઆનાલા નામનું એક સ્થળ જયનગરના છેલ્લા રાજા ઇન્દ્રદ્યુમ્નના રાજમાં હતું. જનરલ કનીંગહામ અને બુચાનન ધારે છે કે ઇન્દ્રદ્યુમ્ન મગધ (બિહાર) નો છેલ્લો પાલ રાજા હોય. આખ્યાયિકા ઉપરથી લાગે છે કે રેહુઆનાલા એક સમયે સુપ્રસિદ્ધ સ્થળ હતું. રાજા ઇન્દ્રદ્યુમ્નને બખ્તિયાર ખીલજીના એક સરદાર મુખદુમમૌલાનાબક્ષે હરાવ્યો હતો. રેહુઆનાલાની દક્ષિણે સાત માઇલ ઉપર વિંધ્યપર્વતાવળીનો એક ફાંટો સિંઘોલ ડુંગર આવે છે. કિંવદંતી પ્રમાણે આ જગ્યાએ ઋષ્યશૃંગનો આશ્રમ હતો. અહિં આગળ કેટલાએક ઝરણાં અને કેટલાંક દેવળો છે. ( **ઋષ્યશૃંગાશ્રમ શબ્દ જુઓ**).

**रोरुव.** સૌવીરની રાજધાની તે. [**આદિત્ય જાતક ( કેમ્બ્રિજ આવૃત્તિ), પુ૦ ૩, પા૦ ૨૮૦; દીઘનિકાયમાં ગોવિંદસુત્ત, ૧૯, પા૦ ૩૬**].

## ल

**लकरगढ.** બંગાળામાં રાજમહાલની ડુંગરીઓ ઉપર લકરગઢનો કિલ્લો આવેલો હતો. એ કિલ્લો જૂનો હતો. મેન્હાજુદ્દીન અને બીજા મુસલમાન ઇતિહાસકર્ત્તાઓએ એનો ઉલ્લેખ લખનોર નામે કર્યો છે. ( **બીવરીજનાં કલકત્તા રીવ્યુમાંનાં, (૧૮૯૪) બુચાનનનાં લખાણો** ).

**लकुलीसा.** નકુલીસા શબ્દ જુઓ.

**लट्ठिवन.** યષ્ટિવન તે જ. ( **જાતકની કેમ્બ્રિજની આવૃત્તિ, પુ૦ ૪, પા૦ ૧૭૯; મહાવગ્ગ, પુ૦ ૧, પા૦ ૨૨** ).

**लंका.** સિલોન તે જ.

**लंका** (૨). સિલોનના આગ્નેય ખુણામાં આવેલું લંકા અગર લંકાપટ્ટનમ્ શહેર એ આ નામનો એક પર્વત છે. રામાયણમાં એનું વર્ણન ત્રિકૂટ અગર ત્રણ શિખરવાળો પર્વત એ નામે કર્યું છે. ( **સુંદરકાંડ, સર્ગ ૧**).

Aho ! Shrutgyanam

અહીંઆં રાવણનું રહેઠાણ હતું (લંકાકાંડ, સર્ગ, ૧૨૫). કેટલાએક માને છે કે લંકામાં આવેલો હાલનો મેન્ટોટ તે જ આ. બીજાઓ ધારે છે કે એ નામનું શહેર હતું જેના ઉપર પાણી ફરી વળ્યું છે. (મટ્ટકુમાર સ્વામિનું દાથાવંશ, પા૦ ૯૭). કોલંબોથી ૪૦ માઇલ ઉપર આવેલી નિકુંભિલા નામની જગાએ ઇન્દ્રજિતે યજ્ઞ કરી બલિદાન આપ્યું હતું (બુદ્ધિસ્ટ ટેકસ્ટ સોસાઇટીનું જર્નલ, પુ૦ ૩, ભા૦ ૧; પરિશિષ્ટ). લંકા અને સિલોન એ એક જ બેટ નથી એમ ધારવાને ઘણાં સબળ કારણો છે. (૧) રામાયણના કિષ્કિંધાકાંડના ૪૧મા સર્ગમાં કહ્યું છે કે મહેન્દ્ર પર્વતાવળી સમુદ્રકાંઠે આવેલી છે અને લંકામાં એટલે લંકા બેટમાં જવાને માટે તામ્રપરણી નદી ઉતરવી પડે છે. લંકા મહેન્દ્ર પર્વતાવળીના દક્ષિણ ભાગમાં આવેલા કાર્ડેમમ પર્વતોની દક્ષિણે આવેલી છે. સેતુબંધ ઉપરથી સિલોન જવા સારૂં મહેન્દ્રપર્વતને દક્ષિણ છેડે આવેલી તામ્રપર્ણી નદી ઉતરવી પડતી નથી માટે સીલોન એ પ્રાચીન લંકા નથી; (૨) સુપ્રસિદ્ધ ખગોળવેત્તા વરાહમિહિરે લખ્યું છે કે ઉજ્જૈની અને લંકા એક જ રેખાંશ ઉપર આવેલ છે પણ સિલોન ઉજ્જૈનીના રેખાંશથી પૂર્વમાં દૂર આવેલ છે; (૩) કેટલાએક પુરાણોમાં લંકા અને સિંહલ (જેના ઉપરથી સિલોન નામ પડયું છે તે) એ જુદા જુદા ટાપુઓ છે. (બૃહત્સંહિતા, અ૦ ૧૪ અને દેવીપુરાણ, અ૦ ૪૨ અને ૪૬). સિલોનના ઘણા પ્રાચીન ઇતિહાસનો ગ્રંથ, મહાવંશ ઇ. સ. ના પાંચમા સૈકામાં લખાયેલો છે. એમાં સ્પષ્ટ લખ્યું છે કે લંકાના બેટને પોતાની જીત પછી, વિજયે સિંહલ કહ્યો છે. અને લંકા યાને સિંહલના રાજા તરીકે દુત્થગામનિ અને પરાક્રમબાહુનાં નામ આપ્યાં છે. (ગીગરનો મહાવંશ, અ૦ ૭ અને ૪૧). રાજાવલીમાં પણ રાવણનું યુદ્ધ સિલોનના ટાપુમાં થયું એવી આખ્યાયિકા આપી છે. (ઉફામની રાજાવલી, ભા૦ ૧). દાથાવંશનો લખનાર ધર્મકિત્તિ ૧૨ મા સૈકામાં થઈ ગયો. તે વખતે સિલોનમાં પરાક્રમબાહુ ૧ લો રાજ્ય કરતો હતો. ધમ્મકિત્તિ સિંહલ અને લંકા એ એક જ બેટનાં નામ છે એમ કહે છે. પ્રસિદ્ધ માર્કોપોલોએ આ બેટને જિલાંન કિંવા સિલન (સિલોન) કહ્યો છે. માર્કોપોલો ૧૩ મા સૈકામાં સિલોન ગયો હતો. (યુલનો માર્કોપોલો). સિલન નામની બીજી વ્યુત્પત્તિઓ સારૂં કર્નલ યુલનો માર્કોપોલોનો પ્રવાસ, પુ૦ ૨ જુ, પા૦ ૨૫૪ ઉપરની ટીપ્પણી જુઓ.

**लंपका.** પેશાવરની પાસે કાબુલ નદીના ઉત્તર કિનારે આવેલું લંઘન તે જ. (હેમકોશ; બાક્ટ્રીયાના અનેઇંડોસિથિયન સિક્કાઓ ઉપરથી લેસને ઉપજાવી કાઢેલો જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૪૦, પા૦ ૪૮૬ ઉપર છપાયેલો ઇતિહાસ; બ્રહ્માંડપુરાણ, પૂર્વ ખંડ, અ૦ ૪૮). એને મુરંદા પણ કહે છે અને એ જલાલાબાદથી વાયવ્યમાં ૨૦ માઇલ ઉપર આવેલું છે.

**लंपाक.** લંપકા તે જ. (માર્કન્ડપુરાણ, અ૦ ૫૭).

**लवना.** લૂન યાને (લૂણી) નૂન નદી તે જ. આ નદી પનિયાર પાસેથી નિકળીને માળવામાં ચંદપુરસોનરી પાસે સિંદને મળે છે. (માલતીમાધવ, અં૦ ૯; આર્કિ૦ સ૦ રિ૦ પુ૦ ૨, પા૦ ૩૦૮).

**लवपुर.** એને લવકોટ યાને લવવરા અને પાછળથી લોહાવર કહેતા; રામચંદ્રના દીકરા લવે વસાવેલું લાહોર તે જ. (ટોડનું રાજસ્થાન, પુ૦ ૧, પા૦ ૨૨૪). પુરાતન શહેરનાં ખંડેર



Aho ! Shrutgyanam

વર્તમાન લાહોરની પાસે અદ્યાપિ મોજુદ છે. શેત્રુંજય પર્વત ઉપરના જૈન શિલાલેખમાં એને લાભપુર કહ્યું છે (એપિ૦ ઇન્ડિકા, પુ૦ ૨, પા૦ ૩૮ અને ૫૪).

**લહ્ડા.** કાશ્મીર અને દર્દિસ્તાનની સીમાઓ વચ્ચે આવેલો પ્રદેશ વિશેષ (**બૃહત્સંહિતા, અ૦ ૧૪, શ્લોક ૨૨; ઇન્ડિયન એન્ટીકવરી, પુ૦ ૨૨, ૧૮૯૩, પા૦ ૧૮૨–ડૉ. ફ્લીટની બૃહત્સંહિતામાં આવેલાં સ્થળોની યાદી**).

**લક્ષ્મણાવતી.** લક્ષ્મણાવતી નામનું વિકૃત રૂપ લખનૌતિ છે. માલ્દાની પાસે જેનાં ખંડેર આવેલાં છે તે ગૌડ (શહેર)નું બીજું નામ લખનૌતિ હતું. ગૌડ દેશની એ રાજધાની હતું (**ટૉનીનું મેરૂતુંગની પ્રબંધચિંતામણિ, પા૦ ૧૮૧**). એ શહેર ગંગા નદીના ડાબા કિનારા ઉપર હતું. ઇ. સ. ૭૩૦ માં એ શહેર બંગાળાની રાજધાની હતું એમ રેનેલ હિંદુસ્તાનના નકશાના ટિપ્પણમાં પાને ૫૫ માં કહે છે. પણ આ સાલ ખરી જણાતી નથી. બલ્લાલસેનની પછી ગાદીએ આવનાર તેના પુત્ર લક્ષ્મણસેને આ શહેરને દેવળો અને બીજી જાહેર ઇમારતોથી સુશોભિત બનાવી એને પોતાને નામે લક્ષ્મણાવતી યાને લખનૌતિ નામ આપ્યું હતું. (**માર્ટીનનું ઇસ્ટ ઇન્ડિયા, પુ૦ ૩, પા૦ ૬૮**). લક્ષ્મણસેન વિજયસેનનો પૌત્ર અને સામંતસેનના દીકરા હેમંતસેનનો પ્રપૌત્ર હતો. (**દેવપારાનો શિલાલેખ, એપી૦ ઇન્ડિકા, પુ૦ ૧, પા૦ ૩**). લક્ષ્મણસેન સંસ્કૃત વાઙ્મયનો જબરો આશ્રયદાતા હતો. સુપ્રસિદ્ધ ગેયકાવ્ય ગીતગોવિંદના લખનાર કેન્દુલીના જયદેવ (**ભવિષ્યપુરાણ, પ્રતિસર્ગ, ભા૦ ૪, અ૦ ૯**), કલાપ વ્યાકરણના ટીકાકાર અને લક્ષ્મણસેનના મંત્રી ઉમાપતિધર, (**પ્રબંધચિંતામણિ, પા૦ ૧૮૧**), લક્ષ્મણસેનના અને આર્યસપ્તસતીના લખનાર ગોવર્ધનાચાર્ય, સરણ અને ધોઈ (**જેને કવિ ક્ષમાપતિ શ્રુતિધર એવું બીરૂદ પોતાના ગીતગોવિંદમાં જયદેવે આપ્યું છે તે, પવનદૂતનો કર્તા**)–જેમ વિક્રમાદિત્યના દરબારના નવરત્નો કહેવાતાં તેનું અનુકરણ કરીને–આ પાંચને લક્ષ્મણસેનના દરબારના પાંચ રત્નો કહેવામાં આવતા. (ઇન્ડિ૦ **એન્ટીકવરી, પુ૦ ૧૪, પા૦ ૧૮૩ ઉપરની ટીપ્પણી**). રાજાનો ધર્મગુરૂ અને કોશકાર હલાયુધ અને સાદ્યુક્તિ કરણામૃતના લખનારા શ્રીધરદાસ પણ લક્ષ્મણસેનના દરબારમાં હતા. લક્ષ્મણસેને સને ૧૧૦૮ માં પોતાને નામે લક્ષ્મણ સંવત્ ચલાવ્યો હતો. (ડૉ. **આર. એલ. મિત્રનું બુદ્ધગયા, પા૦ ૨૦૧**); પરંતુ ડૉ. બ્યુલરના મત પ્રમાણે સન ૧૧૧૯ માં આ સંવતની સ્થાપના કરી હતી. (**વિજયસેનનો દેવપારાનો શિલાલેખ. એપિ૦ ઇન્ડિ૦, પુ૦ ૧, પા૦ ૩૦૭**). હંટરનો અભિપ્રાય છે કે ગૌડ નામ શહેરનું નહિ પણ રાજ્યનું હતું. (**હુંટરનું બંગાળાનું રાજ્ય સંબંધી વૃત્તાંત, પુ૦ ૭, પા૦ ૫૧; ભવિષ્ય પુરાણ, પ્રતિસર્ગ, ભા૦ ૨ જો, અ૦ ૧૬**). ઈ. સ. ૧૫૯૨ માં ગૌડ રાજ્યનો નાશ કરીને મુસલમાનોએ રાજધાની રાજમહાલમાં ફેરવી હતી. (**બ્રેડલીબર્ટનું હિંદુસ્તાનના ઉચ્ચ પ્રદેશની હકીકત, પ્રકરણ, ૨ જું**).

**લક્ષ્મણાવતી** (૨). અયોધ્યા પ્રાન્તમાં આવેલું લખનૌ તે જ. અયોધ્યાના રાજા રામચંદ્રના ભાઇ લક્ષ્મણે આ શહેર વસાવ્યાનું કહેવાય છે. ઉજ્જાયનીના રાજા વિક્રમાદિત્યે આ શહેરનો પુનરોદ્ધાર કર્યો હતો. સને ૧૭૭૫ માં અસફ–ઉદ્–દૌલાએ પ્રથમ આ શહેરમાં રાજધાની કરી હતી. (**કોંડેરનું "વર્તમાન મુસાફર", પુ૦ ૯, પા૦ ૨૯૬**). આ પુસ્તકના બીજા ભાગમાં લખનૌ નામ જુઓ.

Aho ! Shrutgyanam

**લાટ.** મહી નદી અને નિચાણની તાપી નદીની વચ્ચે આવેલો ખાનદેશ સહિત દક્ષિણ ગુજરાતનો પ્રદેશ વિશેષ. (ગરૂડપુરાણ, અ૦ ૫૫; ડાઉસનનો હિંદુ પૈરાણિક કોષ; ડૉ. ભાંડારકરનો દક્ષિણનો ઇતિહાસ, વિ૦ ૯, પા૦ ૪૨). આ પ્રદેશનો ટૉલેમીએ લારિકે નામે ઉલ્લેખ કર્યો છે. વાત્સ્યાયનના કામસૂત્રમાં પણ એનો ઉલ્લેખ છે. સુરત, ભરૂચ અને ખેડા જીલ્લાઓ તેમજ વડોદરા રાજ્યના કેટલાક પ્રદેશનો એમાં સમાવેશ થાય છે. (બર્જેસનું કાઠીઆવાડ અને કચ્છનાં જુનાં સ્થળો). કર્નલ યૂલના મંતવ્ય પ્રમાણે ગુજરાત અને ઉત્તર કોંકણનું નામ લાડ હતું. (માર્કોપોલો, પુ૦ ૨, પા૦ ૩૦૨, ટીપ્પણી). ધૌલીના શિલાલેખમાં એને લાઠીકા અને અશોકના ગીરનારના શિલાલેખમાં રાસ્તિકા કહ્યો છે. પ્રો. બ્યુલરના મત પ્રમાણે મહી અને કીમ નદીઓની વચ્ચે આવેલો મધ્ય ગુજરાતનો પ્રદેશ તે લાટ જેનું મુખ્ય શહેર ભરૂચ હતું. ઇત્સિંગના બૌદ્ધ ધર્મના ટકકુસુનાં લખાણો, પા૦ ૨૧૬; અલબરૂનીનું હિંદુસ્તાન, ભા૦ ૧, પા૦ ૨૦૫). વડોદરામાં મળેલા તામ્રપત્રમાં લાટ યાને લાટેશ્વરના રાજ્યને એલાપુર કહ્યું છે. (શ્લોક, ૨). આ તામ્રપત્રમાં લાટેશ્વરની વંશાવળી આપી છે. (જ૦ એ૦ સો૦ બં૦ પુ૦ ૮, ૧૮૩૯, પા૦ ૨૯૨). પરંતુ લાટ અને લાટેશ્વર એ એક જ રાજ્ય હતાં એ શંકાસ્પદ છે. વિદ્ધશાલભંજીકામાં લાટને લાડ કહ્યો છે. ઓહ્રા દેશનો પ્રદેશ અને લાટ એક હોય એમ જણાય છે. (ઓહ્રા શબ્દ જુઓ). લાટ (ગુજરાત)ના નાગર બ્રાહ્મણોએ નાગરી લિપિ શોધી કાઢી એમ કહેવાય છે. પરંતુ દેવનાગરી લિપિ બ્રાહ્મી લિપિ ઉપરથી થઈ એમ કહેવાય છે.

**લાટ (૨).** ઉફામના મહાવંશ પ્રમાણે બંગાળાના રાધનું વિકૃત રૂપ લાડ છે. (રાધ શબ્દ જુઓ)

**લાડ.** લાટ (દક્ષિણ ગુજરાત) અને રાધ (બંગાળાનો ભાગ) તે જ.

**લાંગુલી.** લાંગુલિની તે જ. (મહાભારત, સભાપર્વ, અ૦ ૯).

**લાંગુલિની.** વિઝિઅનગ્રમ અને કલિંગપટ્ટમની વચમાં આવેલી લાંગુલિય નદી જેના ઉપર ચિકકોલ આવેલું છે તે જ. (પાર્ગીટરનું માર્કન્ડેયપુરાણ, અ૦ ૫૭, પા૦ ૩૦૫). એને નગલંડી નદી પણ કહેતા. (થોર્નટનનું ગેઝેટીયર-ગંજમ શબ્દ જુઓ.)

**લિલાજન.** ફલ્ગુ નદી પણ વસ્તુતઃ ફલ્ગુની પશ્ચિમ શાખા તે જ. આ નદી ગયાને ઉપર વાસે કેટલાએક માઇલ ઉપર મોહના નદીને મળે છે. એ પણ આ જ નામે ઓળખાય છે. નિલાજન શબ્દ જુઓ.

**લુમ્બિનિવન.** નેપાળની તિરાઇમાં ભગવાનપુરની ઉત્તરે બે માઇલ ઉપર અને પડેરીઆની ઉત્તરે આશરે એક માઇલ ઉપર આવેલું રૂમ્મેનડેઇ તે જ. કપિલવસ્તુ શબ્દ જુઓ. બુદ્ધધર્મના અનુયાયીઓ નીચે જણાવેલાં આઠ ચૈત્યો યાને પવિત્ર યાત્રા સ્થળોમાં જાય છે. (૧) કપિલવસ્તુમાં જ્યાં બુદ્ધ ભગવાનનો જન્મ થયો હતો તે લુમ્બિનિ બાગ; (૨) બુદ્ધગયામાં જે ઝાડની નીચે એમને બુદ્ધત્વ પ્રાપ્ત થયું હતું તે બોધિવૃક્ષ; (૩) બનારસની પાસે જે સ્થળમાં એમણે પ્રથમ પ્રવચન કર્યું હતું તે સ્થળ મૃગદાવ; (૪) શ્રાવસ્તિમાં આવેલું જેતવન નામનું સ્થળ જ્યાં બુદ્ધભગવાને ચમત્કારો કર્યા હતા; (૫) કનોજ જિલ્લામાં આવેલું સંકાશ્ય જેમાં બુદ્ધભગવાન ત્રયત્રિંશ સ્વર્ગમાંથી ઉતર્યા હતા; (૬) મગધમાં આવેલું રાજગૃહ જ્યાં અગાડી એમણે પોતાના શિષ્યોને ઉપદેશ્યા હતા; (૭) જ્યાં અગાડી પોતાના શિષ્ય આનંદને પોતાના આયુષ્ય

Aho ! Shrutgyanam

સંબંધી વાત કરી હતી તે સ્થળ-વૈશાલી અને (૮) કુશિનગર જ્યાં શાલવૃક્ષની કુંજમાં બુદ્ધભગવાનનું મૃત્યુ થયું હતું તે સ્થળ (**મહાપરિનિબ્બાનસુત્ત, ૬, પા૦ ૫૨ અને ૬૨; સેક્રેડ બુકસ ઓફ ધી ઈસ્ટ, પુ૦ ૧૧**).

**लोकापुर.** મધ્યપ્રાંતમાં આવેલું ચંદ તે જ. એમાં મહાકાળી અને તેમના પુત્ર અચલેશ્વરનાં દેવળો આવ્યાં હતાં. અચલેશ્વરને પહેલાં જરપટેશ્વર કહેતા. (**સ્કંદપુરાણ**).

**लोणार.** વિષ્ણુગયા શબ્દ જુઓ. (**પદ્મપુરાણ, ઉત્તર, અ૦ ૬૨: કોસેનનું મધ્યપ્રાન્તો અને વરાડના પ્રાચીન સ્થળોના અવશેષો નામનું પુસ્તક, પા૦ ૭૭**).

**लोध्र-कानन.** કયુમાયુનમાં આવેલું લોધમૂન નામનું અરણ્ય વિશેષ. (**રામાયણ, કિષ્કિંધાકાંડ, સર્ગ, ૪૩**). કૂર્માચલ શબ્દ જુઓ. અહિંયાં ગર્ગઋષિનો આશ્રમ હતો.

**लोमशाश्रम.** ગયા જિલ્લાના નવદાહ નામના પેટાભાગમાં રજૌલીથી ઇશાનમાં ચાર માઈલ ઉપર આવેલી લોમશગીર નામની ડુંગરી તે. આ જગ્યાએ લોમસઋષિનો આશ્રમ હતો. (**ગયા જિલ્લા ઉપર ગ્રીઅર્સનની નોંધ, પા૦ ૨૭**).

**लोहा.** અફગાનિસ્તાન તે. (**મહાભારત, સભાપર્વ, અ૦ ૨૬**). ઇ. સ. ના દસમા સૈકામાં અફગાનિસ્તાનના હિંદુરાજાને મુસલમાનોએ હરાવ્યા પછી અફગાનિસ્તાન એક મુસલમાની રિયાસત થઇ ગયું છે. કંબોજ શબ્દ જુઓ.

**लोहारगल.** હિમાલયમાં આવેલું એક પવિત્ર સ્થળ વિશેષ. (**વરાહપુરાણ, અ૦ ૧૫**). કયુમાયુનમાં ચંપાવતની ઉત્તરે ત્રણ માઈલ ઉપર લોહા નદી ઉપર આવેલું લોહાઘાટ વખતે આ સ્થળ હશે. આ સ્થળ વિષ્ણુને લીધે પવિત્ર મનાય છે. (**કૂર્માચલ શબ્દ જુઓ**).

**लोहितसरोवर.** રાવણહ્રદ સરોવર તે જ. આ સરોવરમાંથી લોહિત્ય યાને બ્રહ્મપુત્ર નદ નિકળે છે. (**બ્રહ્માંડપુરાણ, અ૦ ૫૧**).

**लोहित्य.** બ્રહ્મપુત્ર નદ તે જ. (**મહાભારત, ભીષ્મપર્વ, અ૦ ૯; રઘુવંશ, સર્ગ ૪, શ્લોક ૮૧; મેદિની**). બ્રહ્મના દીકરા લોહિત્યના જન્મની હકીકતને અંગે કાલિકાપુરાણ, અ૦ ૮૨ જુઓ. આ નદીમાં ન્હાતી વખતે પરશુરામની ફરસી પોતાની માની હત્યા કર્યાના પાપને લીધે એમના હાથમાંથી પડી ગઇ હતી. કાલિદાસના કહેવા મુજબ આ નદ પ્રાગજ્યોતિષ અથવા આસામના ગૌહત્તીની સીમારૂપ હતો. (**રઘુવંશ, સર્ગ ૪, શ્લોક ૮૧**). બ્રહ્મપુત્રના મૂળના વર્ણનને સારૂ શ્વેનહેડીનનું હિમાલયની પારનો મુલક નામના ગ્રંથના બીજા પુસ્તકનું ૪૩ મું પ્રકરણ જુઓ.

**लोहित्यसरोवर.** લાહૌલ યાને મધ્ય તિબેટમાં ચંદ્રભાગા યાને ચિનાબ જેમાંથી નિકળે છે તે સરોવર. આ સરોવર નાનું છે અને એને હમણાં ચંદ્રભાગા કહે છે.

## व

**वटप्रद्पुर.** મહારાજા ગાયકવાડની રાજધાની વડોદરા તે જ. કુમારપાળ ખંભાતથી નાસીને આ સ્થળે આવ્યો હતો. (**ભગવાનલાલ ઇંદ્રજીનો ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ, પા૦ ૧૮૩**).

**वटेश.** વટેશ્વરનાથ તે જ. (**અગ્નિપુરાણ, અ૦ ૧૦૯**).

**वटेश्वरनाथ.** શિલાસંગમ તે જ. વટેશ્વરનાથનું દેવળ કહાલગામ (**કોલગાંગ**)ની ઉત્તરે ચાર માઇલ ઉપર પાથરઘાટા નામની ટેકરી ઉપર આવેલું છે. એ ટેકરીને કશદી ટેકરી પણ કહે છે. ઉત્તરપુરાણમાં વટેશ્વરનાથના દેવળ અને ખડકમાંથી એ જગ્યાએ ખોદીને બનાવેલી ગુફાઓનું વર્ણન છે. (**ફ્રેન્કલીનનું પાલીબોથરા**). પાથરઘાટ ઉપરની ખડકોમાંથી ખોદી કાઢેલી ગુફાઓ અને ખંડેરો વિક્રમશિલા

Aho ! Shrutgyanam

સંગારામ નામના બૌદ્ધોના મઠના અવશેષ છે. (**વિક્રમશિલા વિહાર શબ્દ જુઓ**).

**વડબા.** જ્વાળામુખી તે જ. (**મહાભારત, વનપર્વ, અ૦ ૮૨**).

**વણજી.** દક્ષિણ કોકણ યાને મલબાર કિનારા ઉપરના ચેરા યાને કેરલની રાજધાની કરુર તે જ. (**કાલ્ડવેલનું દ્રાવિડી ભાષાનું તુલનાત્મક વ્યાકરણ, આવૃત્તિ ૩ જી, પા૦ ૯૬**).

**વક્સુ.** ઑક્સસ નદી તે જ. (**મત્સ્યપુરાણ, અ૦ ૧૦૧; સરખાવો બ્રહ્માંડપુરાણ, અ૦ ૫૧ માં ચક્ષુ; શબ્દકલ્પદ્રુમમાં નદી જુઓ**). વુક્ષ હાલની ઑક્સસથી થોડે છેટે આવેલી અસલ ઑક્સસ નદી છે. (**જ૦ એ૦સો૦ બં૦ પુ૦ ૨૨, પા૦ ૧૭૬ માં ઈબ્નહૉકલનું ખોરાસાનનું વર્ણન વાંચો**).

**વક્રેશ્વર.** બંગાળામાં વીરભૂમ જીલ્લામાં આવેલી વક્રનાથ નામની શક્તિપીઠ તે જ. વક્રનાથ ભૈરવના નામ ઉપરથી આ પીઠનું નામ પડયું છે. ત્યાં સ્થાપિત દેવીનું નામ મહિશમરદિની છે. આ જગાએ સાત ઉના અને ટાઢા પાણીના ઝરા છે. (**તંત્રચુડામણી**).

**વક્રેશ્વરી** બંગાળામાં બર્દવાન જિલ્લામાં વહેતી બાકા નદી તે જ.

**વત્સ્ય** અલાહાબાદની પશ્ચિમનો પ્રદેશ તે જ. ત્યાં રાજા ઉદયનનું રાજ્ય હતું અને એની રાજધાની કૌશામ્બીમાં હતી. (**કૌશામ્બી શબ્દ જુઓ**). રામાયણના સમયમાં ગંગા નદી આ દેશની ઉત્તરસીમા હતી (**રામાયણ, બાલકાંડ, સર્ગ, ૫૨**).

**વત્સ્યપટ્ટન.** વત્સરાજા, પરંતપ અને ઉદયનના વત્સ્યદેશની રાજધાની કૌશામ્બી તે જ. (**કથાસરિત્સાગર**). કૌશામ્બી શબ્દ જુઓ.

**વન** મથુરામંડળ યાને વ્રજમંડળમાં આવેલાં બાર વન વિશેષ. મધુવન, તાલવન, કુમુદવન, વૃંદાવન, ખાદેરવન, કામ્યકવન, જમુનાની પશ્ચિમ તરફ આવેલું બાહુલાવન, મહાવન, વિલ્વવન, લોહવન, ભાંડીરવન, અને જમુનાની પૂર્વ તરફ આવેલું ભદ્રવન એ બાર વન છે. (**લોચનદાસનું ચૈતન્ય મંડળ, ૩ જું, પા૦ ૧૯૨; ગ્રાઉઝનું મથુરા, પા૦ ૫૪**). વરાહપુરાણના ૧૫૩ મા અધ્યાયમાં તાલવનને બદલે વિષ્ણુસ્થાન, કુમુદવનને બદલે કુંડવન અને બહુલાવનને બદલે બકુલવન એવાં નામ આપ્યાં છે.

**વન** (૨) અરણ્યોને પણ વન કહ્યાં છે. (**શબ્દકલ્પદ્રુમ**).

**વન** (૩) કામ્યક, અદિતિ, વ્યાસ, ફલકી, સૂર્ય, મધુ, અને સીતા એ કુરુક્ષેત્રનાં સાત વન છે. (**વામન પુરાણ, અ૦ ૩૪**).

**વન** (૪) હિમાલય ઉપરનાં વન યાને અરણ્યો જેવાં કે નંદન, ચૈત્રનાથ વગેરે (**મત્સ્યપુરાણ, અ૦ ૧૨૦ જુઓ**).

**વનવાસી** બૌદ્ધસમયમાં ઉત્તર કાનડાને વનવાસી કહેતા. (**હરિવંશ, અ૦ ૯૪**). ડૉ. બ્યુલરના મંતવ્ય પ્રમાણે આ પ્રદેશ ધારો અને તુંગભદ્રા અને વર્ધાની વચ્ચે આવેલો હતો. (**વિક્રમાંક દેવચરિત, ઉપોદ્ઘાત, પા૦ ૩૪ ઉપરની ટીપ્પણી**).

**વનવાસી** (૨) ઉત્તર કાનડામાં આવેલું ક્રૌંચપુર તે. ઉત્તર કાનડામાં તુંગભદ્રા નદીની શાખા વર્ધાને ઉત્તર કિનારે ટૉલેમીએ કહેલું વનૌઆસીઇ (**વનવાસી**) શહેર તે. (**મેક્ક્રીન્ડલનું ટૉલેમી, પા૦ ૧૭૬**). આ શહેર અદ્યાપિ હસ્તીમાં છે. (**મુંબઈ ઈલાકાના પ્રાચીન સ્થળોના ખંડેરોની યાદીઓ, પુ૦ ૮, પા૦ ૧૯૮**). વનવાસી એ ઈ. સ. ના છઠ્ઠા સૈકા સુધી મયૂરવર્માએ સ્થાપેલા કદમ્બ વંશની રાજધાની હતું. છઠ્ઠા સૈકામાં ચાલુકયોએ એ વંશના રાજનો અંત આણ્યો હતો. ઈ. સ. પૂર્વે ૨૪૫ માં અશોકે અહિંયાં અગાડી રખ્ખીત નામના

Aho ! Shrutgyanam

બૌદ્ધ ધર્મગુરુને મોકલ્યો હતો. જયંતી અને વૈજયંતી તે જ. સ્કંદપુરાણમાં વનવાસી મહાત્મ્યમાં આ વનવાસમાં મધુ અને કૈટભ નામના બે દૈત્યોનો વાસ હતો. આ દૈત્યોને વિષ્ણુએ મારી નાખ્યા હતા. અહીંઆંનું મધુકેશ્વર મહાદેવનું દેવળ મધુના મોટા ભાઈએ બંધાવ્યું હતું. ( **ડાકુન્હાનો ચૌલ અને વસાઈનો ઇતિહાસ** ).

**वनायु** અરબસ્તાન તે ( **ટી. એન. તર્કવાચસ્પતિનું શબ્દસ્તોમમહાનિધિ; રામાયણ, આદિકાંડ, સર્ગ, ૬** ). ઘોડાની સુપ્રસિદ્ધ જાતને માટે આ પ્રદેશ પ્રખ્યાત છે. ( **કૌટિલ્યનું અર્થશાસ્ત્ર, પુ૦ ૨, અશ્વાધ્યક્ષ** ). પણ બેહિસ્તુનના શિલાલેખમાં ( **જ૦ રૉ૦ એ૦ સો૦ પુ૦ ૧૫** ) અરબસ્તાનનું જુનું નામ અર્બય આપેલું છે. રેગોઝીનના આસિરિયા નામના પુસ્તક ઉપરથી જણાય છે કે આર્મિનિયાનું જુનું નામ વન હતું તે પછી આ આસિરિયનો આ પ્રદેશને ઉર્તુ કહેતા પણ આર્મિનિયા કોઈ પણ કાળે ઘોડાને માટે પ્રખ્યાત ન હતું. વનાયુ એ અરબસ્તાન એ માત્ર કાલ્પનિક છે. ( **ગ્રોફીથની રામાયણ, પુ૦ ૧, પા૦ ૪૨ ઉપરની ટીપ્પણી** ). આરબ ( **અરબસ્તાન** )નો છઠ્ઠા સૈકામાં થઇ ગયેલા વરાહમિહિરે ઉલ્લેખ કર્યો છે. ( **બૃહત્સંહિતા, પ્ર૦ ૧૪, શ્લોક, ૧૭** ) પદ્મપુરાણ ( **સ્વર્ગ, આદિ, પ્ર૦ ૩** ) માં વનાયુના રહેવાસીઓ વનાયવો એ હિંદુસ્તાનની વાયવ્ય સીમા ઉપરની એક જાત હતી એવો ઉલ્લેખ છે.

**वरदा** મધ્યપ્રાંતમાં આવેલી વર્ધા નદી તે જ. ( **માલવિકાગ્નિમિત્ર, અંક ૫ મો; અગ્નિપુરાણ, અ૦ ૧૦૯; મહાભારત–વનપર્વ, અ૦ ૮૫; પદ્મપુરાણ, આદિ, અ૦ ૩૯** ).

**वरदा ( २ )** તુંગભદ્રા નદીની શાખા વિશેષ. એના ઉપર મધુ અને કૈટભ નામના બે દૈત્યો વસતા હતા તે વનવાસી નામનું શહેર આવેલું છે. વનવાસી અને વેદવતી શબ્દ જુઓ.

**वरण** પંજાબમાં આવેલું દિલ્હીની પાસેનું બુલંદ શહેર તે જ. ( **ગ્રાઉઝ, જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૮૩** ). આ શહેર અર્જુનના પ્રપૌત્ર અને પરિક્ષિતના પુત્ર જનમેજયે વસાવ્યાનું કહેવાય છે. ( **કલકત્તા રીવ્યુ, ૧૮૮૩, પા૦ ૩૪૨ ઉપર બુલંદ શહરનો ગ્રાઉઝનો લખેલો વિષય** ). જનમેજયે બુલંદ શહેરથી ઇશાનમાં ૨૧ માઈલ ઉપર આવેલી અહર નામની જગાએ સર્પસત્ર કર્યો હતો. ( **જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૮૩, પા૦ ૨૭૪** ). એક જૈન શિલાલેખ ઉપરથી વરણનું નામ ઉચ્ચનગર હતું એમ જણાય છે. ( **ડૉ. બ્યુલરનું એપિ૦ ઇન્ડિ૦ પુ૦ ૧, પા૦ ૩૭૫** ).

**वरण ( २ )** એઓર્નોસ તે જ. ( **ઇન્ડિયન એન્ટીકવરી, પુ૦ ૧, પા૦ ૨૨** ).

**वरणा** વરણા તે જ. ( **કૂર્મપુરાણ, ખં૦ ૧, અ૦ ૩૧** ).

**वर्णाशा** પર્ણાશા તે જ.

**वाराणसी** વરણા અને અસિ નદીઓના સંગમ ઉપર આવેલું બનારસ તે જ. આ બે નદીઓના નામ ઉપરથી શહેરનું નામ પડેલું છે. ( **વામનપુરાણ, અ૦ ૩** ). પ્રથમ આ શહેર ગંગા અને ગોમતિના સંગમ ઉપર હતું ( **મહાભારત, અનુશાસન પર્વ, પ્ર૦ ૩૦** ). એ કાશીની રાજધાની હતું ( **રામાયણ, ઉત્તરકાંડ, અ૦ ૪૮** ). બુદ્ધના સમયમાં કાશીનું રાજ્ય કોશલના રાજ્યને અંતરગત હતું ( **કાશી શબ્દ જુઓ** ). જેમ્સ પ્રીન્સેપના મત પ્રમાણે બનારસ પ્રતિસ્થાનના રાજા પુરુરવના વંશજ કાશીરાજ યાને કાશે વસાવ્યું હતું. ( **પ્રતિસ્થાન શબ્દ જુઓ** ). કાશીરાજનો પૌત્ર ધનવંતરી નામે હતો. અને

Aho ! Shrutgyanam

ધનવંતરીનો પૌત્ર દિવોદાસ હતો. એના રાજ્યકાળમાં કાશીમાંથી શૈવપુજા ગૌણ થઈને ત્યાં બૌદ્ધધર્મ પ્રવર્ત્યો હતો. જો કે થોડા જ વખત પછી કાશીમાં શૈવધર્મની પુર્નસ્થાપના થઈ હતી. ગૌડના રાજા મહીપાલના વખતમાં બનારસ ગૌડ રાજ્યનો એક ભાગ બન્યું હતું. મહીપાલ અને એના અનુયાયીઓ સ્થિરપાલ અને વસંતપાલના રાજ્યકાળમાં બનારસમાં બૌદ્ધધર્મ દાખલ થયો હતો. ચંદ્રદેવે ( **૧૦૭૨ થી ૧૦૯૬**) પાલ રાજાઓની પાસેથી બનારસ ઝુંટવી લઈને કનોજના રાજ્યમાં સામેલ કર્યું હતું. બારમા સૈકાના અંતની લગભગ મહમદ ઘોરીએ કનોજના જયચંદને હરાવીને બનારસ જીતી લીધું હતું. ( **જેમ્સ પ્રીન્સેપનું બનારસ**, **ઉપોદ્ઘાત, પા૦ ૮; વાયુપુરાણ, ઉત્તરખંડ, પ્રકરણ ૩૦** ). સાતમા સૈકામાં સુપ્રસિદ્ધ ચીનો જાત્રાળુ હ્યુનશાંગ બનારસમાં આવ્યો હતો. એણે કાશી શહેરનું અને બારજ્યોતિર્લિંગમાંના મહાદેવ કાશીમાં મુખ્ય મનાતા વિશ્વેશ્વરનું આ પ્રમાણે વર્ણન કર્યું છે. "શહેરમાં વીસ દેવળો, કોરણીવાળા પત્થર અને લાકડાના મિનારાઓ અને ધર્મસભાસ્થાનો હતાં. આ સ્થળોમાં છાંયડો આપનારાં ઘણાં વૃક્ષો છે અને એની આજુબાજુ નિર્મળ પાણી વહે છે. મહેશ્વર દેવની મૂર્તિ પીતળની બનાવેલી છે. અને તે સો ફૂટ કરતાં સહેજ ઓછી ઉંચી છે. એનો દેખાવ ગંભીર અને દબદબા ભરેલો છે. એ મૂર્તિ ખરેખાત જીવવાન હોય એવી દેખાય છે. પદ્મપુરાણના ઉત્તરખંડ, અ૦ ૬૭ માં કાશીના વિશ્વેશ્વર, બિંદુમાધવ, મણિકર્ણિકા અને જ્ઞાનવાપીનો ઉલ્લેખ છે. વિશ્વેશ્વરની હાલની મૂર્તિ માત્ર લિંગજ છે. હ્યુનશાંગે વર્ણન કરેલી મૂર્તિ ઔરંગઝેબ બાદશાહે તોડી નંખાવીને હાલના દેવળની પાછળ આવેલી જ્ઞાનવાપીમાં નંખાવી હતી. બંગાળાના પાલ રાજાઓએ કાશીમાં બૌદ્ધધર્મની પુનઃસ્થાપના કરી હતી એ નિર્વિવાહિત છે. અગીઆરમા સૈકામાં કનોજના રાજાઓએ કાશી પોતાના રાજ્યમાં ભેળવ્યું ત્યાંસુધી કાશીમાં શૈવપૂજા ફરી ઉદ્ભવી નહોતી. કનોજના રાજાઓ પૌરાણિક ધર્મમાં ચુસ્ત હતા. આદિવિશ્વેશ્વર, વેણીમાધવ, અને વક્કુંડ બુદ્ધદેવળોની જગાએ જ બુદ્ધદેવળોના કાટમાળમાંથી બાંધવામાં આવ્યાં હતાં. બનારસમાં જુનામાં જુનું દેવળ આદિકેશવનું છે. અગીઆરમા સૈકામાં કૃષ્ણમિશ્રે લખેલા **પ્રબોધચંદ્રોદય** નાટકના **ચોથા** અંકમાં એનો ઉલ્લેખ છે. શિવપુરાણ, ખંડ ૧, અ૦ ૩૯ માં મહાદેવ તિલભાંડેશ્વર અને દશાશ્વમેધેશ્વરનો ઉલ્લેખ છે. હિન્દુસ્તાનમાં આવેલાં સ્મશાનોમાં મણિકર્ણિકાનો ઘાટ પવિત્ર મનાય છે. પોતે વચન આપેલું દેવું પુરૂં કરવાને અયોધ્યાનો રાજા હરિશ્ચંદ્ર ચંડાલને ત્યાં ગુલામ તરીકે આ ઘાટ ઉપર વેચાયો હતો. (**ક્ષેમેશ્વરનું ચંડકૌશિક; માર્કન્ડેય પુરાણ, અ૦ ૮** ). બંગાળાના પાલ રાજાઓ અને કનોજના રાઠોડ રાજાઓના સમયનો બનારસનો જુનો કિલ્લો વર્ણા અને ગંગાના સંગમ ઉપર આવેલા રાજઘાટથી ઉપરવાસે હતો. ( **ભોળાનાથ ચંદરના એક હિંદુના પ્રવાસ, પુ૦ ૧** ). શક્તિનો ડાબો હાથ અહિંયાં કપાઈ પડવાથી બનારસ શક્તિની એક પીઠ ગણાય છે. હાલ આ જગાની દેવી અન્નપૂર્ણા ગણાય છે. પણ તંત્રચૂડામણીમાં એ દેવીનું નામ વિશાલાક્ષી આપ્યું છે. બનારસમાં જુના કાળમાં બ્રાહ્મણોની વિદ્યાપીઠ હતી. હિન્દુસ્તાનમાં બે સુપ્રસિદ્ધ વિદ્યાપીઠોમાંની એક બનારસમાં અને બીજી પંજાબમાં તક્ષશિલામાં હતી. બનારસમાં આવેલી ગૃહવેધ શાળા તેમજ તેમાં વપરાતાં ઓજારો વગેરેનાં નામ અને ચિત્રોને માટે હુકરના હિમાલયના હેવાલના પત્રો, ( **પુ૦ ૧, પા૦ ૬૭ જુઓ** ). કશ્યપબોધ બનારસમાં જન્મ્યો કહેવાય છે. પણ યાત્રાળુ ફાહ્યાન એના જન્મના સ્થળનું

Aho ! Shrutgyanam

નામ ટૂ-વેધ કહે છે. જનરલ કનિંગહામ ટૂ-વેઇ તે ટડવા યાને ટંડવા એમ કહે છે.( લેગનું ફાહ્યાન, પ્ર૦ ૨૧; આર્કી૦ સર્વે રિપોર્ટ, પુ૦ ૧૧ ). આ ટડવા યાને ટંડવા શ્રાવસ્તિથી પશ્ચિમે નવ માઇલ ઉપર આવેલું છે. કશ્યપનું મૃત્યુ ગુરુપાદગિરિ ઉપર થયું હતું (ગુરુપાદગિરિ શબ્દ જુઓ). પણ બુદ્ધઘોષની અઠ્ઠકથા પ્રમાણે કાશ્યપ (કશ્શપ) બનારસમાં જન્મ્યો અને મૃગદાવમાં મરણ પામ્યો હતો. મૃગદાવ તે હાલનું સારનાથ (જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૩૮, પા૦ ૭૯૬). યુવાનજય જાતકમાં (જાતક ૪ થું, પા૦ ૭૫ ) સરંધન, સુદર્શન, બ્રહ્મવર્ધન, પુષ્પવતી, અને રમ્ય એ બનારસનાં જુનાં નામો હતાં એમ કહ્યું છે.

**વર્ત્રઘ્ની** વૃત્રઘ્ની અને વેત્રવતી (૨) તે જ.

**વર્ધમાન** કથાસરિત્સાગર, અ૦ ૨૪, ૨૫, ઉપરથી જણાય છે કે વર્ધમાન વિંધ્યાચળની ઉત્તરે અલાહાબાદ અને બનારસની વચ્ચે આવેલું હતું. માર્કન્ડેય પુરાણ અને વેતાલપંચવિંશતિમાં આ નામનો ઉલ્લેખ છે.

**વર્ધમાન** ( ૨ ) અહીંઆં અગાડી શૂલપાણિ નામના યક્ષે પોતે મારેલા માણસોના હાડકાંઓનો મોટો ઢગલો એકઠો કર્યો હતો તે ઉપરથી વર્ધમાનને અસ્થિકગ્રામ કહેતા. જૈન તીર્થંકર મહાવીરે કેવલીપદ મેળવ્યા પછી પહેલું ચોમાસું વર્ધમાનમાં ગાળ્યું હતું. ( જેકોબીનું કલ્પસૂત્ર, સે૦ બુ૦ ઈસ્ટ, પુ૦ ૨૨, પા૦ ૨૬૧ ). શાહજહાનપુરથી ૨૫ માઇલ ઉપર આવેલા વનખેરામાંથી મળેલા તામ્રપત્ર ઉપરથી જણાય છે કે વર્ધમાનને વર્ધમાનકોટી ( માર્કન્ડેય પુરાણ, અ૦ ૫૮ ) કહેતા અને ત્યાં અગાડી ઇ. સ. ૬૩૮ માં હર્ષવર્ધનનો પડાવ થયો હતો. વર્ધમાનકોટી તે દીનજપુર જીલ્લામાં આવેલું હાલનું વર્ધાનકોટી તે જ. એટલે કે વર્ધમાન અને વર્ધાનકોટી એ એકજ શહેરનાં નામ છે. વર્ધમાન એ વંગથી જુદો પ્રદેશ છે એવો ઉલ્લેખ છે. ( દેવીપુરાણ, અ૦ ૪૬ ).

**વર્ધમાન** ( ૩ ) વર્ધમાન ( વધમાન ) નો સ્પેન્સ હાર્ડીના બુદ્ધિઝમના પાન ૪૮૦ ઉપર ઉલ્લેખ છે કે એ સ્થળ દંતની પાસે આવ્યું હતું.

**વર્ધમાન** (૪) માળવામાં પણ વર્ધમાન નામનું બીજું શહેર છે એવો ઉલ્લેખ જ૦ એ૦ સો૦ બં, ૧૮૮૩, પા૦ ૬૭ ઉપરનાં લલિતપુરના લખાણોમાં છે.

**વર્ધમાન** ( ૫ ) બીજું એક વર્ધમાન કિંવા વર્ધમાનપુર કાઠિયાવાડમાં આવેલું હતું. હાલનું વઢવાણ તે જ એ સ્થળ. વઢવાણમાં સુપ્રસિદ્ધ જૈન સાક્ષર મેરૂતુંગે પ્રબંધચિંતામણિ નામનો એક ગ્રંથ ઇ. સ. ૧૪૨૩ માં લખ્યો હતો. મેરૂતુંગે મહાપુરૂષચરિત, સદ્ધરસદ્વિચાર વગેરે ગ્રંથો પણ લખ્યા હતા. ( ડૉ. ભાઉદાજીની મેરૂતુંગની સ્થેરાવલી; ટૅાનીનું પ્રબંધચિંતામણિનું ભાષાંતર, પા૦ ૧૩૪ અને ટૅાનીની પ્રસ્તાવના, પા૦ ૭ ).

**વર્ષપર્વત** નીલા, નિષધ, શ્વેત, હેમકૂટ, હિમવાન અને શૃંગવાન એ છ પર્વતો વર્ષપર્વતો કહેવાય છે. ( વરાહપુરાણ, અ૦ ૭૫ ).

**વર્શાણ** મથુરાં જીલ્લામાં છાટ પરગણાની હદ ઉપર ભરતપુરની પાસે આવેલું વર્શાણ તે જ. રાધાને એની જન્મભૂમિ રાવલમાંથી એનાં માબાપ વૃશભાનુ અને કીર્તિએ અહિંયાં રાખી હતી. નારાયણના અવતાર કૃષ્ણ અને રાધિકાનો પ્રેમ પુરાણોમાં સવિસ્તાર વર્ણવ્યો છે. આસ્તિગ્રામ શબ્દ જુઓ. વર્શાણ નામ એ વખતે વૃશભાનુપુર ઉપરથી વિકૃત થઇને બન્યું હોય. વર્શાણને વર્શાણુ પણ કહેતા. વૃશભાનુપુર જે ટેકરીના ઢોળાવ ઉપર વસ્યું હતું તેનું નામ પણ વર્શાણું હતું.

**વરાહક્ષેત્ર** કાશ્મીરમાં ઝેલમ નદીના જમણા કિનારા ઉપર આવેલું વરામૂલા તે જ. આ

Aho ! Shrutgyanam

જગાએ વિષ્ણુએ વરાહનો અવતાર ધારણ કર્યો હતો. અહિંયાં આદિવરાહનું દેવળ આવેલું છે. શુકરક્ષેત્ર શબ્દ જુઓ.

**वराहक्षेत्र ( २ )** પૂર્ણિયા પરગણામાં ત્રિવેણીથી નિચાણમાં કુશી નદી ઉપર આવેલા નાથપુરમાંનું આ નામનું સ્થળ વિશેષ. મનાકૌશિક શબ્દ જુઓ. (જ૦ એ૦ સો૦ બં૦ પુ૦ ૧૭, પા૦ ૬૩૮ ). વરાહ ભગવાનના સ્થળ તરીકે વરાહપુરાણમાં જણાવેલું કોકામુખ તે જ. વરાહ વિષ્ણુભગવાનના દશ અવતારમાંનો એક અવતાર છે. ( વરાહ પુરાણ, અ૦ ૧૪૦ ). કોકામુખ શબ્દ જુઓ.

**वराहपर्वत** કાશ્મીરમાં વરામૂલ પાસે આવેલી એક ડુંગરી વિશેષ. ( સે૦ બુ૦ ઈ૦ પુ૦ ૭, પા૦ ૨૫૬ ઉપરની ટીપ્પણીમાં વિષ્ણુની સંસ્થાઓ ).

**वरुणतीर्थ** સલીલરાજતીર્થ તે જ. ( મહાભારત, વનપર્વ, અ૦ ૮૨ ).

**वरुणा** બનારસમાં આવેલી વરણા નદી તે જ. ( મહાભારત, ભીષ્મપર્વ, અ૦ ૯).

**वलभी** ગુજરાતમાં કાઠિયાવાડમાં ભાવનગરથી વાયવ્યમાં ૧૮ માઇલ દૂર ખંભાતના અખાતના પશ્ચિમ કિનારા ઉપર આવેલું વળા નામનું બંદર તે. ( દશકુમારચરિત, પ્ર૦ ૬; જ૦ રો૦ એ૦ સો; પુ૦ ૧૩, ૧૮૫૨ પા૦ ૧૪૬; કનિંગહામની પ્રાચીન ભુગોળ, પા૦ ૩૧૬ ). અહીંના રહેવાસીઓ વળાને વમિલપુર કહે છે. એ ગુજરાત અગર સૌરાષ્ટ્રની રાજધાની બન્યું હતું. એમાં જૈન લોકોનાં ચોરાસી દેવળ હતાં ( જ૦ રો૦ એ૦ સો૦ પા૦ ૧૫૯). જેમ પૂર્વ હિંદુસ્તાનમાં નાલંદામાં વિદ્યાપીઠ હતી તેમ સાતમા સૈકામાં પશ્ચિમ હિંદુસ્તાનમાં વળામાં બૌદ્ધ વિદ્યાપીઠ હતી. (તકકુસુની ઇત્સિંગના બુદ્ધધર્મનાં લખાણોની હકીકત, પા૦ ૧૭૭ ). ઈ. સ. ૪૬૫ થી ૭૬૬ સુધી એટલે ભટ્ટાર્કથી માંડીને સાતમા શિલાદિત્ય સુધી અહિંયાં વલ્લભી વંશનું રાજ્ય હતું. વલ્લભી વંશના રાજાઓનાં નામને સારૂ ડો. ભાઉદાજીના સાહિત્ય લખાણ, પા૦ ૧૧૩; જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૩૮, પા૦ ૯૬૬ અને કિલહોર્નનું એપિગ્રાફિકા ઇન્ડિકા, પુ, ૮, માં ઉત્તર હિન્દુસ્તાનના શિલાલેખોની યાદીનું પરિશિષ્ટ જુઓ. ભટ્ટિ કાવ્યના સુપ્રસિદ્ધ લખનાર ભર્તૃહરી સાતમા સૈકામાં વલ્લભીવંશના શ્રીધરસેન પહેલાના દરબારમાં અને કલ્પસુત્રના લખનાર ભદ્રબાહુ ધ્રુવસેન બીજાના દરબારમાં હતા. ( ડૉ૦ સ્ટીવન્સનના કલ્પસુત્રની પ્રસ્તાવના ). આનન્દપુર શબ્દ જુઓ.

**वशिष्ठाश्रम.** વશિષ્ઠઋષિનો આશ્રમ આબુ (અર્બુદ) પર્વત ઉપર હતો.

**वशिष्ठाश्रम** (૨). ઔંધ અને રોહિલખંડ રેલ્વેના અયોધ્યાના રેલ્વે સ્ટેશનની ઉત્તરે એક માઇલ ઉપર આવેલો આશ્રમ વિશેષ.

**वशिष्ठाश्रम** (૩). આસામમાં કામરૂપની પાસે સંધ્યાચલ પર્વત ઉપર આવેલો આશ્રમ વિશેષ. ( કાલિકાપુરાણ, અ૦ ૫૧ ).

**वसाती.** તિબેટની ઉત્તર સીમાની પાસે હાલના ગંગટોકની આજુબાજુ રહેનારી તિબેટો-બર્મન વસતીસ યાને વેશતિ નામની જાતનો પ્રદેશ. ( મહાભારત, સભાપર્વ, પ્ર૦ ૫૧; મી. ડબ્લ્યુ. એચ. સ્કોફનું પેરીપ્લસ, પા૦ ૨૯૯ ). હેમચંદ્રના અભિધાન ઉપરથી મેકક્રીન્ડલ આ સ્થળ સિંધુ અને જેલમની વચ્ચે આવ્યું હતું એમ કહે છે. (હિંદુસ્તાન ઉપર થતા હુમલા, પા૦ ૧૫૬, ટીપ્પણી ). હાલના રાવલપિંડિ જિલ્લાનો આ પ્રદેશમાં સમાવેશ થાય છે.

**वसुधारातीर्थ.** બદ્રીનાથની ઉત્તરે ચાર માઇલ



Aho ! Shrutgyanam

ઉપર મનાલ નામના ગામની પાસે આવેલું અલકાનંદાનું મૂળ. અલકાનંદા શબ્દ જુઓ.

**वसंतकक्षेत्र.** વિંદુવાસિની તે જ. (**બ્રહ્દ્ધર્મ-પુરાણ, ૧, ૬, ૧૪**).

**वस्त्रापथक्षेत्र.** ગિરિનગર શબ્દ જુઓ.

**वंग.** બંગાળા તે જ. ડા. ફ્રાન્સીસ બુશાનંદ કહે છે કે બંગાળા નામ વંગ ઉપરથી વિકૃત થયેલું છે. ગંગા નદીના ડેલ્ટાના પૂર્વ ભાગને જ આ નામ આપેલું છે. ડેલ્ટાના મધ્યને ઉપવંગ અને પશ્ચિમ બાજુને અંગ નામ આપેલું છે. (**એવરીઝનું બુશાનંદનાં લખાણો–કલકત્તા રીવ્યુ, ૧૮૯૪, પા૦ ૨**). ડૉ. ભાઉદાજીના મત પ્રમાણે, બ્રહ્મપુત્ર અને પદ્મા એ બેની વચ્ચે આવેલો પ્રદેશ વિશેષ એ વંગ. (**ડૉ. ભાઉદાજીનાં સાહિત્યનાં લખાણો**). મહાભારતના વખતમાં આ પ્રદેશ પુંડ્ર, શુંહ અને તામ્રલિપ્તથી વિભક્ત હતો. પુંડ્ર યાને ઉત્તર બંગાળા, સમતટ યાને પૂર્વ બંગાળા, કર્ણસુવર્ણ યાને પશ્ચિમ બંગાળા, તામ્રલિપ્ત યાને દક્ષિણ બંગાળા અને કામરૂપ યાને આસામ એ બંગાળાના પાંચ પ્રાંતો છે. (**હુનશાંગ**). ઈ. સ. ની પછી બંગાળા પ્રાંતના જુદા જુદા ચાર જિલ્લાઓ હતા એમ જનરલ કનિંગહામ કહે છે. આ ભાગ બલ્લાલસેને પાડ્યા એમ કહેવાય છે. ગંગાની ઉત્તરે વરેન્દ્ર અને વંગ અને ગંગાની દક્ષિણે રાઘ અને બગદી. પણ (**જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૭૩, પા૦ ૨૧૧ જુઓ**) પહેલા બે બ્રહ્મપુત્રથી અને બીજા બે ગંગા નદીની જલિંગી નામની શાખા વડે વિભક્ત થયેલા છે. મહાનદી અને કરતોયાની વચ્ચેનો વરેન્દ્ર તે પુંડ્ર, પૂર્વ બંગાળ તે વંગ અને રાઘ તે ભાગીરથીની પશ્ચિમે કર્ણસુવર્ણ અને બગદી અને દક્ષિણ બંગાળા સુધી આવેલો પ્રદેશ. હુનશાંગે આ પ્રદેશને સમતટ અને અકબર-નામામાં એને ભાટી કહ્યો છે. (**આર્કી૦ સ૦ રિપોર્ટ, પુ૦ ૧૫, પા૦ ૧૪૫; વળી ગોપાલભટ્ટનું બલ્લાલચરિતમ્ પૂર્વખંડ, શ્લોક ૬, ૭, જુઓ**). મી. પાર્ગીટરનો અભિપ્રાય છે કે હાલના મુર્શિદાબાદ, નદિયા, જેસોર, રાજશાહીના કેટલાક ભાગ, પબ્ના અને ફરીદપુર જિલ્લાઓવાળા પ્રદેશને વંગ કહેતા (**"પૂર્વ હિન્દુસ્તાનના પ્રાચીન પ્રદેશો", જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૯૭, પા૦ ૮૫**). દેવીવરઘટક પ્રમાણે આદિસુરના સમયમાં બંગાળાના રાઘ, વંગ, વરેન્દ્ર અને ગૌડ એવા ભાગો હતા. કેશવ-સેનના વખતમાં વંગ એ પૌંડ્રવર્ધનમાં ગણાતો (**જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૩૮, પા૦ ૪૫ માં એદિલપુરનો શિલાલેખ જુઓ**). ઋગ્વેદના ઐતરેય આરણ્યકમાં વંગના નામનો પહેલવહેલો ઉલ્લેખ મળે છે. સર જ્યોર્જ બર્ડવુડનો મત છે કે બર્દવાન અને નદિયાના જિલ્લાઓ મૂળે વંગમાં ગણાતા. તેરમા સૈકામાં વંગને બંગાળા કહેતા (**રાઈટનો માર્કોપોલો**). વિશેષ હકીકતને માટે આ પુસ્તકના બીજા ભાગમાં બંગાળ શબ્દ જુઓ. ડૉ. રાજેન્દ્રલાલ મિત્ર (**ઈન્ડોઆર્યન, પુ૦ ૨, અ૦ ૧૩ માં**) પાલ અને સેન રાજાઓની યાદી આપે છે. (**એપિ૦ ઇન્ડિકા, પુ૦ ૧, પા૦ ૩૦૫**) (**દેવપારાના શિલાલેખોમાં સેન રાજાઓની હકીકત છે; એપિ૦ ઇન્ડીકા, પુ૦ ૨, પા૦ ૧૬૦, વાદલના સ્તંભનો શિલાલેખ; એપિ૦ ઇન્ડીકા, પુ૦ ૨, પા૦ ૩૪૭; બનારસમાંનો વિદ્યાદેવ શિલા-લેખ; જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૩૮, પા૦ ૪૦, બાકરગંજનો કેશવસેનનો એદિલ-પુરનો શિલાલેખ**). લક્ષ્મણસેનના તામ્રપત્ર પ્રમાણે પબ્નાના જીલ્લામાં લક્ષ્મણસેને સિરાજગંજ વસાવ્યું હતું. સેન રાજાઓ કર્નાટથી આવેલા ક્ષત્રિયો હોય એમ જણાય છે. બંગાળાના જુના ધંધા અને વેપારની

Aho ! Shrutgyanam

હકીકતને માટે ( મી. ડબલ્યુ. એચ. સ્કોફનું પેરીપ્લસ; બર્નિયરના પ્રવાસો, પા૦ ૪૦૮; ટેવરનિયરના પ્રવાસો, ભા૦ ૩ જો અને ૧૯૧૮ ના મોડર્ન રીવ્યુમાં ડૉ૦ એન. લૉ. ના લખેલા વિષયો વાંચો). સપ્તગ્રામ અને કર્ણસુવર્ણ શબ્દ જુઓ ).

**वंजुला.** ગોદાવરીની શાખા મંજેરા નદી તે જ. આ બંને નદીઓ પશ્ચિમઘાટ યાને સહ્યપાદ પર્વતમાંથી નિકળે છે. ( મત્સ્યપુરાણ, અ૦ ૧૧૩ ). મહાભારતમાં વંજુલાને મંજુલા કહી છે. ( ભીષ્મપર્વ, અ૦ ૯ ).

**वंशधारा.** ગંજામમાં આવેલી વંશધારા નદી તે જ. એને કાંઠે કાલિંગપટ્ટમ આવેલું છે. ( પાર્ગીટરનું માર્કંડપુરાણ, અ૦ ૫૭, પા૦ ૩૦૫; હિંદુસ્થાનના ઇમ્પિરિયલ ગેઝેટિયરમાં ગંજામ અને વંશધારા શબ્દ જુઓ ).

**वंस.** વત્સ્ય તે જ. (જાતક, પુ૦ ૬, પા૦ ૧૨૦).

**वंसगुल्म.** અમરકંટકના ઉચ્ચ પ્રદેશમાં આવેલો એક પવિત્ર કુંડ. નર્મદા નદીના મૂળ યાને પહેલા ધોધથી પૂર્વમાં આશરે સાડાચાર માઇલ દૂર આ સ્થળ આવેલું છે.

**वंक्षु.** વક્ષુ તે જ. ( ભાગવતપુરાણ, સ્કંધ ૫, અ૦ ૧૭ ).

**वाघमती.** નેપાળમાં આવેલી બૌદ્ધોની પવિત્ર નદી વિશેષ. એને વાચમતી પણ કહે છે. કેમકે કકુચ્છંદ બુદ્ધ જ્યારે ગૌડ દેશના લોકોની સાથે નેપાળ ગયા તે વખતે પોતાના મોંથી શબ્દ કરીને એ નદી ઉત્પન્ન કરી હતી. મરદારિકા, મણિસરોહિણી, રાજમંજરી, રત્નાવલી, ચારુમતી, પ્રભાવતી અને ત્રિવેણી એ નદીઓની જોડે વાઘમતીનો સંગમ થાય છે. તે દરેક સ્થળ અનુક્રમે શાન્ત, શંકર, રાજમંજરી, પ્રમોદા, સુલક્ષણ, જયા અને ગોકર્ણ એ નામથી ઓળખાય છે. ( સ્વયંભૂપુરાણ, અ૦ ૫; વરાહપુરાણ, અ૦ ૨૧૫; રાઇટનો નેપાળનો ઇતિહાસ, પા૦ ૯૦ ).

**वाचमती.** નેપાળની વાઘમતી નદી તે જ. નેપાળમાં આવેલાં ચૌદ મોટાં તીર્થસ્થળોમાંથી આઠ સ્થળો વાઘમતીના જુદી જુદી નદીઓની જોડે સંગમ થયાને સ્થળે આવેલાં છે. પણ્ય, શાન્ત, શંકર, રાજ, ચિંતામણી, પ્રમદા, શતલક્ષણ અને જયા એ આ તીર્થોનાં નામ છે. વાઘમતીનું મૂળ અને એ નિકળે છે એ બે જગાઓ પણ બે તીર્થ લેખાય છે. ભાગવતી તે જ.

**वाटधान** મહાભારત ( સભાપર્વ, અ૦ ૩૨ ) માં આ પ્રદેશ ઉત્તર હિંદુસ્થાનમાં આવ્યાનું કહ્યું છે. એ પ્રદેશ પાંડવોમાંના નકુલે સર કર્યો હતો. બૌદ્ધ સમયમાં જે પ્રદેશને વેઠદ્વીપ કહેતા તે જ આ એમ ધારવું છે. ( વેઠદ્વીપ શબ્દ જુઓ ). જ૦ એ૦ સો૦ બં૦ ૧૯૦૨, પા૦ ૧૬૧ જુઓ પણ આ ખરૂં જણાતું નથી. મહાભારત (ભીષ્મપર્વ, અ૦ ૯ અને સભાપર્વ અ૦ ૧૩૦ ) માં અને માર્કન્ડેય પુરાણના અધ્યાય ૫૭ માં અને બીજાં પુરાણોમાં વાટધાન, બાલ્હીક અને આભીરની વચ્ચે અને ઇન્દ્રપ્રસ્થ યાને દિલ્હીની પશ્ચિમે આવ્યાનું કહ્યું છે. તે ઉપરથી એ પંજાબમાંનો કોઇ પ્રદેશ હોય એમ જણાય છે. ભાટનેર એ પણ વખતે વાટધાન હોય. ફીરોજપુરની દક્ષિણે સતલજથી પૂર્વમાં આવેલો પ્રદેશ તે વાટધાન એમ પણ કહ્યું છે. ( પાર્ગીટરનું માર્કન્ડેયપુરાણ, પા૦ ૩૧૨ ઉપરની ટીપ્પણી )

**वाणिज्यग्राम.** વાણિયગામ તે જ.

**वाणियगाम.** મુઝફરપુર (તિહુંટ) જિલ્લામાં આવેલું વૈશાલી યાને વેશાદ તે; વસ્તુતઃ વાણિયગામ પુરાતન નગર વૈશાલીનો એક ભાગ જ હતો. ( ડૉ. હોર્નલેનું ઉવાસગદસાઓ ). કુંડગામ શબ્દ જુઓ.

Aho ! Shrutgyanam

**वातापि.** વાતાપિપુર શબ્દ જુઓ.

**वातापिपुर.** મુંબાઈ ઈલાકામાં કલદગી જિલ્લો જેને હાલ વિજાપુર જિલ્લો કહે છે તેમાં કૃષ્ણા નદીની શાખા માલપ્રભા નદીની પાસે આવેલું બદામિ તે. આ સ્થળ મદ્રાસ અને સધર્ન મરાઠા રેલ્વેના હાલના બદામિ સ્ટેશનથી ત્રણ માઈલ દૂર આવેલું છે. છઠ્ઠા સૈકામાં થયેલા મહારાષ્ટ્રના રાજા પુલકેશી પહેલાની રાજધાની આ સ્થળે હતી. પુલકેશી પહેલો ચાલુક્ય વંશના સ્થાપનાર જયસિંહનો પૌત્ર હતો. એણે અશ્વમેધ યજ્ઞ કર્યો હતો. પહેલા પુલકેશીના પૌત્ર પુલકેશી બીજાએ કનોજના હર્ષવર્ધન યાને બીજા શિલાદિત્યને હરાવ્યો હતો. બદામિમાં બ્રાહ્મણોએ ખોદાવેલી ત્રણ ગુફાઓ છે જેમાંની એકમાં ઇ. સ. ૫૭૯ ની અને જૈનોનું એક ગુફામંદીર છે જેમાં ઇ. સ. ૬૫૦ ની સાલ કોતરેલી છે. આમાંની એક ગુફામાં પોઠીઓ અને હાથીની આકૃતિ આવેલી છે. એ આકૃતિમાં આખલાની આકૃતિ ઢાંકી દઇએ તો હાથીની અને હાથીની આકૃતિ ઢાંકી દઈએ તો આખલાની આકૃતિ દેખાય એવી તરતીબ કરી છે. ( **બર્જેસનું બેલગામ અને કલદગી જિલ્લાઓ, પા૦ ૧૬** ). વાતાપિનો પલ્લવ રાજા નરસિંહવર્મા પહેલાએ નાશ કર્યો હતો એમ કહેવાય છે. ( **એપિ૦ ઈન્ડિ૦ પુ૦ ૩, પા૦ ૨૭૭** ). વાતાપિપુર નામ મણિમતી નગરીના ઇલ્વલના ભાઈ વાતાપિ ઉપરથી પડયું છે એ સ્પષ્ટ છે. દક્ષિણ જતાં અગસ્ત્ય ઋષિએ વાતાપિને મારી નાખ્યો હતો. ( **મહાભારત, વનપર્વ, અ૦ ૯૬** ). ઇલ્વલપુર શબ્દ જુઓ.

**वामनस्थळी.** જૂનાગઢની પાસે આવેલું વંથળી તે જ.

**वारणावत.** મિરતથી વાયવ્યમાં ૧૯ માઈલ દૂર આવેલું વર્ણવા તે જ. આ સ્થળે દુર્યોધને પાંડવોને બાળી નાખવાની ગોઠવણ કરી હતી. (**ફ્યુરરનું મોન્યુ૦ એન્ટી૦ ઇન્સ્ક્રીપ્શન અને મહાભારત, આદિપર્વ, અ૦ ૧૪૮**). દુર્યોધનની પાસે યુધિષ્ઠિરની તરફથી શ્રીકૃષ્ણે માગેલાં પાંચ ગામોમાંનું એક ( **મહાભારત, ઉદ્યોગપર્વ, અ૦ ૮૨** ).

**वारा (बारा).** વરૂણા તે જ. ( **ક્ષેમેન્દ્રનું બોધિસત્વાવદાનકલ્પલતા, પા૦ ૯૯** ).

**वाराणसी.** વરણા અને અસિ બે નદીઓના સંગમ ઉપર વસેલું બનારસ તે. બનારસ નામજ આ ઉપરથી પડેલું છે. (**વામનપુરાણ, અ૦ ૩** ). પ્રથમ આ શહેર ગંગા અને ગોમતી એ બેના સંગમ ઉપર આવેલું હતું. (**મહાભારત, અનુશાસનપર્વ, અ૦ ૩૦** ). કાશી રાજ્યની રાજધાની ત્યાં હતી. (**રામાયણ, ઉત્તરકાંડ, સર્ગ, ૪૮** ). બુદ્ધના સમયમાં કાશી કોશલ રાજ્યનો એક ભાગ ગણાતી. ( **કાશી શબ્દ જુઓ** ). જેમ્સ પ્રિન્સેપના મત પ્રમાણે બનારસ યાને કાશી એ પ્રતિસ્થાનના રાજા પુરુરવના એક વંશ જ કાશીરાજ અથવા કાશે વસાવ્યું હતું ( **પ્રતિસ્થાન શબ્દ જુઓ**). કાશી રાજ્યનો પૌત્ર ધનવંતરી અને ધનવંતરીનો પૌત્ર દિવોદાસ હતો. દિવોદાસના સમયમાં કાશીમાંથી શિવપૂજા જઈને બૌદ્ધ ધર્મ દાખલ થયો હતો. જોકે થોડા જ વખત પછી બૌદ્ધધર્મનું જોર ઘટીને શૈવધર્મ દાખલ થયો હતો. ઇ. સ. ૧૦૨૭ માં બનારસ ગૌડ દેશનો એક ભાગ થયું. તે કાળે ત્યાં મહીપાળનું રાજ્ય હતું. મહીપાળ અને તેના અનુયાયીઓ સ્થિરપાળ અને વસંતપાળના સમયમાં બૌદ્ધધર્મ પાછો જોરમાં આવ્યો હતો. પાલ રાજાઓની પાસેથી ચંદ્રદેવે બનારસ લઇ લઇને કનોજના રાજ્યની જોડે મેળવી દીધું હતું. ચંદ્રદેવનું રાજ ઇ.સ. ૧૦૭૨ થી ૧૦૯૬ સુધી હતું. બારમા સૈકાના અંતની લગભગ મહમદ ઘોરીએ કનોજના જયચંદને હરાવીને બનારસ

Aho ! Shrutgyanam

લઈ લીધું હતું. ( **જેમ્સ પ્રિન્સેપના સચિત્ર બનારસની પ્રસ્તાવના, પા૦ ૮; વાયુપુરાણ, ઉત્તરખંડ, અ૦ ૩૦** ). સાતમા સૈકામાં પ્રસિદ્ધ ચીનાઈ મુસાફર હ્યુનશાંગ બનારસમાં આવ્યો હતો. એણે બનારસનો અને ત્યાંના મુખ્ય દેવ બાર જ્યોતિર્લિંગમાંના એક મહાદેવ વિશ્વેશ્વરનું આ પ્રમાણે વર્ણન કર્યું છે. " શહેરના મુખ્ય ભાગમાં દેવના વીસ મંદિરો છે. આ મંદિરોના મિનારાઓ અને સભામંડપો પત્થર અને લાકડાંના હોઈને કોતરણીવાળા છે. આ જગા છાંયો આપતાં ઘટાદાર ઝાડોથી છવાઈ રહી છે અને તેમની આજુબાજુ નિર્મળ પાણીનાં વહેણો આવી રહ્યાં છે. ખુદ માહેશ્વરની પીતળની બનાવેલી મૂર્તિ સો ફૂટથી સહેજ નાની છે. એમનો ચહેરો શાંત, પ્રભાવ ભરેલો અને ખરેખાત જીવંત હોય એવો દેખાય છે." પદ્મપુરાણના ઉત્તરખંડના ૬૭ મા અધ્યાયમાં વિશ્વેશ્વર, બિંદુમાધવ, મણિકર્ણિકા અને કાશીની જ્ઞાનવાપી એ નામનો ઉલ્લેખ છે. હાલની વિશ્વેશ્વરની મૂર્તિ જે માત્ર લિંગરૂપે છે તે ઔરંગઝેબે હ્યુનશાંગે વર્ણવેલી પીતળની મૂર્તિ તોડી નાખીને હાલના દેવળની પછવાડે આવેલી જ્ઞાનવાપીમાં નંખાવી ત્યાર પછીની છે. બંગાળાના પાલરાજાઓએ કાશીમાં બૌદ્ધધર્મ પુનઃપ્રવર્તાવ્યો હતો અને કનોજના રાજાઓ જેઓ પક્કા સનાતની હતા તેમણે છેક અગીઆરમા સૈકામાં કાશીમાં પુનઃશૈવ ધર્મ પ્રવર્તાવ્યો એ નિર્વિવાદ છે. બનારસમાં આદિકેશવનું દેવાલય એ જૂનામાં જૂનું છે. ૧૧ મા સૈકામાં કૃષ્ણમિશ્રે લખેલા પ્રબોધ ચંદ્રોદય નાટકના ૪ થા અંકમાં એનો ઉલ્લેખ છે. તિલભાંડેશ્વર મહાદેવ અને દશાશ્વમેધેશ્વરનાં નામ શિવપુરાણ, ખંડ ૧, અ૦ ૩૯ માં આવેલાં છે. મણિકર્ણિકા આખા હિંદુસ્થાનમાંના સ્મશાનોમાં પવિત્રમાં પવિત્ર ગણાય છે. પોતે કબુલેલું દેવું આપવાને માટે અયોધ્યાનો રાજા હરિશ્ચંદ્ર ચંડાળને ઘેર ગુલામ થઈને મણિકર્ણિકાના સ્મશાનમાં રહ્યો હતો. ( **ક્ષેમેશ્વરનું ચંડકૌશિક; માર્કન્ડેયપુરાણ, અ૦ ૮** ). બંગાળાના પાલરાજાઓ અને કનોજના રાઠોડ રાજાઓના સમયમાં વપરાતો બનારસનો જુનો કિલ્લો વર્ણા અને ગંગા નદીના સંગમ આગળ આવેલા રાજઘાટ ઉપર આવ્યો હતો. ( **ભોળાનાથ ચંદરની એક હિંદુની મુસાફરીઓ, પુ૦ ૧**). બનારસ અગાડી સતીનો ડાબો હાથ કપાઈ પડેલો હોવાથી એ એક પીઠ ગણાય છે. હાલ ત્યાં અગાડી અન્નપૂર્ણા દેવીનું મંદિર આવેલું છે. પણ તંત્રચુડામણિમાં એ દેવીનું નામ વિશાલાક્ષી એવું આપ્યું છે. જૂના કાળમાં હિંદુસ્તાનમાં બનારસ અને પંજાબમાં તક્ષશિલા એવી બે બ્રાહ્મણોની વિદ્યાપીઠો હતી. બનારસમાં આવેલી ગૃહવેધશાળા અને તેમાં વપરાતા યંત્રો વગેરેનાં નામ અને ચિત્રોને સારૂ હુકરનું હિમાલયન જર્નલનું પુસ્તક ૧ લું પાનું ૬૭ જુઓ. બનારસ કશ્યપ બુદ્ધની જન્મભૂમિ કહેવાય છે. પરંતુ ફાહ્યાનના કહેવા પ્રમાણે એમનો જન્મ ટુ-વેઇમાં થયો હતો. જનરલ કનિંગહામ ટુવેઇ એ ટડવા યાને ટંડવા એમ કહે છે. (**લેગનો ફાહ્યાન, પ્ર૦ ૨૧; આર્કિ૦ સર્વે રિપોર્ટ, પુ૦ ૧૧** ). ટંડવા શ્રાવસ્તિથી પશ્ચિમે નવ માઇલ ઉપર આવેલું છે. કશ્યપ ગુરુપાદ ટેકરી ઉપર મરણ પામ્યો હતો. ( **ગુરુપાદગિરિ શબ્દ જુઓ** ). પણ બુદ્ધઘોષની અત્થકથા પ્રમાણે કશ્યપ (કશ્શપ) બનારસમાં જન્મીને મૃગદાવ યાને હાલના સારનાથમાં મરણ પામ્યો હતો. ( **જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૩૮, પા૦ ૭૯૬** ). યુવંજયજાતક (**જાતક, પુ૦ ૪, પા૦ ૭૫** ) માં સુરંધન, સુદર્શન, બ્રહ્મવર્ધન, પુષ્પવતિ અને રમ્ય એવાં બનારસનાં જૂનાં નામ હતાં એમ કહ્યું છે.

Aho ! Shrutgyanam

**वाराणसी-कटक.** મહાનદી અને કજ્જુરીના સંગમ ઉપર નૃપકેસરીએ ઈ. સ. ૯૮૯ માં વસાવેલું ઓરિસાનું કટક તે. નૃપકેસરીએ સને ૯૪૧ થી ૯૫૩ સુધી રાજ્ય કર્યું હતું. એ પોતાનો દરબાર નવી રાજધાનીમાં લઈ ગયો હતો. લૌકિક આખ્યાયિકા પ્રમાણે એની રાજધાની ચૌદ્વરમાં હતી. ત્યાંથી કટકનો કિલ્લો બંધાવીને રાજધાની ત્યાં લઈ ગયો હતો. કટકને વડવાતી કહેતા. આજુબાજુની ખાઈ સાથે આ કિલ્લાનાં ખંડેરો હજુ પણ મોજુદ છે. વડવાતી કિલ્લાના વર્ણનને સારૂ લેફ્ટનન્ટ કીટ્ટોનું કટકની મુસાફરીનું વર્ણન જુઓ. (**જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૩૮, પા૦ ૨૦૩**). કેસરી રાજાઓની રાજધાની પૂર્વે ભૂવનેશ્વર અને જાજપુરમાં હતી. (**હંટરનું ઓરિસા અને ડાક્ટર આર. એલ. મિત્રનું ઓરિસાનાં પ્રાચીન સ્થળો, પુ૦ ૨, પા૦ ૧૬૪**). શિલાલેખોમાં કહેલાં વિનીતપુર અને યયાતિ નગરો તે જ કટક એમ ફ્લીટનું કહેવું બહુ શંકા ભરેલું છે. કજ્જુરીનો મજબુત ઉપકંઠ ઇ. સ. ૧૯૦૬ માં મર્કટકેસરીએ બંધાવ્યો છે એમ કહેવાય છે. શહેરમાં સાક્ષીગોપાલ નામની શ્રીકૃષ્ણની સુંદર મૂર્તિ આવેલી છે. (**ચૈતન્યચરિતામૃત, પુ૦ ૨, પા૦ ૫**).

**वाह्लिक.** કેકય દેશની ઉત્તરે આવેલો બિઆસ અને સતલજ નદીઓની વચ્ચેનો પ્રદેશ વિશેષ. (**રામાયણ, અયોધ્યાકાંડ, સર્ગ ૬૮**). ત્રિકાંડશેષમાં કહ્યું છે કે વાલ્હિક અને ત્રિગર્ત એ એક જ પ્રદેશનાં નામ છે. (**ત્રિગર્ત શબ્દ જુઓ**). મહાભારત, કર્ણપર્વ, અ૦ ૪૪ માં કહ્યું છે કે વાલ્હિકો રાવી અને આપગા નદીઓની પશ્ચિમે ઝંગ જિલ્લામાં રહેતા હતા. (**વાહિક શબ્દ જુઓ**). શાકલ જેની રાજધાની હતું તે મદ્રલોકો પણ વાહિક કહેવાતા. દિલ્હીના લોહસ્તંભ ઉપરના લેખમાં સિંધુના વાલ્હિકોનો ઉલ્લેખ છે. (**જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૩૮, પા૦ ૬૩૦**). વાહિક શબ્દ જુઓ.

**वाल्हिक (२).** ગ્રીક લોકોએ જેને બાકટ્રીયાના કહ્યો છે તે તુર્કસ્તાનનો પ્રદેશ વિશેષ. (**બૃહત્સંહિતા, અ૦ ૧૮ અને જ૦ એ૦ સો૦ બં૦ પા૦ ૬૩૦**). ઈ. સ. પૂર્વે ૨૫૦ ના અરસામાં થીઓડોટસ યાને ડીઓડોટસ બાકટ્રીયાનો સુબો હતો. તેણે એન્ટીઓકસ થીઓસની સામે બળવો કરીને પોતે રાજ્યપદ લીધું હતું. યુનાન અને બાકટ્રીયાનું રાજ્ય ઇ. સ. પૂર્વે ૧૨૬ ના અરસામાં તાર્તાર જાતના યૂચીએ ઉંધું વાળ્યું હતું (**શાકદ્વીપ જુઓ**). બાકટ્રીયાની રાજધાની બલ્કમાં હતી અને હાલના કાબુલ, ખોરાસાન અને બુખારાનો સમાવેશ આ રાજ્યમાં થતો. (**જેમ્સ પ્રિન્સેપનું ઇન્ડિયન એન્ટીકવીટીઝ, પુ૦ ૧**). બાકટ્રીયાના મહેલો દબદબા ભરેલા હોવાથી સુપ્રસિદ્ધ હતા. બાકટ્રીયાના કાવજ વંશના વિતસ યાને ગુરતાસ્પ રાજાના સમયમાં ઇ. સ. પૂર્વે છઠ્ઠા અને દસમા સૈકાના વચગાળામાં ઝોરોસ્ટર બાકટ્રીયામાં થઇ ગયા છે. મી. કુન્તેના અભિપ્રાય પ્રમાણે-ઝરથુસ્દ્ર (**ઝોરોસ્ટર**) તે ઝરત ટ્વસ્દ્રી યાને ટ્વસ્દ્રીની આરાધના કરનાર ઉપરથી વિકૃત થયેલો શબ્દ છે. ટ્વસ્દ્રી એ દેવોનો સ્થાપત્યનો વિશ્વકર્મા હતો. (**કુન્તેનું હિન્દુસ્તાનમાં આર્યસંસ્કૃતિ, પા૦ ૫૫**). બ્રહ્મપુરાણ (**અ૦ ૮૯, ૧૩૨**) માં જણાય છે કે ટ્વસ્ટા અને વિશ્વકર્મા એ એક જ તેમ તેમની દીકરી ઉષા અને સૂર્યની સ્ત્રી સંજ્ઞા એ પણ એક જ. પ્રાચીન બાકટ્રીયાની જગો તરીકે હાલ કેટલાએક માટીના ટેકરાઓ બતાવવામાં આવે છે. એ જગાને અમ-ઉલ-બિલદ યાને શહેરોની મા તેમજ કુબ્બેત-ઉલ-ઇસ્લામ એટલે ઇસ્લામનો ઘુમટ કહે છે.

Aho ! Shrutgyanam

આ જગાએ સુપ્રસિદ્ધ આતસનું દેવળ હતું. બાકટ્રીયન રાજાઓના ઇતિહાસ અને યુનાન બાકટ્રીયાની વર્ણમાળા માટે ( જ૦ એ૦ સો૦ બં૦ પુ૦ ૯ (૧૮૪૦) પા૦ ૪૪૯, ૬૨૭, ૭૩૩ અને બાકટ્રીયાના સિક્કાઓની હકીકતને માટે જ૦ એ૦ સો૦ બં૦, પુ૦ ૧૦, ૧૮૪૨, પા૦ ૧૩૦) જુઓ.

**वाल्मीकि-आश्रम.** રામયણના કર્તા વાલ્મીકિ ઋષિનો આશ્રમ કાનપુરથી ચૌદ માઇલને છેટે આવેલા બિથુરમાં હતો. રામચંદ્રનાં પત્નિ સીતા પોતાના દેશવટા દરમિયાન આ આ આશ્રમમાં રહેતાં હતાં અને અહિં જ એમને લવ અને કુશ એ બે જોડવા છોકરાઓનો જન્મ થયો હતો. વાલ્મીકિ-ઋષિના માનાર્થે આશ્રમમાં બંધાવેલું દેવળ ગંગા નદીને કિનારે આવેલું છે. (**રામાયણ, ઉત્તરકાંડ, સર્ગ ૫૮**). સીતા વાલ્મીકિ આશ્રમમાં દેશવટાને સારૂ જતાં લક્ષ્મણની સાથે કાનપુરમાં સતીઘાટે ઉતર્યાં હતાં. બિથુરના બ્રહ્માવર્ત્ત ઘાટ ઉપર ગંગાને કિનારે પાસે આવેલા એક દેવળમાં ધાતુનો ભારે અને મોટો લીલાશ રંગનો ભાલો રાખવામાં આવ્યો છે. કહે છે કે અશ્વમેધના ઘોડાના બંધન વખતે રામના પુત્ર લવે પોતાના પિતા રામચંદ્રને આજ ભાલા વડે ઘાયલ કર્યા હતા. આ ભાલાનું ફણીયું થોડાં વરસ ઉપર આ આશ્રમ આગળ વહેતી ગંગાના પાત્રમાંથી મળ્યું હતું.

**वालुकेश्वर.** મુંબાઇની પાસે મલબાર ટેકરી ઉપર પરશુરામે વાલુકેશ્વર મહાદેવ નામના લિંગની સ્થાપના કરી હતી. ( **સ્કંધપુરાણ, સાહ્યખંડ**, ભા૦ ૨, અ૦ ૧; **ઇન્ડિયન એન્ટીકવરી**, પુ૦ ૩, ૧૮૯૪, પા૦ ૨૪૮).

**वालुवाहिनी.** બુંદેલખંડમાં જમના નદીને મળનારી વાગીન નદી તે જ. [ **સ્કંધપુરાણ, અવંત્યખંડ**, ( રેવાખંડ, અ૦ ૪) ].

**वाशिष्टी.** ગોમતી નદી તે જ. ( હેમકોષ ).

**वाशिष्टी** (૨). મુંબાઈ ઇલાકાના રત્નાગિરિ જીલ્લામાં આવેલી નદી વિશેષ. ( **મુંબાઈ ગેઝેટીયર**, પુ૦ ૧૦, પા૦ ૬-૮; **મહાભારત, વનપર્વ**, અ૦ ૮૪ ).

**वश्या.** મુંબાઈની પાસે આવેલું વસાઈ તે જ. કનેરીના શિલાલેખમાં વશ્યાનો ઉલ્લેખ છે. પરશુરામક્ષેત્રના સાત વિભાગોમાંથી વરાલાતા ( **વરાર** ) નામના વિભાગમાં આ આવેલું હતું. સ્કંધપુરાણમાં ઉલ્લેખ કરાયેલું વિમળ કિંવા નિર્મળતીર્થ તે જ આ પ્રદેશમાં મુખ્ય યાત્રાનું સ્થળ છે. પોર્ટુંગીઝ લોકોએ વિમલેશ્વર મહાદેવનો નાશ કર્યો હતો. ( **ડાકુન્હાનો ચૌલ અને વસાઇનો ઇતિહાસ** ). આ પ્રદેશમાં શિલાહારોનું રાજ્ય હતું અને ત્યારપછી તેરમા સૈકામાં આ રાજ્ય યાદવોના હાથમાં ગયું. ( જ૦ રો૦ એ૦ સો૦ પુ૦ ૨, પા૦ ૩૮૦ ).

**वासिक.** વશ્યા તે જ. ( **મત્સ્યપુરાણ**, અ૦ ૧૧૩ ).

**वाह्लिक.** કેકય દેશની ઉત્તરે આવેલો બિઆસ અને સતલજ નદીઓની વચ્ચેનો પ્રદેશ વિશેષ. વાલ્હિક દેશનું આ બીજું નામ છે. ( **મહાભારત, સભાપર્વ**, અ૦ ૨૭ જુઓ, ત્યાં અગાડી વાલ્હિકને માટે વાલ્હેક નામ વાપરેલું છે). આ પ્રદેશ અર્જુને જીત્યો હતો. મહાભારત ( કર્ણપર્વ અ૦ ૪૪ ) માં કહ્યા પ્રમાણે વાલ્હિકો સતલજ અને સિંધુની વચ્ચેના પ્રદેશમાં તેમાંયે ખસુસ કરીને રાવી અને આપગા (**અયુક નદી**)ની પશ્ચિમે રહેતા હતા. અને એમની રાજધાની શાકલમાં હતી. એઓ અનાર્ય જાતિના હતા અને વખતે બાકટ્રીયાની રાજધાની બલ્ખમાંથી આવ્યા હતા. પાણિની અને પાતંજલિના કહ્યા પ્રમાણે વાહિક એ પંજાબનું બીજું નામ છે. ( **ઇન્ડિયન એન્ટીકવરી**,

Aho ! Shrutgyanam

પુ૦ ૧, પા૦ ૧૨૨ ). ટકકદેશ શબ્દ જુઓ. વાહિ અને હિક એ બે બિઆસ નદીના આસુરોનાં નામ છે અને એમના નામ ઉપરથી દેશનું નામ વાહિક પડ્યું છે. (**મહાભારત, કર્ણપર્વ, અ૦ ૪૫ અને આર્કી૦ સ૦ રિપોર્ટ, પુ૦ ૫**). વાહિકો લૂટફાટનો ધંધો કરતા. વાલ્હિક પ્રદેશ અયોધ્યા અને કેકયની વચ્ચે આવેલો હતો. (**રામાયણ અયોધ્યાકાંડ, અ૦ ૭૮** ).

**विक्रमपुर**. બલ્લાલપુરી તે જ. પુંડ્રવર્ધનના રાજ વંગમાં આ સ્થળ આવેલું હતું. ( **કેશવ-સેનનો એદિલપુરનો તામ્રપત્રનો લેખ; આનંદભટ્ટનું બલ્લાલચરિતમ્, ઉત્તરખંડ અ૦ ૧** ).

**विक्रमशिला-विहार.** ઘણા બૌદ્ધ ગ્રંથોમાં આ સુપ્રસિદ્ધ મઠનો ઉલ્લેખ મળી આવે છે. જનરલ કનિંગહામ સૂચવે છે કે બિહારના પટણા જિલ્લાના વરગાંવ (**પ્રાચીન નાલંદા**) થી ત્રણ માઇલ ઉપર અને રાજગિરની ઉત્તરે ૭ માઈલ ઉપર આવેલું શિલાવ વખતે વિક્રમ-શિલા હોય. ( **આર્કી૦ સ૦ રિ૦ પુ૦ ૮ પા૦ ૮૩** ). પંચાન નદી પૂર્વે આ સ્થળની પાસેથી વહેતી હતી. આ સ્થળે ઘણું કરીને આ મઠના ખંડેરોના ટેકરાઓ આવેલા છે. આ ટેકરાઓ ઉપર ખેડુતો રફતે રફતે પોતાની ખેતી વધારતા જાય છે. બિહારમાં ગંગા નદીને જમણે કાંઠે એક ટેકરીના શિખર ઉપર ધર્મપાળ નામના રાજાએ આઠમા સૈકાના મધ્યમાં વિક્રમશિલા વિહાર સ્થાપ્યાનું બૌદ્ધ ગ્રંથો ઉપરથી જણાય છે. આ મઠ બૌદ્ધ ધર્મ શાસ્ત્રના અભ્યાસને લીધે સુપ્રસિદ્ધ હતો. તેથી જનરલ કનિંગહામની સૂચના ખરી જણાતી નથી. તેમજ ડૉ. સતીશચંદ્ર વિદ્યા-ભૂષણની ભાગલપુરના જિલ્લામાં સુલતાનગંજ આગાડી આવેલી જહાંગીર ટેકરી ઉપર આ મઠ હોવાની સૂચના પણ ખરી જણાતી નથી. કેમકે આ ટેકરી ઉપર કોઈ પણ બૌદ્ધ ખંડેર આવેલું નથી. શિલાવ એ ખસુસ કરીને હિન્દુધર્મનું સ્થળ હોઈ આવા સુપ્રસિદ્ધ બૌદ્ધ મઠને માટે બહુજ નાનું છે. પણ બિહારના પ્રાંતમાં ભાગલપુર પાસે પૂર્વમાં ૨૪ માઇલ અને કહલગાંવ ( કોલગાંગ )ની ઉત્તરે ૪ માઇલ ઉપર આવેલું પાથરઘાટા તે વિક્રમશિલા-વિહાર હોય એ ખરૂં લાગે છે. ( **નંદલાલ ડે. નું જ૦ એ૦ સો૦ બં૦ પુ૦ ૧૦, ૧૯૧૪, પા૦ ૩૪૨ ઉપર ભાગલપુરના જીલ્લા વિષે યાને પ્રાચીન અંગ વિષે કરેલું લખાણ જુઓ.** ) ચોર કવિની ચોરપંચાશિકામાં ઉલ્લેખ કરેલું શિલા-સંગમ તે જ આ. ( **ફ્રેન્કલીનનું પ્રાચીન પાલિબોથરાનું સ્થળ** ). શિલાસંગમ એ દેખીતું વિક્રમશિલા સંઘારામનું વિકૃત રૂપ છે. આ જગાએ ઘણાં બૌદ્ધ ખંડેરો, ખોદાણો અને પત્થરમાંથી કોરી કાઢેલી બૌદ્ધ સમયની ગુફાઓ આવેલી છે. ત્યાં મી. બર્નેસે કોલગાં-ગની ટેકરી ઉપરના ગૃહોમાંથી આણેલી બુદ્ધ, મૈત્રેય અને અવલોકિતેશ્વરની મૂર્તિઓ પણ છે. આ મૂર્તિઓ અદ્યાપિ ત્યાં અગાડી છે. નાલંદના મઠની અંદરની કોતરણી સાથે સરખાવાય એવી આ મૂર્તિઓ સુંદર રીતે કોતરેલી છે. આ મઠ આઠમા સૈકામાં સ્થાપેલો હોવાથી એનું વર્ણન હ્યુનશાંગે કરેલું નથી. કેમકે હ્યુનશાંગ ચંપામાં સાતમા સૈકામાં આવ્યો હતો. જો કે એણે ખોદાણો સંબંધી ઉલ્લેખ કર્યો છે પણ આ ખોદાણો હિંદુઓએ કરેલાં એ ખુલ્લું છે. ધર્મપાળ રાજાના વખતમાં શ્રીબદ્ધ જ્ઞાનપાદ આ મઠનો મહંત હતો. એ મઠને ૭ દરવાજા હોઇ હિંદુસ્તાનના ૭ પંડિતો તેમના રક્ષક હતા. વાદવિવાદમાં એ પંડિતોને હરાવ્યા સિવાય કોઇથી મઠમાં જવાતું નહિ. ઈ. સ. ૧૨૦૩ માં બખ્તિયાર ખીલજીએ વિક્રમશિલાનો નાશ કર્યો. ( **કેર-નનું બુદ્ધિઝમનો લઘુગ્રન્થ, પા૦ ૧૩૩**).

Aho ! Shrutgyanam

વિક્રમશિલા વિહારનો ભંગ થયા પછી મિથિલા અને નદિયાની વિદ્યાપીઠો અસ્તિત્વમાં આવી હતી. દુર્વાશા–આશ્રમ શબ્દ જુઓ. ( જ૦ એ૦ સો૦ બં૦ ૧૯૦૯, પા૦ ૧ ઉપર નંદલાલ ડે. નો **વિક્રમશિલા મઠ સંબંધીનો લેખ જુઓ**). ટેકરીના શિખર ઉપર વટેશ્વરનાથ મહાદેવનું દેવળ આવેલું છે. આ પ્રદેશમાં એ દેવળ સુપ્રસિદ્ધ છે. વખતે આ દેવળ પણ મઠનો ભંગ થયા પછી બંધાયું હશે.

**विजयनगर.** મદ્રાસ ઇલાકામાં આવેલું વિજિયાનગ્રમ તે જ. ચૈતન્ય પોતાની યાત્રામાં આ સ્થળે આવ્યા હતા. ( **ચૈતન્ય ભાગવત, અંત ખંડ, અ૦ ૩** ).

**विजयपुर.** આ સ્થળ લક્ષ્મણસેનની રાજધાની હોઈ ગંગા નદીના કિનારા ઉપર આવ્યાનું કહેવાતું ( **પવનદૂત**, શ્લોક ૩૬ ). આમ હોવાથી લખનૌતિ કિંવા ગૌડ એ વિજયપુર કહેવાતું. લખનૌતિ પણ ગંગા કિનારે જ આવી હતી. ( **લક્ષ્મણાવતી અને ગૌડ એ શબ્દો કોશના બીજા ખંડમાં જુઓ**). વખતે બલ્લાલના પિતા બંગાળાને સર કરનાર વિજયસેનના નામ ઉપરથી એનું નામ વિજયપુર પડયું હોય ( **બલ્લાલપુરી શબ્દ જુઓ**). બંગાળાના રાજશાહી વિભાગમાં મલ્દ જિલ્લામાં આવેલા વરેન્દ્ર કિંવા વરિન્દના ગોડાગારિની પાસે ગંગા નદી ઉપર આવેલું વિજયનગર તે વિજયપુર એમ નક્કી થયેલું છે. પાલ રાજ્યને ઉથલાવી નાખ્યા પછી સેન રાજાઓએ વિજયનગરમાં પોતાની રાજધાની કરી લક્ષ્મણાવતીમાં વસાહત કરી એમ મનાય છે. લક્ષ્મણાવતીને પાછળથી ગૌડ કહેતા. ( જ૦ રો૦ એ૦ સો૦ ૧૯૧૪, પા૦ ૧૦૧ ).

**विजियावद.** કૃષ્ણા નદી ઉપર આવેલું બેઝવાડા તે જ. એ પૂર્વના ચાલુકયોની રાજધાની હતું.

**विटभयपट्टन.** અલાહાબાદથી નૈઋત્યમાં ૧૧ માઈલ ઉપર જમના નદીના દક્ષિણ કિનારા ઉપર આવેલું ભિથા તે જ. ( આર્કિ૦ સ૦ રિ૦ પુ૦ ૩ માં **જનરલ કનિંગહામે જૈનોના વીરચરિત્રોનું લીધેલું અવતરણ**). પણ સર જોન માર્શલને વિટા આગળથી જડેલી મુદ્રાઓ ઉપરથી જણાય છે કે એ સ્થળનું નામ વિટભયપટ્ટન નહિ પણ વિછિ અને વિછિગ્રામ હતું. ( જ૦ રો૦ એ૦ સો૦ ૧૯૧૧, પા૦ ૧૨૭ ).

**विटंसा.** વિતસ્તા તે જ.

**वितस्ता.** ગ્રીક લોકોએ જેને હિડાસ્પિસ કહી છે તે જેલમ નદી તે જ. ( **ઋગ્વેદ, મંડળ ૧૦; મંત્ર ૭૫** ). બુદ્ધગ્રંથોમાં એનો વિટંસા નામે ઉલ્લેખ કર્યો છે. ( સે૦ બુ૦ ઇસ્ટમાં **મીલીંદ રાજાના પ્રશ્નો**, પા૦ ૭૪ )

**विदर्भ.** ભિષ્મક રાજા જેની દીકરી રૂકમિણી જે કૃષ્ણને પરણી હતી તેના પ્રદેશના મધ્યપ્રાંત સાથે નિઝામના રાજ્યનો વરાડ અને ખાનદેશ સહિતનો પ્રદેશ વિશેષ. કુંડીનપુર અને ભોજકટપુર એ પ્રદેશનાં શહેરો હતાં. કુંડીનનગર ( **વિદર્ભનગર** ) જે સ્પષ્ટ રીતે બીડરનાં નામ એ આ પ્રદેશની રાજધાની હતી. ભોજકટપુર યાને ભોજપુર ભોપાળના રાજ્યમાં આવેલા ભિલસાથી આગ્નેયમાં છ માઇલ ઉપર આવેલું હતું. પુરાણમાં ઉલ્લેખ કરાયેલા ભોજો વિદર્ભમાં રહેતા. પ્રાચીન સમયમાં નર્મદાની ઉત્તરનો ભિલસા અને ભોપાળના રાજ્યનો વિદર્ભમાં સમાવેશ થતો. ( **કનિંગહામના ભિલસાના સ્તૂપો**, પા૦ ૩૬૩ ). ભોજકટપુર અને કુંડીનપુર શબ્દો જુઓ.

**विदर्भनगर.** કુંડીનપુર તે જ.

**विदर्भ-नदी.** પેનગંગા તે જ.

**विद्रस्पेस.** પંજાબમાં આવેલી જેલમ નદી તે જ.



Aho ! Shrutgyanam

**विदिशा.** ભોપાળથી ઈશાનમાં ૨૬ માઈલ ઉપર વેત્રવતી યાને બેટવા નદીને કાંઠે માળવામાં ભોપાળના રાજ્યમાં આવેલું ભિલસા તે જ. પોતાના રાજ્યની વહેંચણી કરતાં શ્રીરામચંદ્ર ભગવાને શત્રુઘ્નના પુત્ર શત્રુઘાતિને ભાગે વિદિશા આપ્યું હતું (**રામાયણ ઉત્તરખંડ, સર્ગ ૧૨૧**). કાળિદાસના મેઘદૂતના પૂર્વ ખંડના ૨૫ મા શ્લોકમાં કહેલા દશાર્ણની રાજ્યધાની વિદિશામાં હતી. દેવીપુરાણમાં (**અ૦ ૭૬**) અને રામાયણમાં આને વૈદિશા-દેશ કહ્યું છે. શૃંગવંશના પહેલા રાજા પુષ્ય-મિત્ર યાને પુષ્પમિત્રનો પુત્ર અગ્નિમિત્ર જે ઇ. સ. પૂર્વે ૧૭૫ થી ૧૨૫ સુધી રાજ કરતો હતો તે પોતાના બાપની તરફથી ભિલસા યાને વિદિશાનો સુબો હતો. (**કાલિ-દાસનું માલવિકાગ્નિમિત્ર, અંક ૫ મો**) પણ અગ્નિમિત્રને રાજા તરીકે અને એના બાપને એના સેનાપતિ તરીકે વર્ણવ્યો છે. ભિલસાના સ્તૂપોમાં જુદા જુદા પાંચ જથા છે. એ બધા નિચી અને રેતાળ ડુંગરીઓ ઉપર આવેલા છે. (૧) ભિલસાથી નૈર્ઋત્યમાં સાડા પાંચ માઇલ ઉપર સાંચી સ્તૂપો આવેલા છે; (૨) સાંચીથી નૈર્ઋત્યમાં ૭ માઈલ ઉપર સોનારી સ્તૂપો છે; (૩) સોનારીથી ત્રણ માઇલ ઉપર સતધાર સ્તૂપો આવેલા છે; (૪) ભોજપુર સ્તૂપો ભિલસાથી આગ્નેયમાં ૭ માઇલ ઉપર અને (૫) ભિલસાથી આગ્નેયની પૂર્વે નવ માઈલ ઉપર અંધેર સ્તૂપો આવેલા છે. આ બધા સ્તૂપો ઈ. સ. પૂર્વે ૨૫૦ થી ઇ. સ. ૭૮ દરમિયાન બંધાયેલા છે. (**કનિંગહામના ભિલસાના સ્તૂપો, પા૦ ૭**).

**विदिशा (૨).** વેસ યાને વેસાલી નામની નાની નદી જે વેસનગર યાને ભિલસા પાસે બેટ-વાને મળે છે તે વિદિશા નદી એમ નિર્ણય થયો છે. (**વિલ્સનનું વિષ્ણુપુરાણ, પુ૦ ૨, પા૦ ૧૫૦**).

**विदेघ.** વિદેહ તે જ. (**શતપથ બ્રાહ્મણ, ૧, ૪, ૧, ૧૪**).

**विदेह.** શ્રી રામચંદ્રનાં પત્ની સીતાના પિતા રાજા જનકનો દેશ તિરહૂટ તે જ. વિદેહ અને એની રાજધાની બંનેનું નામ મિથિલા હતું. દરભંગાના જિલ્લામાં આવેલું જનકપુર એ જનક રાજાની રાજધાની હતું. પાછળથી વિદેહની રાજધાની બનારસમાં થઈ હતી. (**સર મોનિયર વિલિયમ્સનું અર્વાચીન હિંદુસ્તાન, પા૦ ૧૩૧**). સીતામાહીથી ઉત્તરમાં એક માઈલ ઉપર એક તળાવ આવેલું છે. ત્યાં અગાડી જમીન ખેડતાં જનકને તરત જન્મેલી સીતા જડી હતી. સીતામાહીથી નૈર્ઋત્યમાં ૩ માઇલ ઉપર આવેલું પનૌરા નામનું સ્થળ સીતાના જન્મસ્થળ તરીકે સુપ્રસિદ્ધ છે. જનકપુરથી ૭ માઇલ ઉપર ધેનુકા નામનું સ્થળ આવે છે. (**હાલ આ જગાએ જંગલ ફેલાઈ ગયું છે**). રામ-ચંદ્રે શંકર ભગવાનના ધનુષ્યનો આ જગાએ ભંગ કર્યો હતો. સીતામાહી સ્થળ ઉપર સીતાનું લગ્ન થયું હતું એમ કહેવાય છે. વિદેહની પૂર્વે કુશી યાને કૌશિકી નદી, પશ્ચિમે ગંડક નદી, ઉત્તરે હિમાલય અને દક્ષિણે ગંગા આવેલી છે. બુદ્ધના સમયમાં વજ્જીયો આ સ્થળે રહેતા હતા. વૈશાલિ શબ્દ જુઓ.

**विद्यानगर.** બેલારીથી વાયવ્યમાં ૩૬ માઈલ ઉપર તુંગભદ્રા નદીને કાંઠે આવેલું વિજય-નગર તે જ. એ સ્થળ પૂર્વે કર્ણાટક યાને વિજયનગરના બ્રાહ્મણી રાજની રાજધાની હતું. એ સ્થળે એનું નામ હમ્પી કહેવાય છે. યાદવ વંશના સંગમે ઇ. સ. ૧૩૨૦ માં એની સ્થાપના કરી હતી. મેકેન્ઝીના લખાણોને અનુસાર (**જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૩૮, પા૦ ૧૭૪ જુઓ**) કૃષ્ણરાયના પિતા નરસિંહરાયે આ સ્થળની સ્થાપના કરી હતી. સંગમથી ત્રીજી અને ચોથી પેઢીએ બક્ક

Aho ! Shrutgyanam

અને હરિહર નામના રાજાઓ થયા હતા. યાદવવંશની વંશાવળી સારૂ (**એપિ૦ ઇન્ડિકા, પુ૦ ૩, પા૦ ૨૧, ૨૨, ૧૧૪ અને ૨૨૩**) જુઓ. આ જગાએ વિઠોબાનું સુપ્રસિદ્ધ દેવળ આવેલું છે. (**મેડોઝ ટેલરનું ધારવાડ અને મૈસોરનું સ્થાપત્ય, પા૦ ૬૫**). અને ત્યાં વિરૂપાક્ષ મહાદેવનું દેવળ પણ છે. ઇ. સ. ૧૫૬૫ માં કૃષ્ણા નદીને કાંઠે થયેલા તાલીકોટના યુદ્ધથી વિજયનગર બલહિન થઇ ગયું હતું. માધવાચાર્યના ભાઇ અને વેદના સુપ્રસિદ્ધ ભાષ્યકાર સાયનાચાર્ય બીજા સંગમ રાજાના પ્રધાન હતા. સંગમ રાજ બીજા તે વિજયનગરના બક્કરાયના ભાઇ કંપરાજના પુત્ર થતા (**એપિ૦ ઇન્ડિકા, પુ૦ ૩, પા૦ ૨૩**).

**विद्यानगर** (२). માળવામાં સિંધુ અને પારા નદીના સંગમ ઉપર આવેલું વિજયનગર તે જ. (**પદ્માવતી શબ્દ જુઓ**).

**विद्यानगर** (३). ગોદાવરી નદી ઉપર આવેલું રાજમહેન્દ્રી તે જ. (**બુદ્ધ ટેક્સ્ટ સોસાઇટીનું જર્નલ, પુ૦ ૫**). આ સ્થળે ચૈતન્યને ઓરિસાના રાજા પ્રતાપરૂદ્રની હકુમત તળે રાજ કરનાર રામનંદરાય મળ્યા હતા. (**ચૈતન્ય-ચરિતામૃત, મધ્યમ, અ૦ ૮**).

**विंगर**. પૂનાથી ૭૧ માઇલ ઉપર આવેલું અહમદનગર તે જ. આ શહેર અહમદ નિઝામશાહે ઇ. સ. ૧૪૯૪ માં વસાવ્યું હતું.

**विंधुवासिनी**. સંયુક્ત પ્રાંતમાં મિરજાપુર જિલ્લામાં આવેલું સુપ્રસિદ્ધ યાત્રા સ્થળ. વિંધ્યાચળ શબ્દ જુઓ. (**વામનપુરાણ, અ૦ ૪૫**).

**विंध्य-पाद-पर्वत**. જેમાંથી તાપી વગેરે નદીઓ નિકળે છે તે સાતપુડા પર્વત (**વરાહપુરાણ, અ૦ ૮૫**). આ પર્વત નર્મદા અને તાપી નદીઓની વચ્ચે આવેલો છે. ટૉલેમીએ અફ્રીકની ખાણોવાળો સરડોનિશ નામે ઉલ્લેખ કરેલો પર્વત તે જ. સરડીઅન એ અફ્રીકની એક જાત છે. (**મેકક્રીન્ડલનું ટૉલેમી**). સાતપુડાની ધાર ઉપર ઇંદોરથી આશરે ૧૦૦ માઇલ દૂર બરવાનીના જિલ્લામાં નર્મદા નદીને કાંઠે ૭૩ ફીટ ઉંચી બાવનગજ નામની ખડકમાંથી કોતરી કાઢેલી દિગંબર મૂર્તિ છે. (**જ૦ એ૦ સો૦ બં૦ પુ૦ ૧૭, પા૦ ૯૧૮**). શ્રાવણ-બેલ્ગોલા શબ્દ જુઓ.

**विंद्याचल**. વિંધ્યપર્વતાવળી તે જ. મિરજાપુર તરફ આવેલી આ ટેકરીઓ ઉપર વિંધુવાસિની દેવીનું સુપ્રસિદ્ધ દેવળ આવેલું છે. (**દેવીભાગવત, ૭, ૩૦**). આ સ્થળ ઇસ્ટ ઇંડિયા રેલ્વેનું સ્ટેશન છે. વિંધુવાસિની દેવીના દેવળથી થોડે દૂર અષ્ટભુજા યોગમાયાનું દહેરૂં છે. આ દહેરૂં શક્તિની બાવન પીઠોમાંની એક પીઠ છે. સતીના ડાબા પગનો અંગુઠો અહિંયાં કપાઇ ગયો હતો. (**શિવપુરાણ, ખંડ ૪, ભા૦ ૧, અ૦ ૨૧**). મથુરાંના રાજા કંસને એનો મારનાર જન્મ્યો છે એવી ચેતવણી આપ્યા પછી યોગમાયા આ પર્વતઉપર આવીને વિંધુવાસિની દેવીના દેવળમાં રહ્યાં હતાં. કથાસરિત્સાગરને અનુસાર આ સ્થળ પૂર્વે તેમજ હાલ પણ સુપ્રસિદ્ધ યાત્રા સ્થળ મનાય છે. જુના પંપાપુરી શહેરના ઘેરાવામાં વિંધ્યાચળ ગામ આવી જતું (**ફ્યુરરનું મોન્યુમેન્ટલ એન્ટીકવીટીઝ ઑફ ઇંડિયા**). દુર્ગાદેવીને શુંભ અને નિશુંભ નામના બે અસુર ભાઇઓ વચ્ચે વિંધ્યાચળ ઉપર યુદ્ધ થયું હતું. (**વામન-પુરાણ, અ૦ ૫૫**). ચંડપુર શબ્દ જુઓ. સાતમા સૈકામાં વિંધુવાસિનીની માન્યતા બહુ ફેલાયેલી હતી અને એનું દેવળ હિંદુસ્તાનમાં ઘણું જ પવિત્ર યાત્રા સ્થળ ગણાતું. (**કથા-સરિત્સાગર, અ૦ ૫૨, ૫૪**).

**विंद्याचल** (२). દક્ષિણ મૈસોરની ડુંગરીઓ અને ઉચ્ચ પ્રદેશને બીજો વિંધ્યાચળ કહેતા એમ પાર્ગીટરનું કહેવું છે. (**રામાયણ, કિષ્કિં-**

Aho ! Shrutgyanam

धाकांड, सर्ग, ૪૮; જ૦ રૉ૦ એ૦ સો૦ ૧૮૯૪ પા૦ ૨૬૧ ).

**विंध्याटवी.** વિંધ્યમાળાના પશ્ચિમ છેડાની દક્ષિણે આવેલો ખાનદેશ અને ઔરંગાબાદના કેટલાક ભાગોનો પ્રદેશ વિશેષ. નાશક જિલ્લાનો સમાવેશ આમાં થાય છે.

**विनसन-तीर्थ.** પતિયાળાના રાજ્યમાં સિરસિંહના જિલ્લામાં મોટા રેતીના રણમાં થાણેશ્વરથી પશ્ચિમ તરફ વલણ લઈને સરસ્વતી નદી અલોપ થાય છે તે સ્થળ વિશેષ.

**विनायक-क्षेत्र.** ઓરિસામાં ભૂવનેશ્વરના રેલ્વે સ્ટેશનથી ઉપરની બાજુએ ડુંગરાના શિખર ઉપર ધનમંડળથી આશરે ત્રણ ચાર માઈલ ઉપર આવેલું સ્થળ વિશેષ.

**विनायक-तीर्थो.** વિનાયક યાને ગણેશનાં પવિત્ર સ્થળો આઠ છે. (૧) સધર્ન મરાઠા રેલ્વેના જજુરી નામના રેલ્વે સ્ટેશનથી ૭ માઇલ ઉપર આવેલ **મોરેશ્વર.** (૨) મુંબઇથી વહાણને રસ્તે ૪૬ માઈલ ઉપર આવેલું **બલ્લાલ.** અહીં અગાડી મરુડ નામના વિનાયકનું દેવળ છે. (૩) જી. આઈ. પી. રેલ્વેના તેલીગાંવ સ્ટેશનથી ૫૦ માઈલ ઉપર આવેલું. **લેનાદ્રિ** તે. (૪) જી. આઈ. પી. રેલ્વેના દિકશલ સ્ટેશનથી દસ માઈલ દૂર ભીમા નદીના તીર ઉપર આવેલું **સિદ્ધટેક** તે. (૫) ઓઝરમાં આવેલું **વિઘ્નેશ્વર** વિનાયકનું દેવળ તે. (૬) **સ્થેવર** યાને **થેચુર** તે. (૭) **રંજનગ્રામ** અને (૮) **મહાડ** તેજ. છેલ્લાં ત્રણ સ્થળો જી. આઈ. પી. રેલ્વે ઉપર આવેલાં છે. અષ્ટવિનાયક શબ્દ જુઓ.

**विनासिनी.** ગુજરાતમાં આવેલી બનાસ નદી તેજ. આ નદી ઉપર ડીસા આવેલું છે. ( બ્રહત્ જ્યોતિષાર્ણવ ).

**विनितपुर.** ઓરિસ્સામાં આવેલું કટક તેજ. ( એપિ૦ ઇન્ડિકા, પુ૦ ૩, પા૦ ૩૨૩ થી ૩૫૯; જ૦ એ૦ સો૦ બં૦ ૧૯૦૫, પા૦ ૧ ).

**विपासा.** બિઆસ નદી તેજ. ગ્રીક લોકોએ આને હિપાસીસ કહી છે. આ નદીનું નામ પડવાની હકીકત મહાભારતમાં આપેલી છે. (આદિપર્વ, અ૦ ૧૭૯). વિશ્વામિત્રે વસિષ્ઠ ઋષિના છોકરાઓને મારી નાખ્યા બદલ શોકથી આત્મઘાત કરવાના હેતુથી પોતાના હાથપગે દોરડાથી બાંધીને વસિષ્ઠ ઋષિ આ નદીમાં પડયા હતા. પોતાને બ્રહ્મહત્યા લાગશે એવા ભયથી આ નદીએ એમના હાથપગના બંધ તોડી નાખીને એમને કાંઠે કાઢી નાખ્યા હતા. બંધ-કોશ તોડી નાખ્યા તેથી નદીનું નામ વિપાસા પડયું હતું. મોનાલીની સામી બાજુએ ઉના પાણીના ઝરા અને વસિષ્ઠ ઋષિનું ગામ આવેલું છે. (જ૦ એ૦ સો૦ બં૦ પુ૦ ૧૭, પા૦ ૨૦૯ ).

**विभाण्डकाश्रम.** ઋષ્યશૃંગ આશ્રમ તેજ.

**विरजाक्षेत्र.** ઓરિસામાં વૈતરણીને કાંઠે આવેલા જાજપુરની આજુબાજુ દસ માઇલ સુધીનો પ્રદેશ વિશેષ ( મહાભારત, વનપર્વ, અ૦ ૮૫; બ્રહ્મપુરાણ, અ૦ ૪૨ ). આ શાક્ત લોકોનો પવિત્ર પ્રદેશ હોઈ એને ગદાક્ષેત્ર પણ કહે છે. ( કપિલસંહિતા ).

**विराट.** જયપુરના રાજ્યનો પ્રદેશ તેજ. દિલ્હીથી દક્ષિણે ૧૦૫ માઇલ અને જયપુરથી ઉત્તરે ૪૦ માઇલ ઉપર વિરાટ યાને વૈરાટ નગર આવ્યું હતું ( કનિંગહામનો આર્કિ૦ સર્વે રિપોર્ટ, પુ૦ ૨, પા૦ ૨૪૪ ). આ નગર જયપુર યાને મત્સ્યદેશની પ્રાચીન રાજધાની હતું. મત્સ્યદેશના રાજા વિરાટની એ રાજધાની હોઇ પાંચે પાંડવો એ નગરમાં એક વરસ સુધી ગુપ્ત રહ્યા હતા. કાન્તનગર એ વિરાટનું ઉત્તરગોગ્રહ અને મિદનાપુર એ દક્ષિણગોગ્રહ અને દિનાજપુર તે વિરાટ એ કહેવું ભૂલભરેલું છે. મહાભારતમાં કહ્યાથી ઉલટું છે. મહાભારતમાં કહ્યું છે કે યુધિષ્ઠિરે પોતાના શત્રુ દુર્યોધનની હિલચાલ ઉપર નજર રખાય

Aho ! Shrutgyanam

માટે હસ્તિનાપુરની પાસે આવેલા એક સંસ્થાનમાં ગુપ્ત રહેવાનું પસંદ કર્યું હતું ( **મહાભારત, વિરાટપર્વ, અ૦ ૧, અને સભાપર્વ, અ૦ ૩૦**). મત્સ્યદેશ શબ્દ જુઓ. વિરાટ અગાડી આવેલી પાંડુ ડુંગરી ઉપર એક વિવર છે જેને ભીમગુફા કહે છે. આ વિવરમાં અશોકનો એક શિલાલેખ છે. ( **કોર્પસ ઈન્સ્ક્રીપ્શનમ ઇન્ડિકેરમ, પુ૦ ૧, પા૦ ૨૨**).

**વિશાખા**. બુદ્ધકાળમાં અયોધ્યાને વિશાખા કહેતા. ફાહિયાનના કહ્યા પ્રમાણે વિશાખા શાચી યાને શાકેતની રાજધાની હતી. પરંતુ અયોધ્યાના ગૌડ જિલ્લામાં સરજુ અને ઘોઘરાના સંગમ અગાડી આવેલું પશ તે વિશાખા એમ ડૉ. હોઇ કહે છે. ( **જ૦ એ૦ સો૦ બં૦ પુ૦ ૬૯, પા૦ ૭૪**). ડૉ. બર્જેસ હિંદુસ્તાનના વિવરોની અંદરના દેવળો નામના પુસ્તકમાં ૪૪ મા પાને લખનૌ તે વિશાખા એમ કહે છે.

**વિશાખા-પટ્ટન**. મદ્રાસ ઈલાકાંમાં આવેલું વિઝાગાપટ્ટમ તે જ.

**વિશાલા**. બિહાર પ્રાંતના મુઝાફરપુર જિલ્લામાં આવેલું વેશાદ તે જ. બુદ્ધકાળમાં આને વૈશાલી કહેતા હતા. ( **વૈશાલી શબ્દ જુઓ**). રામાયણના સમયમાં આ શહેર ગંડક ઉપર નહિ પણ ગંગા નદીને ઉત્તર કિનારે આવેલું હતું ( **આદિ૦ અ૦ ૪૫** ). ઈ. સ. ના અગિયારમા સૈકામાં ક્ષેમેન્દ્રના વખતમાં આ શહેર બાલગોમતી ઉપર આવેલું હતું ( **અવ૦ ક૯૫૦ અ૦ ૩૯** ).

**વિશાલા** (૨). અવંતિની રાજધાની ઉજ્જન તે જ. ( **મેઘદૂત, પૂર્વ, શ્લોક ૩૧; હેમકોશ; સ્કંધપુરાણ, રેવાખંડ, અ૦ ૪૭** ).

**વિશાલા** (૩). વૈશાલીમાં આવેલું ગંડકને મળનારૂં એક નાનું વહેણ વિશેષ.

**વિશાલ્યા**. નર્મદા નદીનો એક ફાંટો વિશેષ. ( **કૂર્મપુરાણ, અ૦ ૩૯** ).

**વિષ્ણુગયા**. વરાડમાં મેખરથી બહુ દૂર નહિ તેવું લેનર ગામ તે જ. આ પ્રસિદ્ધ ધાર્મિક સ્થળ છે.

**વિષ્ણુગૃહ**. તામ્રલિપ્તિ યાને તમલુક તે જ. ( **હેમકોશ** ).

**વિશ્વામિત્રા**. જેને કાંઠે વડોદરા આવેલું છે તે ગુજરાતની વિશ્વામિત્રિ નદી તે જ. (**મહાભારત, ભીષ્મપર્વ, અ૦ ૯**).

**વિશ્વામિત્ર-આશ્રમ**. બિહારમાં શાહાબાદ જિલ્લામાં આવેલું બકસર તે જ. એ વિશ્વામિત્ર ઋષિનો આશ્રમ હતો. ત્યાં અગાડી શ્રીરામચંદ્રે તાડકાનો વધ કર્યો હતો. બકસરમાં ચરિત્રવન કહેવાય છે તે જગાએ મુનિનો આશ્રમ હતો. (**રામાયણ, બાલકાંડ સર્ગ, ૨૬**). અને બકસરની પશ્ચિમ તરફની બાજુએ થોર નદી પાસે જુનો સિદ્ધાશ્રમ હતો. એ આશ્રમ વામનદેવની જન્મભૂમિ તરીકે જાણીતો છે ( **સિદ્ધાશ્રમ જુઓ** ). ગયાથી વાયવ્યમાં ૨૫ માઈલ ઉપર દેવકુંડ આગળ પણ વિશ્રામિત્ર ઋષિનો આશ્રમ કહેવાય છે. વેદગર્ભપુરી તે જ. કુરુક્ષેત્રમાં સ્થાણુતીર્થની સામી બાજુએ સરસ્વતીને પશ્ચિમ કિનારે પણ વિશ્વામિત્રનો આશ્રમ હતો એમ કહેવાય છે. ( **મહાભારત, શલ્યપર્વ, અ૦ ૪૩** ). કૌશિકી યાને વર્તમાન કુશી નદીને કિનારે પણ વિશ્વામિત્ર ઋષિનો આશ્રમ કહેવાય છે.

**વીણા**. કૃષ્ણા નદી તે જ. ટૉલેમીએ એનો ઉલ્લેખ ટીન્ના નામે કર્યો છે.

**વીણા** (૨). કચુમાયુનમાં આવેલું અલમોરા તે જ. એને વેનવા પણ કહે છે.

**વૃકસ્થળ**. હસ્તિનાપુરથી દક્ષિણ તરફ થોડેક છેટે આવેલું સ્થળ વિશેષ ( **મહાભારત, ઉદ્યોગપર્વ, અ૦ ૮૬** ).

**વૃક્ષખંડ**. ચીતાભૂમિ શબ્દ જુઓ.

**વૃત્રઘ્ની** ગુજરાતમાં સાબરમતી નદીને મળનારી વાત્રક નદી તે જ. ( **પદ્મપુરાણ, ઉત્તરખંડ,**

Aho ! Shrutgyanam

અ૦ ૬૦; માર્કન્ડેયપુરાણ, અ૦ ૫૭). વેત્રવતી અને વર્ત્રઘ્ની તે જ.

**વૃદ્ધકાશી.** મદ્રાસ ઇલાકામાં પુંડુમેલી-ગોપુરમ નામનું વર્તમાન સુપ્રસિદ્ધ યાત્રા સ્થળ તે જ. ચૈતન્ય અહીં આવ્યા હતા. અહીં એમણે વાદમાં બૌદ્ધ લોકોને હરાવ્યા હતા. (શ્યામલાલ ગોસાઈનું ગૌરસુંદર)

**વૃંદાવન.** મથુરા જિલ્લામાં આવેલું બ્રિંદાવન તે જ. અહિંયાં કૃષ્ણે ગોપીઓ પ્રતિ પ્રેમ અને લીલા કરી હતી. ઔરંગઝેબની ચઢાઇના ભયને લીધે અહિંયાંની ગોવિંદજીની મૂળ મૂર્તિ જયપુર અને મદનમોહનની મૂળ મૂર્તિ કરૌલી લઈ જવામાં આવી હતી. અહીંનું ભવ્ય સુંદર શંકુ આકારનું ઘણી સુંદર કોતરણીવાળું ગોવિંદજીનું જૂનું દેવળ અકબરના રાજ્યના ચોત્રીસમા વર્ષમાં માનસિંગે બંધાવ્યું હતું. (ગ્રાઉઝનું મથુરા અને બ્રહ્મવિવર્ત પુરાણ, અ૦ ૧૭ અને ભાગવત પુરાણ, દશમસ્કંધ. અ૦ ૧૨). સુપ્રસિદ્ધ પ્રેમકેલીનાં સ્થળો નિધુવન અને નિકુંજવન અને રાસમંડળનું સ્થળ પુલીન, વસ્ત્રહરણઘાટ, કાલિયદહઘાટ આ બધાં શ્રીકૃષ્ણનાં પ્રેમ અને લીલાઓનાં સ્થળ વૃંદાવનમાં આવેલાં છે. કાલિદાસના સમયમાં વૃંદાવન ખુબ ખ્યાતિ પામ્યું હોય એમ લાગે છે (રઘુવંશ, સર્ગ ૬, શ્લોક ૫૦). વિક્રમાંકદેવચરિતના કર્તા કવિ બિલ્હણ વૃંદાવનમાં ગયા હતા. (૨૮, ૫ અને ૮૭). હરિદાસના આશ્રમમાં તેમનાં સ્મારક અવશેષ છે. અહીંથી અકબર તેના શિષ્ય જાણીતા સંગીતશાસ્ત્રી તાનસેનને પોતાના દરબારમાં લઈ ગયો હતો. ઘણા સૈકાઓ સુધી બુદ્ધ ધર્મના જોરને લઈને વૃંદાવનની ઘણી પવિત્ર જગાઓના અવશેષો ભુસાઇ ગયા હતા. પણ શ્રી ચૈતન્યભગવાનના રૂપ અને સનાતન નામના શિષ્યોની શોધખોળને પ્રતાપે પાછા જાણમાં આવ્યા છે. પરંતુ હાલના વૃંદાવનને પૌરાણિક વૃંદાવન માનવું એ શંકાસ્પદ છે. કારણ કે (૧) હાલનું વૃંદાવન મથુરાથી ફક્ત ૭ માઇલ છે જ્યારે અક્રુરને વેગવાન ઘોડા જોડેલા રથમાં બેસીને વૃંદાવનથી મથુરાં જતાં સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીનો આખો દિવસ ગયો હતો. (વિષ્ણુપુરાણ, ખંડ ૫, અ૦ ૧૮, શ્લોક ૧૨ અને ૩૩ તથા અ૦ ૧૯, શ્લોક ૯; ભાગવતપુરાણ, ખંડ ૧૦, અ૦ ૩૯, શ્લોક ૩૦ અને અ૦ ૪૧, શ્લોક ૪). (૨) કૃષ્ણના પાલક પિતા નંદ મથુરાના રાજા કંસના મારાઓથી બચવા મથુરાથી છ માઇલ ઉપર આવેલા ગોકુલથી ખસી જમનાને સામે કિનારે વૃંદાવન આવી રહ્યા હતા. (વિષ્ણુપુરાણ, ખંડ ૫, અ૦ ૬, શ્લોક ૨૩, ૨૫; ભાગવતપુરાણ, ખંડ ૧૦, અ૦ ૧૧, શ્લોક ૧૦ થી ૧૪). નદીનો કુદરતી બચાવ છોડીને જમનાને એજ કિનારે અને લગભગ ૬ માઇલને અંતરે આવેલા હાલના વૃંદાવનને પોતાના ટુંક સમયના રહેઠાણ માટે પસંદ કરે એ સંભવિત નથી. (૩) વૃંદાવનમાં એકે પર્વત નથી જ્યારે જૂનું વૃંદાવન પહાડી મુલક હતો એવાં વર્ણનો મળી આવે છે. (ભાગવતપુરાણ, ખંડ ૧૦, અ૦ ૧૧, શ્લોક ૧૪). (૪) પૌરાણિક વૃંદાવન અને મથુરા યમુનાના સામસામે કિનારે આવેલાં હોય એમ દેખાય છે. (વિષ્ણુપુરાણ, ખંડ, ૫, અ૦ ૧૮, શ્લોક ૩૩ અને ભાગવતપુરાણ, ખંડ ૧૦, અ૦ ૩૯, શ્લોક ૩૪).

**વૃષભાનુપુર.** વર્શાણ તે જ.

**વેગવતી.** મદુરા જિલ્લામાં આવેલી નદી વેગા યાને વિગી તે જ. (શિવપુરાણ, પુ૦ ૨, અ૦ ૧૦; પદ્મપુરાણ, ઉત્તરખંડ, અ૦ ૮૪; મેકેન્ઝીનો સંગ્રહ, પા૦ ૧૪૨, ૨૧૧). આ નદીના કિનારા ઉપર મદુરા આવ્યું છે.

**વેગવતી (૨).** કાંચીપુર અથવા કાંજેવરમ વેગવતી નદીના ઉત્તર કિનારે આવેલું છે.

Aho ! Shrutgyanam

**वेगा**. વેગવતી નદી તે જ. (પદ્મપુરાણ, સૃષ્ટિખંડ, અ૦ ૧૧).

**वेणा**. મધ્યપ્રાંતમાં આવેલી વેણુગંગા નદી તે જ. (પદ્મપુરાણ, આદિખંડ, અ૦ ૩). વેણ્વા તે જ. એ ગોદાવરીની એક શાખા છે. (મહાભારત, વનપર્વ, અ૦ ૮૫; પદ્મપુરાણ, આદિસ્વર્ગ, અ૦ ૧૯).

**वेणाकटक**. આંધ્ર અથવા તૈલંગણનું મુખ્ય શહેર વરંગલ તે જ. (ડૉ૦ ભાઉદાજીનાં સાહિત્ય સ્મારક લખાણો, પા૦ ૧૦૭).

**वेणी** કૃષ્ણા નદીનો એક ફાંટો (પદ્મપુરાણ, ઉત્તર૦ અ૦ ૭૪). વેણ્યા તે જ.

**वेणी (૨)**. કૃષ્ણા નદી તે જ.

**वेणीगंगा**. વેણગંગા નદી તે જ. વેણ્વા શબ્દ જુઓ. (બૃહત્‌શિવપુરાણ, ઉત્તર૦ અ૦ ૨૦).

**वेणुग्राम**. સુગંધાવર્તી તે જ.

**वेणुवन-विहार**. રાજગૃહના વાયવ્ય ખુણામાં વાંસના વનની અંદર રાજા બિંબિસારે બાંધેલો મઠ. આ મઠ બુદ્ધને અર્પણ કરવામાં આવ્યો હતો. બુદ્ધ થયા પછી તેઓ રાજગૃહ આવ્યા ત્યારે અહીં રહ્યા હતા. મહાવગ્ગ (૧, ૨૨, ૧૭) માં કહ્યું છે કે વેણુવન રાજગૃહથી બહુ પાસે કે બહુ દૂર ન હતું અને તે રાજા સૈનિય (શ્રેણિક) બિંબિસારનું પ્રમદવન હતું (ગિરિવ્રજપુર શબ્દ જુઓ). વૈભાર ટેકરીની તળેટીએ શહેર બહાર ઉત્તરના દરવાજાથી થોડે અંતરે તે આવેલું હતું. (ક્ષેમેન્દ્રનું બોધિસત્વાવદાન કલ્પલતા, પ્ર૦ ૩૯).

**वेण्य**. વેણા તે જઃ વેણગંગા નદી વિશેષ.

**वेण्वा**. પશ્ચિમઘાટમાંથી નીકળતી કૃષ્ણા નદીની એક શાખા વેણી તે જ.

**वेण्वा (૨)**. કૃષ્ણા.

**वेण्वा (૩)**. વિંધ્યાપાદમાંથી નીકળતી ગોદાવરીની એક શાખા વેણુગંગા. (માર્કન્ડેયપુરાણ, અ૦ ૫૭). વેણા તે જ. તેને વેણીગંગા પણ કહે છે. (બૃહત્‌શિવપુરાણ, ઉત્તર૦ અ૦ ૨૦).

**वेंकटगिरि**. મદ્રાસની વાયવ્યમાં આશરે ૭૨ માઈલ દૂર ઉત્તર આર્કટ જિલ્લામાં ત્રિપતિ અથવા તિરૂપતિની પાસે આવેલો તિરૂમલાઇ પર્વત. અહીં ઇ. સ. ના બારમા સૈકામાં શિવને સ્થાને વેંકટસ્વામિ અથવા બાલાજીવિશ્વનાથને નામે શ્રીપંથના વૈષ્ણવ રામાનુજે વિષ્ણુનો પંથ સ્થાપ્યો. ત્રિપદી તે જ. શ્રીરંગમ શબ્દ જુઓ. પદ્મપુરાણમાં ઉત્તરખંડ અધ્યાય ૯૦ માં રામાનુજ અને વેંકટગિરિનો ઉલ્લેખ આવે છે. વેંકટઆદ્રિને શેશાદ્રિ પણ કહે છે. (એપિ૦ ઇન્ડિકા, પુ૦ ૩, પા૦ ૨૪૦; સ્કંધપુરાણ, વિષ્ણુખંડ, અ૦ ૧૬, ૩૫). વેંકટગિરિના રાજાઓની વંશાવલીને માટે (જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૩૮, પા૦ ૫૧૬) જુઓ.

**वेंगी**. કિસ્તના જિલ્લામાં કૃષ્ણા અને ગોદાવરી વચ્ચે ઈલુર સરોવરની વાયવ્યમાં આવેલું આંધ્રની રાજધાનીનું શહેર તે જ. હાલ તેને વેગી અથવા પેડ્ડાવેગી કહે છે. (સુવેલનું દક્ષિણ હિંદની વંશાવળીના લખાણો પા૦ ૯૯). ઈ. સ. ના સાતમા સૈકામાં ચાલુક્ય વંશની એક શાખા પુલકેશી બીજાના ભાઈ વિષ્ણુવર્ધને અહીં સ્થાપી હતી. (આંધ્ર શબ્દ જુઓ). એનું નામ વિક્રમાંકદેવચરિત ૬, ૨૬ માં આપ્યું છે. આ પુસ્તકની પ્રસ્તાવનામાં ડૉ. બ્યુલરની ટીપ્પણી જુઓ. રાજધાનીના નામ ઉપરથી દેશ પણ વેંગીદેશ કહેવાતો. સર ડબલ્યુ ઇલીયટના મત પ્રમાણે કૃષ્ણા અને ગોદાવરી નદીઓની વચ્ચેના પ્રદેશનો તેમાં સમાવેશ થતો. (જ૦ રા૦ એ૦ સો૦ પુ૦ ૪). હાલ તેને ઉત્તરસરકાર કહે છે. (ડૉ. વિલ્સનનું હિંદની જાતો, પુ૦ ૨, પા૦ ૮૮). એની મૂળ સીમાઓ પશ્ચિમે પૂર્વઘાટ, ઉત્તરે ગોદાવરી

Aho ! Shrutgyanam

અને દક્ષિણે કૃષ્ણા નદી હતી. ( **મુંબાઈ ગેઝેટિયર, પુ૦ ૧, વિ૦ ૨, પા૦ ૨૮૦** ).

**वेत्रवती.** ભોપાળ રાજ્યમાં આવેલી જમના નદીને મળનારી બેટવા નદી તે જ. પ્રાચીન વિદિશા અથવા ભિલસા એના કાંઠા ઉપર આવેલું છે.

**वेत्रवती (૨).** ગુજરાતમાં આવેલી સાબરમતીની એક શાખા વાત્રક નદી તે જ. ( **પદ્મપુરાણ, ઉત્તર૦, અ૦ ૫૩**). ખેડા (**પ્રાચીન ખેટક**) એના કાંઠા ઉપર આવેલું છે. ( **જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૩૮, પા૦ ૯૦૮** ). વૃત્રઘ્ની અને વર્ત્રઘ્ની તે જ.

**वेधद्वीप.** નેપાળની દક્ષિણે અને ગોરખપુરની પૂર્વે આવેલું હાલનું બેથીઆ તે જ. પરંતુ આ ચોક્કસ થયું નથી. બુદ્ધના નિર્વાણ પછી તેના દેહના અવશેષનો આઠમો ભાગ વેધદ્વીપના બ્રાહ્મણોને મળ્યો હતો. ( **મહાપરિનિબ્બાનસુત્ત, ૬** ). કુશીનગર જુઓ. લૌરિયા નંદનગઢથી ઇશાનમાં એક માઇલ ઉપર અને ચંપારણ જિલ્લામાં બેથીઆથી પંદર માઇલ વાયવ્યમાં આવેલા શંકુઆકાર માટીના મોટા ઢગલાઓ અને જમીનમાં લાંબા ખાડાઓ તે વેધદીપના બ્રાહ્મણોએ બુદ્ધભગવાનના શરીરના અવશેષ ઉપર બાંધેલા સ્તૂપનાં ખંડેરો હોય એમ માનવાને કારણ છે. આનાથી થોડે અંતરે અશોકના શાસનોવાળો સિંહમુખાકૃતિવાળો સ્તંભ આવેલો છે. વેધદીપ શબ્દમાં દીપ એ ધાપનું વિકૃત રૂપ હોય એ સ્પષ્ટ છે અને ધાપ એ દાગબ અથવા ધાતુગર્ભ અથવા સ્તૂપ જેની અંદર બુદ્ધના અવશેષ રાખવામાં આવે છે તેનું વિકૃત રૂપ છે. ( **મહાસ્થાનમાં સીતાધાપ અથવા સીતાધાતુગર્ભનું સીતાદીપ બન્યું છે તે સરખાવો** ).

**वेदगर्भपुरी.** બંગાળા ઇલાકામાં શાહાબાદ જિલ્લામાં આવેલું બકસર તે જ. (**બ્રહ્માંડપુરાણ, પૂર્વખંડ, અ૦ ૧ થી ૫; સ્કંધપુરાણ, સુત્તસંહિતા, ૪, યજ્ઞખંડ, ૨૪** ). શહેરની મધ્યમાં આવેલા ગૌરીશંકરના દેવળને લગોલગ આવેલું વ્યાઘ્રસર નામના તળાવ ઉપરથી બકસર શબ્દ વિકૃત થયો હોય એમ દેખાય છે. વિશ્વામિત્રઆશ્રમ, સિદ્ધાશ્રમ, વ્યાઘ્રસર અને વ્યાઘ્રપુર તે જ.

**वेदपर्वत.** મદ્રાસ ઇલાકામાં આવેલી તિરુકલુકુરમ નામની ટેકરી. અહીંઆં પક્ષીતીર્થ નામની પવિત્ર જગા આવેલી છે. પક્ષીતીર્થ શબ્દ જુઓ. ( **દેવીપુરાણ, અ૦ ૩૯; ઇન્ડિયન એન્ટીકવરી, પુ૦ ૧૦, પા૦ ૧૯૮** ).

**वेदवती** બલ્લારી અને મૈસોરમાં વહેતી તુંગભદ્રાને મળતી હગરી નદી તે ( **સ્કંધપુરાણ, સહ્યાદ્રિખંડ; ઇન્ડિ૦ એન્ટી૦ પુ૦ ૩૦** ). પણ વરાહપુરાણનો ૮૫ મો અધ્યાય જુઓ. કૃષ્ણા નદીને દક્ષિણ તરફથી મળતી વરદા અથવા વર્દા અને અગ્નિપુરાણમાં કહેલી વરદા તે જ. ( **પાર્ગીટરનું માર્કન્ડેયપુરાણ, પા૦ ૩૦૩** ). વરદા શબ્દ જુઓ.

**वेदश्रुति** અયોધ્યામાં ટોન્સ અને ગોમતી નદીઓની વચ્ચે આવેલી નદી. ( **જુઓ રામાયણ, અયોધ્યા, અ૦ ૪૯** ).

**वेदश्रुति** (૨) માળવામાં આવેલી વેસુલા નદી તે. ઘણાં પુરાણોમાં વેદશ્રુતિ નદીનું નામ જોવામાં આવતું નથી, પણ વેદસ્મૃતિ નદીનો જ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

**वेदस्मृति** વેદશ્રુતિ નદી તે આજ. (**જુઓ મહાભારત, ભીષ્મ પર્વ, અ૦ ૯**).

**वेदारण्य** કાલિમર ભૂશિરથી ઉત્તરમાં પાંચ માઇલ દૂર તાંજોરમાં આવેલું એક અરણ્ય. અહીં અગસ્ત્ય ઋષિનો આશ્રમ હતો. ( **જુઓ દેવી ભાગવત, ૭, ૩૮; ગંગુલીના સાઉથ ઇન્ડીઅન બ્રોન્ઝીસ, પા૦ ૧૬**).

Aho ! Shrutgyanam

**वेदिसगिरि.** ગ્વાલિયરના રાજમાં ભોપાળથી ઇશાન ખુણામાં ૨૬ માઈલ દૂર આવેલું ભિલસા યા વિદિશા અને વેસનગર તે આ જ. (**જુઓ ઓલ્ડનબર્ગનો દીપવંશ**).

**वेल्तुर.** એરુલ, વેરુલા ઇલુર યાને નિઝામના રાજ્યમાં આવેલું ઇલ્લર તે આ. ( **જુઓ ઇન્ડિયન એન્ટી૦ પુ૦ ૨૨, પા૦ ૧૯૩; બૃહત્સંહિતા ૧૪, ૧૪** )

**वेसनगर.** ભોપાળના રાજ્યમાં સાંચીની પાસે ભિલસાથી આશરે ત્રણ માઈલ દૂર વેશાલી યા વેશ નદી અને બેટવાના સંગમ પર આવેલું વેસનગર તે આ. મહાવંશમાં તેને ચેતિય, ચેતિયનગર યા ચેત્યગિરિ ( **ચૈત્યગિરિ** ) કહેવામાં આવ્યું છે. તે દશાર્ણનું જુનું રાજધાનીનું શહેર હતું. કુંવર તરીકે જ્યારે અશોક ઉજ્જયિનીનો સુબો નિમાયેલો હતો ત્યારે ઉજ્જયિની આવતાં આ સ્થળના ઠાકોરની દીકરી દેવી સાથે તેણે લગ્ન કર્યું હતું. દેવીથી તેને ઉજ્જયિનીય અને મહિન્દ નામના જોડ પુત્રો અને સંઘમિત્તા નામની દીકરી થયાં હતાં છેલ્લાં બે જણાંને લંકામાં બુદ્ધધર્મ દાખલ કરવા સારૂ બુદ્ધગયાના બોધિવૃક્ષની ડાળી આપીને પિતા તરફથી મોકલવામાં આવ્યાં હતાં. અશોક પાટલીપુત્રના રાજા ચંદ્રગુપ્તનો પૌત્ર હતો. તેણે ઇ. સ. પૂ ૨૭૩ થી ઈ. સ. પૂ. ૨૩૨ સુધી રાજ્ય કર્યું. વેસનગરમાંથી એક સ્તંભ જડી આવ્યો છે તે તક્ષશીલાના હેલિઓડોરોસે ઉભો કર્યો હતો તેમ તેના ઉપરના લખાણથી જણાય છે. હેલિઓડોરોસ ગરૂડધ્વજ રૂપે વિષ્ણુભગવાનનો ભક્ત હતો અને તે ઇ. સ. પૂ૦ ૧૫૦ માં રાજ્ય કરતા બેકટ્રીઆના રાજા એન્ટીઆલ્કિડાસના સમયમાં થઇ ગયો. **चेतीयगिरि** શબ્દ જુઓ.

**वेहट** પંજાબમાં આવેલી જેલમ નદી તે જ.

**वैकंठ.** ચૈતન્ય ગયા હતા તે તિનાવેલીની પૂર્વે આશરે બાત્રીસ માઈલ પર આવેલું જાત્રાનું સ્થળ. (**જુઓ ચૈતન્યચરિતામૃત**). તિનાવેલીમાં તામ્રપર્ણી નદીના કાંઠે એ આવેલું છે. તેને શ્રીવૈકંઠ પણ કહે છે.

**वैकाटक.** દક્ષિણ હૈદરાબાદની દક્ષિણે આવેલા શ્રીશૈલ પર્વત અને બંગાળાના અખાતની વચમાં આવેલો એક પ્રદેશ. અત્રે કૈલકિલ યવનો રાજ્ય કરતા હતા. આ વંશનો સ્થાપનાર વિન્ધ્યાશકિત હતો. (**જુઓ વિષ્ણુપુરાણ, ખંડ ૪, અ૦ ૩૪; ડૉ૦ ભાઉ દાજીની બ્રીફ સર્વે ઑફ ઈન્ડીયન ક્રોનોલોજી**). વળી **किलकिला** શબ્દ જુઓ.

**वैजयंति.** ઉત્તર કનારામાં આવેલી કદંબોની રાજધાની વનવાસી ક્રૌંચપુર તે આ જ. રામાયણમાં તેને વૈજયન્ત કહેવામાં આવ્યું છે. (**જુઓ રામાયણ, અયોધ્યાકાન્ડ સ૦ ૯**). સર રા. ગો. ભાન્ડારકર તેને વિજયદુર્ગ તરીકે ઓળખાવે છે. (**જુઓ દક્ષિણનો પ્રાચીન ઇતિહાસ, પા૦ ૩૩**).

**वैतरणी** (૧) ઓરિસામાં આવેલી વૈતરણી નદી. મહાભારતમાં તે કલિંગમાં આવી છે એમ કહેવામાં આવ્યું છે. (**જુઓ વન પર્વ, અ૦ ૧૧૩**). જાજપુર આ નદીને તીરે આવેલું છે.

**वैतरणी.** (૨) નાશિકની પાસેથી નિકળતી અને વસાઈની ઉત્તરે આવેલી દન્તુરા નદી તે આ. પરશુરામે આ પવિત્ર નદીને પૃથ્વી ઉપર ઉતારી હતી. ( **જુઓ પદ્મપુરાણ, તુંગારી મહાત્મ્ય; મત્સ્યપુરાણ અ૦ ૧૧૩; ડાકુન્હાની હિસ્ટરી ઑફ ચૅાલ અને વસાઈ, પા૦ ૧૧૭, ૧૨૨**).

**वैतरणी.** (૩) કુરુક્ષેત્રમાં આવેલી એક નદી. (**જુઓ મહાભારત, વનપર્વ, અ૦ ૮૩**).

**वैतरणी.** (૪) કેદાર અને બદ્રિનાથ વચ્ચેના રસ્તા પર ગરવાલમાં આવેલી એક નદી. તેના કાંઠે ગોપેશ્વર મહાદેવનું દેવાલય આવ્યું છે

Aho ! Shrutgyanam

**વૈદિશ.** જુઓ વિદિશા. (**બ્રહ્મપુરાણ, અ૦ ૨૭**).

**વૈદુર્યપર્વત.** (૧) ઓમકારનાથનું પ્રસિદ્ધ દેવાલય જેમાં આવેલું છે તે માન્ધાતા નામના નર્મદાના બેટને પુરાતન કાળમાં વૈદુર્યપર્વત કહેતા. (**જુઓ સ્કંદપુરાણ, રેવાખંડ**).

**વૈદુર્યપર્વત.** (૨) યુલ (**માર્કોપોલો**) તેને પશ્ચિમઘાટના ઉત્તરના ભાગ તરીકે ઓળખાવે છે. આ પર્વત ગુજરાતમાં વડોદરાની પાસેથી વહેતી વિશ્વામિત્રિ નદીના મુખ પાસે આવેલો છે. (**જુઓ વરાહમિહિરની બૃહત્સંહિતા, અ૦ ૧૪; મહાભારત વનપર્વ, અ૦ ૮૯ ને ૧૨૦**).

**વૈદુર્યપર્વત.** (૩) સાતપુડા પર્વત. આ પર્વતમાં વૈદુર્ય અથવા લસણીઆની ખાણો હતી. (**મહાભારત, વનપર્વ, અ૦ ૬૧ ને ૧૨૧**).

**વૈદ્યનાથ.** (૧) જુઓ ચિતાભૂમિ. આ એક જાત્રાનું સ્થળ છે. (**પદ્મપુરાણ, ઉત્તર ખંડ, અ૦ ૫૯**).

**વૈદ્યનાથ.** (૨) પંજાબમાં કાંગ્રા જિલ્લામાં આવેલ કિરગ્રામ શહેર તે આ જ. (**જુઓ મત્સ્યપુરાણ, અ૦ ૧૨૨**).

વૈદ્યનાથનાં દેવાલયો નીચેનાં સ્થળોએ આવેલાં છેઃ—

(૧) બંગાળામાં સોન્થલ પરગણામાં દેવગઢમાં (**બૃહત્ ધર્મપુરાણ, ખંડ ૧, અ૦ ૧૪**). ચિતાભૂમિ શબ્દ જુઓ. દેવની સ્થાપના અને વૈજનાથ (**વૈદ્યનાથ**) નામ સારૂ **મી. બ્રેડલી બર્ટની સ્ટોરી ઓફ એન ઇન્ડિયન અપલેન્ડ**, પ્રકરણ ૧૧ મું જુઓ.

(૨) ગુજરાતમાં આવેલા ડભોઈ ગામમાં. (**જુઓ એપિ૦ ઇન્ડિકા, પુ૦ ૧, પા૦ ૨૧**).

(૩) કાંગ્રા જિલ્લાની પૂર્વે પંજાબની બિનુન નદી પર આવેલા કોટકાંગ્રાની (**પુરાણ કન્દુકા બિંદુક**) પૂર્વે ૩૦ માઈલ દૂર આવેલા કિરગ્રામમાં. (**એપિ૦ ઇન્ડિકા, પુ૦ ૧, પા૦ ૯૭**).

**વૈદ્યુતપર્વત.** કૈલાસ પર્વતનો એક ભાગ જેની તળેટીમાં માનસ સરોવર આવેલું છે તે. માનસસરોવરની દક્ષિણે આવેલી ગર્લાની પર્વત હાર તે આ જ. એમ કહેવાય છે કે સરયુ નદી આ પર્વતમાંથી નિકળે છે. (**બ્રહ્માંડપુરાણ, અ૦ ૫૧**). એક માનસસરોવર કૈલાસ પર્વતમાં આવેલું છે. (**જુઓ રામાયણ, બાલકાન્ડ, અ૦ ૨૪**). વૈદ્યુત પર્વત એ કૈલાસ પર્વતનો એક ભાગ છે.

**વૈભ્રાજસરોવર.** માનસ સરોવર તે આ જ. (**જુઓ હરિવંશ, અ૦ ૨૩**).

**વૈરંત્યનગર.** કવિ ભાસના અવિમારક નાટકની ભૂમિ. તે કુન્તીભોજ નામના રાજાની રાજધાની હતી. (**આ નાટકનો અંક ૬.**) હર્ષચરિત (પ્ર૦ ૬)માં તેને રંતીદેવની રાજધાની તરીકે બતાવ્યું છે. (**જુઓ કુન્તીભોજ અને રંતીપુર**).

**વૈરાટપટ્ટન.** સાતમા સૈકામાં હુએનશાંગે જોયેલી જૂના ગોવિશનની રાજ્યની રાજધાની. કુમાઉન જિલ્લામાં આવેલું ધિકુલી તે આ જ. (**જુઓ ફ્યુરરનું મોન્યુમેન્ટલ એન્ટિકિવટીઝ અને ઇન્સ્ક્રિપ્સન્સ, પા૦ ૪૯**).

**વૈશાલી.** ગંડકના ડાબા કિનારે, હાજીપુરની ઉત્તરે અઢાર માઇલ દૂર, મુઝફરપુર (**તિરહટ**) જિલ્લામાં આવેલું વેશાદ શહેર. (**જુઓ જનરલ કનિંગહામની એનશન્ટ જીઓગ્રાફી, પા૦ ૪૪૩ અને રામાયણ આદિકાણ્ડ, અ૦ ૪૭**). રામાયણ પ્રમાણે વિશાલા ગંગા નદીને ઉત્તરને તીરે આવ્યું અને **ક્ષેમેન્દ્રના બોધિસત્વાવદાન કલ્પલતા (પ્ર૦૩૯)**. ના આધારે તે બલ્ગુમતી નદી પર આવ્યું. પેરગન વેસારા જે ચોખ્ખો વૈશારાનો અપભ્રંશ જણાઈ આવે છે તે હાજીપુરના પેટા જિલ્લામાં આવેલ છે. વૈશાલી બુદ્ધના સમયમાં આબાદ થયેલા વૃજીઓ (**વાજીઓ**) યા લિચ્છવીઓના દેશનું તેમજ રાજધાનીનું નામ હતું. મુઝફર-

Aho ! Shrutgyanam

પુર જિલ્લાના દક્ષિણ ભાગનો પુરાણો વૈશાલી દેશ બનેલો હતો. વૈશાલીના નાના રાજ્યની ઉત્તરે વિદેહ અને દક્ષિણે મગધ દેશ આવેલા હતા. (જુઓ **પાર્ગીટરનું એન્શન્ટ કન્ટ્રીઝ ઇન ઈસ્ટર્ન ઇંડિયા.** ). લલિતવિસ્તાર પરથી એમ માલુમ પડે છે કે વૈશાલીના લોકોનું તથા વાજીઓનું પ્રજાસત્તાક રાજ હતું. બુદ્ધ કુટાગારશાલા યા કુટાગાર ગૃહ નામના મહાવન (મોટું વન) મઠમાં રહેતા હ.ા આ કુટાગારશાલા યા કુટાગાર ગૃહને રીસ ડેવીડસ. "ત્રિકોણીઆ છત્રવાળો મંડપ" કહે છે. (જુઓ **ચુલ્લવગ્ગ, પ્ર૦ ૫, ખં૦ ૧૩ અને પ્ર૦ ૧૦, ખં૦ ૧; સેક્રેડ બુકસ ઓફ ધિ ઈસ્ટ, પુ૦ ૧૧**). તે વેશાદની ઉત્તરે બે માઈલ દૂર આવેલા હાલના બખ્ખ નામના ગામડાની નજીકના મર્કટહદ ઉર્ફે વાનર તળાવ પર આવેલું હતું અને તેની નજીક આનન્દના અર્ધ શરીર પર ચણાવેલો કુટાગાર ( **બે માળવાળો** ) નામનો મિનારો હતો. વેશાદની દક્ષિણે આશરે એક માઈલ દૂર બુદ્ધને આમ્રદારિકા યા અમ્બપાલી ગણિકાએ ભેટ ધરેલું આંબાવાડિયું હતું. વેશાદથી વાયવ્ય ખુણા પર આશરે એક માઇલ દૂર ચાપાલ આવ્યું હતું. અહિં બુધ્ધે આનંદને ઈશારો કર્યો હતો કે તેની ઇચ્છા હોય ત્યાં સુધી તે આ દુનિયામાં જીવી શકે પણ આનંદે તેને જીવવાનું કહ્યું નહોતું. બુદ્ધ અને મહાવીરના સમયમાં વૈશાલી વિદેહનું પાટનગર હતું અને તે નીચે પ્રમાણે ત્રણ ભાગમાં વહેંચાયલું હતું. અગ્નિકોણ પર આવેલું તે વૈશાલી અથવા મૂળ વૈશાલી, ઈશાન કોણ પર આવેલું તે કુન્ડપુર યા કુંડગામ જે જૈનોના ચોવીસમા યા છેલ્લા તીર્થંકર મહાવીરની જન્મભૂમિ હતી અને શહેરનો પશ્ચિમ ભાગ જે વાણિયગામ કહેવાતો હતો તે (જુઓ **ડૉ. હૉર્નલેનું ઉવાસગદસાઓ, પા૦ ૪ ઉપરની ટિપ્પણી; આચારાઈગસૂત્ર અને કલ્પસૂત્ર, સેક્રેડ બુકસ ઓફ ધિ ઈસ્ટ, પુ૦ ૨૨ પા૦ ૨૨૭;** ). બીજી બૌદ્ધ ધર્માધિકારીઓની સભા ઇ. સ. પૂર્વે ૪૪૩ માં બાલુકારામમાં મળી હતી. પણ મૅકસ મ્યુલરની માન્યતા પ્રમાણે આનન્દના શિષ્ય રેવતના અધ્યક્ષપણા હેઠળ મગધના રાજા કાલાશોકના સમયમાં ઇ. સ. પૂર્વ ૩૭૭ માં તે મળી હતી. ( **જુઓ ટર્નરનો મહાવંશ, પ્ર૦ ૪**). ગંગાના તીરે આવેલ ચાપરાની પૂર્વે સાત માઈલ દૂર આવેલું ચિરાન્ડ એજ વૈશાલી એમ ડૉ. હોય માને છે. (જુઓ **ચિરાન્ડ, ભાગ ૨** ). બેલુવા ( **ચિરાન્ડના ઈશાન ખુણામાં આવેલું હાલનું બેલ્વા** ) માં બુદ્ધને સખ્ત માંદગી આવી હતી. ( **જુઓ મહાપરિનિબ્બાણ સુત્ત, પ્ર૦ ૨**)-સહસ્ત્રપુત્રની માતા સારૂ બંધાવેલા ચપ્રા નગરની પૂર્વે આવેલ તેલ્પા ( ઉર્ફે તલ્પ એટલે મિનારો) તે જ ચાપલ એમ ડૉ. હોયની માન્યતા છે. ( **જુઓ મહાપરિનિબ્બાણ સુત્ત, પ્ર૦ ૨** ). સેવનની પશ્ચિમે આવેલું તિતરિયા તે આજ જંગલ જેમાં લાગેલો દવ તિતરે ઓલવી નાખ્યો હતો. સતનર્લાલાના નામને બુદ્ધના સ્મારક સારૂ મલ્લો સાથે લઢવાને તત્પર થયેલા સાત ( **સત્ત** ) કુમારો સાથે સંબંધ છે. જે સ્થળે દ્રોણે આ સાત કુમારો વચ્ચે બુદ્ધના સ્મારકની વહેંચણી કરી હતી તે જ આ ભાતપોખર (ભક્ત પુષ્કર). મલ્લોનો દેશ સેવનની પાસે આવેલી દહ નદીની પૂર્વે આવેલો હતો. હ્યુન્શાંગની શી-લઇ-ન-ફ-ટિ નદી ( **સુવર્ણાવતી** ) તે આજ સોન્ડી નદી. ડૉ. હોયની માન્યતા પ્રમાણે વેશાદ તેજ મગરમત્સનું નગર વશાદ્ય (સુકરમત્સ્ય) (**જુઓ જર્નલ ઓફ ધિ એશિયાટિક સોસાઈટી ઓફ બેંગાલ, પુસ્તક ૬૯. આઇડેન્ટિફિકેશન ઓફ કુશિનારા, વૈશાલી એન્ડ**

Aho ! Shrutgyanam

અધર પેઇશિસ અને ચિરાન્ડ ઈન્ ધિ ડિસ્ટ્રિકટ ઓફ સરન ઉપરનો જર્નલ ઓફ ધિ એશિયાટિક સોસાઇટિ ઓફ બેંગાલ, પુસ્તક ૭૨ માં છપાએલો નંદલાલ ડે. નો લેખ ) વૈશાલીમાં હતા ત્યારે નીચેનાં સ્થળોએ બુદ્ધ રહ્યા હતા. ઉદેન મન્દિર, ગૌતમ મન્દિર, સપ્તંબક મન્દિર, બહુપુત્રક મન્દિર, સરન્દ મન્દિર, અને ચાપાલ મન્દિર (જુઓ મહાપરિનિબ્બાનસુત્ત, ૫૦ ૩; સ્પેન્સ હાર્ડિનું મેન્યુઅલ ઓફ બુદ્ધિઝમ, પા૦ ૩૪૩ ) વૈશાલીમાં બુદ્ધ રહ્યા હતા તેવાં બીજાં સ્થળોનાં નામ સારૂ જુઓ દિવ્યાવદાન ( કાવેલની આવૃત્તિ, પ્ર૦ ૧૧ અને ૧૨ )

**વૈસિક્ય**. વશ્યા તે આ જ. ( જુઓ બ્રહ્મપુરાણ, અ૦ ૨૭. ).

**વૈહાયસી**. વેગવતી તે આ જ. ( જુઓ દેવીભાગવત, ૮, અ૦૧૧; પ્રોફેસર વિલ્સનનું મેકેન્ઝી કલેકશન, પા૦ ૧૪૨, ૨૧૧ ).

**વ્રજ**. બાલ્યાવસ્થામાં નંદરાજાએ કૃષ્ણને ઉછેર્યા હતા તે જમના નદીની સામી તીરે મથુરાંની નજીક આવેલું પુરાણું ગોકુલ યા મહાવન નામનું ગામડું. ( જુઓ ભાગવતપુરાણ ૧૦, અ૦ ૩ ). જ્યાં કૃષ્ણે બાળક્રીડા (બાળચેષ્ટા અને લીલા) કરી હતી તે વૃંદાવન અને પાસેનાં ગામડાંઓને વ્રજ કહેતા. જે પ્રસુતિવાસમાં મહામાયા જન્મી હતી અને જ્યાં કૃષ્ણને એની જગ્યાએ મુકવામાં આવ્યા હતા તે ખંડ મહાવનમાં બતાવવામાં આવે છે. આ ખંડ અને નંદનું ઘર બે ઉંચા ટેકરાઓ ઉપર આવેલાં છે. નંદના ઘરમાં એક મોટા સ્થંભવાળો ખંડ છે. તેમાં કૃષ્ણનું પારણું, પુતનાના પ્રાણ હર્યા હતા તે સ્થળ તથા જ્યાં શિવ બાળ ઇશ્વરનું દર્શન કરવા આવ્યા હતા તે બધું બતાવવામાં આવે છે. નંદના આવાસથી થોડે દૂર બાળ કૃષ્ણે ઉથલાવી પાડેલો ઉખળ અને તોડી પાડેલાં બે અર્જુન ઝાડનું સ્થળ આવેલાં છે. મહાવન યા પુરાણા ગોકુલના જેવું ગોકુલ યા નવીન ગોકુળ વલ્લભાચાર્યે વસાવ્યું અને તેમાં પણ મહાવનમાં બતાવવામાં આવે છે તે મશહુર સ્થળો છે. એમ માનવામાં આવે છે કે જે સ્થળે નંદ રાણી યશોદાએ માયા ઉર્ફે યોગનિદ્રાને જન્મ આપ્યો હતો અને જ્યાંથી વસુદેવ બાળ કૃષ્ણને મુકી માયાને ઉપાડી ગયા હતા તે જ સ્થળે નવા ગોકુળમાં શ્યામલાલનું મંદીર આવેલું છે. ઔરંગઝેબના વખતમાં ગોકુળ (નવું ગોકુળ)માં આવેલા નંદના મહેલને મસ્જીદમાં ફેરવી નાખવામાં આવ્યો હતો. ગામની બહાર પુતનાંખર છે જ્યાં આગળ કૃષ્ણે પુતનાને મારી હતી એમ કહેવાય છે. ગ્રાઉસના મત પ્રમાણે ગ્રીક લોકોએ જેને કિલસોબોરસ કહ્યું છે તે જ મહાવન. અને આધુનિક વ્રજ તે પુરાણો અનૂપ-દેશ. ( જુઓ ગ્રાઉસનું મથુરાં ) રાધિકાની જન્મભૂમિ અષ્ટિગ્રામ હતું. (જુઓ આદિપર્વ, અ૦ ૧૨). વળી ગોકુળ અને વ્રજમંડળ શબ્દો જુઓ,

**વ્રજમંડળ** વ્રજમંડળમાં ઘણાં ગામડાં, ગામો અને રાધા અને કૃષ્ણનાં ચરિત્રો સાથે સંબંધ ધરાવતાં પવિત્ર સ્થળો મળી ૮૪ કોશના પ્રદેશનો સમાવેશ થાય છે. ભાદ્ર માસમાં જાત્રાળુઓ મથુરાથી પર્યટન શરૂ કરી ખસુસ કરીને બાર વન તથા ૨૪ ઉપવનનોથી ભેટ લે છે. મહોલિ ગામડામાં મધુ નામના દૈત્યનો મધુવન દુર્ગ છે; તર્સીમાં તાલવન છે જ્યાં બળરામે ધેનુક રાક્ષસને હરાવ્યો હતો. રાધાકુંડમાં અરિષ્ટ આખલાને માર્યા બાદ કૃષ્ણે પોતાનાં પાપ ધોઇ નાખ્યાં હતા તે શ્યામકુંડ અને રાધાકુંડ નામના બે પવિત્ર કુંડો છે. ગોવર્ધનમાં માનસ ગંગા નામના તળાવને કાંઠે ગોવર્ધન પર્વત આવેલ છે ત્યાં હરીદેવનું પુરાણું મંદિર છે.

Aho ! Shrutgyanam

પૈથોમાં ઈન્દ્રે કરેલાં તોફાનમાંથી બચવાને વૃજના લોકો કૃષ્ણે ઉપાડેલા ગોવર્ધનનો આશરો લેવા અવ્યા હતા. (જુઓ ગોવર્ધન શબ્દ) ગેંથોલિમાં રાધા કૃષ્ણ સાથે લગ્નગ્રન્થિથી જોડાઈ હતી. કામવનમાં કૃષ્ણે આઘાસૂર રાક્ષસને માર્યો હતો. વર્ષાણમાં રાધિકાને તેનાં માતપિતા વૃષભાનુ અને કિરતે ઉછેરી હતી. રિથોરમાં રાધિકાની નિમકહલાલ અનુચરી ચંદ્રાવલીનું ઘર હતું. નંદગામમાં નંદ યશોદાનું ધામ હતું. પાનસરોવરમાં કૃષ્ણ સવાર સાંજ તેમનાં ઢોરને પાણી પાવાને લઈ જતા. ચરણ પહાડમાં ઈન્દ્રે કૃષ્ણને નમન કર્યું હતું. જમના નદીને કિનારે ચીરઘાટ પર કૃષ્ણે ગોપી વસ્ત્રહરણ કર્યું હતું. વક વનમાં કૃષ્ણે વકાસુરનો વધ કર્યો હતો. ભાત્રોન્ડમાં કેટલીક બ્રાહ્મણ સ્ત્રીઓએ પોતાના પતિની ના કહેવા છતાંએ કૃષ્ણ અને તેના ગોઠીઆઓને ખોરાક (ભાત) આપ્યો હતો. ભાન્ડીરવનમાં બળરામે પ્રલંબ નામના રાક્ષસને મારી નાખ્યો હતો. રવલમાં રાધિકાનો જન્મ થયો હતો અને તેનાં માતપિતા વર્શાણ ગયાં તે પહેલાનાં બાલ્યવસ્થાનાં કેટલાંક વર્ષો તેણે ત્યાં ગાળ્યાં હતાં. હથોર નામના ગામડાથી દૂર આવેલા બ્રહ્માન્ડઘાટ પર કૃષ્ણે યશોદાને મુખમાં બ્રહ્માંડનું દર્શન કરાવ્યું હતું. મહાવનમાં કૃષ્ણે બાલ્યાવસ્થા ગાળી હતી અને પુતનાનો વધ કર્યો હતો અને મથુરામાં કંસનો વધ કરી વિશ્રાન્તઘાટે આરામ લીધો હતો. (જુઓ ભાગવતપુરાણ અને ગ્રાઉસનું કન્ટ્રી ઓફ વ્રજ ઈન જર્નલ ઓફ ધિ એશિયાટિક સોસાયટી ઓફ બેન્ગાલ ૧૮૭૧) જુઓ વ્રજ શબ્દ.

**व्याघ्रपुर** (૧). કોલિ તે આજ. (જુઓ સ્પેન્સ હાર્ડિનું મેન્યુઅલ ઓફ બુદ્ધિઝમ, પાન ૧૩૯).

**व्याघ्रपुर** (૨). વેદગર્ભપુરી તે આજ. (જુઓ સ્કંદપુરાણ, સૂતસંહિતા, ૪, યજ્ઞ ખંડ અ૦ ૨૪).

**व्याघ्रसर**. શાહબાદ જિલ્લામાં આવેલું બકસર (વેદગર્ભપુરી શબ્દ જુઓ.).

**व्यासकाशी**. ગંગા નદીના સામા કાંઠા પર બનારસ ઉર્ફે કાશીની સામે આવેલું રામનગર. વ્યાસ ઋષિનું મંદિર બનારસના મહારાજાના મહેલની હદમાં આવેલું છે. (જુઓ સ્કંદ-પુરાણ, કાશીખંડ).

**व्यासाश्रम**. હિમાલયમાં આવેલ ગરવાલમાં બદ્રિનાથની નજીકમાં આવેલું મનલ નામનું ગામડું. મહાભારતના અને પુરાણોના મશહુર કર્તા વ્યાસઋષિનો તે આશ્રમ હતો.

Aho ! Shrutgyanam

Aho ! Shrutgyanam